મુંબાઈ ઈલાકા તથા ગાયકવાડ અને ભાવનગર રાજ્યોના કેળવણી
ખાતામાં ઈનામ તથા લાઈબ્રેરી માટે મંજુર થએલું છે

શેહેનશાહ સાતમો એડવર્ડ

કીંમત બાર આના.



શાન્તિદાતા શહેનશાહ
સાતમા એડવર્ડ
નું
જીવનંચરિત્ર.

લખનાર.

ભોળાદત્ત ગણપતરામ ગૌ. શાસ્ત્રી
બી એ સુરત

રતિલાલ જીવણલાલ લાખીઆ
બી એ અમદાવાદ

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના
ઉપોદ્ઘાત સહિત

છપાવી પ્રસિદ્ધ કરનાર
મઢુભાઈ ભાઈદાસ કોટવાલીશેરી—સુરત.
૧૯૧૪.


આવૃત્તિ બીજી ૧૧૦૦ નકલ

કીમત રૂ. ૦-૧૨-૦.

" આપણા રાજ્યઉપર રાજ્ય કરનારાઓમા સૌથી પ્રિય એડવર્ડ નરેશજ હતા. ":—**મી. બાલફર.**

" ઘણા ભૂપતિઓને ન પ્રાપ્ત થયેલી એટલી વફાદારી તથા ભરોસાની લાગણી લોકો તરફથી એમના ઉપર (એડવર્ડ રાજા ઉપર) થઇ હતી.":—**મી. એસ્કિવથ.**

સુરત ખપાટીયા ચકલા પર આવેલા **ખુ. અ.** ના ધી સુરત જૈન પ્રીન્ટીગ પ્રેસમાં **મટુભાઈ ભાઈદાસે** છાપ્યું.



નામદાર મહારાજા સાહેબ સર ભાવસીંહજી બહાદુર કે.સી.એસ.આઈ

સંસ્થાન ભાવનગર.

અર્પણ પત્રિકા.

નેકનામદાર ગૌબ્રાહ્મણપ્રતિપાળ ધર્મધુરધર સખાવતે બહાદુર સર્વશુભોપમાયોગ્ય સકલશુભગુણસંપન્ન મહારાજાધિરાજ મહારાજા સાહેબ શ્રી ૧૦૮ સર **ભાવસિંહજી સાહેબ બહાદુર** કે. સી. એસ. આઇ. સ્વસ્થાન ભાવનગરના **મહારાજા** સાહેબ,

માનનીય મુરબ્બી શ્રી,

મુ **ભાવનગર.**

આપ નામદાર કાઠીયાવાડના અગ્રણી રાજ્યોમાં એક નમુનેદાર રાજ્યના રાજ્યકર્ત્તા છો, આપની બ્રિટિશ અમલના નેક ન્યાયમાં શ્રદ્ધા જગ જાહેર છે; આપ વફાદારીના સ્થંભ છો, નામદાર મર્હૂમ શાન્તિદાતા શહેનશાહ એડવર્ડના અંગત ચાહનાર છો, સાહિત્યના પ્રેમી છો, જનવર્ગમાં સદ્‌ગુણ વધારનારા કાર્યોનો અભ્યુદય કરનારા છો, તે ઉપરાંત આપ નામદારના અનેક સદ્‌ગુણોથી આકર્ષાઈ "જેના રાજ્યમાં સૂર્ય સતત્ પ્રકાશે છે" એવા મર્હૂમ સાર્વભૌમ શાન્તિદાતા નામદાર શહેનશાહ સાતમા એડવર્ડના જીવનવૃતાંતનુ આ લઘુ પુસ્તક આપની આજ્ઞાથી આપની સાન્નિધ્યમાં અર્પણ કરી કૃતાર્થ થઇએ છીએ.

લી. આપના હમેશના આભા

આજ્ઞાંકિત્ સેવકો.

ગ્રંથકર્ત્તાઓ.

પ્રસ્તાવના.

જીવનચરિત્ર એ સાહિત્યનુ મુખ્ય અગ છે સાહિત્યની ખીલવણીમા જીવનચરિત્ર અત્યુપયોગી અને અત્યુચ્ચ ભાગ બજાવે છે આપણા સાહિત્યની સાધારણ ખીલવણી પણ ઘણી ન્યુન અને અપક્વ છે તેમા જીવનચરિત્ર તેથી પણ ન્યુનતર અને અતિ સકુચિત છે ખરેખર પશ્ચિમનુ સાહિત્ય સર્વ દેશીય પાણીમા ઝબકોળાયુ છે. પાશ્ચાત્ય સાહિત્યમા જીવનચરિત્ર ઉત્કૃષ્ટ સ્થાન રોકે છે પશ્ચિમમા છે અને પૂર્વમા નથી એવુ ઘણુ આપણે અહિ લાવવાનુ છે એવુ ઘણા વર્ષોથી સ્વિકારાયલુ છે આ મતને અનુસરી સાહિત્યની દિશામા અનેક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે પરતુ સર્વ પ્રકારની રસિકતાને અનુસરતુ સાહિત્યનુ શુભ અગ જીવનચરિત્ર લાવવુ એ તો હજુ પણ અપેક્ષિતજ છે ધીમે ધીમે સામગ્રી સજવામા આવતી જણાય છે

જીવનચરિત્ર પુસ્તક વિદ્યા માટે અન્ન આપે છે, વિચાર માટે વ્યાયામ પૂરો પાડે છે, અને સ્વતત્રતા આદિ ઉચ્ચ વૃત્તિઓને પોષક તથા નિર્મળજળનુ દાન કરે છે એકદેશીય પુસ્તકો અમુકજ શક્તિઓની ખીલવણી કરી શકે છે અને તેમા તત્સબધી સિદ્ધાત માત્ર હોવાથી અન્ય સપ્રદાયના લોકને અપ્રિય પણ લાગે છે ધર્મ પુસ્તકો ધર્મરત્નોનેજ, તત્વજ્ઞાનના ગ્રથો તત્વજ્ઞાનીનેજ, અર્થશાસ્ત્ર અને રસાયન તદ્વિષય નિપુણોનેજ પ્રિય લાગે છે અન્ય સપ્રદાયના જનો તો કેવળ તેને વર્જ્ય ગણે છે પરતુ હરકોઈ સ્થિતિમા ગમે તેવા સપ્રદાયવાળાને વિચાર હો તે હો, આચાર હો તે હો, પણ થોડે કે વધારે અશે જીવનચરિત્રનો ગ્રથ પ્રિય થઈ પડે છે. કોઇ પણ

સાધારણ માણસ તેનાથી વિમુખ થતો નથી વળી પશ્ચિમ સાહિત્યે સિદ્ધ કર્યું છે કે જીવનચરિત્રના સાહિત્યથી સર્વ દેશીય વ્યકિતઓ વિકસે છે તથા કેળવાય છે, તે આપણુ ગુર્જર સાહિત્ય પણ ટુંક સમયમા સિદ્ધ કરશે સસારની દૈનિક પ્રવૃત્તિઓને જીવનચરિત્રમાં સ્થાન મળે છે માત્ર ફરવા ગયાના પ્રસગને પણ એક સ્થાન મળે છે તેમજ મેળાવડા, સભાઓ, ગોષ્ટીઓ, પર્યટનાદિ વિવિધ વિષયોને યોગ્ય સ્થાન મળે છે

જીવનચરિત્રની ઉપયોગીતા આલેખન વિષય ઉપર મોટો આધાર રાખે છે આલેખવાનુ પાત્ર જેમ સુદર તેમ તે જીવનચરિત્રની રસિકતા પૃથ્વીપરના મહાન રાજ્યના અનુભવી બુદ્ધિમાન જનસમાજ માટે અત્યત કાળજી રાખનાર એક પુરૂષ સિહનૃપતિમાં અમને આવુ સર્વોત્તમ સુપાત્ર મળવાથી હમે કૃતાર્થ થયેલા માનીએ છીએ હમારૂ એવુ નિસદેહ માનવુ છે કે રાજા પ્રજાએ પરસ્પર અવિશ્વાસમાથી છુટવુ તે દેશના કલ્યાણનુ બીજ છે જ્યા સુધી અગ્રેજી ન્યાયમા આપણી અડગ શ્રદ્ધા વિકમે નહિ ત્યા સુધી સર્વ દેશોત્કર્ષની વાત વૃથા છે આમ હોવાને લીધે પરમ્પરની વિદેશીયતા ભૂલી જવુ એ ઘણુ અગત્યનુ છે આપણા ઉપર રાજ્યકર્તાઓના વિશ્વાસની વૃદ્ધિ કરાવવી એ આપણા હાથમા છે ને તે શકિતનો ઉપયોગ કરવાનો ધર્મ આપણા સર્વને માથે સરખોજ છે આ લઘુ પુસ્તક આવા પ્રકારની શ્રદ્ધા વિકસાવવામા અને વિદેશીયતા વિસરાવવામા કોઈ પણ અશે ઉપયોગી નીવડે તો ગ્રથકર્ત્તાઓનો શ્રમ સફલ થયો છે એમ ગણાશે

પ્રાથમિક કેળવણી લીધેલા સાધારણ જનવર્ગને ઉપયોગી થાય એટલા માટે પુસ્તકની ભાષા બને ત્યા સુધી સાદી રાખી છે તેમજ જ્યાં જ્યાં નિરૂપાયે અગ્રેજી નામો મુકયા છે ત્યા ત્યા જેમ બને તેમ સરળ રીતે તેમને સમજાવવામાં પણ આવ્યા છે. આ સબ-

બથીજ વળી મર્હૂમ શહેનશાહના ભાષણો ઇત્યાદીકનો તરજુમો ઘણી છુટથી કરવામાં આવ્યો છે. ટુંકામા મુખ્યત્વે કરી સાધારણ જનવર્ગને માટે આ પુસ્તક યોજેલુ છે અને તેઓને જો આ લઘુ લેખ પ્રિય લાગશે તો ગ્રંથકર્ત્તાઓ તેમની મુરાદ પાર પડેલી માનશે

સાક્ષર શિરોમણી રાજેશ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ એ એલએલ બી, મુબાઈના સ્મોલકોઝ કોર્ટના ન્યાયાધીશ સાહેબે હમારા ઉપર નિ:સીમ કૃપા કરી કાર્ય વ્યવસાયમા રહીને પણ પુસ્તક ઉપર ઉપોદ્ઘાત લખી આપ્યુ તે માટે તેઓશ્રીના હમે અત્ય-ત આભારી થયા છીએ

પુસ્તક સુધારવા તથા સૂચનાઓ કરવામા હમારા પરમ મિત્રો નડીઆદવાસી રા રા ગોકળદાસ ચુનીલાલ સરૈયા બી એ તે-મણે, ભરૂચનીવાસી રા રા ધીરજલાલે નરભેરામે તથા પાલેજ નીવાસી રા રા મૂળશકર અમથારામ ભટ્ટ સરકારી શાળાના હેડ માસ્તરે જે અનુપમ સહાયતા આપી છે તે માટે તેમનો અત:કર-ણપૂર્વક આભાર માનીએ છીએ

આ પુસ્તકને નામદાર ભાવનગરના મહારાજા સાહેબે, નામ-દાર લીમડીના ઠાકોર સાહેબે, નામદા પાલણપુરના નવાબ સાહેબે તથા મુબાઈના રા રા શેઠ ખીમજી આસર વીરજીએ ઘણી ઉમદા મદદ કરી છે તે માટે તે નામદારોનો પણ આભાર માનીએ છીએ

પુસ્તકમા કઇ પણ ચ્યુતિઓ અથવા પ્રમાદ થયા હશે પરતુ તે માટે ક્ષમા ચાહિ અમે એટલીજ વિનતી કરીએ છીએ કે તેને વાચકવૃદ અમારી સન્મુખ લાવી અમને કૃતાર્થ કરવા ચુકશે નહિ

લી.

સુરત
સવત્ ૧૯૬૭

સાહીત્ય શોખી ગુર્જર પ્રજાના
ચરણરજ, ગ્રંથકર્તાઓ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકની દ્વિત્યાવૃત્તિ જન વર્ગ સમક્ષ મુકતા ગ્રંથ કર્ત્તાઓને અને પ્રસિદ્ધકર્તાને ઘણો આનંદ થાય છે, માત્ર બે વર્ષમા પ્રથમાવૃત્તિ ખલાસ થઈ ગઇ છે એ ગુજરાતી પ્રજાની મર્હુમ શહેનશાહ પ્રત્યે લાગણી અને વફાદારી ઉત્તમ પ્રકારે દર્શાવા આપે છે મર્હુમ સાર્વભોમ રાજાધિરાજના અત્યુત્તમ આ લઘુગ્રંથથી હમારી અલ્પબુદ્ધિ મુજબ ચિતાર હમોએ આપ્યો હતો અને તેનો લાભ વાચક વર્ગ લઈ શક્યા છે એથી હમે પણ હમારો પ્રયાસ સફલ થએલો માનીએ છીએ

કહેવત છે કે વાડ વિના વેલો ચડતો નથી તે મુજબ પ્રથમાવૃતિ છપાવવામા અને તેને ઉત્તેજન આપવામા ગુજરાતના રાજા રજવાડા, ઠાકોરો, શ્રીમંતો અને ભાવનગર, વડોદરા તથા મુંબઈના કેળવણી ખાતાઓએ હમને ઘણો ઉદાર આશ્રય આપ્યો હતો તેમનો સ્થળે હમે ખરા જીગરનો ઉપકાર માનીએ છીએ.

સુરત
તા ૧-૮-૧૯૧૪ } લી. નમ્રસેવકો
ગ્રંથ કર્ત્તાઓ તથા પ્રગટ કર્ત્તા.

ઉપોદ્ઘાત.

" The secret of kingship is service,
And the empire that a true king rules over
Is the realm of his people's heart. "

"પોતાની પ્રજાની બરદાસ્ત કરવી એજ રાજાનો ખરો ધર્મ છે, અને જે દેશપર એક ખરો રાજા રાજ્ય કરે છે, તે દેશ તેની પ્રજાનુ હૃદય છે' આ શબ્દો સપૂર્ણ રીતે સદ્ગત શહેનશાહ એડવર્ડને લાગુ પડે છે મહારાણી વિક્ટોરીઆના સમયથીજ ઈંગ્લાંડના તખ્તપર બેસનાર વ્યક્તિએ રાજ્યધર્મ શુ છે તેનો પરેપરો ચિતાર આપવા માંડેલો પોતાની પ્રજાને દુખે દુખી અને પ્રજાને સુખે સુખી, એ રાજ્યધર્મનુ મહાન્ મંત્ર રાણી વિક્ટોરીઆના વખતથીજ સાંપ્રત કાળમા જાણે કેમ અમલમા મેલાયુ હોય એમ જણાય છે સ્વાર્થને તદ્દન ભૂલી જવો, આત્મવિલોપ કરવો, જાણે પોતાનુ જીવન પોતાને માટે નહિ પરતુ પોતાની પ્રજાને માટેજ છે, એવો ખ્યાલ રાણી વિક્ટોરીઆના રાજ્યથી પરેપરો મળેલો અને તેજ પદ્ધતિપર તેમના સુપુત્ર એડવર્ડ રાજા પણ વર્તેલા ક્રીમીઆની મોટી લડાઈ અથવા તો દક્ષિણ આફ્રિકામાનુ બોઅર લોકો જોડેનુ યુદ્ધ, એ આફતપૂર્ણ સમયમા ઈંગ્લાંડના લગભગ દરેકે દરેક ઘરમા સૈનિકોના મરણને લીધે કારી ઘા લાગેલો, પરતુ ઇંગ્લાંડના રાજકુટુબ યા રાજગ્રહમા તો જાણે દરરોજ એવા માઠા બનાવો બનતા હોય એવુજ લાગતુ, કારણ પોતાની રૈયતના ઘરમા જે હાનિ થાય તે પોતાનેજ થએલી રાણીજી માની લેતા એવા શુભ ધર્મ અને પવિત્ર રાજ્યાચારની છાપ કાળજીપૂર્વક ન્હાનપણથીજ એડવર્ડ

ભૂપતિના મગજપર પાડવામાં આવેલી, અને તેથીજ નવ વરસના ટુંક અરસામાં એક મહાન્ રાજા તરીકે તેમણે આટલી બધી કીર્તિ સંપાદન કરી આ સાથેના જન્મચરિત્રમાથી ડગલે ડગલે એવા બનાવો આપણને જડશે કે જેનો જોડો ખાનગી રીતે રહેતા કોઈ શખસના જીવનમાથી ભાગ્યેજ જડી આવે એડવર્ડ નરેશનુ ચરિત્ર દરેક રાતે ધડો લેવા લાયક છે એ તો કોઈથી ના કહેવાશેજ નહિ ન્હાનપણમા, યુવાવસ્થામા, જીદગીના મધ્યકાળમા અને છેવટ વૃદ્ધાવસ્થામા, પણ પોતે ઘણી રીતે અનુકરણીય જીવન ગાળેલુ માણસ માત્ર દોષને પાત્ર છે, અને તેથી વખતે યુવાવસ્થાના જોમમા માણસથી સારૂ માઠુ થઈ જાય છે, પરતુ સર્વાંશે એ જીવનનો વિચાર કરતા એને બહુજ ઉપયોગી રીતે ગાળેલુ જીવન કહી શકાય

રાજાની સ્થિતિ ખરેખર રીતે બહુ ઇર્ષ્યા કરવા લાયક નથી હોતી, તેમા ઇગ્લાડના રાજારાણાની તો તેવી બિલકુલ નથી ઇગ્લાડના રાજ્યનુ બધારણ એવુ છે કે મુખ્ય સત્તા બધી રહે પ્રજાના પ્રતિનીધિ એટલે પાર્લામેન્ટના હાથમા, અને કહેવાય એમ કે રાજસત્તા રાજા ભોગવે છે આ મુજબ દહીમા અને દુધમા પગ રાખવો એ બહુ કઠિન કામ છે, કારણ રાજાને પોતાની મરજીની વિરૂદ્ધ પણ પ્રજાના નિર્ણયને તાબે થવુ પડતુ હોવા છતા તેનાથી એમ બતાવી શકાતુ નથી કે અમુક કાર્ય યા પગલુ મારી મરજી વિરૂદ્ધ ભરાય છે કા તો પાર્લામેન્ટ તરફથી નિમાયલા પ્રધાન મડળ (Cabinet of Ministers) ને તેની રાજનીતિ મુજબ ચાલવાની સમતિ આપવી પડે છે, યા તો જો પોતાનામા તેટલું સામર્થ્ય હોય, અને પ્રધાન મંડળને પોતાના અભિપ્રાય મુજબ વર્તવા સમજાવી લેવા જેટલુ ચાતુર્ય હોય તો તે વાપરી રાજા તેને પોતાના હાથ ઉપર રાખવા શકિતમાન થાય છે પોતાની માતુશ્રી

કરતાં પણ આ કઠિન ધર્મ પાળવામાં રાજાધિરાજ એડવર્ડ બહુજ ફતેહમંદ નીવડેલા, અને ઈંગ્લાંડમાં સર્વ લોકોનો જે એમનાપર અથાગ પ્રેમ હતો તેનુ મુખ્ય કારણ એજ હતુ કે "Constitutional Sovereign" તરીકે તેઓ એક નમુનેદાર રાજા હતા.

ખુદ ઈંગ્લાંડની બહાર તેઓ "Greatest diplomatist, ablest statesman and most sincere friend of peace of his time" કહેવાતા રાજ્યોને પરસ્પર સમજાવી લેવા, રાજ્યકારભાર ઉત્તમ રીતે ચલાવવો, અને પોતાના સમયમાં જેમ બને તેમ આખી દુનિયામા યુદ્ધને બદલે સલાહસંપ જળવાઇ રહે તેમ કરવામા પોતે એકકા હતા તેમનો ઘણો ખરો વખત ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રીઆ વગેરે દેશોમા મુસાફરી કરી ત્યાના સત્તાધિશોને જાતે મળી દેશની સલાહ જળવાઈ રહે એવા પ્રયત્નો કરવામા જતો, અને તે પ્રયત્નોમા હમેશ તેમને વિજય મળતો. એમના ટકા રાજનુ સર્વોપરિ શુભ સ્મૃતિચિન્હ એજ એઓ પાછળ મૂકી ગયા છે

હમેશા સભ્યતાથી પૂર્ણ,જેવો વખત તેવો વેશ, અને કોઇને સમજાવી લેવાની શકિત પોતાનામા હોવાથી ખાનગી જીંદગીમા પણ એમના ઘણા મિત્રો થયા હતા ખુદ પોતાના કુટુબમા પણ શહેનશાહ એટલા બધા હળી મળી ગયા હતા કે જયારે એમનાજ પુત્ર, હાલના રાજા પાચમાં જ્યોર્જ ગાદીએ બેઠા ત્યારે ભાષણ કરતા તેમણે કહેલુ કે મે એક રાજા ખોયો છે એટલુજ નહિ પણ એક પ્રિય મિત્ર અને સલાહકાર (Dear friend and counseller) ગુમાવ્યો છે તેમના સુશીલપણાની વાતોનો મોટો ભંડાર છે જેમાથી માત્ર ઘણીજ થોડી આ સાથેના જીવનચરિત્રમા આપવામા આવી છે, એ વાતોનો સમૂહ એકઠો કરીને જો પ્રસિદ્ધ કરવામા આવે તો તે એક વાર્તા (Novel) કરતાં પણ વધારે રસિક પુસ્તક થઇ પડે

આપણા દેશ અને તેના વતનીઓ પ્રત્યે મર્હુમ શહેનશાહને અતિશય લાગણી હતી પોતે ગાદીએ બેસતી વખતે જે ઢંઢેરો કાઢેલો તેજ તેની સાબિતી આપે છે તે ઉપરાત પોતાના ભલા માતુશ્રીને પગલે ચાલી હિંદી લશ્કરીઓમાથી દર વરસે જુદા જુદા ચાર માણસોને બોલાવી હમેશ તેમને પોતાની સાથે પોતાના અગ રક્ષણ તરીકે રાખતા વળી હાલના શહેનશાહ જ્યારે યુવરાજપદે હતા ત્યારે તેમને હિંદુસ્તાનની મુસાફરીએ મોકલવા પોતેજ સૂચવેલુ એટલુજ નહિ પરતુ તે અરસામા જે રાજકીય ખળભળાટ અત્રે ચાલતો તેની ઉત્પત્તિ તેની સ્થિતિ અને તે શી રીતે શાન્ત થાય વગેરે બાબતનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા પોતે તેમને નિરોપ આપેલો, જેને પરિણામે હાલના શહેનશાહે લડન પાછા ફરી ત્યાના ગીલ્ડહોલમા ભાષણ કરતા જણાવેલુ કે (India wants more sympathy) "હિંદુસ્તાનમા આપણે વધારે દિલસોજ થઈ રાજ કરવુ જોઇએ," મતલબ કે લોકોથી અતડા રહી તેમને સતાવવા નહિ

અત્યાર સુધી મર્હુમ શહેનશાહનુ જન્મ ચરિત્ર ગુજરાતી ભાષામા હાલના પુસ્તક જેટલુ રસિક યા વિસ્તૃત લખાયેલુ ન હોવાથી એક નમુનેદાર જીવનચરિત્રની જરૂર હતી, તે આ ગ્રથથી પૂરી પડી છે. માત્ર અમુક પુસ્તક યા લેખનો તરજુમો ન કરતા આખા જીવનચરિત્રનો પોતે અભ્યાસ કરી તેમાથી સારનુ દોહન કરી, પોતાનાજ શબ્દોમા આખો ગ્રથ લખી કાઢવાનુ સ્તુત્ય પગલુ ગ્રથકર્તાઓએ લીધુ છે એમનો અભ્યાસ ઉડો હોવાથી એઓ એક નમુના લાયક પુસ્તક લખી શકયા છે, એવુ હરકોઈ વાંચકને લાગશે એમ મને ભાસે છે.

આ ચરિત્ર માત્રમાર્ગસૂચક સજ્ઞાના જેવુ છે એ વાંચવાથી મર્હુમ શહેનશાહની જીંદગી વિષે વિશેષ જ્ઞાન મેળવવાની જીજ્ઞાસા થાય તોજ બસ છે એમ મારૂં સમજવુ છે

મુંબઈ,
તા ૪થી નવેમ્બર ૧૯૧૦ } **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.**

અનુક્રમણિકા.

શાન્તિદાતા શહેનશાહ સાતમા એડવર્ડનું

જીવન વૃત્તાન્ત.

પ્રકરણ ૧ લું.

બાલ્યકાળ તથા પ્રાથમિક કેળવણી.

"હુ અને પ્રાણેશ આલ્બર્ટ ત્યા બેસતા વચમાં તો અમારુ નાનકડુ આ સુખ જોઇ ઇશ્વરનો આભાર માની મારૂ મન અત્યન્ત આનન્દિત થતુ"—મરહુમ નામદાર મહારાણીશ્રી વિકટોરીઆની નોધપોથી, સને ૧૮૪૧ ની ૨૧ મી નવેમ્બર

મધ્યાન્હના સમયને થોડીજ વાર હતી ચમત્કારી, મનોહર, અદ્‌ભૂત, અકથનીય શોભામયી લન્ડન નગરની કળા કૌશલ્યપૂર્ણ પ્રજા કાર્યવાહિની થઈ ચુકી હતી ડ્યુક ઑાવ વેલિન્ગ્ટન બકીન્ગહામ પ્રાસાદ (મહેલ) મા મન્દ મન્દ પવનની લહેરોને અનુભવતો, આનન્દ-કલ્લોલની પરિસીમાને આલેખતો, લન્ડનની લીલાને નિહાળતો, ચકિત

ચિત્તથી લુબ્ધ થયો હતો તેની મુખમુદ્રા ઉપર ઉચ્ચાભિલાષાના તરંગો અનન્ત તર્કવિતર્કની વિકૃતિમય વેલડી પાડી રહ્યા હતા બ્રિટિશ સામ્રાજ્યની સત્તા, કળા, વ્યાપાર અને ઐશ્વર્યસંપન્નતાથી મહત્વનુ મહચ્ચિત્ર દૃષ્ટિ સમક્ષ ખડુ થતુ હતુ કૅનેડા, ઑસ્ટ્રેલીઆ, આફ્રિકા તથા ભારતવર્ષ એ સર્વ ઉપર બ્રિટિશ વાવટો ફરફરી રહ્યો છે આ મહત્કાર્યમાં પોતાનુંજ પ્રાધાન્યત્વ છે એમ, વિચાર શ્રેણીમાં તરવરતુ ત્યારે અસીમ આનન્દની લીલા તેની મુખમુદ્રા ઉપર છવાઇ જતી આ ઉચ્ચાભિલાષી વીરને બકિન્ગહામ્ પ્રાસાદના દાદર ઉપર ચઢતાં ચઢતા વિચારશ્રેણીમા સ્ફુરણા સ્ફુરી કે—અહો ! આ મહાન્ રાજ્ય ઐશ્વર્યના ભોકતા મહાભાગ્યશાલી ભૂપતિ ગણાશે તુરતજ આનન્દિત મુખમુદ્રાથી દોડતી દાસી તેને મળી

ડ્યુકે પૂછ્યુ—શુ છે ?

અવનવિત આનન્દથી મુખ મલકાવતા દાસીએ પ્રત્યુત્તર કર્યો- નામવર, મહારાણીશ્રીએ યુવરાજને જન્મ આપ્યો છે

ડ્યુક તુરત પ્રવૃત્તિમય શહેરને આનન્દની વધામણી કહેવા બહાર નીકળી ગયા

ઈ સ ૧૮૪૧ ના નવેમ્બરની નવમી તારીખે પ્રાત કાળના ૧૦ કલાક અને ૪૮ મિનિટે સાર્વભોમ મહારાજા શ્રી સાતમા એડ-વર્ડના જન્મ થયો હતો શુ જન્મની વધામણીના વર્તમાન ડ્યુકને તુરતજ મળ્યા હતા ? ના, પ્રસૂતિ સમયે મહારાણીશ્રીની તબિયત સાનુકૂળ ન હોવાથી તેમના પતિ પ્રિન્સ કોન્સર્ટ આલ્બર્ટ સાહેબે કલાકેક સુધી કોઇને કાંઈ ખબર કરી નહોતી ત્યાર બાદજ સૂર્ય-નારાયણ જેના રાજ્યમા અસ્ત થતો નથી એવા પ્રાત સ્મરણીય વિખ્યાત ભૂપતિ દુનિયામા પધાર્યા તેની પ્રથમ ખબર ડ્યુકને મળી હતી

પુત્ર જન્મ સમયે સાધારણ રીતે સઘળે સ્થાન આનદ હોય છે આ સમયે તો વધારે આનન્દ થવાના કારણો પણ હતાં. ત્રીજા

જ્યૉર્જ રાજાના જ્યેષ્ઠ પુત્રના જન્મ પછી લોકોને યુવરાજનો જન્મ ઉજવવાનો પ્રસગ મળ્યોજ નહોતો વળી નામદાર મહારાણીશ્રી તથા તેમના પતિ જનવર્ગમા ઘણા માનનીય થઈ પડયા હતા અને સૌ કોઇ ક્ષણે ક્ષણે તેમને પુત્રપ્રાપ્તિ થાય એ માટે આશા રાખતુ. આશા પરિપૂર્ણ થઇ ત્યાર પછી પ્રજાવર્ગ તથા અન્ય ભૂપતિઓ તરફથી માતાપિતાને મુબારકબાદીના તથા બાળયુવરાજને દીર્ઘાયુષ્ય ઇચ્છિનારા પત્રો ચાલુ થવા માડયા વિશેષમા રાજ્યના દરેક ભાગમા જેમ જેમ ખબર પડવા માડી તેમ તેમ સભાઓ મળવા માડી, ભાષણો થયા, ભવિષ્યના ભૂપતિના ભાગ્યને વખાણનારી કવિતાઓ સ્થળે સ્થળે ગવાઇ, મીઠાઇઓ વહેચાઈ, તથા રોશનીઓ થઇ આપણે આટલુ જ વર્ણન કરી અટકીશુ વારૂ ? હાસ્તો, કારણ કે સવિસ્તર વર્ણન કરતા તો પાર આવે એમ છેજ નહિ માત્ર ટુકમા એટલુજ જાણીશું તો બસ છે જે આનન્દને ઉજવવા જેટલા આન્તર તથા બાહ્ય કાર્યો બની શકે તે સઘળા આ માગલિક પ્રસગે મોટા ઉત્સાહથી થયા હતા સર્વત્ર બાળકના અપૂર્વ ભાગ્યનીજ વાતો થયા કરતી તે સઘળુ યથાર્થજ હતુ કારણ કે જન્મતા સાથેજ રાજકુમારનો હોદ્દો ડ્યુક ઑવ્ કૉર્નવૉલનો કહેવાયો વળી એક માસની ઉમ્મર થઇ એટલે તો પ્રિન્સ ઑવ્ વેલ્સના જાણીતા ઇલ્કાબનો ખરીતો પણ આપવામા આવ્યો એ ઉપરાત યુવરાજશ્રીના ઇલ્કાબો નીચે મુજબ હતા —

ડ્યુક ઑવ રોથસે, ડ્યુક ઑવ્ સૅક્સની, અર્લ ઑવ્ કેરીક, બૅરન રેનફ્રુ, ગ્રાન્ડ સ્ટુઅર્ટ ઑવ્ સ્કૉટ્લાન્ડ, લૉર્ડ ઑવ્ ધી આઇલ્સ તથા અર્લ ઑવ્ ડબ્લિન

એડવર્ડ યુવરાજને મોટપણે જાહેર ક્રિયામા મોટો ભાગ લેવા તત્પર રહેવાનું હતું, તેની આગાહી કરનાર બાપ્ટિઝમની ક્રિયા તેઓ પુરા ત્રણ માસના પણ થયા નહોતાં તે પહેલાં થઈ હતી તે સમયે

સગાંવહાલાઓને ધર્મ ક્રિયામા ભાગ લેવા બોલાવવામાં આવે છે. નામદાર મહારાણી વિકટોરીઆના નિકટના સગાં આખા યૂરોપમાં હતા પરતુ આ સમયે રાજ્યદ્વારી ખટપટ ચાલતી હોવાથી માત્ર થોડાકનેજ નોતરવામા આવ્યા પરતુ તે ઉપરથી એમ સમજવાનું નથી કે ક્રિયાનો ભપકો અથવા ખર્ચ કોઈ પ્રકારે ઓછા હતા આખી ક્રિયાનો ખર્ચ બધુ મળીને લગભગ ૩૦ લાખ રૂપિઆ જેટલો થયો હતો ક્રિયા વિડસરના સેટ જોર્જના દેવળમા કરવામા આવી હતી દૈવની બલિહારી ઓરજ છે ! આજ દેવળની અદર ૬૮ વર્ષની ઉત્તમ જીદગી ગાળ્યા પછી હાલ તેઓ હમેશને માટે આરામ લે છે ધર્મ ક્રિયા પુરી થઈ તે પછી નામકરણ કરવામા આવ્યુ આલ્બર્ટ તેમના પિતાનુ નામ હતુ તે ઉપરથી એક નામ તે રાખ્યુ અને બીજુ નામ નામદાર મહારાણી વિકટોરીઆની ઇચ્છાથી યુવરાજના માતામહ–એડવર્ડ–નુ રાખ્યુ પાછળનુ નામ તેઓએ રાજ્યારોહણ પછી ધારણ કરી હમેશને માટે ઈગ્લડના ઇતિહાસ ઉપર કોરી રાખ્યુ છે

યુવરાજ દેઢ વર્ષના થયા તે વખતે તેમના દાત ફુટવા માડયા અને તેથી તબીએતને કાઇક ઇજા થઇ વરએક દિવસ સુધી તે નબળાઈ ચાલુ રહી પણ પાછળથી બચપણની ફીકર વગરની જીદગીનો લ્હાવો લેવા તેઓ તદ્દન સારા થઇ ગયા કદાચ ટુકી બુદ્ધિનો માણસ એમ ધારશે કે આટલા બધા માન અકરામ તથા લક્ષ્મીના ભોગીને યોગ્ય ઉમ્મરે પણ કાઇ પ્રકારનો વ્યવસાય બિલકુલ આપવામા આવતો હશે નહિ અને છેવટે સ્વચ્છદી થવાની છુટ આપવામા આવતી હશે પરતુ આનાથી કેવળ ઉલટોજ માતાપિતાનો વિચાર હતો, અને તે પરિપૂર્ણ પણ થયો યુવરાજ ત્રણ વર્ષના થયા ત્યારથીજ માતાપિતાએ કેળવણી સબધી સઘળા વિચાર કરવા માંડયાં. પોતાની આંખ હેઠળ રાખી, મહેલની એક ભરોસાદાર બાઇ

નામે લેડી લીટ્લટનને તેમની ધાત્રી તરિકે નીમવામાં આવી તે બાઈએ યુવરાજને છ વર્ષ સુધી પાળી મોટા કીધા યુવરાજને પુસ્તકદ્વારા અભ્યાસ કરાવવા માટે કાંઈ લેડી લીટલટનને રોકવામાં આવ્યા નહોતા, પરંતુ ફક્ત મૂળાક્ષરોનુ જ્ઞાન તથા થોડીક પ્રાથમિક કેળવણી આપી તબિએત જાળવવાનુ કામ સોપવામા આવ્યુ હતુ. મૂળાક્ષરો શિખવવા અમુકજ વખત રાખવામા આવતો હતો તે ઉપરાત બાઇ વિવિધ પ્રકારની રમતો રમાડીને બાળકને ઘણો આનન્દ આપતાં સઘળા બાળકોની માફક યુવરાજને પણ બચપણમાં રમકડાં વડે રમવાનો પુષ્કળ શોખ હતો તરેહ તરેહવારના રમકડાં બાળકને આપવામાં આવતા પરંતુ તેમા ખાસ કરીને ઘોડા ઉપર બેઠેલા લશ્કરી સિપાઇઓ વડે રમવાનો શોખ તેમને ઘણો થતો. ઘણી વખત સિપાઈઓને ગોઠવી તેઓ મધુર સ્વરથી બોલતા “હવે તમે લડાઇ કરો ” બાળકની આ અનિમિત્ત ચેષ્ટા દર્શાવવાનુ આપણને કાઇક કારણ છે? હા, જે માણસ બાળવયે લાકડા અને પથરાના સિપાઈઓને લડાઈ કરવાનુ સૂચવતો તેજ મોટપણે ખરેખર સિપાઈઓની લડાઈઓ બંધ કરાવવા પ્રયત્ન કરતો હતો તેઓ લગભગ ચાર વરસની ઉમરના થવા આવ્યા તે વખતે એક દિવસ પોતાના માતાપિતાની સાથે દરિયા કાઠે ફરવા ગયા હતા માતાપિતા એકજ સ્થાને બેઠા પરતુ યુવરાજશ્રીને અવલોકન કરવાની ટેવ હોવાથી તેઓ કાઠા ઉપર ફરતા ફરતા થોડે દુર ગયા ત્યા આગળ તેમણે એક માછીના માથા ઉપરથી ટોપલી ઉથલાવી નાખવાનુ ઉચ્છૃંખલ કાર્ય કર્યુ સામાવાળો પણ સરખીજ ઉમરનો નિડર મનનો હોવાથી તુરતજ સામો પ્રહાર કરવા આવ્યો રસ્તે એક વૃદ્ધ વટેમાર્ગુ જતો હતો તેણે ટંટો પતાવવા માડયો પરતુ જોઇએ તેવી સલાહ થઈ નહિ; એટલે તુરતજ પ્રિન્સ કોન્સર્ટ પોતાની જગ્યાએથી ઉઠીને આવ્યા અને આવા શરમભરેલા કાર્ય કરવા માટે યુવરાજને ઠપકો આપવા

લાગ્યા વળી તેમણે હુકમ કર્યો કે છોકરાના માથાપર ટોપલી પાછી મુકી દો શરમાળ સ્વભાવના રાજકુંવરે તુરતજ પિતાના હુકમ મુજબ કર્યું ભવિષ્યમા હજારો ઉપર હુકમ કરનારને હુકમમા રહેવું પડતુ હતુ એ સહજમા આ ઉપરથી જણાઇ આવશે

ઘણા પ્રેમથી લેડી લીટલટન યુવરાજને કેળવણી આપતા તે વાતથી મહારાણીશ્રી તથા તેમના પતિ કાંઈ અજાણ્યા નહોતા પરંતુ હવે તેમના શિક્ષણ ઉપરાત કાંઇ વધુ કેળવણીની જરૂર જણાઇ. પ્રિન્સ કૉન્સર્ટ કેળવણીના ભેરખા હતા અને મહારાણીશ્રી પ્રિય પતિના સપૂર્ણ અનુયાયી હતા તેથી પોતાના વ્હાલા ફરજદની કેળ-વણી માટે યોગ્ય અને પુખ્ત વિચારો કરે એ નૈસર્ગિકજ હતુ બાળ યુવરાજને કેવી તરેહની કેળવણી આપવી તથા તેને કયા શિક્ષકના હાથ નીચે મુકવા એનો નિશ્ચય કરવા ધર્મગુરૂઓ તથા પ્રધાનમડળના અભિપ્રાય લેવામા આવ્યા ભવિષ્યમા યુરોપની કહો કે આખી આલ-મની સુલેહ શાન્ત જાળવનાર નરને શાન્ત શિક્ષક મળે એ યોગ્યજ હતુ સઘળાની સમતિથી ઇટનના પ્રખ્યાત શિક્ષક મી હેન્રી બર્ચને રાજકુવર કેળવવાની જવાબદારીની પણ માનનીય જગ્યા ઈ સ ૧૮૪૭મા આપવામા આવી શિષ્યને તેની પદવિને છાજે એવી કેળવણી આપવી જોઇએ એવુ શિક્ષકના મનમા સચોટ ચોટયુ હતુ અને તેથી પ્રાથમિક તાલીમ આપ્યા બાદ ગમત સાથે જ્ઞાન અને ખાસ કરી નીતિનુ જ્ઞાન આપવાનો તેણે નિશ્ચય કર્યો તે મુજબ ઈ સ ૧૮૪૯મા યુવરાજે તેમની સાથે આયર્લાંડની મુસાફ-રીએ જવાનોઠરાવ કર્યો ભોળા, સાદા અને બાળક મુસાફર પોતાનાજ જેવી પ્રકૃતિના લોકોમા ફરવા જનાર હોવાથી તેમના પ્રવાસની હિલચાલ ઉપર પ્રજાજનો ખાસ ધ્યાન આપતા હતા પ્રથમ તો કીંગ્સટાઉનમાં જ્યારે યુવરાજ ગયા તે સમયે આયર્લાન્ડના ભલા લોકો તરફથી દેવને છાજે એવુ માન તેમને આપવામાં આવ્યું.

યુવરાજ જો કે આ સમયે પ્રથમજ જાહેરમાં આવ્યા હતા તોપણ બિલકુલ વ્યાકુળતા વગર પોતાને આપવામાં આવતા આદરને હસ્તે વદને સલામ કરી સ્વીકારતા કીંગ્સટાઉનથી ડબ્લિન વિગેરે શહેરોમા ફરી નામદારે જોવાલાયક જગ્યાઓ જોઈ ત્યાં કાંઈ ખાસ જાણવા લાયક બન્યુ નહોતુ સ્વદેશ આવ્યા પછી મી૦ બર્ચે બાળ યુવરાજને પાસે બોલાવી પ્રવાસનો બોધ આપ્યો બોધમા ખાસ બાબત એ જણાવી હતી કે આવડુ મોટુ માન તમને મળ્યુ છે તે માટે તમારે મગરૂર ન થતાં વધારે ગભીર થવુ તમારે મનમાં પાકી રીતે સમજવુ કે આ સઘળા આદરના ભોગી તમે પદવીની રૂએ છો અને બદલામા ફરજ અદા કરવાનો ઘણો ભાર તમારા માથા ઉપર છે. દાનાવ ઉસ્તાદના આ વચનો પોતાના હૈયા ઉપર બાળ યુવરાજે કોતરી રાખ્યા અને પાછળની સાઠ વર્ષની જીદગીમા તેનો ઉપયોગ વારવાર કરવા તેના ઉપર વિમર્શ કરતા, એમ આપણને એમનુ વૃતાન્ત વાચવાથી માલૂમ પડશે

મી બર્ચ ઘણા હોશિઆર પત્ર વ્યવહાર કરનાર ગણાતા હતા તેથી તેમના મનોરજક અને બોધદાયક પત્રો તેમના મિત્રોને ઘણા આવકારદાયક થઈ પડતા આયર્લાન્ડની મુસાફરી પછી ઘણાખરા પત્રોમા મી બર્ચ યુવરાજને “ મારા હોશિઆર રાજવશી શિષ્ય ” એ અભિધાનથી જણાવતા શિક્ષકની મન કામનાની સપૂર્ણતારૂપી આજ પરિણામ આવ્યુ એમ આપણે માનીશુ એટલેજ તેની અસર યુવરાજની કેળવણી ઉપર કેટલી હતી તેનો ખ્યાલ થઈ શકશે

મી બર્ચે તાલીમ આપતી વખતે વિદ્યાર્થિમાં કયે પ્રકારે નીતિના ગુણો આવે તે ઉપર ખાસ લક્ષ આપ્યું હતુ શિક્ષકે મહેનત કરી તે મુજબ તેને ફળ પણ મળ્યુ. કારણ કે મી બર્ચના શિક્ષણના પ્રભાવે તેઓમા હમેશને માટે દયાનો ગુણ આવ્યો હતો તેનો પ્રત્યક્ષ દાખલો જે વખતે ક્રીમીયાનો વિગ્રહ થયો તે વખતે જોવામા આવ્યો.

એક સાધારણ માણસની માફક નાની ઉમ્મરના આપણા યુવરાજ લશ્કરમા ઘાયલ થયેલાઓને જોવા જતા અને નમ્ર વચનો અને ખરા જીગરની સારવાર કરી તેમના અડધા દુ ખનુ નિવારણ કરતા એ ઉપરાંત સાદાઈ અને ખ તના ગુણો કેળવવા ઉપર મી બર્ચની તાલીમનુ ખાસ લક્ષ હતુ દિલગીરીની વાત એજ બની કે યુવરાજની બીજી કેટલીક કેળવણીની બાબતમા પોતાના વિચાર પ્રિન્સ કોન્સર્ટને પ્રતિકુળ હોવાને લીધે મી બર્ચને રાજીનામુ આપવુ પડ્યુ મી બર્ચના રાજીનામાથી યુવરાજને અતિ ખેદ થયો અને પોતે તે આખો દિવસ દિલગીરીમાજ ગાળ્યો

મી બર્ચની કેળવણી પુરી થયા પછી યુવરાજ પિતાના હાથ નીચેજ થોડાજ વખત શિક્ષણ માટે રહ્યા કેળવણીમા બીજુ પગલુ ઘણુ જાણવા લાયક છે કોઈ પણ ઈગ્લાન્ડના ઇતિહાસનો જાણનાર સને ૧૮૫૧ ની સાલના મોટા પ્રદર્શનથી ભાગ્યેજ અજાણ્યો હશે હુન્નર ઉદ્યોગમા ઈગ્લાન્ડને ઉચ્ચતમ બનાવવાની કુચીરૂપી આ પ્રદર્શન નામદાર પ્રિન્સ કોન્સર્ટે તૈયાર કરાવ્યુ હતુ પ્રિન્સ હયાત નથી પરતુ તેના કાર્યો હયાત છે એ દર્શાવનારૂ આ પ્રદર્શનજ હતુ અને પ્રદર્શનને જીવની માફક સભાળી ઉત્તમ રીતે ફતેહમદ ઉતારનાર પ્રિન્સજ હતા એટલે કે પ્રિન્સ અને પ્રદર્શન અન્યોન્યના પ્રાણજ હતા એમ કહેવુ કોઈ પણ પ્રકારે અસત્ય નથી ખરેખર પ્રિન્સને આ મહત્ કાર્યમા મદદ કરનાર શ્રીયુત્ મહારાણીશ્રી વિકટોરીઆજ હતા પરતુ જ્યારે પ્રદર્શનને લગતી કાઇ પણ વાતચિત ચાલતી ત્યારે એક ધ્યાનથી સાભળનાર મહેલમા એક રાજકુવર પણ હતો. અને પ્રદર્શન ઉઘાડવામા આવ્યુ ત્યારે પિતા સાથે રહી બાળ યુવરાજે ઉત્તમ રીતે તેનુ નિરીક્ષણ કરવા માડ્યુ. દરેક ભાગમા પ્રદર્શન સપુર્ણ રીતે યુવરાજ જોતા અને તેના ઉપરથી ઉપજતા વિચારો વિષે જ્યારે માતાપિતા તેમને પૂછતા ત્યારે બનતી કોશીશ કરી

તેમને સતોષકારક જવાબ આપી શકતા ઓબ્રાયન નામના એક ગૃહસ્થ પ્રદર્શનના ઉપર દેખરેખ રાખવા રહ્યા હતા તેઓએ ઘણી બારીકાઇથી યુવરાજને સઘળી વસ્તુઓ બતાવી હતી પોતાના ઉપર કરેલા આ ઉપકારનો બદલો આપવા યુવરાજે પોતાના ખર્ચથી એક સોનાનુ ઘડીઆલ વેચાતુ લઇ તેમને ભેટ આપી પોતાના મનનું મોટાપણુ દર્શાવ્યુ

પ્રિન્સ કોન્સર્ટને પોતાના હાથે યુવરાજને કેળવવાનુ ઘણું ગમતુ પરંતુ એ પદ્ધતિ હમેશ માટે ચાલુ રાખવાનુ બની શકે એમ નહોતુ કારણકે પ્રિન્સ ઘણાજ વ્યવસાયમા રહેતા ઘણા વિચારો કર્યા પછી આપણા દેશના જાણીતા ધારાશાસ્ત્રી સર જેમ્સ સ્ટીવનની હિમાયતથી મી૦ ફ્રેડરીક ગીબ્સ નામના પ્રખ્યાત માણસને યુવરાજના મુસાહિબ તરીકે નીમવામા આવ્યા યોગ્ય સમયે શિક્ષકો મળતા હોવાથી યુવરાજની કેળવણી સપૂર્ણ નીવડશે એમ તેમના માતાપિતાને સપૂર્ણ ખાતરી હતી મી૦ ગીબ્સને પોતાની અગાઉ થઈ ગએલા શિક્ષકો કરતા વિશેષ શ્રમ કરવાનો હતો કારણકે યુવરાજ ઉમ્મરે મોટા થવા આવ્યા હતા તથા કેળવણી જલદીથી સપૂર્ણ કરવાની હતી તેથી કરીને જાહેર શાળાઓના સાંકડા બધારણને અનુસર્યા વગર ઉત્તમ રીતે શિષ્યની વ્યક્તિઓ ખીલે તેમ તેમણે તાલીમ આપવા માંડી પ્રથમતો યુવરાજને શારીરિક શક્તિ સુધારવા માટે દરરોજ સવાર સાંજ કવાયત કરવાની ફરજ પાડવામા આવતી આ રૂઢીથી ફાયદો ઘણો થયો, કારણકે થોડા સમય પછી જ્યારે યુવરાજશ્રી લશ્કરી કેળવણી લેવા ગયા ત્યારે તે તેમને ઘણી સરળ લાગી યુવરાજ બાળક હતા ત્યારે એક દિવસ રોયલ એકેડેમી નામના ચિત્રાલયમાં માતાપિતા સાથે ફરવા ગયા હતા ત્યા એક મોટુ ચિત્ર જોઈ મહારાણીશ્રીને જણાવ્યુ “માતાજી ! મે કોઈ ચિત્રમા આટલા બધા માણુસ કોઇ દિવસ અગાઉ જોયા નહોતાં “કાલુ કાલુ ભાષણ

કરતા બાળકના બોલવા ઉપર બરોબર ધ્યાન ન આપી તેઓએ જવાબ આપ્યો “ શુ ? બેટા, તે ઘણા માણસોનો સમૂહ જોયોજ નથી ? ” બાળકે માતાનુ ધ્યાન દોરવી પોતાની ટીકા ઉપર વધારે ભાર દઈ જણાવ્યુ કે “ ના, માતાજી, તમે સમજ્યા નહિ, મે કોઈ ચિત્રમાં અગાઉ આટલા બધા માણસ જોયા નહોતા” પ્રિન્સ કોન્સર્ટ પાસેજ ઉભા હતા તેઓએ જણાવ્યુ જે બાળકની નિરીક્ષણ શક્તિ ઉત્તમ પ્રકારની છે અને આપણે તે ખિલવવા મહેનત કરવી જોઇએ એ ઇચ્છાનુસાર મી બર્ચને ચિત્રકળાનુ શિક્ષણ આપવા સૂચના કરવામાં આવી મી બર્ચે પણ અગાઉ બાળકની આ શક્તિ ઉત્તમ પ્રકારની જોએલી હોવાથી સૂચનાનો તુરતજ અમલ કરવા માડયો એકાદ વર્ષમા તો તેઓ ઘણા હોશિઆર ચિત્ર પાડનાર થઈ ગયા જ્યારે મી ગીબ્સે શિક્ષણ આપવુ શરૂ કીધુ ત્યારે વળી એ વિષય ઉપર તેમણે વધારે લક્ષ આપવા માડયુ અને પરિણામે ઘણી નાની ઉમ્મરમા ઘણા કઠણ ચિત્રો પાડતા યુવરાજ શીખી ગયા યુવરાજે કાઢેલા ચિત્રો અદ્યાપિ પર્યત હયાત છે અને તેઓશ્રીની ઉત્તમ ચિત્રકળા શક્તિના દાખલા તરીકે મોજુદ છે ઈ સ ૧૮૮૫ મા ક્રીમીઆના વિગ્રહને લગતા ફડમા નાણુ ભરવા માટે આખા દેશમા સ્વદેશાભિમાનીઓને સરકાર તરફથી વિનતિ કરવામા આવી હતી પ્રિન્સ કોન્સર્ટે રાજકુટુબમા પણ હુકમ કીધો જે સઘળા રાજકુમારોએ કાંઈ કામ કરી તેનુ મહેનતાણુ ઉપજાવી ફડમા મોકલાવી આપવુ. યુવરાજે આ હુકમ તુરત માથે ઉઠાવી લીધો અને કેટલાક ચિત્રો દોરી બજારમા વેચવા મોકલ્યા ચિત્રો એવા તો ઉત્તમ હતા કે તેની કિમત ઘણી સારી ઉપજી અને ફડના નાણામા ઘણો સારો વધારો થયો

યુવરાજ સાર્વભૌમ રાજા થનાર હોવાથી તેમના શિક્ષકે ઇતિહાસનો વિષય શિખવતી વખતે અગાઉના રાજા કોણ કોણ હતા

અને કેવા હતા તથા દેશની સ્થિતિ ફેરવવામા તેઓએ કેવી તરેહની છાપ પાડી હતી એ બાબત ઉપર ખાસ ધ્યાન આપ્યુ હતુ બચપણમા લીધેલી આ ઇતિહાસની કેળવણીના ફળ તેમને બરાબર ચાખવાનો વખત રાજા થયા તે વખતેજ મળ્યો હતો આ મુજબ મી ગીબ્સ તેમને તાલીમ આપતા હતા એવામા તેમના પિતાની ઇચ્છાથી રીચમડ શહેરમા આવેલા વાઇટ લોજ નામના મકાનમા તેમને મોકલવામા આવ્યા પિતાએ એ નવા નિવાસસ્થાનમા મોકલતી વખતે જણાવ્યુ કે તમને આ જગ્યાએ મોકલવાનુ ખાસ કારણ તમે અભ્યાસ બરાબર કરો એજ છે પિતાની આજ્ઞાનો કોઈ દિવસ અનાદર ન કરનાર યુવરાજે ત્યા જઈ ઘણા ખતથી ભણવાનું શરૂ કીધુ તે સમયે વળી પ્રખ્યાત નવલકથાકાર ચાર્લ્સ કીગ્સલી તેમને ઇતિહાસ શિખવવા આવતા હોવાથી પ્રિન્સની ઇચ્છા ઘણી સારી રીત સપુર્ણ થઈ રીચમડમા વિદ્યાભ્યાસ થતો હતો તે દરમ્યાન માતાપિતાની ઇચ્છાનુસાર અનુભવ લેવા યુરોપની લાબી મુસાફરીએ તેઓશ્રી નીકળ્યા મુસાફરી દરમ્યાન નામદારની સામાન્ય કેળવણીમાં વધારો થયો તે શિવાય કાઈ ખાસ જાણવાજોગ બીના બની નહોતી. તેથી તે માત્ર જણાવીનેજ આપણે આગળ ચાલીશુ ત્યારબાદ થોડોક વખત તેઓ એડીનબરોના વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરવા ગયા. ત્યા જાણીતા પદાર્થવિજ્ઞાનશાસ્ત્રી ડૉ પ્લેફેરના હાથ નીચે તેઓએ તાલીમ લેવી શરૂ કીધી એક વખત તેઓએ તેમની દૃઢતાનો દાખલો ગુરૂ તથા સહાધ્યાયીઓ સમક્ષ બતાવી દીધો ડા પ્લેફેરે પદાર્થવિજ્ઞાન શીખવતા જણાવ્યુ જે ઉકળતા સીસાના કઢામા હાથ બોળવામા આવે તોપણ કોઈ તરેહની ઈજા હાથને થાય નહિ મજબુત મનોબળના શિષ્યે તુરતજ ફરી સવાલ કીધો કે "સાહેબ, હાથ બોળે કાંઈ પણ ઈજા થતી નથી વારૂ ?" ડાકટરે જવાબ આપ્યો "હા, બોળી તુરત કાઢી લેવામા આવે તો કાઈ પણ ઈજા થાય

નહિ. તુરતજ ઉકળતો કઢો મગાવી કોણી સુધી સર્વની અજાયબી વચ્ચે હાથ બોળી કાઢી લીધો અને અગને કાંઈ પણ ઈજા થતી નથી એ બતાવી આપ્યું. એડીન્બરોથી છુટા થઈ તેઓ ઘેર આવ્યા તે સમય ઘણોજ આતુરતાનો હતો અઢાર વર્ષ પુરા થયા અને સગીર મટી તેઓ કાયદા મુજબ પ્રસગ આવે સ્વતત્ર રીતે રાજ્ય ચલાવવા લાયક થયા આ માંગલિક પણ ગભીર પ્રસગે મહારાણીશ્રીએ દુનિઆના કાચા અનુભવ લીધેલા પુત્રને અસરકારક શબ્દોમા એક પત્ર લખ્યો પત્ર ઘણો અગત્યનો હતો પણ તેનો ભાવાર્થજ આપણે જાણીશુ તો બસ છે મહારાણીશ્રીએ યુવરાજને જણાવ્યુ કે " તમે હવે ભારે જવાબદારીમા આવી પડેલા છો પોતાની ફરજ કેવી રીતે અદા કરવી તેનો અનુભવ હવે પછી તમને થવા માડશે તે કરવામા બિલકુલ ગભરાયા વગર પોતાના અતકરણપુર્વક જો તમે કરશો તો તમે પોતાને કૃતાર્થ કર્યા એમ જગત્માં મનાશે પત્ર વાચતી વખતે તથા જનરલ વેલેસ્લી નામના તેમના એક લશ્કરી મિત્રને બતાવતી વખતે દુનિયાના કાર્ય તરગોમા ઉછળવા તત્પર થતા યુવરાજની આખોમાથી અશ્રુપાત થયો હતો તે શાનો હતો તે જાણીતુજ છે વાત્સલ્યના ઉભરામા સત્ય માર્ગ બતાવનાર માતાના અનુરાગ નિમિત્ત આ અશ્રુ હતા અને તેની પરમાવધિ પાછળથી મહારાણીશ્રીને પગલે ચાલી તેમણે જગતને દર્શાવી

આ સમયે તેઓશ્રીની સ્થિતિ કેવી હતી તેનો લગાર વિચાર હવે કરીશુ લેડી લીટ્લટનની સરસ કેળવણીથી યુવરાજનુ કુમળુ મન એવી ઉત્તમ રીતે કેળવાયલુ હતુ કે મી બર્ચને તુરતજ પોતાનો માર્ગ ઘણો સરળ થયેલો લાગ્યો હતો મી ગીબ્સના હાથ નીચે લીધેલી તાલીમ પોતાના જીવન ઇતિહાસમા તેઓશ્રી એક જાણવાજોગ બીના તરીકે માનતા બદલામા મી ગીબ્સ પણ રાજવશી શિષ્યને ઘણા મોકલા મનથી ચાહતા અને તેથી પ્રથમ પક્તિની

કેળવણી આપવા કોઈ રીતે બાકી રાખતા નહિ રાજ્યાસન ઉપર તેઓ બીરાજે તે વખતે કેવુ શ્રમિત કાર્ય તેમને કરવાનું છે તેનો જેવો બને તેવો ચોખ્ખો વિચાર ઇતિહાસ શીખવતી વખતે યુવરાજને આપવામા આવતો તે ઉપરાંત મનુષ્ય સ્વભાવ અપૂર્વ છે તે તથા તેને પૂર્ણતાએ પહોચાડવા કેવા પ્રયત્નોની જરૂર છે તેના અનેક દ્દષ્ટાતો આપી યુવરાજને ગૃહસ્થ બનાવવાની ઘણી સારી કેળવણી તેમણે આપી હતી શિષ્ય ચકોર હોવાથી કાઇંક શકા પણ કરતો શકાઓ ઘણુ ખરૂ સચોટ હતી દાખલા તરીકે લાબા વખત સુધી તેઓ પુછતા કે પૂર્ણતાને કેવી રીતે પમાય આવા પ્રશ્નોનુ સમાધાન ગુરૂ અનેક દ્રષ્ટાતો આપી કરતા તેથી શિષ્યના મનપર છાપ કાયમની પડતી રાજકુમારને વધારેમા એમ પણ જણાવવામા આવ્યું કે જેમ જેમ તેઓ પૂર્ણતાને પ્રાપ્ત થવા પ્રયત્ન કરશે તેમ તેમજ તેઓ જન સમાજને લાભ કરી શકશે તથા પોતાનુ કર્તવ્ય સપૂર્ણ રીતે બ નવી શકશે છેલ્લા ગુરૂના આ ઉચા વિચારોથી તેમનુ મન હમેશા નિમગ્ન રહેતુ અને પાછળથી કાતો રાજા તરીકે, ગૃહસ્થ તરીકે, પતિ તરીકે, પિતા તરીકે અથવા કહો કે જન સમાજના કલ્યાણ ક-ર્તા તરીકે તેઓશ્રી જગત્ સમક્ષ પ્રસિદ્ધ થયા તેના મૂળ મી ગીબ્સની કેળવણીથીજ શરૂ થયા હતા

પ્રખ્યાત ફિલસુફ જોન સ્ટુઅર્ટ મીલ પોતાના સ્વજીવનચરિત્રમા દર્શાવે છે જે તેને બચપણથી માડીને મોટપણ સુધીની સઘળી કેળવણી પિતા તરફથી મળી હતી તેનો પિતા મી મીલને પ્રાણસમાન જાણતો અને તેનુ પરિણામ એ થયુ જે પિતાની માફક પોતે પણ તેના જેવા વિચારનોજ થયો મીલ કરતા એડવર્ડ નરેશનુ ક્ષેત્ર તો જુદુ હતુ પરતુ તેમને પણ તેની માફક કેળવણીનો ઘણો ફાળો માતાપિતા તરફથી મળ્યો હતો અને પરિણામે તેમના જેવાજ વિચારના તેઓશ્રી થયા.

નામદાર પ્રિન્સ કોન્સર્ટને ત્રણજ વસ્તુ ઘણી પ્રિય હતી એક તો હુન્નર ઉદ્યોગની ઉન્નતિ, બીજા તેમના ધર્મપત્ની મહારાણીશ્રી વિક્ટોરીઆ અને ત્રીજી તેમના નાનકડાની કેળવણી તેઓ તથા મહારાણીશ્રી યુવરાજની કેળવણી ઉપર કેટલુ બધુ લક્ષ આપતા હતા તે આપણે સહજમા વિચારી શકીએ એમ નથી ખરેખર યુવરાજને કેળવવામા જેટલી મહેનત માતાપિતાએ લીધી હતી તેટલીજ થોડા માબાપો પોતાના પ્રિયમા પ્રિય ફરજ દો માટે લે છે. એમ કહેવાય છે કે પુત્ર ખોટે રસ્તે ન ચડે તેટલા માટે યુવરાજને જે કાઈ પુસ્તકો વાચવા માટે આપવામા આવતા તે પ્રિન્સ કોન્સર્ટ અગાડીથી પોતેજ વાચી જતા વળી બાળક મનમા ખોટી મોટાઈ ન માને તેટલા માટે ઘણી તરેહની મહેનત પડે એવી કસરત તેની પાસે કરાવતા દાખલા તરીકે બગીચાનુ કામ યુવરાજને ઘણી સારી રીતે આવડતુ તેનુ કારણ એજ હતુ કે તેમના પિતાએ બચપણથી તેમના ભાઈ ભાડુ સાથે એ કરાવવાની ટેવ પાડી હતી મહારાણીશ્રી પણ પુત્રના ઉપર હમેશ પત્રો લખ્યા કરતા અને તેમને યાદ અણાવતા જે તેમના ઉપર પણ હુકમ બજાવનાર છે બચપણમા કુમારનો કાઇ વાક પડતો તે માટે સજા થયા વગર રહેતીજ નહિ તેનો એક દાખલો અતિ રમુજી છે યુવરાજને બચપણમા (અને પછીથી પણ) દિવસે સુઈ જવાનો ઘણો કટાળો હતો માતાપિતા મનુષ્ય સ્વભાવના ઉત્તમ અભ્યાસી હોવાથી બાળકની આ ટેવ માટે માહોમાહે વખાણ કરતા અને પ્રસગ આવે તેનો લાભ લેવા ચુકતા નહિ એટલે કે જયારે જયારે યુવરાજ લાડાઈ કરતા, ત્યારે તેઓને બીજી સજા નહિ કરતા ફક્ત દિવસે ઉઘી જવાનીજ સજા કરવામાં આવતી અને તેઓ હુકમને તાબે રહેવાનુ જન્મથીજ શીખેલા હોવાથી આવી કઢગી સજા પણ ભોગવી લેતા. ઉપરાત રાજમહેલમાં ભાઈ ભાંડુ સાથે મમતા કરા-

વવાની પણ માતાપિતાએ કેળવણી આપી હતી એડવર્ડ રાજા ગૃહ-સ્થ તરીકે સગા વહાલાં તરફથી ઘણાજ સુખી હતા તેનુ કારણ બચપણની કેળવણીજ હતુ પોતાના મોટા બ્હેન કે જે પાછળથી જર્મનીના પટરાણી થયા હતા તેની સાથે રમવાનુ તેઓશ્રીને પુષ્કળ ગમતુ તથા અન્ય ભાઈ ભાડુ ઉપર પણ તેમની મમતા ઘણીજ હતી તેઓ કુટુંબમા કેટલા માયાળુ હતા તેનુ દ્રષ્ટાંત તેઓ મહા-રાણીશ્રી સાથે ફ્રાન્સની મુલાકાતે ગયા તે વખતે જોવામા આવ્યુ હતુ ઈંગ્લાંડના ૬ ઠ્ઠા હેન્રી રાજાના સમય પછી કોઈપણ આંગ્લ ભૂપતિ ફ્રાન્સની મુલાકાતે ગયા નહોતા નામદાર મહારાણીશ્રીની એ મુલાકાત તેથી ઐતિહાસિક ગણાય છે નામદારને યુવરાજ વગર બિલકુલ ચાલતુ નહી તેથી તેઓ તેમને પણ સાથે લઈ ગયા. ફ્રાન્સની મહારાણી તે વખતે નાના બાળકથી ખુબ રાજી થયા અને જતી વખતે તેમને જણાવ્યુ જે તમે અહિ રહિ જાવ, તુરતજ મહારાણીશ્રીનેજ તે ગમ્યુ નહિ અને તેઓએ કહ્યુ કે મનેજ મારા આ નાનકડા વગર ગમશે નહિ એ પ્રકારના ઉત્તમ ગુણો ઉપરાંત બીજા પણ ગુણો માતાપિતાએ તેમનામા કેળવ્યા હતા પાછળથી માલૂમ પડતી ફરજ અદા કરવાની, સ્વય ભોગ આપવાની તથા પ્રસંગ પ્રમાણે વર્તન કરવાની ટેવો પણ બચપણથીજ ઉદ્‌ભવી હતી, એ ઉપરાંત પોતે હુકમને તાબે રહેવાનુ શીખેલા હોવાથી ભવિષ્યમા હજારો ઉપર હુકમ કરી શકતા હતા આ ઉત્તમ પ્રકારની સઘળી કેળવણીથીજ રોબર્ટ બ્રાઉનીગે પેલો “ નમ્ર શુશીલ છોકરો ” એવુ અભિધાન તેઓશ્રીને આપ્યુ હતુ.

પ્રકરણ ૨ જું.

વધુ કેળવણી તથા દેશાટણ.

"મારી સાથેના સંસર્ગ ઉપરથી હું તેમનો નરમ સ્વભાવ તથા ઉત્તમ વિવેક બુદ્ધિ જોઈ શકયો છું"—અમેરિકાના પ્રેસિડંન્ટ બુકેનને નામદાર મહારાણી વિક્ટોરીઆને યુવરાજની મુલાકાત પછી લખેલો પત્ર.

એડિન્બરોના વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કર્યા બાદ તેઓ જગ વિખ્યાત ઓક્ષફર્ડ વિશ્વવિદ્યાલયમાં ક્રાઇસ્ટ ચર્ચ નામની પાઠશાળામા વિદ્યાભ્યાસ માટે દાખલ થયા. રાજવંશીઓ ઘણુંખરૂં પાઠશાળામાં જાય છે ત્યારે ઘણા ભપકાથી રહે છે અને ઘણુંખરૂં અન્ય વિદ્યાર્થીઓથી નિરાળાજ ફરે છે પરંતુ યુવરાજની બાબતમાં તો તેથી ઉલટુંજ થયું હતું તેમને તથા માતાપિતાને પણ આડંબર બિલકુલ પસંદ ન હોવાને લીધે કોઈ પણ મોટી તૈયારી કર્યા વગર તેઓ પાઠશાળામાં દાખલ થયા અલબત યુવરાજ બીજા વિદ્યાર્થીઓની સાથે પાઠશાળામાં તો રહેતા નહિ પરંતુ ઘણી છુટથી તથા સાદાઈથી તેમની સાથે ભળી જતા તેઓશ્રી ઓક્ષફર્ડના રહેઠાણ દરમ્યાન પાઠશાળાના ત્રણ ચાર સહાધ્યાયીઓને સાથે રાખતા અભ્યાસની બાબતમાં પણ યુવરાજશ્રીને ઓક્ષફર્ડમાં અતિ સુગમતા મળી, કારણ કે પોતાને પ્રિય એવો ઇતિહાસનો વિષય જાણીતા મી૦ ગોલ્ડવીન સ્મિથના હાથ નીચે તેઓ શીખ્યા હતા બીજા વિષયોનો પણ વિદ્યાભ્યાસ ખંતથી કરવામાં આવતો અને તેથી ઘણાને એમ ભાસતું હતું કે યુવરાજના ઉપર જોઇએ તે કરતાં વિશેષ બોજો પડે છે.,

નાનપણથી છુપે વેષે ફરવાથી તેમને ઘણી ગમત પડતી હતી અને તે ગુજારવાની ખરેખરી તક ઓક્ષફર્ડના રહેઠાણ દરમ્યાન મળી તેઓશ્રી સાદો અને સફાઈદાર પોશાક પહેરી ઘણી વખત



નામદાર મર્હુમ શહેનશાહ એડવર્ડના

પિતા-પ્રિન્સ આલબર્ટ

બહાર નીકળી પડતા અને આજુબાજુના ગામોમાં જઈ લોકો સાથે ભિન્ન ભિન્ન વિષયો ઉપર વાતચિત કરી આવતા આ પ્રમાણે તેઓ ઘણી વખત કરતા પરંતુ કોઇપણ વખતે પણ ઓળખાઇ આવતા નહોતા વળી ઓક્ષફર્ડથી રજાના દિવસો તથા રવિવાર ગુજારવા તેઓ માતાપિતા પાસે જતા તે વખતે પણ સાધારણ પોશાક પહેરી રેલવેના વચલા વર્ગમાં મુસાફરી કરીનેજ જતા મહારાણીશ્રી તથા તેમના પતિને પણ પુત્રના સાદાઇના ગુણો જોઈ ઘણો આનંદ થતો અને પોતાની મુરાદ પાર પડેલી તેઓ ગણતા ઓક્ષફર્ડની હવા, જગ્યા તથા સંગતિથી તેઓને ઘણી આશાએશ અને ઉત્તમ કેળવણી મળી અને તેથી જ્યારે તે છોડવુ પડયુ ત્યારે તેમના મનમાં તેમને સ્વાભાવિક ખિન્નતા પેદા થઈ હતી

ઉત્તર અમેરિકામાં ઈંગ્લાંડનુ જાણીતુ સંસ્થાન કેનેડા દેશ છે. સાધારણ કેળવણી લીધેલી હોવાથી પ્રવાસના શોખી યુવરાજને આ દુર પણ જોવાલાયક સંસ્થાનનો અનુભવ કરાવવો એમ પ્રિન્સ કોન્સર્ટની ઇચ્છા હતી, તેવામાં કાક્તાલીય ન્યાયેજ યુવરાજને ત્યાં જવાનુ બની આવ્યુ ક્રીમિઆના ખુનખાર વિગ્રહ વખતે કેનેડાના સંસ્થાનિકોએ માતૃભુમિને લશ્કર ઈત્યાદીકની ઘણી સારી મદદ કરી હતી તે વખતે બદલામાં તેઓએ એટલીજ યાચના કીધી જે નામદાર મહારાણીશ્રીએ અમારા દેશની મુલાકાત લેવી. નામદાર મહારાણીશ્રીને નિમંત્રણ આવ્યું તે વખતે તેઓ વ્યવસાયમાં એટલા બધા ગુંચવાઈ ગયા હતા કે તેમનાથી કેનેડાવાસીઓની ઇચ્છા બિલકુલ પરિપૂર્ણ કરાય એમ હતુજ નહિ, પરંતુ તેજ સમયે તેમણે પતિ સાથે વિચાર કરી પોતાના પ્રતિનિધી તરીકે યુવરાજને મોકલવા ઠરાવ કર્યો. કેનેડાવાસીઓએ આ ઠરાવ પણ ઘણા ઉલ્લાસથી વધાવી લીધો અને બાદશાહી પરોણાગત કરવા માટે જેટલા ઉમંગથી તૈયારીઓ કરવા માંડી હતી તેટલાજ ઉમંગથી ચાલુ રાખી.

યુવરાજને આ પહેલી વખતજ જાહેરમા આવવાનુ હતુ, પરતુ તેઓએ કાંઈ પણ ઠાઠમાઠ કર્યા વગર એક સાધારણ વહાણમા બેસી જવાનો ઠરાવ કર્યો, તે સમયે તેઓને ભાગ્યેજ ખબર હશે કે તેમને માટે તો કેનેડામા મોટો ઠાઠમાઠ રચવામાં આવ્યો હતો અને તેના તથા લોકોના આદરનો ઉપભોગ કરવા તેમણે પ્રકૃતિ ફેરવવાની હતી દરિયા ઉપર આવડી મોટી મુસાફરી અગાઉ કોઈ વખત કરેલી ન હોવાથી સ્વદેશમા એમની તબીયતને માટે ફિકર થયા કરતી પરતુ ઈશ્વરની કૃપાથી તે બાબતમા કાંઈ પણ વાંધો આવ્યો નહિ અને છેવટે ૧૮૬૦ની ૨૪મી જુલાઇએ તેઓ ન્યુફા-ઉન્ડલેન્ડના સેંટ જોન શહેરમા ઉતર્યા પગ મુકતાની સાથેજ કામ-કાજમા તેમને રોકાવાનુ હતુ પહેલુ તો માનપત્ર એનાયત કરવામા આવ્યુ, ત્યાર બાદ સરકારી મહેલમા તેમના માનમા દરબાર ભર-વામા આવ્યો. અને છેવટે કેટલીક જાહેર ક્રિયાઓમા ભાગ લેવાને પોતે ગયા નિયમસર ગોઠવણથી યોજેલા આ સઘળા ઠાઠમાઠથી કાંઈક પ્રસગે તેમને છુટા થવાનુ મળતુ ત્યારે તેઓશ્રીને ઘણીજ આશાએશ મળતી કેનેડાના પ્રવાસ દરમ્યાન તેઓ ઘણુ બરૂ સવાર સાંજ ફરવા જતા અને દેશની સૌદર્યતાનો અનુભવ પણ લેતા ન્યુફાઉન્ડલેન્ડની મુસાફરીમા તેઓશ્રીને ત્યાના પ્રજાજનો તરફથી ઘણી ભેટો મળી હતી પરતુ તેમા સૌથી વધારે કિમતવાળી તેઓ એક કુતરાની ભેટ ગણતા આ કુતરો ઘણો મજબત ન્યુફાઉન્ડલેન્ડની જાણીતી ઉત્તમમા ઉત્તમ જાતનો તથા ત્યાના વતનીઓ તરફથી ભેટ અપાયેલો હોવાથો તેની પાછળથી પણ તેઓ ઘણી સારી રીતે જાળવણી કરાવતા કેનેડાના પાટનગર ઓટાવામા ત્યાની પાર્લામેન્ટનુ હાલનુ મકાન ખુલ્લુ મુકવાનુ કામ પણ નામદારને હાથેજ તેઓ ત્યા પધાર્યા તે સમયે થયુ હતુ જાહેરમા લાંબો વખત હરવા ફરવાનો અગાઉ પ્રસગ ન આવેલો હોવાથી છોટા યુવરાજને કેટલીક

વખત થાક લાગતો હતો ન્યુફાઉન્ડલેન્ડમાં ફરી મોન્ટ્રીલમાં આવ્યા તે વખતે તો શ્રમ પડેલો સ્પષ્ટ માલમ પડયો તેઓશ્રી પણ જાણુતાજ હતા કે તેમની ઉચ્ચ પદવીને લીધે આ સોનેરી પિંજરારૂપી નિયમોમાથી તેઓ છુટા થઈ શકે એમ નહોતુ અને તે એમની કસોટીરૂપ છે તેથી પરિણામે ફાયદોજ કરાવશે મોન્ટ્રિલમા એક પ્રદર્શન ખોલી ઓગણીસ વર્ષની નાની વયે પોતાની વકતૃત્વ શક્તિ નો પ્રભાવ બતાવ્યો ત્યાર બાદ આનંદથી ઉભરાતા નાગરીકોએ એક ગાયનનો જલશો યુવરાજના માનમા કરાવ્યો જેનાથી તેઓશ્રી ઘણા રાજી થયા આટલેથીજ તેઓશ્રીની પ્રવૃત્તિ અટકી શકે એમ નહોતુ લશ્કરની એક કવાયત કરાવવામા આવી તે જોઈ એક પુલ ખુલ્લો મુકવાની ક્રિયામા ભાગ લીધો અને તે પુરૂ થયે રાત્રે રોશનીની ઝબક જોવાની શહેલગાહ માટે નીકળી પડયા બીજે દિવસે શહેરના મુખ્ય પ્રસિદ્ધ સ્થળો જોવા યુવરાજ નીકળ્યા તે વખતે તેમને રસ્તામા એક વૃદ્ધ લશ્કરી અમલદાર મળ્યો તેની સાથે છુટથી વાતચિત કરી લોકોને પોતાની ન્યાયનિષ્ઠતાનો દાખલો બતાવી આપ્યો. અમલદારે યુવરાજને નમ્રતાપુર્વક જણાવ્યુ કે હુ મહાન્ નેલસનનો અનુચર હતો અને હાલમા મને ન્યાય આપ્યા વગર એક પંક્તિ નીચે ઉતારવામા આવ્યો છે મહારાણીશ્રીના આપ પ્રતિનિધી તરીકે આવેલા હોવાથી આપે મને યોગ્ય ન્યાય અપાવવા તસ્દી લેવી જોઇએ એવી ગળગળતે સ્વરે તેઓશ્રીને વિનતી કરી તે વખતે યુવરાજનુ વય તો છોકરવાદ હતુ તોપણ પુખ્ત ઉમ્મરના ઠરેલ માણસની માફક વાત કરી તેઓએ તેની સઘળી હકીકત સવિસ્તર સાંભળી લીધી નિવાસસ્થાન ઉપર ગયા પછી તેઓશ્રી વૃદ્ધ અમલદારની બાબતમા વચમાં પડયા અને યોગ્ય ન્યાય અપાવ્યો મોન્ટ્રીલથી પાદશાહી સ્વારી નાયગરાનો પ્રખ્યાત ધોધ જોવા પધારી આ વખતે તો યુવરાજ ઘણા શ્રમિત થઈ ગયા અને જ્યારે તે જોઈ

પરવાર્યા ત્યારે શ્વાસ મુકી બોલ્યા "હાસ, હવે, પાર આવ્યો" આ પ્રમાણે કેનેડાની મુસાફરીની અગત્યની બાબતો આપણે વાચી અને તે ઉપરથી યુવરાજશ્રીને જાહેરમા આવવા કેવી રીતે પલોટાવવું પડ્યુ તે પણ જાણ્યુ હવે પછીની કારકીર્દીમા તેઓ કેવી સહેલાઈથી જાહેરમા આવતા તે જોઈશુ ત્યારે આપણને ખચિતજ માલૂમ પડશે કે કેનેડાની મુસાફરીથી યુવરાજને અચ્છી તાલીમ મળી હતી

યુવરાજના મિલનસાર સ્વભાવથી કેનેડામા જે અપૂર્વ માન મળ્યુ હતુ તે પડોશના અમેરિકાના લોકો જાણતા હતા તેઓને પણ બ્રિટિશ સલ્તનતના ભવિષ્યના ભોગવનારને નિમંત્રણ કરવાની ઉર્મિ થઈ આવી સત્તાવાર રીતે પણ એ બાબતની ઉતાવળ કરવા ચળવળ થઈ, કારણકે કેનેડાની મુસાફરી પુરી થવા આવી હતી અને નક્કી કરેલા ઠરાવ મુજબ તરતજ યુવરાજ ઈંગ્લાંડ પધારવાના હતા, પરંતુ ભાવિક લોકોના મજબુત મનોબળાને લીધે યુવરાજને મુસાફરી થોડીક લંબાવવીજ પડી દરમ્યાન તેઓશ્રી અમેરિકા પધારે તે માટે તે વખતના પ્રેસિડન્ટ બુકેનને મહારાણીશ્રીને તુરત લખ્યુ સમય ઘણો થોડો હતો પરંતુ જલદીથી વિચાર કરી ભવિષ્યમા યુવરાજને ઘણો ફાયદો થવાનો સંભવ હોવાથી નામદાર મહારાણીશ્રીએ પ્રેસિડન્ટને ખબર કરીકે યુવરાજ કેનેડામાથી અમેરીકા આવશે પણ તે કાંઈ મારા પ્રતિનિધી તરીકે નહી પરંતુ ઈંગ્લાંડના એક ઉમરાવ તરીકે કરશે મહારાણીશ્રીના આ ઠરાવની ખબર યુવરાજને પણ તુરત પહોચાડવામા આવી અને તેઓએ માતાજીની આજ્ઞાનુસાર ઈંગ્લાંડના ઉમરાવ નામે બેરન રેનફ્ર્યૂ તરીકે ફરવાનો ઠરાવ કીધો કેનેડાની સરહદ છોડતી વખતે ઘણા યાદગાર શબ્દોમાં તેઓએ કેનેડાના લોકોની સહાનુભૂતિનો ઉપકાર માન્યો અને પોતે

---

* યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા અમેરિકાને નામે ઓળખાય છે.

હવે સાધારણ માણસ તરીકે ફરવા જનાર હોવાથી તેમને કેવો આલ્હાદ થશે તેનો ઇસારો કર્યો યુવરાજ અને કેનેડાની સરહદ છોડી અમેરિકામા દાખલ થયા અને પહેલ વહેલો દેટ્રોઇટ શહેરમાં પ્રવેશ કર્યો અમેરિકાવાસીઓએ યુવરાજને માન અકરામ આપવામાં કાંઈ બાકી રાખ્યુ નહોતુ અને જોકે ઉતાવળને લીધે તૈયારીઓ બરાબર થઈ નહોતી તોપણ તેમને આપવામા આવેલુ માન તેમની આખી જીદગીમા એક અનુપમજ હતુ એ બાબતના દૃષ્ટાંતો જેમ જેમ આપણે વર્ણન વાચતા જઇશુ તેમ તેમ માલુમ પડતા જશે. દેટ્રોઇટમા ઘણી જબરી રોશની કરવામા આવી હતી અને તેનો ભપકો જોવા તથા યુવરાજના દર્શન કરવા જે સમૂહ મળ્યો હતો તેનુ વર્ણન ઉત્તમોઉત્તમ અલકારયુક્ત ભાષાવડે પણ થઈ શકે એમ નથી ફક્ત તેનુ બયાન એક પ્રસિદ્ધ અમેરિકાવાસીએ એક મિત્રને જણાવ્યુ હતુ તેવા સાદા શબ્દોમાજ થઈ શકે એમ છે. ઘણીજ મમતાથી તેણે પોતાના સાથીને કહ્યુ કે જો અમેરિકાનો ઉદ્ધારક મહાન્ જોર્જ વોશીંગ્ટન જીવતો થાય તેને જોવા લોકો જેટલા આતુર થાય તેના કરતા પણ વધારે આ બાળ યુવરાજને જોવા ઉલટી રહ્યા છે દેટ્રોઇટના યુવરાજના નિવાસસ્થાન નજદીક તો ગીરદી એટલી બધી થઈ ગઈ હતી કે તેમને પોતાનેજ પાછલે બારણે આવજાવ કરવી પડતી

બાદશાહી સ્વારી હવે ચિકાગોમા આવી હાલની માફક તે વખતે ચિકાગો કાંઈ મોટુ શહેર નહોતુ ૫૦ વર્ષ પછી હાલમાં તો તે દુનિઆના મોટા શહેરોમા ગણાવે છે. તે સમયે તો તે નવું તૈયાર થતુ નાનુ શહેર હોય એમ લાગતુ, પરતુ તેનુ આ રૂપ યુવરાજે ફેરવી નાખ્યુ તેમને જોવા વસ્તી પાચગણી વધી ગઈ અને પોલીસને અને સુધરાઈખાતાને ઘણુ મોટુ કામ આવી પડ્યુ. રોશની, આતશબાજી, રાતના અને દિવસના મેલાવડા અને મુલાકા-

તેથી યુવરાજ ઘણાજ કંટાળી ગયા પરિણામે ચિકાગોથી સ્વારી સેંટ લુઈ આવવા નીકળી તે વખતે એક નાના ગામડામા તેઓને વિરામ લેવા થોભવુ પડયુ વિરામથી ઘણીજ આશાએશ મળી અને તે પાછળની કઠણ મુસાફરીના બોજામા પુષ્કળ ખપમા લાગી. અમેરિકન અમલદારો તેમના પરોણા સહિત સેંટ લુઈથી વોશીંગ્ટનમાં આવ્યા ત્યા પ્રથમજ પ્રેસિડન્ટ બુકેનનની પિછાન તેમને કરાવવામા આવી થોડોક સમય તેઓ વોશીંગ્ટનમા રહ્યા તેવામા પ્રેસિડન્ટ તેમના મિલનસાર સ્વભાવથી ઘણા રાજી થયા અને તેનો જગતને પુરાવો આપવા મહારાણીશ્રીને યુવરાજના વખાણનો એક પત્ર લખ્યો. પત્રમાના એક ફકરાનુ વાક્ય આ પ્રકરણને મથાળે આપ્યુ છે. ખરેખર, તે નામદારના સ્વભાવનો હમેશને માટેનો ચિતાર છે. યુવરાજને પણ પ્રેસિડન્ટની મુલાકાતથી કાંઈ ઓછો લાભ થયો નહોતો તેઓ હમેશ તેમની સાથે વાતચિત કરતા અને પોતાને કાંઈપણ જાણવાનુ મળતુ ત્યારે ઘણા ધ્યાન સહિત સાભળતા. વોશિંગ્ટનની મુલાકાત દરમ્યાન તેઓ ત્યાથી થોડેક દુર આવેલી મહાન્ વોશિંગ્ટનની કબર જોવા ગયા અને તે મહાન્ પુરૂષના માન ખાતર તુરતજ તેને નમન કીધુ સત્સમાગમના તેઓશ્રી હમેશ અભિલાષી હોવાથી સત્પુરૂષોને લગતી બાબતો તેમને ઘણી પ્રિય હતી અને તેથી વોશિંગ્ટનની કબર તેઓ જોઈ આવ્યા તેની યાદગીરી રાખવા માટે કાંઈક વિશેષ કરવુ નામદારશ્રીએ ઉચિત ધાર્યુ પોતાને બગીચાના કામમા માતપિતાએ ઘણા સારા ટેવ્યા હતા તેથી ત્યા એક ઝાડ રોપવાનો ઠરાવ કીધો પ્રેસિડન્ટને યુવરાજના આ ઠરાવથી ઘણો આનંદ થયો અને તેમને જોઈતા ઓજારો આપી ત્યાં એક ઝાડ રોપવા દીધુ વોશિંગ્ટનમા તેમના માનમા ખાણાઓ આપવામા આવ્યા હતા, તથા દરબારો પણ ભરવામા આવી હતી. તે સઘળે ઠેકાણે તેઓશ્રી ઘણી હિંમતથી પોતાના વિચારો દર્શાવી શ્રોતાજનોના હૈયા પોતાના તરફ આકર્ષિ લેતા.

ત્યાર બાદ વોશિંગ્ટનની મુલાકાત તેઓએ લોકોના જય ઘોષ વચ્ચે સંપૂર્ણ કરી અને ફિલાડેલફિયામા પધાર્યા. ત્યાં જોવાલાયક જગ્યાઓ તથા વસ્તુઓ જોઇ તેઓ ન્યુયોર્કમા આવ્યા. આવતાની સાથેજ તેઓ ઘણા કામમા ગુથાઈ ગયેલા માલૂમ પડતા કોઈ ઠેકાણે જલસો તો કોઈ ઠેકાણે ખાણુ અને કોઈ ઠેકાણે માનપત્ર તો કોઈ ઠેકાણે મુલાકાતનુ નિમંત્રણ. ન્યુયોર્કમા માનપત્ર એનાયત કરતી વખતે લોકોનો મોટો સમૂહ એકઠો થયો હતો અત્રે જણાવવું જોઈએ કે આજથી ૫૦ વર્ષ પેહેલા અમેરીકાના શહેરો કાંઈ હાલ છે એવડા મોટા હતા નહિ ન્યુયોર્ક પણ હાલના કરતા ઘણુજ નાનુ શહેર હતુ અને ત્યા તે સમયે મોટામા મોટુ મકાન એવડુંજ હતું કે જેમા માત્ર ૬ હજાર માણસ માઈ શકે યુવરાજને જોવાને તો ૫ લાખ માણસ ઉલટી પડયુ હતુ અને તેમા કેટલાક સંભાવિત ગૃહસ્થો પણ નોતરેલા હતા મોટો સવાલ એ થઈ પડયો કે માન-પત્ર કયે સ્થળે એનાયત કરવુ ઘણો વિચાર કર્યા પછી સત્તાવાળા-ઓએ ૬ હજાર માણસ માઈ શકતા હતા તેજ મોટા મકાનમા માનપત્ર એનાયત કરવાનો ઠરાવ કયો નિમંત્રેલા ગૃહસ્થોજ ૬ હજાર કરતા વિશેષ હતા અને પરિણામે ગીરદી એટલી બધી વધી ગઈ કે યુવરાજ બેઠા હતા તે જગ્યાના પાટીઆ પણ તુટી પડયા પરંતુ તેથી કાંઈ કોઇને ઇજા થઈ નહોતી ન્યુયોર્કમા તેઓશ્રી ત્યાના મેયરના પરોણા હતા અને તેથી તેમણે તેમના માનમા આતસબાજી ફોડાવી હતી આતસબાજીમા ૬ હજાર માણસો તો કામે લાગ્યા હતા ત્યારે તે કેટલી મોટી હશે તેનો ખ્યાલ વાચનાર જાતેજ કરી લેશે ઘણાજ મોટા મનથી પણ સાદાઈથી યુવરાજે મેયરને જણાવ્યુ "સાહેબ, આ સઘળું મારે માટે?"

હવે આપણે પ્રવાસનું વર્ણન જલદીથી કરી જવુ પડશે. ન્યુ યોર્કથી તેઓશ્રી બોસ્ટન આવ્યા અને ત્યા પ્રખ્યાત કવિ

લોગફેલો, તત્વવેત્તા ઇમિરસન તથા પ્રખ્યાત ન્યાયાધીશ ઓલીવર વેન્ડલ હોમસની મુલાકાત પોતે લીધી ન્યુયોર્ક અને વોશિંગ્ટનની પ્રવૃતિ સાથે આ શાન્ત મુલાકાતનો આનન્દ સરખાવતા તેઓશ્રી પોર્ટલેન્ડ આવી પહોંચ્યા

પોર્ટલેન્ડ તેઓએ અમેરિકન લોકોના જય ઘોષ સાથે છોડયું અને જ્યારે દરિયાને પેલે પાર સ્વભૂમિમા પહોચ્યા ત્યારે તેનો પડઘો તેના પ્રજા જન તરફથી પડયો યુવરાજ ત્યા પહોચ્યા તે પહેલા તમને માટે ઘણી ફીકર રાખવામા આવતી કારણ કે દરિયો ઘણો તોફાની થયો હતો અને વહાણ નાનુ હોવાથી અકસ્માતનુ ભોગી થઇ પડ એવી સઘળાને ચિન્તા રહેતી તેથી કેટલાક વહાણ બાદશાહી વહાણની સામા મોકલ્યા પરંતુ કોઈ પણ પ્રકારે તેમની જરૂર પડી નહિ

કેનેડા અને અમેરિકાની મુસાફરી વિષે આપણે જોઈએ તે કરતા વધુ વિવેચન કર્યું છે પરંતુ એ પ્રવાસનુ વર્ણન જેટલુ કરીએ એટલુ ઓછુ જ છે સબબ યુવરાજની બહોળી કેળવણીમા જે મોટો અને સંગીન ફાયદો તેથી થયો તે અન્ય પ્રકારે થઈ શકે એમ નહોતુ એટલે કે બાલ્યાવસ્થામાથી યુવરાજ તરીકે જાહેરમા આવવા માટેની સરણિનુ આ પ્રથમ પગથીયું હતુ પોતેશ્રી પણ આ ઘણી સારી રીતે સમજી શકતા કારણકે રાજા થયા પછી પણ એ બાબતનો એકરાર ઘણી વખત પોતાના મિત્ર તથા યુવાન મંડળની સન્મુખ કરતા એક સમય મુસાફરીમા આપત્તિ પડે છે તેનો અનુભવ તેઓશ્રીને કેવો મળ્યો હતો તે નીચેનો દાખલો આપી પોતાના મિત્રોને નામદારશ્રીએ સમજાવ્યુ સેંટ લુઈ જતાં નાના ગામડાં આગળ તેઓ વિરામ લેવા બેઠા ત્યારે તેમની સાથે વિશેક માણસની મંડળી હતી ખુલ્લી હવામાં ફરવામાં આવેલુ હોવાથી સર્વ કોઈની બીડી પીંદડી ઉરાડવાની ઇચ્છા જણાઈ મંડળમાના સઘળાઓએ

ગજવામાંથી પોતાને સારૂ એકેકી બીડી તો કાઢી પરંતુ તે સળગાવવા કોઇની પાસે દીવાસળીજ નહોતી ઘણા જનોની ભુખ ભાગનાર યુવરાજને આવે સંકટ સમયે પણ સાધનની પ્રાપ્તિ થાય છે તેઓના ગજવા-માંથી માત્ર એકજ દીવાસળી નીકળી આવી, તુરતજ સમયને વરતી મસ્તક ઉપર કાળો ડગલો ઢાંકી વારા ફરતી દરેકને બોલાવી બીડી ચેતાવવા નામદારશ્રીએ સૂચવ્યું પવન પુષ્કળ હોવાથી બીડીઓ સળગાવવાનું કામ ઘણી સંભાળથી કરવું પડતું અને જ્યારે સઘળું પરિપૂર્ણ થઈ ગયું ત્યારે ઈન્તેજારી પુરી થઈ પાછળની જીંદગીમાં ઘણી વખત મિત્ર મંડળમાં તેઓ પોતાના અનુભવ દર્શાવતા ત્યારે આ સમયને તેઓ ઘણો બારીકમાં બારીક લેખવી સઘળાને તે ઉપરથી ધડો લેવા સૂચવતા

મુસાફરીનો બહોળો અનુભવ લીધા પછી તેઓશ્રી ફરીથી વિદ્યાભ્યાસ માટે કેમ્બ્રિજના પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલયમાં દાખલ થયા સાદાઈ તો તેઓશ્રીની આખી જીંદગીનું લક્ષણ હતું અને વળી વિદ્યાભ્યાસ વખતે તો તે બાબતના નિયમોને સખત રીતે પાળવા તેઓ ખાસ લક્ષ આપતા પરિણામેજ લગભગ એક વર્ષ તેઓ કેમ્બ્રિજમાં રહ્યા તેટલા વખતમાં ઘણી સારી રીતે વિદ્યાભ્યાસ કરી શક્યા તેઓ સાધારણ વિદ્યાર્થિ તરીકેજ ત્યાં રહેતા ફક્ત વધારામાં એટલુંજ કે તેઓનું નિવાસસ્થાન પાઠશાળાથી ત્રણેક માઇલ દુર એક ગામમાં હતું તેમની સાથે એક ઘણા બાહોશ શિક્ષક નામે કર્નલ રોબર્ટ બ્રુસ રહેતા હતા બ્રુસ સાહેબ ઘણા સખત નિયમો પળાવતા અને શિષ્યનો દરરોજનો વિદ્યાભ્યાસ કેવી રીતે ચાલતો તે ઉપર ખાસ ધ્યાન આપતા યુવરાજ પાઠશાળાના ધોરણના અભ્યાસ ઉપરાંત ખાનગી અભ્યાસ પણ ચાલુ રાખતા મી૦ ચાર્લ્સ કીંગસ્લીએ તેઓ-શ્રીને રીચમંડમાં ઇતિહાસની તાલીમ આપી ઘણા આભારી કર્યા હતા એ વાત પ્રિન્સ કોન્સર્ટને જાણીતી હતી તેથી તેમની ફરમાસથી

આ વખતે પણ તેઓએ રાજવંશી શિષ્યને શીખવવાનું શરૂ કર્યું. તેની સાથે બીજા દશ અગીઆર ગૃહસ્થો પણ ખાનગી શિક્ષક તરીકે હતા આટલી બધી કેળવણી માટે મહેનત લેવાતી હતી તેથી તેમના સગા વહાલાઓને તથા હિતચિંતકોને કેટલીક વખત મનમાં એમ પણ આવતુ કે તેઓશ્રીને જોઇએ તે કરતા ઘણી વધારે મહેનત આપવામા આવે છે.

ઓક્ષફર્ડમાંથી જે છુપે વેષે ફરવાનો શોખ યુવરાજને લાગ્યો હતો તે કેમ્બ્રિજમા વધતો ગયો પરંતુ આ સમયે તેમના શિક્ષક ઘણા કાળજીવાળા હતા તેથી દર વખતે જ્યારે બહાર જવુ હોય ત્યારે તેમની પરવાનગી લેવી પડતી અને ઘણું ખરૂં આજુબાજુના લોકોમા ફરી જલદીથી નામદાર પાછા આવતા યુવરાજ તરીકે, અથવા તો રાજા તરીકે જ્યારે જ્યારે તેઓ છુપે વેષે ફરતા ત્યારે ઘણીજ સંભાળ લઈ વર્તતા, કારણકે રખેને કોઈ એમને ઓળખી કાઢે દૈવયોગે કાંઈ ઉલટુ થઈ જતુ અને માનપાન આપવાની તૈયારી ચાલી રહેતી ત્યારે એમને ઘણો કંટાળો લાગતો આ બનાવને લગતો પહેલો દાખલો એક સમયે કેમ્બ્રિજથી લંડન આવતા કેમ્બ્રિજના રેલવે સ્ટેશન ઉપર થયો લન્ડનની ટીકીટ લઈ પોતેશ્રી તુરતજ ટોળામાં ભળી ગયા અને તે વખતે તો સાદો અને સફાઇદાર પોશાક પહેરેલો હોવાથી તેઓ એક સાધારણ ગૃહસ્થ તરીકે જણાતા પરંતુ એક હોશિઆર રેલવેના અમલદારે શાહજાદાને ઓળખી કાઢયા અને તેમને યોગ્ય માન આપવાની તૈયારી કરવા માંડી તુરતજ તેઓશ્રીને કંટાળો આવ્યો અને જ્યારે તે અમલદાર નમન કરવા આવ્યો ત્યારે તેમનો ઉપકાર માની કાંઈ આડંબર ન કરવાની વિનંતિ કરી. આ અસરકારક બનાવ બન્યો ત્યાર પછી થોડે વખતે તેમણે કેમ્બ્રિજ છોડયું.

હવે તો યુવરાજ જાતે પણ કેવી તરેહની કેળવણી લેવી તે બાબતમાં પોતાનો સ્વતંત્ર મત દર્શાવવા લાયક થયા હતા તેથી માતાપિતાએ તેમની સમતિ લઇ નિશ્ચય કર્યો કે તેમણે લડાયક કેળવણી લેવી પ્રિન્સ કોન્સર્ટ ઘણા બહોળા વિચારના માણસ હતા તેથી તેઓએ તેમની બરાબર કસોટી થાય એવે સ્થળે કેળવણી લેવા મોકલ્યા કયુરાગની જાણીતી લશ્કરીશાળામા દાખલ થઈ નામદારશ્રીએ ઘણી ખતથી યુદ્ધકળાનો અભ્યાસ કર્યો મનુષ્ય હનનની રીતિઓનો વધુ અભ્યાસ કરવા ભવિષ્યના સુલેહકર્ત્તા જર્મનીમા એક મોટી લશ્કરી કવાયત થતી હતી તે જેવા ગયા. જર્મનીની તેમની આ મુલાકાત ઘણીજ અગત્યની છે કારણકે ત્યાથી તેમની જીદગીને નવુ રૂપ મળવાના ચિન્હો જણાયા ર્‍હાઇન નદી ઉપરની કવાયન જેયા પછી વર્મ્સના શહેરમા બાદશાહી દેવલમા પ્રાર્થના માટે ગયા ત્યા એક મુલાકાત થઈ મુલાકાત કોની સાથે થઈ તે જાણવા માટે થોડીક ધીરજ રાખવી પડશે લાબો વખત કાંઈ ધીરજ રાખવાની નથી કારણકે સઘળુ આવતા પ્રકરણમાજ જણાઈ આવશે

નવા પ્રકરણની શરૂઆત કરતા પહેલાં આપણે કેટલાક ઘણી દિલગીરી ભરેલા બનાવોની નોધ લેવાની છે મનુષ્યના જીવનમાં તરેહ તરેહવારની બીનાઓ બને છે કોઈ વખતે સુખ તો કોઈ વખતે દુખ પરતુ એ વાતતો સત્યજ છે કે આ સઘળી બીનાઓ મનુષ્યની કસોટી લેછે અને જગતમા અનુભવ આપી વધારે કેળવણી બક્ષે છે. યુવરાજને પણ બાળક તરીકે, યુવરાજ તરીકે કે નરેશ તરીકે સુખ દુખના અનુભવ લેવાનો પારજ નહોતો. ઈ સ ૧૮૬૦ માં તેમના પૂજ્ય પિતાશ્રીના માતુશ્રી ગુજરી ગયા અને તેજ સાલમાં માહારાણીશ્રી વિકટોરીઆના માતુશ્રી પણ ગુજરી ગયાં એકજ 'સાલમાં પોતાના ઉપર અપૂર્વ મમતા

રાખનાર પિતામહી તથા માતામહી દુનિયા છોડી ગયા તેથી યુવરાજને ઘણું લાગ્યુ, પરંતુ તેઓ સઘળા વૃદ્ધ હતા અને આ દુનિયામાં દરેક આવનાર જાયછેજ એ સિદ્ધાંતનો ખ્યાલ કરી ઘણી ધીરજ રાખી પ્રવૃત્તિમા પાછા દાખલ થયા પરંતુ ત્યાર પછી જે એક અતિ ગમગીન બનાવ બનવાનો હતો તેથી તો ગમે તેવા કઠણ હૈયાનુ મનુષ્ય પીગળી જાય તેવુ હતુ, તો પછી કુમળા યુવરાજની તો વાતજ શુ કરવી એક દિવસ બહારથી ફરીને પ્રિન્સ આલબર્ટ કોન્સર્ટ મહેલમાં આવ્યા અને પોતાને સરદી લાગ્યાની વાત પોતાના પત્ની મહારાણીશ્રી વિકટોરીઆને તથા વ્હાલી નાની પુત્રી શાહજાદી એલીસને કરી તેઓએ તુરતજ યોગ્ય ઉપચાર લેવા જણાવ્યુ. અસખ્ય ઉપચારો કીધા, પરંતુ ઔષધ ઇત્યાદીકની કાંઇ અસરજ લાગી નહિ વખત જતા માદગી ઘણીજ ગભીર થઇ પડી અને માહારાણીશ્રી વિકટોરીઆ તો તેમની પથારી પાસેજ બેસી રહેતા આકુળવ્યાકુળ થઈ ગયેલા માતુશ્રીને આશાએશ આપવા નાની શાહજાદી એલીશ પણ ત્યા સતત્ હાજરી આપતા માદગી જેમ જેમ વધારે ફિકર કરાવે એવી થઈ તેમ તેમ રાજકુટુબમા ઘણી બેચેની થવા લાગી શાહજાદી એલીસે પોતાનીજ જવાબદારી ઉપર યુવરાજને લન્ડનથી બોલાવી મગાવ્યા પિતાની સાથે સમાગમ થવાનો હતો તેથી તેઓશ્રી તુરતજ આવી તો પહોચ્યા, પરતુ પ્રિન્સ કોન્સર્ટ સાહેબ થોડોક વખતજ આ દુનિયામા રહેનાર હતા તેથી કાંઇ વિશેષ વાતચિત થઈ નહિ અને સઘળાના માનીતા થઇ પડેલા ભલા આલબર્ટ બધાને શોકના સાગરમા ડુબાવી પચત્વને પામી ગયા દિલગીરીનો પાર તો હોયજ શેનો સાર્વભૌમ મહારાણીશ્રીને તે સમયે પોતાનુ સામ્રાજ્ય નકામુ ભાસતુ હતુ પાછળથી પણ પોતાના સુખ દુખના ભાગીદાર ગયા પછી તેઓ હમેશ વૈધવ્યનુ દુખ દર્શાવવા ખોરાક અને પોશાક સાદોજ રાખતાં અતકાળ

સુધી પતિનું સ્મરણ રાખી તેઓએ પતિવ્રતા સ્ત્રી કેવી હોવી જોઇએ તેનુ દ્દષ્ટાન્ત બરાબર આપ્યુ. પ્રથમ અશે મહારાણીશ્રીને ખોટ ગઈ હતી પરતુ તેઓ કાઈ એકલાંજ શોકવાળા નહોતા, તેમના જ્યેષ્ટ પુત્રથી તો આ કારી ધા બિલકુલ ખમાયોજ નહિ પ્રિન્સ ગુજરી ગયા તે વખતે અશ્રુપાત કરતા યુવરાજને મરણસ્થાનેથી લઈજવાનુ કામ ઘણુ કઠણ થઈ પડયુ કફનની પાછળ મુખ્ય ચાલનાર પણ તેઓશ્રીજ હતા

જ્યારે યુવરાજ કેનેડામા પ્રવાસ કરતા હતા તે સમયે તેમના પિતાએ નોધ પોથીમાં નીચેના શબ્દો લખ્યા હતા "આજે બર્ટીની· જન્મગાઠ છે અહો પણ તે અહિ નથી અને તેના તરફથી પત્ર પણ નથી" જ્યારે જ્યારે યુવરાજશ્રી ખરા પ્રેમના ઉભરામા લખેલા આ શબ્દો વાંચતા અને તેનો મુકાબલો મૃત પિતાની સબ્તાઇથી થયલા લાભ સાથે કરતા ત્યારે ચોધાર આસુ પાડી તેઓ નાના બાળક માફક રડતા રાજ્યાસન ઉપર બીરાજીને પણ પોતે પોતાના પિતાના ગુણો ગાવાના ભૂલી ગયા નહોતા તેમના ઘણા ખરા ભાષણોમા પિતાના ગુણોના વખાણ જોવામા આવે છે અને તેથી તેઓએ પિતૃઋણ ફેડવા કેટલો પ્રયત્ન કર્યો છે તે માલમ પડે છે પ્રિન્સ કોન્સર્ટે જયેષ્ઠ પુત્રને કેળવવામાં કેવડો મોટો ફાળો આપ્યો છે તે આપણે આગલા પ્રકરણમા જોયુ છે ઉપરાત ~~તેમની ધાર્મિક~~ અને સસારીક સ્થિતિ સુધારવા તેમણે કેટલો બધો પ્રયત્ન કર્યો હતો તે વિષે આપણે કેટલાક વિચાર કરીશુ. યુવરાજની ધાર્મિક સ્થિતિ વિષે આપણને આગળ ઘણુ જાણવાનુ મળશે અને અત્રે એટલુંજ જણાવવું બસ છે જે તેઓ પિતાની કેળવણીથી કોઈપણ રવિવારે દેવળમા જવાનુ ચુકતાં નહિ સસારીક સ્થિતિ સુધારવા પ્રિન્સ કોન્સર્ટે પુત્રને ખર્ચમાં કરકસર કેમ કરવી

* આ નામદારશ્રીનુ ઘરનું નામ હતુ.

તે શીખવ્યું હતુ. તેઓની ઇચ્છા એમ હતી જે પાર્લામેન્ટ તરફથી સાલીયાણુ મળે તે ઉપરાત યુવરાજે પોતાનુ ઉપત્ન એવુ રાખવુ જે અગવડ વખતે નાણાંની કાંઈ અડચણ પડે નહિ પિતાના ખ તથી પુત્રે લગ્ન વખતે સારા પૈસાનો સગ્રહ કર્યો હતો જે પાછળથી ઘણો જ ખપ લાગ્યો સઘળા રાજકુટુબને પિતાના ગુજરી જવાથી ઘા લાગ્યો હતો તેમા શાહજાદી એલીસની સ્થિતિ ઘણીજ દયાજનક હતી.

ઈગ્લાડના ઈતિહાસમાં યોદ્ધાઓના, મુત્સદીઓના અને ધર્માચાર્યોના નામ પ્રસિદ્ધ છે તેના કરતા પણ પ્રિન્સ કોન્સર્ટનુ નામ વધારે પ્રસિદ્ધ છે તેઓએ જરમન રાજકુટુબમા જન્મ લીધો હતો પરતુ ઉચ્ચી કેળવણી લીધા પછી ઈગ્લ ડના રાજકુટુબ સાથે તેમનો સબધ જોડાયેલો હોવાથી તેઓએ પોતાના જીવનનો સદુપયોગ તે દેશની ઉન્નતિ કરવામાજ ગાળ્યો હતો તે સમયમાં લડવૈયાઓ અને મુત્સદીઓ દેશની આબાદી મોટા વિગ્રહો કરી પોતાનુ પરાક્રમ દાખવી રાજ્યની સીમા વધારવામા ગણતા હતા પ્રિન્સના વિચારો આથી ઉલટાજ હતા તેઓ ઘણી વખત જણાવતા જે રાજયસીમા વધવાથી ઉપજ તો વધે છે પરતુ વધારેલા ભાગને કાબુમા રાખવા કે સુધારવામા જેટલે ખર્ચ થાય છે તે સપૂર્ણ રીતે ઉગી નીકળતો નથી આ ઉપરથી એમ સમજવાનુ નથી જે પ્રિન્સ રાજ્યસીમા વધારવાની સામાજ હતા તેઓ જરૂર પડે તેની તરફેણમા તો હતા પરંતુ દેશની ઉન્નતિકારક વસ્તુઓમા હમેશા તેને નીચતર પદ આપતા. તેઓનુ મતવ્ય એમ હતુ કે દેશના હુન્નર ઉદ્યોગનો વધારો થાય તો હમેશ માટે દેશની આબાદી અણધારેલા વેગથી વધે પોતાની કાર્યશકિત ઘણી ઉત્તમ હતી અને તેથી મનની વિચારેલી યોજનાઓ પુરી પાડવા ઈ સ. ૧૮૫૧ ની સાલમાં હાઈડ પાર્કમાં એક પ્રદર્શન ભર્યું હતુ તે સમયથી ત્યા એકઠા થએલા લોકોમાં સહાનુભૂતિ પેદા થઈ અને ઈંગ્લાડની આબાદીના મૂળ રોપાયા. દિલ-

ગીરીની વાત એટલીજ હતી કે પ્રિન્સ પોતાના કાર્યોના ફળ ચાખવા જીવતા રહ્યા નહિ પરતુ "બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા" એ આપણી જુની કહેવત મુજબ તેમના સુપુત્રે તેમના સિદ્ધાન્તોનુ અનુકરણ કર્યું

પ્રિન્સના મૃત્યુ દેશ પરદેશમા પણ ઘણી દિલગીરી ફેલાઈ ગઈ હતી જર્મન રાજકુટુબો સાથે તેઓને સગપણનો સબધ હતો તેથી ત્યા રીવાજ કરતા વિશેષ શોક પાળવાનો હુકમ થયો હતો બીજા દેશોમા પણ રાજ્યદ્વારી રીતિ મુજબ શોક પાળવામા આવ્યો હતો ઈંગ્લડની દરબારમા તો પ્રમુખ રાજ્ઞીજ શોકમા ગરક થઈ ગયેલા હતા એટલે લાબો વખત શોક રહે એમાં નવાઈ નહોતી.

દુ ખા જે વખતે આવે છે તે વખતે એક પછી એક પડે છે પરતુ પાછળથી સુખનો વારો પણ આવે છે આવતા પ્રકરણમા તો યુવરાજની જીદગીના અગત્યના ભાગ વિષે વાચવાનુ છે

પ્રકરણ ૩ જું

લગ્ન

"ભગવાન એને રાજી રાખે અને સારી ધણીઆણી આપે"–ન્યુફાઉન્ડલેન્ડના પ્રવાસ દરમ્યાન યુવરાજને જોઈ માછી લોકની પ્રેમ ગર્જના.

"આ હુ એમને લાવી"–ડેનમાર્કની શાહજાદી એલેકઝાંન્ડ્રાનો સખીઓ તથા બ્હેનો પ્રત્યે યુવરાજની છબી બતાવતો વખતના બોલ.

"ખરૂં સુખ શુ છે તે હવે હુ સમજી શકું છુ"—લગ્ન પછી યુવરાજ એડંવડનો વિચાર.

પાછલા પ્રકરણુમા યુવરાજને વર્મ્સના દેવળમાં કોઇક સાથે મુલાકાત થઈ હતી તે આપણે વાચ્યુ છે તે વખતે કથા નાયકના જીવન ઉપર મુલાકાતની અસર કેવી થઈ હતી તેનો ઇસારો પણ વાચ્યો છે તે સબધે જણાવેલી ધીરજ ખમવાની હવે જરૂર નથી–ડેનમાર્કના રાજાની પુત્રી શાહજાદી અલેકઝાન્ડ્ર્ા સાથે આ મુલાકાત થઈ હતી શુ આટલી બધી ઈંતેજારી દર્શાવ્યા પછી ફકત આવા સાદાજ શબ્દોમા મુલાકાતનુ વર્ણન ! હા, કારણકે તેનું પરિણામ ઘણુજ નિર્મળ અને સાદુ હતુ મુલાકાત તો ટુકી હતી પરતુ બીજી વખતે મુલાકાત થઈ ત્યારે યુવરાજના મનમા બરાબર ઇચ્છા થઈ જે શાહજાદીને ભવિષ્યમા તેમના અર્ધાગના બનાવવા મનોમન સાક્ષી પુરેછે શાહજાદીના મનમાં પણ તે સમયે એવોજ વિચાર થયો બીજી વખતની મુલાકાત દરમ્યાન શાહજાદીની અવનવિન મનોહરતા અને નમ્ર સ્વભાવથી યુવરાજનો જે દૃઢ વિચાર થયો હતો તેને માતાપિતા તરફથી પણ ટેકો મળ્યો હોય એમ તેમને લાગ્યું તે વખતે પ્રિન્સ કોન્સર્ટે પ્રુશિઆના રાજા ઉપર એક પત્ર લખ્યો તેમા યુવરાજની તથા શાહજાદીની મુલાકાતથી સઘળાને સતોષ થયો છે એમ જણાવ્યું હતું હવે માત્ર લગ્નની ગોઠવણો



શહેનશાહબાનુ આલેકઝાન્ડ્રા

કરવા અગાઉ સત્તાવાર રીતે નિશ્ચય જાહેર કરવો જોઇએ તેનીજ વાર હતી. એવામાં પ્રિન્સ કોન્સર્ટના મરણના હૃદયભેદક સમાચારથી સઘળી બાજી રદ ગઈ શોક છોડયા પછી પણ યુવરાજે વિચાર કીધો જે લગ્ન ક્રિયા થતાં પહેલાં એક લાંબી મુસાફરી જઈ આવવુ પિતાના શોકની ગમગીનીમાં શાન્તિ મળશે એવુ વિચારી મહારાણીશ્રી-એ પણ તેમને આજ્ઞા આપી યુવરાજે અમેરિકા તથા યુરોપ ખડો તો જોયા હતા પરતુ બીજા બે ખડોના પણ કેટલાક ભાગો જોવા એવી તેમની ઇચ્છા હતી મરણ સમય પહેલાં થોડોક વખત અગાઉજ પ્રિન્સ કોન્સર્ટ સાહેબે પણ યુવરાજને ધર્મસ્થાન પાલેસ્ટાઇનમાં મુસાફરીએ મોકલવા વિચાર કીધો હતો પિતાશ્રીની અત-કાળની ઇચ્છાને બર લાવવા માટે પ્રથમ ધર્મક્ષેત્રની યાત્રાએ જવા-નોજ નામદારશ્રીએ નિશ્ચય કર્યો ધર્મક્ષેત્રની મુસાફરી દરમ્યાન ઘણુ જાણવાનુ હતુ તેથી અગાડીથી કોઈ વિદ્વાન માણસ સાથે લેવા તેમણે વિચાર કીધો ઇંગ્લાંડમા તે સમયે એક ડા સ્ટેનલી નામના વિદ્વાન પાદરી હતા તેઓની ઓળખ કરાવવી અત્રે અનુચિત ગ-ણાશે નહિ તેઓ તે વખતે ઇંગ્લાંડના એક જાણીતા અને વિદ્વાનોમા અતિ માન પામેલા પાદરી હતા અને પાછળથી વેસ્ટમિનીસ્ટરના ડીનની જગ્યાએ નીમાયા હતા વળી તેઓ ધર્મક્ષેત્રની મુલાકાતે અ-ગાઉ જઇ આવ્યા હતા તેથી તેઓ મુસાફરીમાં ઘણા મદદગાર સાથી થઈ પડશે એમ ધારી તેમને સાથે આવવા યુવરાજશ્રીએ વિનતી કરી. પ્રથમ તો પાદરી સાહેબે સાથે આવવા આનાકાની કરી, કારણકે તેમના વૃદ્ધ માતુશ્રીની તબીયત બરાબર ચાલતી ન-હોતી. પરતુ યુવરાજના તથા મહારાણીશ્રીના દબાણને તાબે થઈ અતે તેઓ જવા માટે તૈયાર થયા અને જણાવ્યુ જે મિસર દે-શના અલેકઝાન્ડ્રીઆ શહેરમાં તેઓ તેમને મળશે. યુવરાજશ્રી તો પ્રવાસે નીકળી પડયા અને પ્રથમ કાયરોમાં ઉતરી આફ્રીકા ખડ-

ની હવાનો પહેલ વહેલો અનુભવ લીધો રાજ્ય પ્રતિનિધિ સૈદપાશાએ ત્યાં એમને સન્માન આપ્યુ અને ત્યા ચિરકાળ રહેવા તેઓશ્રીને આજીજી કરી તેઓશ્રીએ જવાબમાં જણાવ્યુ જે વળી કોઈ વખત ફરીથી હુ આવીશ પોતાનુ વચન પાળવાનો પ્રસ ગ ભવિષ્યમાં આવશે એ વાત તેઓ ભાગ્યેજ તે વખતે જાણતા હતા પર તુ દૈવેચ્છાથી એમજ બન્યુ કે માત્ર થોડાક વર્ષ પછી પોતાની પત્ની સહીત મીસર દેશની સહેલગાહે નામદારશ્રી નીકળ્યા અને અગાઉના મળેલા અનુભવને વધારે પાકટ કરવા તે વખતે પ્રસ ગ મળ્યો મીસર દેશના પ્રવાસ દરમ્યાન તેમના દૃઢ મનનો દાખલો ડા સ્ટાનલીએ જગતની જાણ માટે રાખી મુકયો છે તેઓ એક મિત્રને કાગળમાં જણાવે છે કે ધર્મસ્થાનની યાત્રાએ નીકળેલા હોયાથી યુવરાજશ્રીએ એવો નિશ્ચય કર્યો છે કે પ્રાણી ઈત્યાદીક ઉપર સર્વત્ર દયા રાખવી આ નિશ્ચયને અમલમા મુકવા માટે તેઓએ એવો ઠરાવ કર્યો કે નીલ નદીના મગરો શિવાય બીજા કોઇ પણ પ્રાણીનો શિકાર તેઓએ રવિવારને દિવસે કરવો નહિ મિસર જેવા દેશમાં તો મૃગયા રમનારને ઘણીજ લાલચો મળે છે અને તે મુજબ યુવરાજશ્રીને પણ મળી પરતુ દૃઢ મન રાખી તેને તુચ્છ ગણી તે ઉપર બિલકુલ ધ્યાન આપ્યુ નહિ એવા દૃઢ નિશ્ચયવાળાને દૈવ પણ મદદ કરે છે અને એવુ બન્યુ જે આખી મિસર દેશની મુસાફરી દરમ્યાન તેઓને એકપણ મગર મળ્યો નહી આથી સંપૂર્ણ દયા રાખવાનો તેમનો નિશ્ચય બરાબર પાર પડયો યુવરાજની આ ખામોશીનો બદલો વળી દૈવે મિસરની બીજી મુસાફરી દરમ્યાન આપ્યો હતો. તે વખતે તેમને પુરતી મગરની મૃગયા મળી હતી મિસર દેશના ભવ્ય પિરામીડનુ નિરીક્ષણ કરી સ્વારી પવિત્ર જેરૂસલેમમા આવી. રસ્તામાં ડા૦ સ્ટાનલીના માતુશ્રી ગુજરી જવાના સમાચાર મળવાથી આખું મંડળ ઘણુ દીલગીર થયુ અડધે હૈયે યુવરાજે વિદ્વાન સાથીને પાછા જવાનું

સુચવ્યુ પરતુ તેમને પણ યુવરાજ જેવા સાથીનો સગ છોડવાનું ન ગમતુ હોવાથી મડલી સાથેજ રહેવાનો તેમણે નિશ્ચય કર્યો

બારમા સૈકામાં તેમના નામરાશિ પહેલા એડવર્ડ રાજા અને તેની રાણી એલીનોર યુવરાજ તથા યુવરાજ્ઞી તરીકે ધર્મક્ષેત્રમાં ગયા હતા ત્યાર પછી પ્રથમજ યુવરાજ તરીકે નામદારશ્રીનુ ગમન થયુ તેઓશ્રીની મુલાકાત આથી ઐતિહાસિક ગણાય છે વળી તેનુ મહત્વ વધારવા માટે માહા પ્રતાપી સિહ સમાન બળવાળો બીજો રીચર્ડ તથા પહેલો એડવર્ડ રાજા જે રસ્તે ગયા હતા તેજ રસ્તેથી તેઓ પણ જેરૂસલેમમાં ગયા પવિત્ર ક્ષેત્રની આજુબાજુની જગ્યાઓ જોઈ મુખ્ય દેવળમાં ગયા કે જેમાના મધ્ય ભાગની પવિત્ર જગ્યા કોઇપણ રાજવશીને બતાવવામા આવી નહોતી. હાજર રહેલા તુર્કી* અમલદારોએ એ જગ્યા બતાવી નમન કરી જણાવ્યુ કે આ ક્ષેત્ર ખાસ ઇંગ્લાડના સાર્વભૌમ આપ થવાના છો માટેજ આપને બતાવવામાં આવે છે આ અનુપમ લાભ મળ્યાથી સર્વ મડળને મહા આનદ થયો, તેમાં એક વૃદ્ધ અને ભાવિક માણસના આલ્હાદનો તો પારજ રહ્યો નહિ ડા સ્ટાનલી જે અગાઉ પણ ધર્મક્ષેત્રની મુલાકાતે જઈ આવી તે બાબેનો સપૂર્ણ અભ્યાસ કરી આવ્યા હતા તેમને પણ આમાથી નવુ જાણવાનું મળ્યુ તેથી તેમના આનદનો તો પારજ રહ્યો નહિ પાછળથી પાદરી સાહેબ મિત્રોને પત્રો લખતા તેમાં પોતાને મળેલી આ અનુપમ તક શ્રેષ્ટતમ છે એમ દર્શાવતા હવે વખત થઇ ગયો હતો તેથી મડળે પાછુ પ્રયાણ કરવા માડયુ એક મળેલી તક પાછી મળતી નથી એ ન્યાય વિચારી રસ્તામા જે જે શહેરો આવતા તેની મુલાકાત લેતાં લેતા સ્વદેશમા તેઓશ્રી આવી પહોચ્યા સીડન,

*** ખ્રિસ્તી ધર્મનું મુખ્ય નગર તુર્કી સરકારને તાબે છે અને તેથી ત્યાંના દેવળોમાં પણ તુર્કી અમલદારો રહે છે.**

*ટાયર, ટ્રીપોલી, દમાસ્કસ અને સ્મર્નાના જુના સુધારાના સ્મરણ સ્થભ રૂપી શહેરોમાંથી જાણવાની બાબતોનો તેઓશ્રીએ ઘણો સારો સગ્રહ કર્યો હતો વિશેષમા એથેન્સ અને પછી માલ્ટાની મુલાકાતથી પણ તેઓશ્રી ઘણા રાજી થયા યુવરાજશ્રી ધર્મક્ષેત્રની મુલાકાતેથી પાછા આવ્યા તે વખતે પ્રજાજનોને તેમની લાગણી ફેરવાયલી હોય એમ લાગ્યુ પ્રથમથીજ તેઓ ધર્મ તરફ વિશેષ લક્ષ આપતા પરતુ આ પવિત્ર પ્રવાસ પછી તે ધર્મની છાપ મનપર એવી સારી બેસી ગઇ હતી કે તે જનવર્ગને સ્પષ્ટ માલૂમ પડતી અને તે છેવટ સુધી રહી

યુવરાજનો જે વખતે જન્મ થયો હતો તે વખતે ૮૦ વર્ષે લોકોને ઉત્સવ કરવાનો લાભ મળ્યો હતો અને જ્યારે તેઓશ્રી ૧૮૬૩મા ઉમરાવોની સભામા બેઠા ત્યારે તે મડળને લગભગ સો વર્ષે યુવરાજને ઉમરાવ તરીકે સોગદ આપવાનો પ્રસગ મળ્યો પ્રથમ તો હાઉસ ઓફ લોર્ડસના એક અમલદારે તેમને અર્લ ઓફ રોથસે, ડયુક ઓફ કોર્નવોલ ઇત્યાદીક અસખ્ય ઇલ્કાબોની રૂએ ઉમરાવ તરીકે સોગદ લેવા સૂચવ્યુ પછી તે મુજબ તેઓ કરી રહ્યા એટલે તેમની જગ્યા ઉપર બેસવા જવા તેણે કહ્યુ તે દિવસે પ્રથમજ નામદાર ઉમરાવ તરીકે બેઠા હતા

મુસાફરીએથી પધાર્યા પછીજ લગ્નની તૈયારીઓની ધામધુમ શરૂ થઈ હતી. એક બાજુ ઉપર યુવરાજને અભિવદન આપવા સઘળે ઠેકાણે સભાઓ ઇત્યાદીક શરૂ થવા માડી તેના જવાબો આપવાનુ કામ ઘણુ બોજારૂપ હતુ છતાં તેઓશ્રી તેમા ઘણા ટેવાઈ ગયેલા હોવાથી ઘણી જલદીથી બધો ફડચો આણી શકતા બીજી બાજુએ ભવિષ્યના યુવરાજ્ઞી, રાજ્ઞી તથા રાજ્યમાતા અનુચરો સહિત ડેનમાર્કથી ઈંગ્લાંડ આવવા નીકળ્યા તે સઘળાંઓને તથા રાજ્યકન્યાને લેવા માટે ઈંગ્લાંડથી "વિકટોરીઆ અને આલબર્ટ

એ શુભ નામોવાળુ વહાણ આવ્યું હતું તેમાં મુસાફરી કરતાં કરતાં જર્મનીના કેટલાંક શહેરો અને બ્રસેલ્સમા રહી ઇંગ્લાંડ તરફ આવ્યા. તેઓશ્રીને માન આપવા સારૂ જર્મની તથા બેલજીયમમાં વસતા અગ્રેજ નિવાસીઓ પણ આવ્યા હતા જ્યારે તેઓશ્રીએ ઇંગ્લાંડની જમીન ઉપર પગ મુકયો ત્યારે માન આપવા આવેલા લોકોની ઠેઠે જયઘોષથી આકાશ ફાડી નાખે એવી મહાન્ ગર્જનાઓથી તેમને અભિવદન આપ્યુ શાહજાદીને પ્રથમ મળવા જનાર યુવરાજ હતા, અને તેમની સાથે રહી તેઓશ્રી મુકામે ગયા આ સઘળી પ્રવૃત્તિમા એકે વાત યુવરાજ ચુકયા નહિ એ માટે તથા છેવટ સુધી જે કાર્યદક્ષતા દર્શાવી તે માટે તેઓને ધન્યવાદ આપવામાં આવ્યો હતો નામદાર મહારાણીશ્રી વિકટોરીઆ કમનસીબે થોડાજ વખત ઉપર વૈધવ્ય દશાને પ્રાપ્ત થયેલા હોવાથી પુત્રવધૂને (હવે એજ નામ બરાબર છે) આવકાર દેવા સામા આવી શકયા નહિ તે છતા પણ પોતાના અનુચરોની મારફતે તેમને માટે થતી ગોઠવણોની ખબર મગાવતા રહેતા અને અતે જ્યારે યુવરાજ શાહજાદી સાથે મળવા આવ્યા ત્યારેજ તેમની ઇંતેજારીનો છેડો આવ્યો યુવરાજે તથા શાહજાદીએ ઘણા માનથી માતાજીને નમન કર્યું તે વખતે તેમની ભક્તિ જોઇ મહારાણીશ્રીએ દીર્ઘાયુષ્ય તથા સુખ ઇચ્છિનારા હજારો આશીર્વાદ તેમને આપ્યા.

સેટ જોર્જનુ દેવળ યુવરાજના જીવનમા એક ઘણુજ જાણવા લાયક સ્થળ છે ખ્રિસ્તિ ધર્મમા દાખલ થવાની ક્રિયા પણ ત્યાજ કરવામાં આવી હતી, લગ્ન પણ ત્યાજ થયા હતા અને દફન ક્રિયા પણ આજ દેવળમાં થઇ હતી તેથી તેમની જીદગીના મોટા બનાવોનું સ્થાન આ દેવળજ કહી શકાય લગ્ન ક્રિયા વખતે એ સ્થાનને ઉત્તમ રીતે શણગારી ક્રિયાની ભવ્યતાનો ભાસ કરનાર બનાવવામાં આવ્યુ હતુ વરરાજા અને કન્યાનો પોશાક ઘણો ઉત્તમ હતો

તેથી તે સાજનના ગૃહસ્થોને બહુજ પસદ પડયો ૪૮ વર્ષ સુધીની સુખી જીદગીને ઇચ્છિનારા વચનો તથા આશીર્વાદો પાદરીઓ તરફથી થયા એટલે ધર્મ ક્રિયા સપૂર્ણ થઈ અને સાજનના ગૃહસ્થોએ પણ યોગ્ય આશીર્વાદો અને બક્ષિસો આપી પાર્લામેન્ટે યુવરાજ તથા યુવરાજ્ઞીને લગભગ ૧૫ લાખ રૂપીઆ જેટલુ સાલીયાણુ બાંધી આપ્યુ પિતાએ કરકસરની ટેવ પાડેલી હતી તેથી યુવરાજશ્રીને આવી મોટી રકમનો સદુપયોગ કરવાની ઘણી સારી તક મળી લગ્નની અગાઉ યુવરાજને અભિવદનો મળતા હતા તે આપણે આગળ વાચ્યુ છે પરતુ હવે તો તેઓને તેમજ તેમની પત્નીની સભાવના કરવાનુ શરૂ થયુ ખાણાઓ અપાયા, ઉત્સવો થયા, સ્થળે સ્થળેથી માનપત્રો એનાયત કરાયા, ઇત્યાદિ સર્વત્ર ઠેકાણે આનદ થઇ રહયો. સરકાર તરફથી માન અકરામની ટીપ કાઢવામાં આવી અને તેમા યોગ્ય નરોની ઘણી સારી સભાવના થઇ આ સઘળુ જોઈ યુવરાજશ્રીને ઘણોજ આનદ થતો પરતુ એકજ બાબેની ગ્લાનિ તેઓશ્રીને રહી ગઇ પોતાના પૂજ્ય પિતાશ્રી આ માગલિક પ્રસગ જોવા રહ્યા નહિ અને પરિણામે માતુશ્રી પણ વૈધવ્ય દુખને લીધે ક્રિયાઓમાં ભાગ લઇ શકયા નહિ

લગ્ન સપૂર્ણ થયા યુવરાજશ્રીની જીદગીમા સુખ આપનાર વિષયનો એક નવો ઉમેરો થયો આ સમયે પોતાની જીદગીના બે દાયકા ગયા હતા પહેલા પ્રકરણને છેડે જીદગી ઉત્તમ કરવાના કાર્યોનુ મૂળ રોપવાનો પ્રારભ તેઓશ્રીએ કર્યો હતો તે આપણે વાચ્યુ છે હવે આ પ્રકરણમાં રોપેલા મૂળનો છોડ કેવો થયો તે જોઇશુ કેનેડા અને અમેરિકાની મુસાફરીથી જાહેરમાં કેમ આવવું તે તેઓશ્રી શીખ્યા અને પોતે કેવી સ્થિતિમા છે તથા ભવિષ્યમાં કેવી સ્થિતિમાં ફરવુ પડશે તેનો બરાબર અનુભવ મળ્યો ટુકમાં યુવરાજશ્રીને માણસાઈ કેવી રીતે મેળવવી તેનો અનુભવ આ પ્રવાસે

આપ્યો હતો. ઓક્ષફર્ડ અને કેમ્બ્રિજની કેળવણીથી સાધારણ જન-વર્ગના કેટલાક બુદ્ધિશાળી નરોની સાથે તેઓ મુકાબલામાં કેવા ઉતરે છે તે જોવાની પણ તક મળી સ્વભાવથી ઘણા ખંતીલા હોવાથી વિદ્યા વિનોદ સહિત નીતિનુ જ્ઞાન તથા તેનો મીઠો અનુભવ મેળવવાનો પ્રયત્ન પણ તેઓશ્રીએ એ બે વિશ્વવિદ્યાલયમા કર્યો હતો

લગ્ન થતા પહેલા ઇગ્લાડના લોકોમા એ માગલિક પ્રસગ સબધી જે ચળવળ થઈ રહી હતી તેજ બતાવી આપતુ હતુ જે યુવરાજનુ ભવિષ્ય એના ઉપર કેટલો બધો આધાર રાખે છે તેમની અર્ધાગના થવા લાયક ઘણી શાહજાદીઓના નામ લોકો બોલતા હતા, પરતુ માતપિતાની ઇચ્છાનુસાર પોતાનુ ભવિષ્ય સુધારવા તથા નિર્મળ દામ્પત્યનુ દષ્ટાત જગતને દાખવવા પોતાની પસદગીથીજ યોગ્ય પત્ની કરવા એવો એમણે નિશ્ચય કર્યો હતો પરિણામે તેઓશ્રી તથા રાજમાતા જગતના કલ્યાણકારી થઈ પડયાં છે. ધર્મક્ષેત્રની મુસાફરી દરમ્યાન કોને પસદ કરવા તેનો પુષ્કળ વિચાર તેઓશ્રીએ કર્યો હતો અને છેવટેજ આ પગલુ તેમણે લીધુ હતુ રાજવશીઓમાં લગ્ન થતાં પહેલા ઘણી ઘણી ખટપટો ચાલે છે મુત્સદીઓ તેના ઉપર ખાસ લક્ષ આપે છે કારણ કે તેથી બીજા દેશો સાથેનો સારો નરસો સબધ નીર્માણ થઈ શકે છે યુવરાજશ્રીની બાબતમા એવી કાઇ અડચણ આવી ન હોતી એ દ્વદ્વની યોગ્યતા અને ભવિષ્યનુ સુખ બતાવનાર લક્ષણ હતુ બચપણમા યુવરાજને સર્વ કોઇ દીર્ઘાયુષી થવા ઇચ્છતુ, વૃદ્ધાવસ્થામા તેઓ ચિરકાળ રાજ કરે એમ ઇચ્છતુ, પરતુ યુવાવસ્થામા તો તેમને સારી પત્ની મળે એજ હિતૈષીઓની જીજ્ઞાસા હતી ઈશ્વરે પણ ન્યુ ફાઉન્ડલેન્ડના ભોળા માછીઓની હર્ષ ગર્જનાના બળથીજ યુવરાજને “ રાજી રાખ્યા અને સારી ધણીઆણી આપી. ”

પ્રકરણ ૪ થું.

લગ્ન પછીની કારકીર્દી.

એડવર્ડ યુવરાજ એ કેવા મોટા પુરૂષ હશે ! મહાન સિકંદર કે સીઝર કરતા પણ મોટા રાજ્ય ઉપર તેઓશ્રી ભવિષ્યમાં અમલ કરનાર છે -પ્રખ્યાત જોન બ્રાઇટના નામદાર યુવરાજશ્રી સબંધી ઉદ્‌ગારો.

લગ્નથી માંડી હિંદની મુસાફરી થઇ તે દરમ્યાન તેર વર્ષ વીતી ગયા હતા એટલામા યુવરાજ કાંઈ નકામા બેસી રહેતા નહિ દિવસે દિવસે તેઓશ્રીનુ કામ ઘણુ વધતુ જતુ તે સમયમા ટપાલ તો હમેશા મોટોજ આવતો અને તેથી તેની વ્યવસ્થા તેઓશ્રી એવી ઉત્તમ રીતે કરતા કે તેનો જલદી ફડચો થઇ જતો તે નામદારના દરેક કાગળ પ્રથમ સેક્રેટરી એટલે કાર્યભારી પાસે જતા અને પત્રોના શીરનામા ઉપરથીજ ઘણુ ખરૂ તે અમલદાર એમ પારખી શકતો જે આ તદન ખાનગી છે અને આ તેવી તરેહના નથી તદન ખાનગી બિલકુલ બધ રાખવામા આવતા અને યુવરાજશ્રી પોતેજ ઉઘાડીને તેના જવાબો આપતા બીન ખાનગી પત્રોના બે ભાગ પાડવામાં આવતા એક ભાગમા સેક્રેટરીએ શેરા કરી રાખેલા હોય એવા અને બીજા ભાગમા યુવરાજની શેરા માટે સમતી લેવાના હોય એવા પત્રો હતા તેનો તે મુજબ ફડચો કરી દેવામા આવતો યુવરાજની ટપાલની રીત માટે યુરોપના ઘણા રાજવશી તેમને વખાણતા એ ટપાલનુ કામ સહવારે થતુ હતુ આ પ્રમાણેના તેઓશ્રીના ઉત્તમ કાર્યશક્તિના દ્રષ્ટાંતો આપણે આ પ્રકરણમા વાચીશુ

નાનપણથીજ તેમને રોયલ એકેડેમી તરફ ઘણી માનની લાગણી હતી. તેના એક સમારભ વખતે તેઓશ્રીને નોતરવામાં આવ્યા હતા, અને ખાણા ઉપર બેસતી વખતે એક ઉત્તમ ભાષણ

કર્યું હતું. અલબત કેનેડા અને અમેરિકામા તેઓ ભાષણો કરતા, પરતુ જાહેરમા તેઓનું આજ ભાષણ લાબુ અને ઉત્તમ ગણાય છે. ભાષણ સમયની વકતૃત્વ શક્તિથી શ્રોતાજનો ચકિત થઇ ગયા હતા અને તેનો સાર તેટલા જુસ્સામાંતો નહિ પરતુ યથા પ્રયત્ને વાચીશુ તો તેનો ખ્યાલ આવશે

"ઉત્તમ ચિત્રકાર થવુ તે માટે એકલી બુદ્ધિ ખપમા લાગતી નથી આપણી ધ્યાનમા આવી શકે એવા કોઇ પણ ધધામા જેમ ઉદ્યોગ અને ખતની જરૂર છે તેમ ચિત્રકળામા પણ જોઇએ છીએ" આવા ઉત્તમ માર્ગ દર્શાવનારા શબ્દોના પરિણામ ઘણા આવતા કારણકે આવા ઉદ્ગારોથીજ તેઓશ્રીને માટે જનસમૂહમાં ઘણી લાગણી થતી તેનો એકજ દાખલો બસ છે ઉપર બતાવેલી રોયલ એકેડેમીમાંજ એક સમયે ખાણુ હતુ તે વખતે તેમના માનમાં સર ફ્રેડરીક લેઇટિન જે નીચેના શબ્દો બોલ્યા હતા તે લોકોનીજ લાગણી બરાબર દર્શાવનારા હતા —

"મહાશય, અગ્રેજ લોકો આપના તરફ પુષ્કળ માન અને હેતથી જુવે છે તેનુ કારણ મુખ્યત્વે કરી આપની સાહાનુભૂતિજ છે આપના ગુણોનુ અનુકરણ કરવા દરેક અગ્રેજ બચ્ચો પ્રયત્ન કરે છે એ જાણી આપ ઘણા ખુશી થશો વળી પોતાના ગુણો તે જીદગીમાં હમેશ દર્શાવવા ઇચ્છે છે અને સ્વકાર્યમાં આપ નામદારના દ્રષ્ટાંતથી તે આપનો ઘણો આભારી થાય છે" ચિત્રકળાને માટે યુવરાજના જેવા ઉચા વિચારો હતા તેવાજ ગાયન કળાને માટે હતા ઇ સ ૧૮૮૧મા ગાયનની એક મોટી પાઠશાળામા ભાષણ કરતી વખતે તેઓએ નીચે પ્રમાણે જણાવ્યુ હતુ—ગાયનના ઉચ્ચ અભ્યાસ માટે લોકો એકત્ર થાય છે ત્યારે મને ઘણો આલ્હાદ થાય છે આવી તરેહની ઐકયતાથી સઘળા વર્ગોમાં સારી લાગણી પેદા થાય છે તથા મનુષ્ય માત્ર એકજાતીય છે તેનું ભાન કરાવે છે.

મનુષ્યના હૈયાની ઉત્તમ લાગણી દર્શાવનાર આ સ ગીતકળાનું શાસ્ત્ર છે "

ઈ સ ૧૮૬૪માં યુવરાજશ્રીને પિતા થવાનો લ્હાવો મળ્યો. શાહજાદાના જન્મ સમયે રાજકુટુબમા ઘણોજ આનદ થઈ રહ્યો પરતુ તે થોડો વખતજ રહ્યો ડેન્માર્ક અને પ્રુશિઆ સાથે વિગ્રહ શરૂ થયો તેથી યુવરાજીને ઘણી ગમગીની પેદા થઈ દેશના બહાદૂર સિપાઇઓ નકામા માર્યા જશે એ વાત યાદ આવતી ત્યારે નામદારની આંખમાં ઘણી વખત આસુ આવી જતા

૧૮૬૫ની સાલમા તો યુવરાજને ઇતેજારી અને પ્રવૃતિમાજ રહેવાનુ હતુ પ્રથમ તો આયર્લાંડની મુલાકાતે જઈઆવ્યા પછી શાહજાદા જ્યોર્જનો હાલના આપણા શહેનશાહનો જન્મ થયાને થોડોકજ સમય થયો હતો અને માર્લબરોના પોતાના રહેવાના મહેલમા આગ લાગી તે વખતની યુવરાજની ચપળતા અને નિડરપણુ જોઈ સૌ કોઈ ચકિત થયા આગ હોલવવા પોતાના માણસોની કુમકે તુરતજ પોતે ગયા અને છાપરા ઉપર જાતે ચઢી સઘળી ગોઠવણ કરવા સૂચના કરવા માડી કાર્ય નિષ્ઠતા ઘણી હોવાથી એકલી સૂચનાથી રાજી થયા નહિ અને જાતેજ કામ કરવા માંડયુ કામની ઝુમમા એક બાજુના છાપરાની બળી ગયેલી વળી ઉપરથી જતા જતા નામદાર નીચે પડયા પરતુ સારે નસીબે બિલકુલ ઈજા થઈ નહિ ૧૮૬૬ની સાલમા કાઈ ખાસ જાણવા લાયક બનાવ બન્યો નહોતો પરતુ વર્ષ આખરે તેઓ હાલના રૂશિઆના રાજમાતાના લગ્ન પ્રસગે ત્યાં ગયા હતા રૂશિઆમા રહ્યા તેટલા વખતમાં માત્ર લગ્નની ધામધમમાં ભાગ લઈ તેઓ બેસી રહ્યા નહોતા પરતુ સેટપીટર્સબર્ગ, મોસ્કો વગેરે શહેરોમા તેઓ ફરી પણ આવ્યા આ ઐતિહાસીક સ્થળો તથા રૂશિઆના લોકોને જોઈ તેઓને ઘણો આનદ થયો યુરોપના પૂર્વ ભાગમાં રહેનારા હોવાથી અડધા એશિયા તરફના રીત રીવાજોને તેઓએ અગીકાર કર્યા હતા તેથી તેમની ખાસીયતોની બારીક

તપાસ કરવામા નામદાર થોડોક સમય રોકાયા સ્વભાવે ભોળા અને ખતીલા પરતુ અજ્ઞાન હોવાથી યુવરાજને તેમને જોઇ મનુષ્ય સ્વભાવનો અભ્યાસ કરવાનો પણ ઘણો સારો પ્રસગ મળ્યો. જૂનામાં જૂનો ખ્રિસ્તી ધર્મનો પથ ત્યા ચાલે છે તથા તેના મોટા ધર્માચાર્ય મોસ્કોનગરમા રહે છે તેની પણ તેઓશ્રીએ મુલાકાત લીધી હતી વૃદ્ધ પાદરી બાવાએ તથા યુવાન ગજવશીએ પરસ્પર કેટલોક વખત વાર્તાલાપ કીધો પાદરી સાહેબ યુવરાજશ્રીથી એટલા બધા રાજી થયા કે પરપથી હોવા છતા તેમને ખરા જીગરના આશીર્વાદ આપ્યા

ઈ સ ૧૮૬૭ મા યુવરાજ્ઞી ઘણા માદા થઈ ગયા સધીવાના દર્દની પીડા થતી હોવાથી ઘણા માસ સુધી તેમને પથારી વશ રહેવુ પડ્યુ યુવરાજશ્રી આ સમયે એટલા બધા કામમાં રોકાયા હતા કે લગાર ફુરસદ તેમને મળતી નહિ આટલુ હોવા છતા પ્રિય પત્નીની પથારીથી દુર જવુ તેમને ઠીક લાગતુ નહિ અને તેથી પોતાને કામ કરવાનુ જ મેજ યુવરાજ્ઞીના માદગીના ઓરડામાં આણ્યુ તથા સેક્રેટરીને પોતાની પાસેજ ત્યાં બોલાવી લીધા. આરામ થયા બાદ બન્ને આયર્લાડની મુસાફરીએ જવા નીકળ્યા

નામદાર યુવરાજશ્રીને આયર્લાડ દેશ ઘણોજ પ્રિય હતો તેમનો પ્રથમ પ્રવાસ તે દેશમા થયો ત્યારથીજ ત્યાના ગરીબ લોકોને માટે તેમની લાગણી જણાઈ હતી તેઓશ્રીની ત્રીજી મુસાફરી દરમ્યાનતો તેઓશ્રીએ ત્યાના અમલદારોને એવો ખાસ હુકમ આપ્યો હતો કે મારા રક્ષણ માટે લશ્કરના કે પોલીસના માણસો રાખવા નહિ આ ઉપરથી જણાઈ આવે છે જે, આયરીશ પ્રજાની વફાદારી ઉપર નામદારશ્રીને કેટલો બધો વિશ્વાસ હતો ડબ્લિન શહેરના મોટા રસ્તાઓ ઉપર નામદાર યુવરાજ્ઞી સાથે છડીસ્વારીએ જ્યારે જ્યારે પસાર થતા, ત્યારે દરેક પ્રસગે, ખરા પ્રેમના ઉભરા-

શ્રી નાગરીકો તેમને વધાવી લેતા નામદારના દીદાર નીહાળવાને ગામડીઆઓ પણ સારી સંખ્યામાં ઉતરી પડતા જોવામાં આવતા. તેઓની ગ્રામ્ય અને અશુદ્ધ ભાષાથી નામદાર યુવરાજશ્રી તથા યુવરાજ્ઞીને રમુજ સાથે અત્યંત આનંદ મળતો કીંગસ્ટાઉનમા નામદાર યુવરાજ ગયા ત્યારે યુવરાજ્ઞીને ગામડીયાઓનો પ્રેમ કેવો નિઃસ્વાર્થિ છે એ બરાબર જણાયુ તે લોકોએ તેઓશ્રીને એક સુંદર સ્વેત બતક ભેટ આપી જણાવ્યુ કે આપ નામદારના લગ્ન પછી હમારા દુઃખના દિવસો પુરા થઇ, સુખનો સૂર્ય ઉગ્યો છે તેના સ્મરણ તરીકે આ સુંદર શાન્તિદર્શક પ્રાણી ભેટ આપી કૃતાર્થ થઇએ છીએ મહા પ્રેમ પૂર્વક આદરથી આ ભેટ થયેલી હોવાથી નામદાર યુવરાજ્ઞીએ તેને અમૂલ્ય ગણી સ્વીકારી લીધી નામદાર યુવરાજશ્રીનો પણ આયરીશ લોકો ઉપર પ્રેમ હતો તેનુ દૃષ્ટાંત નીચે જણાવેલા આયર્લાંડને લગતા તેઓના છુટા છુટા ઉદ્ગારો કે જેનો અત્રે સંગ્રહ કર્યો છે તે ઉપરથી જણાઈ આવશે:—

"હમારી હાલની આયર્લાંડની મુસાફરીમાં હમોને કંઈ પણ શ્રમ પડયો હોય તો તેનો બદલો લોકો તરફથી મળેલા આદર સત્કારથી મળ્યો છે હમોને ખાતરીજ હતી જે જ્યા હમો જઇશુ ત્યા હમોને ઘણુ મમતા ભરેલુ માન મળશે કોઇ પણ રાજ્યવંશી પુરૂષ તરફ જેટલી વફાદારી બતાવવામા આવે તેના કરતાં પણ વધુ આયર્લાંડના માયાળુ લોકોએ મ્હારા તરફ દર્શાવી છે હુ અને મારો પુત્ર ડબ્લીન શેહેરમા આવી ગયા છીએ, અને હમોને તે શહેરના મનોહર સુંદર દેખાવો બતાવવા સાથે સુખકારક મકાનો પણ બતાવવામાં આવ્યાં હતા" "મ્હારા કર્ણદ્વાર ઉપર પડયુ કે આયર્લાંડની હવે ઉન્નતિ થવા માંડી છે, ત્યારે મને અત્યંત આનંદ થયો અને આયરીશ પ્રજાનો જલદીથી અભ્યુદય થાય એમ ઇચ્છુ છું. પરતુ લોકોએ પણ એટલુ યાદ રાખવુ જોઇએ કે ઉન્નતિનો આધાર

તેઓ ઉપરજ છે જાતિ મહેનત અને અન્યોન્ય પ્રેમ એ એના ખાસ કારણ છે તે ઉપરાત હુન્નર ઉદ્યોગ તથા વહેપારની કેળવણીનો પ્રસાર પણ થવો જોઇએ ”

આયર્લાંડની મુસાફરી પૂર્ણ કર્યા પછી થોડો સમય શાન્તિમા ગાળી નામદાર યુવરાજશ્રી તથા યુવરાજ્ઞી યુરોપની મુસાફરીએ નીકળ્યાં યુરોપની મુસાફરી દરમ્યાન કાંઈ જાણવાજોગ ખાસ બીના બની નહોતી નામદાર યુવરાજને ધર્મક્ષેત્રની મુસાફરી દરમ્યાન મિસર દેશની હવાથી આનંદ થયો હતો અને પોતાની ધર્મપત્નીને આ અનુપમ દેશ બતાવવા તેમની ઇચ્છા પ્રબળ થઈ તેથી યુરોપની મુસાફરી ભેગા ત્યા પણ જઈ આવવાનો નિશ્ચય તેઓશ્રીએ કર્યો

મિસર દેશમાં રહ્યા તેટલા વખતમા નામદાર યુવરાજશ્રી અને તેમના પત્નીએ ઉત્તર આફ્રિકાવાસીઓની રીતભાત સમજવામા ઘણો કાળ ગાળ્યો કેરો શહેરમા મુસ્લિમ લોક તરફથી તેઓની ધર્મક્રિયાને લગતો એક વરઘોડો કાઢવામાં આવ્યો હતો તેનુ નિરીક્ષણ કરવા પણ આપણા રાજ્યવંશી પ્રવાસીઓને નોતરવામા આવ્યા અને સાથે સાથે તેઓએ નીલ નદીની સહેલગાહ પણ કરી આ મુસાફરીમા દેશના હવા પાણી તથા વનસ્પતિનુ જ્ઞાન બરાબર મેળવવા પોતાની સાથે એક પ્રાણીવિજ્ઞાન શાસ્ત્રીને રાખ્યો હતો ધર્મક્ષેત્રની મુલાકાત વખતે નીલ નદીમાં મગરો પુષ્કળ હોવા છતા તેઓશ્રીને મગરનો શિકાર મળ્યો નહોતો પરંતુ આ વખતે તો તેની ઉત્તમ તક મળી નામદાર યુવરાજ એક બાહોશ શિકારી હતા તે બાબેની ખાત્રી આ વખતે થઈ, તેઓશ્રીના સાથીઓએ આવેલા મગરને મારવા ઘણા ફાંફા માર્યાં તોપણ શિકાર તેમનાથી સચોટ થયો નહિ, પરંતુ નામદાર યુવરાજશ્રીએ તો બધાની અજાયબી વચ્ચે એક મોટા મગરને મહાત કીધો.

નામદાર યુવરાજને હમેશાં રવિવારે પ્રાર્થના કરવાનો નિયમ હતો. આ સમયે પરદેશમાં હોવાથી દેવળમાં પ્રાર્થના કરી શકાય એમ નહતુ, તેથી પોતે જાતેજ પ્રાર્થનાપોથીમાથી પ્રાર્થના વાંચીને સાથેના સકળ મ ડળને તેમ કરવાને સૂચન કર્યું આ તેમની ધર્મ ઉપરની પરમ શ્રદ્ધા તથા નિયમનુ સચોટ દૃષ્ટાંત છે.

મિસરની મનોહર ભૂમિમાથી નીકળી સુયેઝની સ યોગીભૂમિ જે તે વખતે સામુદ્રધુની કરવામા આવતી હતી તે જોવા માટે સહમ ડળ તેઓ પધાર્યા પ્રખ્યાત ફ્રેંચ ઇજિનેર લેસેપે તે વખતે તેમની મુલાકાત લીધી અને ચાલુ થયેલા બાધકામનો કેટલોક ભાગ તેઓશ્રીને બતાવ્યો સુએઝથી તેઓ નામદાર પાછા ફર્યા, પરતુ "એક પથ ઓર દો કાજ" એ કહેવત મુજબ રસ્તામાં તુર્કસ્થાન નિરખવાનો નિશ્ચય કર્યો ઇસ્તબુલ તુર્કસ્થાનનુ પાટનગર અને સુલતાનનું રહેઠાણ છે મનુષ્યથી ઉભરાઇ જતુ પ્રવૃત્તિમય શહેર આ સમયે યુવરાજને માન આપવા એકપગે થઈ રહ્યુ હતુ, અને તેણે તેઓશ્રીને હર્ષભર્યા આવકાર આપ્યો પરધર્મીઓ પણ ઉદાર અને બહાદુર તુર્ક લોકની વચ્ચે નામદારશ્રીએ દિવસો ઘણા આનદમા ગાળ્યા અને ત્યાના રહેવાટ દરમ્યાન નામદાર સુલતાનના એક ખાનગી પરોણા તરીકે તેઓશ્રી રહ્યા કેટલોક વખત મી૦ અને મીસીસ વિલિયમ્સનુ નામ રાખી છૂપે વેષે ઇસ્તિબુલના બજારમા ખરીદી કરવા યુવરાજ તથા યુવરાજ્ઞી નીકળતા આવી અસાધારણ સાદાઈ જોઈ તુર્કી પ્રજા તેમજ અમલદાર વર્ગ, તેઓ તરફ અતિ માનની લાગણીથી જોવા લાગ્યો આ વખતે નામદાર સુલતાને એક મોટું ખાણુ આપ્યુ હતુ, આવી જાહેર મીજબાની મુસલિમ ધર્મના વડાએ કોઇપણ ખ્રિસ્તી રાજવશીને પહેલવહેલીજ આપી હતી સુલતાન તથા તેમના પરોણા બન્ને સાથે બેસી જમ્યા હતા તેથી આ મીજબાની ઘણી અગત્યની કહેવાય છે વળી પરિણામે ઈંગ્લાંડ અને

તુર્કસ્થાનનો સબંધ આ દિવાસથી ઘણોજ ધાડો થયો જે અદ્યાપિ પર્યંત જળવાઈ રહેલો છે

તુર્કસ્થાનની મુસાફરી પુરી થયે ક્રિમીઆ નિહાળવા સ્વારી પધારી· જ્યારે નામદાર ૧૩ વર્ષના હતા ત્યારે ક્રિમીઆના ખુનખાર વિગ્રહમા સપડાયેલાઓની બરદાસ્ત કરતા તે દિવસો તેઓશ્રીને આ વખતે સાંભરી આવ્યા ક્રિમીઆની રણભૂમિ ઉપર પગ મૂકતાની સાથેજ વિગ્રહ તરફ તેઓને અસાધારણ ધિક્કાર છૂટયો. સચોટ રીતે તેઓએ પોતાના સોબતીઓને વિગ્રહના મહાન્ હાનિકારક પરિણામો દર્શાવ્યા અને તેમના શબ્દોનુ હમેશ અનુસરણ કરવા તેમને ઘણી નમ્રતાથી વિનતિ કરી નામદાર એડવર્ડ શહેનશાહ સુલેહ ચાહનાર હતા અને "પુત્રના લક્ષણ પારણામાંથી" તે પ્રમાણે તેઓશ્રીને બાલ્યકાળથીજ વિગ્રહ તરફ અતિશય તિરસ્કાર હતો. તેઓશ્રી દુનીઆની જુદી જુદી પ્રજાની અંદર સુલેહ જળવાય તેને વાસ્તે પોતાના અવસાન સુધી ઇંતેજાર હતા એ જેમ અગાડી વાચતાં જઈશુ તેમ આપણી ખાત્રી થતી જશે ટુકમા નામદાર અગ્રેજ કવિ મિલ્ટનના શબ્દોમાં "દુનીઆમાં શાન્તિ અને મનુષ્યોનુ કલ્યાણ ચાહનાર" એક ખરેખર ફરેસ્તા નામદાર હતા ક્રિમીઆથી નીકળી ઇ સ ૧૮૬૯ની ૧ લી મેએ તેઓ સ્વદેશ પાછા ફર્યા- ઈંગ્લાડ પધાર્યા પછીથી હિંદની મુસાફરીએ જવાનુ નુક્કી થયુ ત્યાં સુધી તેઓને નિરાતે બેસવાનુ મળ્યુ નહિ જગત્ વિખ્યાત પિન્સ બિસ્માર્કે ફ્રાન્સ સાથે વિગ્રહ કરવાનુ નક્કી કર્યું હતુ, અને અલૌકિક મનોબળવાળા મુતસદિએ થોડાજ વખતમા તે શરૂ પણ કરી દીધો. આ સમયે યુવરાજ ઘણી લાબી મુસાફરીથી થયેલા શ્રમને ઉતારવા આશાએશ લેતા હતા તેવામાં વળી આ બગ જાગ્યો, તેથી તે ઘણો કટાળા ભર્યો થઇ પડયો નામદાર યુવરાજ રાજ્યનીતિ બાબતમાં ઘણુજ ધ્યાન આપતા; અને તેથી આ મનુષ્ય હનન સાધનો તેઓના મનને ઘણુજ વ્યાકુળ કરતાં.

ફ્રાન્સ અને પ્રશિઆના વિગ્રહ કરતાં પણ વધારે ચિંતા કરાવે એવો એક અગત્યનો બનાવ બન્યો. ટાઇફોઇડ નામનો એક હઠીલો તાવ થાય છે, તે ઈંગ્લાંડના રાજ્યકુટુબ ઉપર પોતાનુ ચક્ર વારે ઘડીએ ફેરવે છે. તે તાવે નામદાર યુવરાજને એક દિવસ સવારે ઘેર્યા. તેઓએ કામકાજ કરવાની ના પાડી. સબબ પુછતાં જણાવવામાં આવ્યુ કે તબીયત સારી નથી. તાવ પુષ્કળ ચઢયો, અને દાકતરોએ તુરતજ ટાઈફોઈડ નામનો ઝેરી તાવ છે, એમ અભિપ્રાય આપ્યો. રાજ્ય કુટુબમાં ભારે ચિન્તા ફેલાઈ લોકોનાં ટોળેટોળાં નામદારની તબીયતના સમાચાર જાણવા માટે મહેલ આગળ એકઠા થયાં. આ વખતે તેઓ સેન્ડ્રીંગહામના મહેલમાં હતા. તેઓશ્રીનાં બીછાના આગળ તેઓના બ્હેન તથા પ્રિય પત્ની હમેશ બેસી રહેતા. સરકારી રીતે જન સમાજને નામદારશ્રીની તબીયતની ખબર કરવામાં આવતી આવી એક ખબરમા નામદાર યુવરાજની તબીયતના સમાચાર ઉપરાત તેમના સુશીલ અને સ્નેહાળ પત્ની સબધી પણ નીચે પ્રમાણે લખવામા આવ્યુ હતુ "નામદાર યુવરાજ્ઞી આ કસોટીને બરાબર જવાબ આપે છે, અને પોતાના પતિની ગભીર સ્થિતિ જાણે છે, છતા પોતેજ ઘણીજ શાન્તિથી વર્તે છે" નામદાર યુવરાજ વખતો વખત બેભાન રહેતા હતા આ સઘળી હકીકત નામદાર મહારાણીશ્રી વિકટોરીઆ જેઓ આ સમયે સ્કોટલાંડમાં મુસાફરી ફરતા હતા તેમને મળી ત્યારે તેઓ પણ પોતાના પ્રિય પુત્ર પાસે એકદમ આવ્યા અને નિરતર આશ્વાસન કરવાને ત્યાંજ રહેતા. પોતાના વહાલા માતુશ્રીને પાસે જોઇને નામદાર યુવરાજને સાનંદાશ્ચર્ય થયો અને ઘણીજ હોંશીયારીથી તેઓને ધૈર્ય આપતાં કહ્યું કે "મારી સ્થિતિ કાંઇ ચિંતા કરાવે તેવી નથી.

માંદગી લાબી ચાલી, અને ૧ લી ડીસેમ્બરને દીવસે બેભાન સ્થિતિમાં હતા છતાં તેઓશ્રી હોંશિયારીથી બોલી



શાહેનશાહ જ્યોર્જ ૫ મા.

કહયા કે " આજે યુવરાણીની વર્ષગાંઠ છે. " પરંતુ પાછી સ્થિતિ બગડવા માંડી અને અતિશય નબળાઇને લીધે શરીર ઝોબાવવા માંડયુ. એક મધ્ય રાત્રિએ તો એક ડાક્ટરે આશા મુકી દીધી, બીજાને તો સમજ પડી નહિ કે પ્રાણ છે કે નહિ, વળી ત્રીજાએ કાંઇક દવા આપી એટલે મામલો કંઇક બદલાયો, સુધારાપર વાત ચાલી, અને તબીયેત ધીમે ધીમે ઠેકાણે આવવા લાગી. ઘણેક દિવસે જ્યારે તબીયત બરાબર સુધરી ત્યારે નામદાર યુવરાણીએ સગા વહાલાઓને ખબર આપતા પહેલાં પોતાના દેવળના ધર્મગુરૂને નીચે પ્રમાણે અસરકારક શબ્દોમાં એક ચીઠ્ઠી લખી. "ઇશ્વિર કૃપાથી મારા પ્રિય પતિ સારા થવા આવ્યા છે, અને તેટલા માટે જગનિયતાની પ્રાર્થના કરવા આજે હુ દેવળમાં હાજર થઇશ. પરતુ હુ ધારૂ છું કે સઘળી પ્રાર્થના પુરી થાય તે પહેલાં હુ પાછી આવતી રહીશ, કારણુ કે મારે તેમની સારવારમાંથી થોડો વખત પણ દુર રહેવું જોઇએ નહિ તેથી શરૂઆતથીજ આપ તે નામદારની તબીયત માટે પ્રાર્થના કરવા માંડશો કે જેથી કરી હું જલદી પાછી ફરી શકુ." નામદાર યુવરાણીનો ઇરાદો પ્રાર્થનામાં નામદાર યુવરાજશ્રીની તબીયત માટેજ આભાર માનવાનો હતો, એમ આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડી આવે છે છેવટે સઘળુ ઠેકાણે આવ્યુ. નામદાર યુવરાજ તદન સારા થઇ ગયાં, અને જાતેજ દેવળમાં ઇશ્વિરનો આભાર માનવા ગયા ત્યાં પણ પોતાના વ્હાલા પ્રિય પતિને કાંઇ પણ રખેને શ્રમ પડે માટે ખુરસી ઉપર બેસડવા ઉઠાડવા વિગેરેની ગોઠવણ તેમના સ્નેહાળ પત્ની નામદાર યુવરાણી જાતેજ કરતા. પ્રજા વર્ગ તથા સગાં સ્નેહીઓનો પણ ઉચો શ્વાસ નીચે બેઠો, આનંદનો પાર રહયો નહિ, અને સઘળાએ કીરતારનો ઉપકાર માન્યો, અને ઇશ્વર તેઓશ્રીને લોકનું કલ્યાણ કરવા લાંબુ આયુષ્ય બક્ષે તેને સારૂ સ્થળે સ્થળે પ્રાર્થનાઓ થઇ.

નામદાર યુવરાજ હવે સપૂર્ણ યુવાવસ્થામા આવ્યા. હવે તેઓ પિતાશ્રીના "બર્ટી"ના નામથી કે માતાશ્રીના "નાનકડા"ના નામથી ઓળખાતા નથી હવે તો તેઓ પાત્રીસ વર્ષની ઉમ્મરના પૂર્ણ યુવાવસ્થામા, સઘળી કળાઓમા પ્રવીણ થયેલા, બહાદુર નર તરીકે જગત્‌મા જાણીતા થયા આગલા બે દાયકામાં તેઓના જીવનનો છોડવો માતાપિતાના કેળવણી રૂપી જળથી ખીલી નીકળ્યો હતો તે આપણે જોયુ આ દોઢ દાયકામાતો તે છોડવો એક ફુલપાનવાળુ સુશોભિત વૃક્ષ બન્યો હવે તો સ્વકાર્યોથી જીવનને આગળ વધારવામા તેઓ પ્રવિણ બન્યા, અને પાછળથી તેના ફળ જગતને ચખાડવા પ્રયત્ન કર્યો આપણે આગલા પ્રકરણમા જોયુ તે પ્રમાણે લગ્નથી નામદાર એક યોગ્ય સહચારિણી મેળવવા ભાગ્યશાળી નિવડયા હતા, અને તેના સહચારથી આનદ કલ્લોલમય સસાર સ્વતત્ર રીતે ચલાવવા શક્તિમાન થયા હતા

પ્રકરણ ૫ મું.

હિંદની મુસાફરી.

"આપ જણાવો છો તે સત્ય છે. જેમ આપણા લોકોથી હું માહિતગાર થયો છુ તેમ હિંદવાનોની જુદી જુદી જાતિઓથી પણ મારે જાણીતા થવું જોઈએ —હિંદ આવતા પહેલા થોડાક કલાક અગાઉ નામદાર યુવરાજશ્રીએ લંડનના લોર્ડ મેયર સન્મુખ દર્શાવેલા વિચારો.

હિંદમા ફરવાથી મને જે માહિતી મળી છે તેને હુ ઘણી કીંમતી ગણું છુ અને ભવિષ્યમા મારે જે કાંઈ મેળવવાનું છે તેના આધાર તરીકે હુ માનુ છુ "—હિંદનો કિનારો છોડતી વખતે યુવરાજશ્રીનો વાઇસરોય ઉપર લખેલો છેલ્લો પત્ર

હિંદના પ્રવાસના આદિ અંતમા યુવરાજે દર્શાવેલા ઉપરના વિચારોથી તેમનો આંતર હેતુ શુ હતો તે સહજમા સમજાઇ આ-વે છે. યુવરાજશ્રી ભવિષ્યમા શહેનશાહ થનાર હતા તેથી તેઓશ્રીને હિંદી પ્રજાની માહિતિ મેળવવી એ ઘણુ અગત્યનુ હતુ હિંદીવા-નોને પણ બ્રિટિશ સામાજ્ય નીચે પહેલીવારજ એકત્ર થયા પછી યુવરાજશ્રીને નિરખવાનો આ પ્રથમજ લ્હાવો મળનાર હતો તેથી તેઓ પણ યુવરાજશ્રીને માન આપવા ઘણા આતુર થઈ રહ્યા હતા.

નામદાર યુવરાજની હિંદમા પધારવાની ગોઠવણ કંઇક અચા-નકજ થઈ હતી તે કારણથી તેમજ બીજા કેટલાક કારણોથી ઇંગ્લાંડમા બે પક્ષ પડી ગયા એક પક્ષમા લંડનનુ જાણીતુ રોજીંદુ પત્ર "ટાઇમ્સ" હતુ તેણે નામદાર યુવરાજની હિંદની મુસાફરીની ઐતિહાસીક અગત્યતા બતાવી અને તે સંપૂર્ણ રીતે ફતેહમંદ ઉતરે તેમ કરવા પ્રયત્ન થવા સૂચવ્યુ. બીજા પક્ષ તરફથી એમ દર્શાવવામાં આવ્યુ કે નામદાર યુવરાજશ્રીએ આ મુસાફરીની માથાફોડ કરવી જોઇએ નહી. આ પક્ષ ઘણો મજબૂત હતો. અને તેને પોતાનો

પ્રયત્ન સફળ કરવા બનતા ઉપાયો લીધા હાઈડપાર્કમા એક મોટી સભા આ પ્રવાસ વિરૂદ્ધ મત દર્શાવવા મળી તે ઉપરાત પાર્લામેન્ટ-મા તે પક્ષના કેટલાક ગૃહસ્થો હતા કે જેમા પ્રખ્યાત અર્થશાસ્ત્રી મી૦ હેન્રી ફોસેટ પણ હતા તેઓએ એમ જણાવ્યુ કે યુવરાજના પ્રવાસના ખર્ચથી દેશ ઉપર નકામો બોજો પડશે અને તેથી તેની કાઈ જરૂર નથી પણ આ પક્ષનુ ટટ્ટુ ચાલ્યુ નહિ અને આપણા સદ્દભાગ્યે નામદાર યુવરાજનો પ્રવાસ નક્કી થયો નામદાર યુવરાજશ્રીના ખર્ચ માટે એક લાખ પૌડ મજૂર કરવામા આવ્યા અને તેમાથી ૪૦ હજાર પૌડ ઈનામ માટે એલાયદા રાખવામા આવ્યા હતા નામદાર યુવરાજશ્રી પોતાની તરફથી આ મુજબ સઘળી ગોઠવણ કરતા હતા, તેજ વખતે હિદના રાજા રજવાડાઓ તથા પ્રજા તરફથી પણ તેઓને સન્માન આપવા ધમધોકાર ગોઠવણો ચાલી રહી હતી એક પત્રના અધિપતિએ પાછળથી જણાવ્યુ હતુ જે હિદી રજવાડાઓએ ફક્ત લડનના બજારમાથીજ ૨॥ લાખ પૌડની કિમતની વસ્તુઓ નામદાર યુવરાજને ભેટ આપવા ખરીદી હતી

નામદારશ્રીની સાથે કોને કોને મોકલવા તેનો પુખ્ત વિચાર ચલાવ્યા પછી સર ફ્રાન્સીસ નોલીસ જેઓ નામદારના મૃત્યુ સુધી ખાનગી કારભારી તરીક કામ ચલાવતા હતા, અને જેઓ હાલ લોર્ડ નોલીસના નામથી જાણીતા થયેલા છે તેઓને, લોર્ડ કેરીગટનને, પ્રખ્યાત ડયુક ઓફ સધરલાડને તથા મુબઈના જાણીતા માજી ગવરનર સર બાર્ટલ ફ્રીયરને તેમની સાથે મોકલવાનો ઠરાવ થયો. નામદારના અગરક્ષક તરીકે જાણીતા સર એડવર્ડ બેડોકની નીમણુક કરવામા આવી હતી આ ઉપરાત તેઓના રક્ષણ માટે આખા હિદમા પોલીસનો મજબુત જાપતો રાખવામા આવ્યો હતો.

હિદની અદર તો યુવરાજશ્રીને યોગ્ય માન આપવા ભારે તૈયારીઓ ચાલી રહી હતી. મોટા મોટા શહેર તરફથી માનપત્રો

તૈયાર થતા હતા તથા ઠેર ઠેર જાહેર સભા બોલાવવામા આવતી હતી. તે વખતના હિંદના વાઇસિરોય લોર્ડ નોર્થબ્રુક સઘળી સરકારી તૈયારીઓ ઉપર પોતે જાતેજ ધ્યાન આપતા અને જુદા જુદા પ્રાતના હાકેમોને પણ તે પ્રમાણે કરવા સૂચના કરી આ વખતે નામદાર યુવરાજ પણ સખત કામમા રોકાઈ ગયા હતા તેમની રીતભાત તથા વાણીના દરેક શબ્દનો હિંદી પ્રજા બરાબર ખ્યાલ કરશે, તે તેઓ બરાબર સમજતા હતા, અને તેથી વખતને અનુસરીને કેમ ચાલવુ તેનો પેહેલેથીજ નિશ્ચય કરી રાખ્યો હતો વળી હિંદને લગતી કેટલીક બાબતો જાણવી એ જરૂરનુ હોવાથી તત્ સબધી બનતી માહિતી દરિયાની સફર દરમ્યાન તેઓશ્રીએ મેળવી લીધી હતી.

જે વહાણની અદર તેઓ સફર કરતા હતા તેનો એક ભાગ પુસ્તકાલય તરીકે રોકવામા આવ્યો અને તેમા ઈ સ ૧૮૫૭ના બળવાને લગતા ઘણા પુસ્તકોનો સગ્રહ કરી રાખવામા આવ્યો. આ સઘળા પુસ્તકો તથા તે ઉપરાત હિંદની તવારીખને લગતાં બીજા ઘણા ગ્રથો નામદારશ્રી પોતાના કામકાજ ઉપરાત સફર દરમ્યાન વાચી ગયા હતા આ બતાવી આપે છે કે તેઓ કેટલા ઉદ્યોગી અને કર્તવ્ય પરાયણ હતા પ્રવાસે નીકળતી વખતે સફળ સફર ઇચ્છનારી ઘણી સભાઓ મળી, તે શિવાય તે નામદાર ઉપર મુબારકબાદીના અસખ્ય તારો, પત્રો ઇત્યાદી આવ્યા છેવટે તા ૧૧ મી ઓકટોબરને દીને ડોવર બદર છોડી હિંદ તરફ પ્રયાણ કર્યું. બ્રીન્ડીસી સુધીતો એક સાધારણ ગૃહસ્થ તરીકે મુસાફરી કરી પણ ત્યાથી ઇંગ્લાડના ગાદી વારસ તરીકે બાદશાહી હોદ્દાથી પ્રયાસ શરૂ કર્યો રસ્તામા જીબ્રાલ્ટર તથા મિસર દેશની પરોણાગત સ્વીકારી તે નામદાર છેવટે મુબઇના બારામા આવી પહોંચ્યા આ મોહમયી નગરી આ પ્રસગે બાદશાહી પરોણાના દર્શનાતુર જનસમૂહથી ઉભરાઈ જતી હતી. મોટા રાજ્યમાર્ગો હિંદવાસીઓના ચિત્ર વિચિત્ર

રંગબેરંગી પોશાકથી દીપી રહ્યા હતા, સ્થળે સ્થળે આસોપાવલના માંડવા, તોરણો અને વાવટા નજરે પડતા હતા અને ગાડી તથા ઘોડે સ્વારોની દોડધામથી આખુ શહેર ગાજી રહ્યુ હતુ. મુબઈ નગરી હિંદનુ નાક છે, અને તેનો ઉદય અગ્રેજી રાજ્યના પગલાં થવા માડયા પછી થયો છે હાલ આખા એશિયા ખડમા એક મોટામા મોટુ વેપાર રોજગારનુ સ્થળ તે થઈ પડયુ છે આ તેની ચઢતી સારૂ નામદાર યુવરાજે બ્રિટીશ સલતનતના ગાદીવારસ તરીકે તેની જમીન ઉપર પગ મુકીને પવિત્ર કીધી, તે દિવસે જાણે તે આભારની લાગણી દર્શાવતી નહોય તેમ તેના નાગરિકોના મુખ કમળ ઉપર સતોષ અને આનદના ચિન્હ દેખાતા ખરેખર તે દિવસે હિંદમા સોનાનો સૂર્ય ઉગ્યો સૂર્ય નારાયણ પ્રફુલ્લિત વદને પ્રકાશી રહ્યા હતા, સમુદ્ર પણ જાણે એપોલોબદરના કિનારા સાથે અથડાતા મોજાથી નામદાર યુવરાજની પધરામણીની વધામણી કહેતો ન હોય એમ લાગતો, વળી તેજ દિને નામદાર યુવરાજશ્રીની વર્ષગાઠ હોવાથી આનદમા અધિક વૃદ્ધિ થઈ

મુબાઈનગરીના હાકેમ સર પીલીપ વુડહાઉસ તથા વાઇસિરોય લોર્ડ નોર્થબ્રુક ભવિષ્યના રાજાને આવકાર આપનારાઓમાં મુખ્ય હતા હિંદના નામદાર રાજ્યવશી પરોણાને લાવતી હોડી નજરે પડી કે તુરત બદર ઉપરનો મોટો જનસમુદાય એકદમ શાન્ત થઈ ગયો, અને માનનીય પરોણાને સત્કાર આપવા એકેપગે આતુર થઈ રહ્યો નામદાર યુવરાજશ્રીએ હોડીમાંથી ઉતરતાજ નામદાર વાઇસિરોય તથા ગવરનર સાથે હાથ મેળવી હિંદના કિનારા ઉપર પગ મૂકયો. પ્રજાજનોએ તુરતજ તેઓશ્રીને ગગન મડળને ગર્જાવી નાખે એવા જયઘોષથી વધાવી લીધા બદર ઉપરથી નામદારશ્રીને કામ ચલાઉ તૈયાર કરેલા ભવ્ય શોભાયમાન મડપમાં લઇ જવામાં આવ્યા. જ્યાં મુબઈનગરીના શહેરસુધરાઈખાતા તરફથી એક માનપત્ર

એનાયત કરવામાં આવ્યું આ માનપત્રની અંદર હિંદની રાજ્ય કુટુંબ તરફની વફાદારીના સબધી તેમજ અગ્રેજી રાજ્યથી થયેલા અનેક ફાયદાઓનો ઇસારો કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ રાજવશી પરોણાને સર ફીલીપ વુડહાઉસે ખાણુ આપ્યુ હતુ તે સમયે એક છટાદાર ભાષણ કરી નામદારે જણાવ્યુ કે "લાબી મુદતથી હુ હિદની મુલાકાતે આવવાનો વિચાર કરતો હતો, અને હવે મારી તે ઇચ્છા પરિપૂર્ણ થઈ છે તે જોઈ મને ઘણો આનદ થાય છે મુબઇમા મારી ૩૪ મી વર્ષગાઠ ઉજવવાનો પ્રસગ મળ્યાથી મને ઘણોજ હર્ષ થાય છે તમોએ મને જે આદરસત્કાર આપ્યો છે તે હુ કદી વિસરીશ નહિ મહારાણીશ્રીના રાજ્યના મોટા ભાગની મુલાકાતે હુ તેઓ નામદારની ઇચ્છાએ ખાસ કરીને નીકળ્યો છુ, અને તે સપૂર્ણ ફતેહમદ થશે એમ મને મુબાઇમા મળેલા માન ઉપરથી હુ આગાહી કરી શકુ છુ" બીજેજ દિવસથી દેશી રાજા રજવાડાઓની મુલાકાત લેવાનુ શરૂ થયુ જે રાજાઓ તે નામદારના સહવાસમા આવ્યા તે બધા તેઓની સાદાઈ, ભલાઈ તથા સજ્જનતા જોઈ ખુશ થઈ ગયા દરેકની સાથે તેઓ આદરથી ભેટતા અને હશી ખુશીથી વાતચિત કરી જુદા પડતા ખાસ કરીને કોલ્હાપુરના ૧૨ વર્ષના નાના પણ કર્ફાવર રાજા સાહેબને જોઈ, તેઓ ઘણાજ ખુશ થયા આ કાર્ય પત્યા બાદ નામદારશ્રીએ શહેરના જુદા જુદા લત્તાની મુલકાત લીધી જે રસ્તા ઉપરથી તે નામદારની સ્વારી જતી ત્યા લોકોના ટોળે ટોળા મળતાં અને ગાડી પસાર થતાં "ઘણુ જીવો યુવરાજ" ની હર્ષ ગર્જના થઈ રહેતી હિન્દી પ્રજા રાજાને દેવ માની પુજે છે તેની પૂર્ણ ખાત્રી નામદારને તેમની હિદ મધ્યેના પ્રવાસ દરમ્યાન થઈ. યુવરાજને મુબઈના હવાપાણી માફક આવ્યા પ્રસગોપાત એક વાર તેઓએ ગવરનર સર વુડહાઉસને જણાવ્યુ કે મને અત્રે

ઘણોજ આનદ લાગે છે અને હવા ઈત્યાદિ એટલા અનુકુળ આવે છે કે જાણે હુ સેન્ડ્રીગહામની બહાર ગયોજ નથી

મુબાઈથી પુના અને પછી વડોદરા જવાનુ નક્કી કરવામા આવ્યુ હતુ, તે પ્રમાણે નામદાર પ્રથમ પુને ગયા પુના, પેશ્વાની રાજધાનીનુ એક અસલી શહેર છે તેની જાહોજલાલી જોકે પ્રથમના જેવી નહોતી, પરતુ અગ્રેજી લશ્કરની છાવણીને લીધે ત્યાની સ્થિતિમા ઘણો ફેરફાર નજરે પડતો પુનાની જોવા લાયક જગ્યાઓ જોઈ, લશ્કરી કવાયત નીહાળી તેઓશ્રીએ વડોદરા તરફ પ્રયાણ કર્યુ વડાદરામા તેઓશ્રીને માન આપવા પુર્ણ ગોઠવણ કરવામા આવી હતી રેલ્વે સ્ટેશનને ઘણાજ ભપકાથી સણગારવામા આવ્યુ અને આખા શહેરમા અને રાજ્ય માર્ગ ઉપર વાવટા અને તારણો બાધવામા આવ્યા રાતના ઉત્તમ પ્રકારની રોશની કરવામા આવી અને આતીશબાજી પણ છોડવામા આવી વડોદરાની મુલાકાત દરમ્યાન તેઓશ્રી શિકારની સહેલગાહે નિકળ્યા હતા ગુજરાતના શિકારનો અનુભવ પાછળની જીદગીમા ઘણો વખત તેઓ સભારતા

વડાદરેથી પાછા મુબાઈ પધારી દરિયા કાઠે કાઠ પ્રવાસ કરવાનુ નક્કી કર્યુ હતુ તે પ્રમાણે પ્રથમ ગોવા ગયા ત્યા ફિરગી સરકાર તરફથી તેમનુ ઘણુ સન્માન કરવામા આવ્યુ જેથી ઇગ્લડ અને ફિરગી સરકારની મિત્રાચારીમા ઘણો વધારો થયો ભવિષ્યના શાન્તિપ્રદાતાને જુદા જુદા દેશો વચ્ચે સહાનુભૂતિ કરાવવા આ માર્ગ ઘણો ઉત્તમ લાગતો અને રાજા થયા પછી પણ પરદેશોની મુલાકાતથીજ તેઓ સુલેહ જાળવી શકયા હતા ગોવામા તે નામદારશ્રીની પધરામણીથી ત્યાની પ્રજાને પણ ઘણોજ આનદ થયો અને તેઓશ્રીએ પણ ભાષણ દરમ્યાન એ લોકોના નમ્ર અને માયાળુ સ્વભાવનો ઇસારો કર્યો નામદારે ગોવાના કેટલાક ખ્રિસ્તી દેવળોને સારી તેમજ કેટલાકને જીર્ણ અવસ્થામા જોઈ ખ્રિસ્તી

ધર્મના પ્રથમ પ્રયાસના ચિન્હોનુ બારીકાઈથી અવલોકન કર્યું. ગોવાથી ઉપડી સિહલદ્વીપના પાટનગર કોલબોમા પોતે પધાર્યા. હિદી લોકથી કેટલેક અશે સિહાલી લોક જુદા હોય છે તુરતજ બન્ને વચ્ચેનો તફાવત તેઓશ્રી સમજી શકયા હતા સિહાલી પ્રજા સબધી તેઓશ્રીએ ખાસ માહીતી મેળવી અને એકાદ દિવસ આશાએશ લઈ હાથીના શિકારની સહેલગાહે નીકળ્યા મનમાનતો શિકાર કરી, ત્યાની જોવા લાયક જગ્યાઓ જોઈ, તેઓ મદ્રાસ પધાર્યા મુબાઈ કોલબોની હવા કરતા મદ્રાસની હવા જુદી જાતની છે ત્યા ગરમી વિશેષ પડતી હોવાથી લોકનો વર્ણ પણ શ્યામ હોય છે મુબાઈ, પુના, વડોદરા, તથા સિહલદ્વિપ ખાતેના ગુજરાતીઓ, દક્ષણીઓ, પારસીઓ, મુસલમાન, સિહાલીઓ વિગેરે પ્રજાઓ જોયા બાદ હવે મદ્રાસમા દ્રાવિડ લોક જોવાનો નામદારને પ્રસગ મળ્યો આ પ્રમાણે મહાન્ દેશની જુદી જુદી પ્રજાઓનુ અવલોકન કરવાનુ કામ તેઓશ્રીને ઘણુ રમુજી તેમજ જ્ઞાનદાયક થઈ પડયુ મદ્રાસની જાણવા લાયક ઐતિહાસીક જગ્યાઓ નિહાળી મદ્રાસવાસીઓનુ માનપાન સ્વીકારી થોડોક સમય ત્યા આશાયેશ લેવા રહ્યા મદ્રાસમા પોતાના પિતાશ્રીની સવત્સરીનો વખત આવી લાગ્યો પોતે ગમે ત્યા હોય અને ગમે તેવા કામમા હોય તોપણ પિતાશ્રીની સવત્સરીનો દિવસ તેઓ ઘણીજ શાન્તિમા પસાર કરતા, અને તે મુજબ મદ્રાસમા પણ પોતે તેમ કરનાર છે એવી ત્યાના ગવરનર સાહેબને તેઓએ સૂચના કરી નામદારની ઇચ્છાનુસાર મદ્રાસથી થોડેક દુર આવેલા એક સરકારી રહેઠાણમા તેઓશ્રીને નિવાસસ્થાન આપવામા આવ્યુ આ પ્રમાણે પિતાશ્રીની સવત્સરીનો દિવસ ગાળ્યા પછી મદ્રાસથી કલકત્તા ભણી તેઓ સિધાવ્યા

આગળ મુગલાઈ રાજ્યમા જેમ દિલ્હી પાટનગર હતુ તેમ હાલ કલકત્તા હિન્દનુ પાટનગર છે. ત્યાના ભવ્ય મકાનો, મોટા

બાગ બગીચાઓ, રોનકદાર રસ્તાઓ એ સઘળુ પાટનગરને શોભતુજ છે. ચઢતી પછી પડતી, અને પડતી પછી ચઢતી, એ નિયમાનુસાર દિલ્હીની હાલ પડતી છે અને કલકત્તા જે એક સાધારણ ખુણે પડેલુ શહેર હતુ તે આજે કાળની બલિહારીને લીધે "મહેલોના શહેર" ના ઉપનામથી ઓળખાઇ રહ્યુ છે એ બધો અગ્રેજી રાજ્યનોજ પ્રતાપ છે આ સમયે કલકત્તા એક દેવનગરી જેવુ બની રહ્યું હતું. મોટા જાગીરદારો, રાજાઓ, ઉમરાવો, પ્રજાજનો રાય અને રક ભવિષ્યના રાજાને માન આપવા એક બીજા સાથે પ્રતિસ્પર્ધા કરી રહ્યા હતા હિન્દના પાટનગરમા નામદારને ભારે આવકાર મળ્યો ત્યાં તેઓ નામદાર વાઇસરોયના પરોણા દાખલ રહ્યા અહિઆ તેઓશ્રીને ઘણા જાહેર કામો કરવાના હતા અને તેમા ખાસ કરીને ઇલ્કાબો વહેચવાનુ હતુ ઇલ્કાબ વહેચવાના દરબારમા ઘણા માન પામેલા ગૃહસ્થો મોટી સખ્યામા હાજર થયા અને તે વખતે એક લેખકે જણાવ્યુ હતુ કે આવડો મોટો મેલાવડો અગાઉ કોઈ વખતે થયો નહોતો નામદાર યુવરાજશ્રીએ તાળીઓના ગડગડાટ વચ્ચે ભોપાલના નામદાર બેગમને જી સી એસ આઇ નો માનવતો ઇલ્કાબ એનાયત કર્યો નામદાર ભોપાલના બેગમ હિન્દના એક સ્ત્રી રાજ્યકર્તા છે તેઓને આ માનવત મોટો ઇલ્કાબ આપતા નામદારશ્રીએ મહા આનદ પ્રદર્શિત કર્યો, આ પ્રમાણે આ મહાન્ ક્રિયા પૂર્ણ થયા બાદ, નામદારશ્રીને હાથ કેટલાક સાર્વજનિક કામો થયા કલકત્તા નગરીના આદર સત્કારનો બરાબર સ્વાદ ચાખ્યા પછી તેઓ હિન્દુઓના પવિત્ર સ્થળ કાશીમા પધાર્યા બનારસ ઉર્ફે વારાણસી એક ઘણુ પ્રાચીન શહેર છે અને હિન્દુઓનુ મુખ્ય યાત્રાનુ ધામ છે, ત્યાના રસ્તા ઘણા સાંકડા અને ગલીચ છે યાત્રાળુઓની ધમાલ ત્યા બારે માસ ચાલુજ રહે છે. પાપ નિવારણી પવિત્ર ગગા નદીના તટ ઉપર તે શહેર વસેલુ હોવાથી તેનો દેખાવ રમ-

ણીય અને ઘણોજ મનોહર છે, મોગલ બાદશાહ ઔરંગઝેબે ધર્મા-ન્ધપણાના ઝનુનમાં આ પવિત્ર સ્થળની કેટલીક જોવા લાયક જગ્યાઓ તોડી નાંખી મસીદો બાંધી છે તેમાંની એક કાશીવિશ્વનાથ મહાદેવના દેવાલયની તદન નજદીક છે ઔરંગઝેબે તો ધર્મ ઝનુનમાં તેમ કર્યું પણ હાલ તો મસઝીદ અને દેવાલય પાસે પાસે આવવાથી જાણે હિન્દુ અને મુસલમાન એકજ થયા નહોય, અને એકજ છત્રની નીચે સતોષથી હળી મળીને રહેતા ન હોય એમ લાગે છે. આવ પુરાણા શહેરમાં નામદાર યુવરાજશ્રીની પધરામણી થઈ તે વેળા તેમને પુષ્કળ માન મળ્યુ અને તેઓશ્રી હિન્દુઓની ધાર્મિક વૃત્તિ જોઈ ઘણા રાજી થયા અને ત્યાના જોવાલાયક સ્થળો નીહાળી લખનૌ પધાર્યા

૧૮૫૭ના દુખદ સમયનુ લખનૌ ભાન કરાવે છે બળવાની અદર માર્યા ગયેલાના સ્મારક તરીકે ત્યા એક સ્થભ ઉભો કરવામાં આવેલો છે તે તેઓશ્રીએ જોયો અને તેના ઉપર કોતરેલો લેખ ઘણીજ આતુરતાથી વાચ્યો તે વખતે ઘણીજ લાગણી થઈ આવી અને આ બળવામા ભાગ લેનાર બહાદુર સિપાહોની મુલાકાત લેવાની ઇચ્છા તેઓને થઈ તે મુજબ કેટલાક દેશી સિપાહોને તેઓશ્રીની સન્મુખ રજુ કરવામાં આવ્યા તેમા એક અતિ વૃદ્ધ યોધ્ધો પણ હતો તેની આખ ઉપર એક ઘા લાગેલો હોવાથી તે બરાબર દેખી શકતો નહોતો નિયમ પ્રમાણે તેને યુવરાજશ્રીથી થોડેક દુર ઉભો રાખવામા આવ્યો એટલે તેણે તુરતજ કહ્યુ કે “ મને યુવરાજને બરાબર જોવા દો” પણ તેનો ધીમો અવાજ પાસેના અમલદારો સાંભળી શકયા નહિ તેથી ફરીથી તેણે બૂમ પાડી અમલદારોને કહ્યું “અરે મને શાહજાદાને જોવા દો ” નામદારે તેને પાસે લાવવા તુરત હુકમ કર્યો. પોતાની આંખની ખોડને લીધે તેણે મોઢું છેક

યુવરાજશ્રીના ચહેરા પાસે આણી કહ્યુ "આજે મને ઘણોજ આનદ થાય છે હુ આજે યુવરાજનુ મુખારવિંદ જોવા ભાગ્યશાળી થયો છુ તેથી હે ઇશ્વિર તારો પાડ માનુ છુ" નામદાર યુવરાજ ગાદી વારસ તરીકે પ્રવાસે નિકળ્યા હતા, પરતુ તેની સાથે જ્ઞાન પણ મળે એવી તેમની તીવ્ર ઇચ્છા હતી, તેથી તે બુઢ્ઢાને તેનો ઇતિહાસ પુછ્યો' અને તેની બહાદુરોના વખાણ કરી તેને જવાની રજા આપી.

લખનૌથી સ્વારી કાનપોર પધારી કાનપોર ઉત્તર હિદુસ્તાનનુ એક મુખ્ય શહેર છે ૧૮૫૭ ના બળવામા તે એક જાણીતુ સ્થળ થઈ પડયુ હતુ પેશ્વાનો વશજ નાના સાહેબ, જાણીતો બહાદુર નર સર હેન્રી લોરેન્સ, તથા શુરવીર સર હેન્રી હેવેલોકના કૃત્યોનું સ્મરણ કોઈ પણ પ્રવાસીને આ સ્થળ જોતાજ થઈ આવે એ સ્વાભાવિક છે તે પ્રમાણે નામદાર યુવરાજશ્રીએ પણ ઐતિહાસીક વૃત્તાત સપૂર્ણતાથી શ્રવણ કરીને ત્યા આગળનો "સ્મારક કુડ" પણ જોયો આ "સ્મારક કુડ" ઉપર હાથવાળેલી તથા પાંખોવાળી એક આરસની ફરેસ્તાની મૂર્તિ જે ત્યા માર્યા ગયેલાઓના આત્માની શાન્તિના સ્મારક તરીકે છે, તેને પણ તેઓશ્રીએ નિહાળી

કાનપોરથી સ્વારી દિલ્હી નગરમા પધારી દિલ્હી શહેર એક અલૌકિક નગર છે હાલનુ નગર ઘણાજ પ્રાચીન સમયના હસ્તિનાપુરનો એક ભાગ છે, તે ઉપરાત હિન્દમા થયેલી સઘળી ઉથલ પાથલનુ, આ શહેર એક બિન્દુ રૂપ છે ત્યાનો લાલ પથ્થરનો બાદશાહી કિલ્લો, ત્યાનુ મોટુ ચાદની ચોક નામનુ મેદાન, ત્યાની જાણીતી ભવ્ય જુમા મસજીદ વિગેરે સ્થાનો મુસલમાન વખતની જાહોજલાલીનુ આપણને ભાન કરાવે છે ત્યાંનો જાણીતો કુતુબમિનાર તથા તેની પાસેજ આવેલો પાન્ડવોનો કિર્તિસ્થભ વિગેરે દિલ્હીની પૌરાણિક તથા ઐતિહાસિક સ્થિતિનો પણ ખ્યાલ આપે છે આ પુરાણા પાટનગરમા યુવરાજશ્રીની પધરામણી પણ એક ઐતિહાસિ-

કજ બનાવ હતો ત્યા એક મોટો દરબાર "દિવાને આમ" નામના જાણીતા દિલ્હીના મોગલ બાદશાહોના દિવાનખાનામા ભરવામાં આવ્યો હતો વાહ, દિલ્હી નગર તારી પણ બલિહારીજ છે તારી કુખમા રાખેલા તખ્ત ઉપર બિરાજતા અધિપતિ આખના પલકારાથી કે મુખના વેણથી અસખ્ય માણસના ભવિષ્યને ક્રોધથી છિન્ન ભિન્ન કરી નાખતા, તેજ તખ્ત ઉપર ભવિષ્યના ચક્રવર્તી બાદશાહ અસાધારણ સાત્વિક વૃત્તિથી બિરાજતા આ વખતે જોવામા આવતા હતા દરબાર પુરો થયા પછી લશ્કરની કવાયત થઈ તેમા નામદારશ્રીએ ઘણીજ ઉલટથી ભાગ લીધો

દિલ્હી નગરના સબધમા તો લશ્કર એ શબ્દ પણ વિમર્શ કરવા યોગ્ય છે મહા પરાક્રમી જઘીસખાને લશ્કર વડેજ આ નગરોની આજુબાજુ ટુક સમયમા ૬૦૦૦ મનુષ્યોના શિર છેદી નાખ્યા હતા, તેજ નગરીની અદર યુવરાજશ્રીના માનમા દુનિયાના દરેક ભાગમા જય મેળવનાર લશ્કરને પ્રજાજનો વગર ભિતિએ નિહાળી શકતા, એ અગ્રેજી રાજ્યનો તથા કાળનોજ મહિમા છે. કવાયત થઈ રહ્યા પછી બાહદુર લોર્ડ નેપિયર ઓફ મગદલાને નામદાર યુવરાજશ્રીએ પોતાના પરોણા તરીકે રાખ્યા દિલ્હી નગરની સઘળી જોવા લાયક જગ્યાઓ ઘણી બારીકાઇથી જોઇ, ભાગ્ય દેવીની ભ્રમણાના ભોગ રૂપ આ નગરને છેવટેની સલામ કરી, બાદશાહી સ્વારી આગ્રે આવી પહોચી સખાવતે બહાદુર મોજીલા મોગલ શહેનશાહ શાહજહાને પોતાની પ્રિય પત્ની મુમતાજમહાલની યાદગીરીમા બધાવેલો જગત્ વિખ્યાત તાજ મહેલ અહિ આવેલો છે આ શિવાય આગ્રાનો કોટ તથા મોતી મસજીદ વિગેરે ઘણા જોવા લાયક સ્થળો છે નામદારશ્રીએ તાજ મહેલ ઘણીજ બારીકીથી દિવસે તેમજ ચાદની રાત્રે પૂર્ણ બહારમા જોયો. ત્યાનુ મીનાકારી કામ તથા આસપાસનો દેખાવ અનુપમ તથા અવર્ણનીય છે. આગ્રેથી તેઓશ્રી

અલ્હાબાદ જઇ ત્યાં થોડો વખત રહી મધ્ય હિન્દુસ્તાનમાં આવેલા જબલપુર શહેરમાં પધાર્યા, પશ્ચિમ, દક્ષિણ, પૂર્વ અને ઉત્તરના હવા પાણી જોયા પછી તેઓશ્રીને અહિઆ ઘણોજ આનદ થયો કારણ કે અહિંઆ તેઓને કાઈ સભાઓમાં ભાગ લેવાનો હતો નહિ વળી તે ઉપરાત અત્રે ખાનગી રીતે સાદાઇમા રહેવાની તક મળી તે તેઓશ્રીને ઘણીજ પસદ પડી એક દિવસે બપોરે તુરગ જોવા તેઓશ્રી ગયા ત્યા તેમને મનુષ્ય સ્વભાવનો અભ્યાસ કરવાની ઉત્તમ તક મળી સાત મોટા ઠગો જે એ તુરગમા કેદી હતા તેઓને નામદારશ્રી સન્મુખ લાવવામા આવ્યા તેમણે ચલાવેલા ફાસીઆના ખુનખાર ધધા માટે તેમના તરફ દયા બતાવી તેમના સબધી કઇક જાણવા નામદારે ઇચ્છ્યુ એક તો પોતાની બાહાદુરીની વાત ચલાવવા માડી

"સાહેબ, મે મારા ધધામા ૬૩ માણસના ખુન કીધા છે તે સારૂ હુ ઘણો મગરૂર હતો અને તેથી મને મારી ટોળીવાળા ઉપરી ગણી માન આપતા

"નામદાર યુવરાજે પુછ્યુ હવે તુ તેને સારૂ મગરૂર છે કે ?"

સરમીદા થઈ ગયેલા ઠગે જવાબ આપ્યો "ના સાહેબ બીલકુલ નહિ"

આ પ્રમાણે તેને તેના પાપનો પશ્ચાતાપ કરતા જોઈ તેઓશ્રી રાજી થયા નર્મદા નદીનો કેટલોક પ્રદેશ જોઈ તેઓશ્રી જયપુર પધાર્યા જયપુર રજપુતોનુ એક અગ્રણી રાજ્ય છે ત્યાના વિદ્યાવિલાસી રાજાએ નામદાર યુવરાજને આવકાર આપવા અત્યત મહેનત કરી હતી. જયપુરને ઇદ્રપુરી સમ બનાવી દીધુ હતુ, નામદારશ્રી પોતાને આપવામા આવેલા માન માટે ઘણાજ ખુશી થયા. અને બ્રિટિશ રાજ્ય તરફ હિન્દના રાજાઓ તથા પ્રજાની ઉત્તમ વફાદારી જોઈ તેમના અતકરણમા ઉડી છાપ પડી જે જીવન પર્યન્ત જીવન તેવીજ રહી. જયપુરનું સગ્રહસ્થાન તથા ત્યાની વેધશાળા બન્ને ઘણા

જોવા લાયક સ્થળો છે જયપુરની બાંધણી પણ બેઠા ઘાટની અને એક સટની રોનકદાર હોવાથી કોઈ પણ શખસની નજર ખેંચે છે નામદારશ્રી સંગ્રહસ્થાન તથા વેધશાળા જોઈ ઘણાજ પ્રસન્ન થયા, અને ત્યાના નામદાર રાજા સાહેબને આવી જાતના ઉત્તમ શોખને કેળવવા સારૂ અભિનંદન આપ્યુ જયપુરમા નામદાર યુવરાજને વાઘનો શિકાર કરવાની ઉત્તમ તક મળી અહિ તેઓશ્રી-એ શિકારની અંદર પોતાની ચાલાકી બતાવી બધાને ચકિત કર્યા. જયપુરથી ત્રણ માઈલ દુર આવેલા પ્રાચીન અંબર શહેરની તેઓએ મુલાકાત લીધી અને તેની પ્રાચીન ઢબની અપૂર્વ મનોહરતા નિહાળી સાનંદાશ્ચર્ય મેમાનગીરીનો લાભ લઈ તેઓશ્રી હિન્દના બીજા ભાગોમા થોડો સમય ફરી પાછા મુબઈ પધાર્યા, અને ત્યાથી સ્વદેશ જવાને રવાના થયા મુંબાઈથી નીકળી એડન જઈ સુએઝની નહેરનુ સંપૂર્ણ થઈ ગયેલુ બાધકામ જોયુ ત્યાથી મિસર દેશમા ગયા અને બ્રિન્ડિસીને રસ્તે પાછા જવાને બદલે સ્પેન દેશમા ગયાં ત્યાના કેટલાક શહેરો જોઈ ઈગ્લાડ જવા ઉપડી ગયા અધવચમા ખબર મળી કે પોતાને લેવા યુવરાજ્ઞી તથા રાજકુટુંબના બીજા કેટલાક જનો પણ આવ્યા છે તે સઘળાને મળી પોતે લીધેલા અનુભવનું બયાન આપવા નામદાર મહારાણીશ્રી સમક્ષ તેઓશ્રી ગયા

હિંદુસ્થાનની ઐતિહાસીક મુસાફરી આ પ્રમાણે પૂર્ણ થઈ. આ પ્રવાસથી નામદાર યુવરાજશ્રીના મન ઉપર હિન્દને વાસ્તે ઘણી સરસ અસર થઈ ઈગ્લાડનુ રાજ્ય કુટુબ હિન્દની રાંક પ્રજાના ગાઢા સંબધમા આવ્યુ ત્યાર પછી ઈગ્લાડના રાજ્યકુટુબ ઉપર જ્યારે જ્યારે કોઈ પણ આફત આવી પડે છે ત્યારે ત્યારે હિન્દના લોક પોતાનેજ માથે દુખ પડેલુ સમજે છે અને ઈંગ્લાંડનુ રાજ્યકુટુબ પણ હિં-ન્દના દુખને જોઈ દુ.ખી થાય છે તથા તે નીવારણ કરવા પોતાનો બનતો પ્રયત્ન કરે છે આ પ્રવાસની આ કાંઈ થોડી ઐતિહાસીક

અગત્યતા નથી. જતી વખતે લોકો તરફથી મળેલા માનનો વારંવાર ઈસારો કરી તેમણે હિન્દીવાનો પ્રત્યેનો પોતાનો પ્રેમ બતાવી આપ્યો હતો. રેલ્વે, દરીઆઈ માર્ગે તથા પગ રસ્તે મળી સવાચ્યાર મહીનાના ટુંક સમયમાં લગભગ ૧૦૦૦૦ માઈલ જેટલી મુસાફરી નામદારશ્રીએ કરી હતી. હિન્દ દેશ દુનિયાનું સંગ્રહસ્થાન છે અને તેને નિરખવામાં કાળ ખુટી જાય પણ તેની ખુબી હાથ આવે એમ નથી પરંતુ નામદાર યુવરાજશ્રીને તો તેમના દરજ્જાની રૂએ ખાસ પસંદ કરેલી જગ્યાઓ બતાવી દેશનો ખ્યાલ આપવામાં આવ્યો હતો પોતે વિચક્ષણ બુદ્ધિના હોવાથી બતાવવામાં આવેલી સઘળી વસ્તુઓનુ અવલોકન ઘણી સહેલાઈથી કરી શકતા અને તેનાથી ઉપજતા વિચારો હમેશ માટે તાજા રાખવા પ્રયત્ન કરતા. તેનો તાજો દાખલો તેઓશ્રીના રાજ્યાભિષેક વખતે મળ્યો હતો. એકાદ હિન્દી લશ્કરી સિપાહ રાજ્યાભિષેક વખતે લંડન ગયો હતો હિન્દી પોશાક પહેરી તે એક રસ્તા ઉપરથી પસાર થતો નામદારના જોવામાં આવ્યો. તુરતજ તે પઠાણુ પલટણનો છે એમ તેમના લક્ષમાં આવ્યુ. યુરોપ, આફ્રીકા અને અમેરિકાના પ્રવાસથી તેમને પુષ્કળ અનુભવ મળ્યો હતો અને તેનો સંગ્રહ તેઓશ્રીએ અલૌકિક શક્તિથી મગજમાં કરી રાખ્યો હતો તેઓશ્રીએ મેળવેલી પાછલી કેળવણી પણ હિન્દની મુસાફરીથી વધારે દૃઢ થઈ હતી વળી એ ઉપરાંત તેઓશ્રીને હિન્દમાં શિકારની સલેહગાહ ઘણી સરસ મળી હતી તેથી તેમને હિન્દ ઘણુ યાદ આવતું. અત્રેથી સ્વદેશ સીધાવતી વખતે પોતાની સાથે તેઓ ૫૦૦ શિકાર કરેલા પ્રાણી લેતા ગયા અને તેને ઉત્તમ મૃગયાના ફળ તરીકે ઈંગ્લાંડની પ્રજા સમક્ષ મુકયા.



હીંદમા નામદાર શહેનશાહ એડવર્ડ શીકારની શહેલગાએ.

પ્રકરણ ૬ ઠું.

યુવરાજ તરીકે ૫ા સદીનો અનુભવ.

"મારા અગાઉ થયેલા મહાપુરૂષોના સદ્‌વર્તનને અનુસરી તેમને પગલે ચાલવું એવી મારી ખરા અંતઃકરણથી ઈચ્છા છે. અને ઇશ્વરેચ્છાથી મારા ઉપર આવી પડેલી ફરજો હું અદા કરીશ." ૧૮૭૫મા યુવરાજ એડવર્ડ.

અંગ્રેજ પ્રજાનો મારા તરફ અવર્ણનીય પ્રેમ છે. હાલના માંગલિક પ્રસંગે રાજ્ય કુટુંબનો કોઇ છાનો શત્રુ હોય એમ હું માનતો નથી. મારી પ્રજા અને હું અન્યોન્ય ઉપર પૂર્ણ ભરોસો રાખીએ છીએ" ૧૯૦૨ માં શહેનશાહ એડવર્ડ.

હિન્દની મુસાફરી પછી તેઓ રાજયાસનપર બિરાજ્યા તેટલા સમયમાં ૨૫ વર્ષ વહી ગયાં. તે દરમ્યાન પોતાના અનુભવ તથા જ્ઞાનનો લાભ તેઓશ્રીએ આખા જગતને આપ્યો દિવસે દિવસે તેમની નવરાશ ઓછી થઈ અને ભારે જંજાળમાં પડવાનું થયું. ૨૫ વર્ષ દરમ્યાન કરેલાં સઘળાં કાર્યોનો ટુંક સંગ્રહ કરવાથી આપણને તેઓશ્રીના જીવનનો પૂર્ણ ખ્યાલ મળશે. દુનિયાના કર્તવ્ય પરાયણ મનુષ્યો આપણને તેમના જીવનથી કર્તવ્ય પરાયણ થતાં શીખવે છે તે નામદારની આ સમયની કારકિર્દિ ઉપરથી માલૂમ પડશે.

પિતાશ્રીની કેળવણીથી દયાની લાગણી તેઓને વારસામાં મળી હતી તેનો અમલ તેઓએ આધેડ વયમાં ઘણી સરસ રીતે કર્યો. ઈ. સ. ૧૮૭૬ માં નોરફોકના દવાખાનાને સારા પાયા ઉપર મુકવા એક સભા મળી હતી, તેમાં તેઓએ એક ઉત્તમ ભાષણ કરી શ્રોતાજનોમાં દયાની ભારે લાગણી ઉશ્કેરી. પરિણામે ૩૫૦૦૦ પૌન્ડની બાદશાહી રકમ થોડા દિવસમાંજ ભરાઇ ગઇ. દવાખાનાને લગતા દરેક કામોમાં નામદાર યુવરાજ કદી હાજરી આપવાનું ચુકતા નહિ. ચેરીંગક્રોસની મોટી દવાશાળામાં પણ એક ભાગ

ખુલ્લો મુકતી વખતે તેઓશ્રીએ અસરકારક ભાષણ કર્યું હતુ ના-મદારશ્રીના હાથે આ કામ શરૂ થયલુ હોવાથી ઘણાજ ટુક વખતમા તે દવાશાળાની પણ ઘણી અભિવૃદ્ધિ થઈ, અને હાલમા ઘણા ગરીબના દુ ખ ઓછા કરવાનુ કામ, આ સસ્થા તરફથી ઘણીજ તારીફ લાયક રીતે કરવામા આવે છે નામદાર યુવરાજને સાધારણ રીતે દવાશાળાની ઉન્નતિ વાસ્તે એટલી બધી ઈતેજારી રહેતી કે ઈગ્લાડની હાલની ઘણી ખરી દવાશાળાઓ એમનુ મુરબ્બીપણુ મેળવવા ભાગ્યશાળી થઈ છે તેઓશ્રીના ગાદી-નશીન થયા બાદ પણ "રાજા એડવર્ડની દવાશાળા" એ નામની એક ઈસ્પીટાલ ઈગ્લાડમા મોટા પાયાપર ખોલવામા આવી હતી. આપણા દેશમાં પણ તેમના સ્વર્ગવાસ પછી તેમના સ્મરણાર્થે દવાશાળાઓજ ખોલવાનો વિચાર ચાલે છે

મનુષ્ય જાતિને મદિરા અહિતકર હોવાથી અર્વાચીન કાળમા તેને અટકાવવા "મદિરા પાન નિષેધક" મડળો આપણા દેશમાં જોવામા આવે છે તે સઘળાનુ મૂળ ઈગ્લાડમાજ છે નામદાર યુવ-રાજશ્રી લાબા વખત સુધી આવા પ્રકારની સસ્થાના મુરબ્બી હતા સને ૧૮૭૯મા એક વિચિત્ર બનાવ બન્યો લડન શહેરમા મદિરા વિક્રય કરનારાઓની એક સસ્થા છે તેની જુબીલીના ઉત્સવ પ્રસગે નામદાર યુવરાજને પ્રમુખપદે બીરાજવાનુ નિમત્રણ થયુ હતુ મદિ-રાપાન નિષેધક મડળો તરફથી આ માન સ્વીકારવા સામે ભારે પોકાર ઉઠાવવામા આવ્યો અને કેટલાક મડળોના સભાસદોએ યુવરાજશ્રીને જાતોજાત વિનતી કરી કે આપે એ સમારભનુ પ્રમુ-ખસ્થાન લેવુ ઉચિત નથી યુવરાજશ્રી અપ્રાસગિક સભાષણ કરતા નહોતા તેનો એક દાખલો તે સમયે મળ્યો. પ્રમુખસ્થાને બિરાજવા સામે દેશમા આટલો બધો કોલાહલ થઈ રહ્યો તેની પ્રથમ બિલકુલ દરકાર કર્યા વગર પ્રસગ આવ્યો ત્યારે તેઓશ્રીએ પોતાના વિચાર

દર્શાવી દીધા તેઓએ જણાવ્યુ કે "મારી ઇચ્છા કાઇ મદિરાને ઉત્તેજન આપવાની નથી પરતુ મદીરાપાન વિક્રય કરનારાઓની સભાની કેટલીક સખાવતો છે તે બાબત તેમને ધન્યવાદ આપવા મે એ સભાનુ પ્રમુખસ્થાન સ્વીકાર્યું છે" આ મુજબ નામદારશ્રી તરફથી જવાબ મળ્યો ત્યારે સઘળે શાન્તિ પ્રસરી

૧૮૭૮ ની સાલમા યુવરાજની પ્રવૃત્તિ અનેક દિશામા હતી. માનવત પિતાશ્રીની કેળવણીથી તેમના સુપુત્રને હુન્નર ઉદ્યોગ તરફ ઘણો પ્રેમ છે એવુ સર્વત્ર જાણીતુ થઇ ગયુ હતુ તેથી પારિસમા પ્રદર્શન ભરાવાનુ હતુ તે સમયે સત્તાવાળાઓ તરફથી તેઓશ્રીને નિમત્રણ કરવામા આવ્યુ ખાસ આગ્રહથીજ નામદારશ્રીએ આમત્રણ સ્વીકાર્યું અને પ્રદર્શનના આગ્લવિભાગનુ મુરબ્બીપણુ માથે લઈ લીધુ પોતાનુ કાર્ય તેઓએ એવી તો ઉત્તમ રીતે બજાવ્યુ કે નિષ્પક્ષપાતી પ્રેક્ષકોએ અભિપ્રાય દર્શાવ્યો કે નામદારશ્રીનો વિભાગ અત્યુત્તમ હતો

આવતા બે વર્ષ નામદાર યુવરાજશ્રીને ગમગીનીમા ગાળવાનાં હતા ૧૮૭૮ના પાછલા ભાગમા પોતાના જ્યેષ્ઠ પુત્ર રાજ્ય કુટુબના કાળ ચક્ર રૂપી ટાઇફોઇડ નામના ઝેરી તાવથી પટકાઈ પડયા પણ થોડી ચિતા પછી તેઓશ્રી બધાના આનદ વચ્ચે સારા થઈ ગયા. તેજ વર્ષમા બીજો એક ઘણોજ ખેદકારક બનાવ બન્યો રાજ્યકુટુબમા માનીતા થઈ પડેલા પોતાના નાના ભગિની શાહજાદી એલીશ પોતાને સાસરે જર્મનીમા ગુજરી ગયા આ ઉભયકુળનદિની રાજ્યવશી બાઈ ઘણા ભલા અને સાદા હતા પિતાના મૃત્યુ સમયે તથા ભ્રાતાની માદગી સમયે માતુશ્રી તથા ભોજાઈ સાથે સારવાર કરનારા તેઓજ હતા જર્મનીમા આવેલા ડાર્મસ્ટેટ નામના શહેરમા તેમની દફન ક્રિયા કરવામાં આવી, તેમા નામદાર યુવરાજશ્રીએ મુખ્ય ભાગ લીધો હતો. શબ પછાડી ગમગીન ચહેરે ચાલતા યુવરાજ

શોકમાં ઘણાજ ગરકાવ થયેલા જણાતા હતા આ ત્રાસદાયક બનાવને એક વર્ષ પુરૂ થયું નહતુ એટલામા વળી પાછુ વાદળ ઘેરાઇ તુટી પડયુ પોતાના મિત્ર જર્મનીના પ્રિન્સ ઇસ્પીરીઅલ ક્રિશ્ચિઅન જેમણે આફ્રીકાના ઝુલુ લોકો સાથેના વિગ્રહમા ઇંગ્લાડને ખાસ મદદ કરી હતી, તે તેજ લોકની સાથેની લડાઇમાં પોતાની ફરજ બજાવતાં મૃત્યુવશ થયા ઇ સ ૧૮૮૩ની સાલમા આ શાહજાદાનુ પુતળુ વુલિચનગરમા ખુલ્લુ મૂકતા નામદાર યુવરાજનુ હૈયુ પુષ્કળ ભરાઈ આવ્યુ હતુ દુનિયામા સગા વહાલાઓ સાથે કેવા ગાઢા સ્નેહમા તેઓશ્રી રહેતા તેનુ એક આ ખાસ દૃષ્ટાંન્ત છે

ઇગ્લાડના છત્ર નીચે સ્વરાજ્ય ભોગવતા સસ્થાનો સમસ્ત બ્રિટીશ સામ્રાજયના ઘણા કામોમા દરેક વખત સારી મદદ આપે છે સસ્થાનોનુ હિત કેવી રીતે જાળવવુ, અને માતૃભૂમિ સાથેનો સબધ કેવી રીતે ચાલુ રાખવો, તે વિષેના સવાલ હાલના રાજ્યનીતિનિપૂણોને ઘણો કઠણ થઇ પડયો છે નામદારશ્રી એ બાબતની રાજ્યનીતિ સપૂર્ણ રીતે સમજતા તેઓશ્રીએ લડનમા સસ્થાનિકોના પ્રતિનિધિની સભા મળી હતી તેમા પોતાના ચાતુર્યનો ઉપયોગ કર્યો હતો આ સમયે તેઓશ્રી એક છટાદાર ભાપણ કરી ઉત્તમ કુનેહબાજીથી બોલ્યા કે “ આ સમારભ ફકત પહેલ વહેલો છે અને ભવિષ્યમા એ મોટુ રૂપ લેશે એવી મારી સપૂર્ણ ખાત્રી છે. આપણા દેશની ઉન્નતિ માટે સસ્થાનો ઘણાજ જરૂરના છે કારણ કે આપણામાના સહાસિક નરોનો વાસ ત્યા ઘણી સારી રીતે થઇ શકે એમ છે સસ્થાનોમા એક મોટી ખુબી છે તેઓ હુન્નર ઉદ્યોગમા વધારો કરી આપણી જીદગીને ઉત્તમ બનાવવા પ્રયત્ન કરે છે સસ્થાનો સાથેનો સબધ ગાઢો થાય તથા તેમની ઉન્નતિ વધુ થાય એમ કરવા આપણો સતત્ પ્રયત્ન હોવો જોઇએ” યુવરાજશ્રી બોલી રહ્યા પછી સઘળા પરોણાઓએ તેમની કુનેહ તથા વાક્ચાતુર્યના

ઘણાંજ વખાણ કર્યા અને તેઓને તાળીઓથી વધાવીલીધા. પોતાના વિચાર આવી સરસ રીતે ત્યાં બેઠેલાઓના મનમાં ઠસેલા જોઈ યુવરાજશ્રીએ મ દ હાસ્ય તથા નમન કરી પોતાની બેઠક લીધી

વૈદક શાસ્ત્રને લગતા કાર્યોમા યુવરાજશ્રી ઘણુ ધ્યાન આપતા. ઇંગ્લાડમાં એક વેળા યુરોપના સઘળા દાકતરોની ૧૮૮૧ ની સાલમા મળેલી સભામા પ્રમુખસ્થાને પોતે બીરાજ્યા, અને તે શિવાય પૈસાની પણ કેટલીક મદદ આપી પ્રમુખ તરીકે તેઓશ્રીએ ઘણુ યાદગાર ભાષણ કર્યુ હતુ તેમા જણાવ્યુ કે "વૈદક શાસ્ત્રના જ્ઞાનમા કઇ પણ વધારો થાય, એ મનુષ્ય માત્રના સુખને વાસ્તે છે એમ ગણવુ જોઇએ"

આજ સાલમા યુવરાજના ત્રણ મિત્રો દેવલોક પામ્યા, તેથી તેઓને ઘણીજ દીલગીરી થઈ ધર્મક્ષેત્રના પ્રવાસ પછી ડીનસ્ટેનલી ધર્મની બાબતોમા નામદાર યુવરાજના ખાસ સલાહકાર હતા તે વૃદ્ધાવસ્થાને લીધે આ સાલમાં ગુજરી ગયા આવા વૃદ્ધ અને ધર્મ ચુસ્ત સલાહકારની ખોટ પુરી પડે તેમ નહતુ તેથી તેમના ગાઢા પરિચયને લીધે નામદાર યુવરાજને ઘણો શોક થયો આ શોકજનક બનાવ પછી થોડાક વખતમાજ યુવરાજશ્રીના નજદીકના સગા રૂશિયાના ઝાર ત્રીજા અલેકઝાન્ડર હક થયા નામદાર ઝાર એક મહાન્ કુશળ રાજ્યનીતિજ્ઞ અને ઘણા બાહોશ રાજ્યકર્ત્તા હતા. તેમની હયાતી દરમ્યાન ઇગ્લાડ અને રૂશિઆ વચ્ચે સ્નેહ ઠીક જળવાઇ રહયો હતો આ ઉપરાત ઇગ્લાડના પ્રખ્યાત રાજ્યદ્વારી મી. ડિઝરાયલી ઉર્ફે લોર્ડ બીકન્સફીલ્ડ પણ ગુજરી ગયા આ મહાન્ પુરૂષ નામદાર યુવરાજશ્રીને વખતો વખત રાજકારોબારમા ઉત્તમ સલાહ આપતા આજ વર્ષમાં શહેરના મેનસન હાઉસ નામના એક ઐતિહાસીક મકાનમાં ઘાતકી અને અમાનુષી ગુલામોનો વ્હેપાર બધ કર્યાને ૫૦ વર્ષ થયાની જુબિલી ઉજવવા એક ગ જાવર સભા

મળી હતી નામદાર યુવરાજશ્રીએ તેમાં હાજરી આપી સમયાનુસાર ભાષણ કરી, ગુલામોનો વ્હેપાર બધ કરવામા આવ્યો તેનુ સઘળું વર્ણન ઘણીજ છટાથી શ્રોતાજનોને સભળાવ્યુ અને પોતે સ્વતત્રતાને કેટલા ચાહનાર છે તે દેખાડી આપ્યું.

નામદારશ્રીને વિવિધ પ્રકારના વિષયો ઉપર ધ્યાન આપવાનુ હતુ એટલે તેમને ફુરસદે બેસવાનો પ્રસગ ભાગ્યેજ આવતો યુરોપમા માછી લોકોનો ધધો કેટલાક ભાગમા મોટા પાયા ઉપર ચાલે છે અને તેને અન્ય વાણિજ્યની માફક ઉત્તરોત્તર ઉત્તમ બનાવવા ઘણી સસ્થાઓ હોય છે આવી એક સસ્થાને લગતા એક પ્રદર્શનમા ઈ સ ૧૮૮૩મા નામદારશ્રીને નિમત્રણ કરવામા આવ્યુ તેઓની હાજરીથી લગભગ સવા બે લાખ રૂપીઆ જેટલો ફાયદો પ્રદર્શનમાથી પડયો, અને તેનો નામદારશ્રીના વિચાર પ્રમાણે નિરાધાર માછી કુટુબોના ઉદ્ધાર માટે ઉપયોગ થયો

વળી આ સમયમા મિસર દેશમા એક મહાન વિગ્રહ શરૂ થયો નામદારશ્રી એક અચ્છા લડવૈયા હોવાથી વિગ્રહને લગતી ઘણી બાબતમા ઘણી દિલજારીથી ભાગ લેતા આ વિગ્રહમા ઇતિહાસમા જાણીતા થયેલા ઇગ્લાડના સેનાધિપતિ લોર્ડ ગોર્ડન મુખ્ય સરદાર હતા જ્યારે તેઓના લડાઈમા માર્યા જવાના તથા ખારટુમ પડયાના સમાચાર નામદારશ્રીને મળ્યા, ત્યારે તેઓશ્રીને ઇગ્લાડના કોઈપણ માણસ કરતા વધુ દિલગીરી પેદા થઈ જનરલ ગોર્ડન એક ઘણોજ બહાદુર યોધ્ધો હતો. તેણે પોતાના બાહુ અને મનોબળથી દેશને અનેક લાભો કર્યા હતા તે ઉપરાત યુવરાજશ્રીનો તે ખાસ મિત્ર અને અગત સલાહકાર હતો થોડાક સમય પછી આ યોદ્ધાની યાદગીરી જાળવી રાખવા માટે એક સભા મળી તેમાં નામદાર યુવરાજશ્રીએ નીચે મુજબ ભાષણ કર્યું હતુ. “ સરદારની કારકીર્દી યોદ્ધા તરીકે, સખી નર તરીકે તથા ધાર્મિક ખ્રિસ્તી તરિકે ઇતિહા-

સમાં હમેશને માટે જળવાઈ રહેશે ઘણા જનોની ઇચ્છા હશે કે તેમનું એક સુંદર બાવલુ અથવા તો એક સ્મરણસ્થંભ ઉભો કરવો પરંતુ હુ તે સરદાર સાથેની ગાઢી મિત્રાચારીથી તેના સ્વભાવ વિષે એટલુંજ કહીશ કે તે જો જીવતા હોત તો કદી આવો આડંબર પસંદ કરતે નહિ તેઓ ઘણાજ સાદા હતા અને હર વખત એમ ઇચ્છતા કે મારૂં નામ જનસમૂહમાં આવવું જોઇએજ નહિ પરંતુ એમના કાર્યોએ એમનું નામ ઇંગ્લાંડના કોઈ પણ યોદ્ધા કરતા વધારે સારી રીતે જાહેરમા આણ્યું છે "

દરેક મોટા શહેરોમા ગરીબોને સારી અને સસ્તી જગ્યા મેળવવી મુશ્કેલ પડે છે તેનો તાજો દાખલો આપણા દેશમા મુંબાઈ, કલકત્તા ઇત્યાદિક મોટા શહેરોમા જોવામા આવે છે ઈ સ ૧૮૮૪ ની સાલમા લંડનમા પણ ગરીબોને રહેવા માટે સસ્તી અને સારી જગ્યાનો વિચાર કરવા માટે સરકાર તરફથી એક મંડળી નીમાઈ હતી તેનું પ્રમુખસ્થાન નામદાર યુવરાજશ્રીને આપવામા આવ્યુ હતુ તેઓશ્રી ગરીબોના બેલી કહેવાતા, તેથી આ ફરજ ઉઠાવી લે એ સ્વાભાવિકજ હતુ પરંતુ તે ઉપરાત આ યોજનાને લગતી કેટલીક બારીક બાબતોમાં ઘણુ ધ્યાન આપતા. કેટલાક રાજ્યક્રિય કારણોસર નામદાર યુવરાજશ્રીને પાછળથી તેનુ પ્રમુખપણુ મુકી દેવુ પડયુ પરંતુ તેઓશ્રી બનતી મદદ ખાનગી રીતે આપવા કદી ચૂકતા નહિ ગરીબો તરફ તેઓ કેટલી દયાની લાગણીથી જોતા એ નામદારશ્રીના ઉમરાવોની સભામા કરેલા એક ભાષણ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે તેઓ ઈ સ ૧૮૮૮ ની સાલમા જણાવે છે કે " આ મોટા સવાલમા હુ ઘણો ભાગ લઉ છું. ગરીબો માટે રહેવાની યોજનાઓનો સવાલ મને કાંઈ અજાણ્યો નથી નોરફોક પરગણામા આવેલા સેન્ડ્રીગહામના મારા મહેલમાં મેં મારે હાથેજ ગરીબ નોકરો માટે રહેવાની યોજના કરી છે હું

જે વખતે સેન્ડ્રીંગહામના મહેલમાં રહેવા ગયો તે વખતે તેઓના રહેઠાણનુ કાઇ ઠેકાણુ જ નહોતુ. અને હવે તો ત્યાં એક માણસ એવો નથી જે એમ કહે કે મને રહેઠાણથી યોગ્ય ગોઠવણ નથી. થોડા દિવસ ઉપર હુ સેન્ટ પાન ક્રોસ તથા ઓલબર્નના પરગણામાં ફરવા ગયો હતો હે મારા ઉમરાવો, મે ગરીબોની સ્થિતિ આપણને શરમાવે એવી ત્યા જોઈ અને તેથી હુ આશા રાખુ છુ જે ઘણી ત્વરાથી યોગ્ય પગલા લઈ, લોકના નિવાસસ્થાન સુધારવા ઉપરાંત તેમની સ્થિતિ પણ સારી કરવા માટે સરકાર તરફથી લક્ષ આપવામા આવશે

યુવરાજશ્રોની ખોટી ખુશામત કર્યા વગર આપણે જણાવીશું કે નામદારશ્રી ઘણા નિડર માણસ હતા આયર્લાંડમાઈ સ ૧૮૮૨ મા જે મોટો બગ જાગી રહ્યો હતો તે કોઇની જાણ બહાર ભાગ્યેજ હશે લોર્ડ ફ્રેડરીક કેવેન્ડીશ તથા મુખ્ય સેક્રેટરી મિ૰ બર્કના ખૂન થયાથી અગ્રેજ રાયજનીતિનિપુણોને આયર્લાંડ વાસ્તે તે વખતમા ઘણી ચિતા રહેતી તેવા સમયમા યુવરાજશ્રીએ યુવરાજ્ઞી તથા પોતાના જ્યેષ્ઠ પુત્ર પ્રિન્સ આલબર્ટ વિકટર સાથે આયર્લાંડ જવાનો વિચાર કર્યો પ્રથમ તો પોતાના મિત્રો અને હિતચિતકોએ આ જોખમકારક પગલુ લેવા સલાહ ન આપી વળી તે ઉપરાત આયર્લાંડમા પણ નામદારશ્રી ત્યા પધારે તેની સામે મોટો પોકાર ઉઠી રહ્યો આ કશાથી ડર્યા વગર યુવરાજશ્રીએ નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય તોપણ આયર્લાંડમાં જવુ, અને દેશની સ્થિતિ જાતે જોઈ આવવી. યુવરાજશ્રીને આયર્લાંડ કેટલુ પ્રિય હતુ, તે આપણે તેઓશ્રીની આગળની ત્રણ ચાર મુસાફરીમાં જોયુ છે તેમનો તે દેશ તરફ અધિક પ્રેમ તેમના આ દઢ વિચારથી હાલ એકદમ જણાઈ આવે છે યુવરાજશ્રી જવાને તૈયાર તો થયા કાર્યમા ઘણા વિઘ્નો આવી પડશે એમ જાતે જાણતા હતા પણ વિઘ્ન એ મનુષ્યની હિંમતની કસોટી



નામદાર શહેનશાહ બાનુ મહારાણી મેરી.

છે એમ સમજી તેઓશ્રી આયર્લાંડના પ્રવાસે ઉપડી ગયા. ડબ્લિન ઈત્યાદી મોટા શહેરોમાં તો યુવરાજશ્રીને કાંઇ અડચણ નડી નહી અને લોકો સબંધી જે હકીકત જાણવી હતી તે જાણી લીધી. પરંતુ કોઈ શહેરમાં તેઓ નામદારને કેટલોક કડવો અનુભવ થયો. પ્રજા વર્ગમાં કેટલોક ભાગ તો યુવરાજશ્રીને આદર સત્કાર કરવાને તૈયાર હતો પરંતુ કેટલાક ઉચ્છૃખલ વર્ગ તરફથી નામદારની સહિ-સલામતી જોખમમા નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરિણામે પોલીસ અને જનવર્ગ વચ્ચે ઝપાઝપી થઇ યુવરાજને આવા બનાવ જોવાનો ઘણોજ કંટાળો હતો, તેથી પ્રવાસ ત્યાજ પૂર્ણ કરી ઈંગ્લાંડ પાછા ફર્યા

૧૮૮૬ની સાલમાં યુવરાજશ્રીને સંસ્થાનિક અને હિન્દી પ્રદ-ર્શનમાં મુખ્ય ભાગ લેવાનો હતો પ્રદર્શનની જગ્યા મુકરર થઇ ત્યારથી માંડીને તે પ્રદર્શન સંપૂર્ણ થયુ ત્યા સુધીની સઘળી જુમ્મે-દારી નામદારશ્રીએ ઉઠાવી લીધી હતી પ્રદર્શનમા હિન્દી કારીગીરીની વસ્તુઓ જોઈ દશ વર્ષ ઉપર પોતે નજરે જોયેલા નમુના દૃષ્ટિભૂત થયા જેથી તેઓ પાછા સ્મરણ શક્તિમાં તાજા થયા

નામદાર માહારાણીશ્રી વિકટોરીઆની હવે વૃદ્ધાવસ્થા થવા આવી હતી એટલે દિવસે દિવસે રાજ્ય કારોબારનો બોજો યુવરા-જશ્રીને શિર પડવા લાગ્યો પોતાની ફરજ સમજી નામદારશ્રી સઘળા કામો ઘણા ઉત્સાહથી ઉપાડી લેતા કોઈ પુલ ખોલવાની કે કોઈ સંસ્થાનો પાયો નાંખવાની કે કોઈ બાવલુ ખુલ્લુ મુકવાની ક્રિયા નામદાર મહારાણીને બદલે યુવરાજશ્રીને કરવી પડતી તેથી જરા પણ વિશ્રામ મળતો નહતો વિવિધ પ્રકારની જુદી જુદી બાબતોમાં નામદાર કેવું ધ્યાન આપતા તે આપણે પાછલા પ્રકરણોમાં વાંચી ગયા છીએ. વિવિધ પ્રકારના અનુભવથી નામદારશ્રી દરેક બાબતથી માહિતગાર થયા હતા તેનો પુરાવો ઇજિનેરની એક સભા સન્મુખ

નામદારશ્રીએ આપેલા ભાષણ ઉપરથી માલૂમ પડે છે હરેક વિષય ઉપર ઘણો ઉત્તમ કાબુ તેઓશ્રીએ મેળવેલો હોવાથી હવે પછીના નામદારશ્રીના ભાષણો ઘણાં ટુંકા પણ પુષ્કળ રહસ્યવાળા હતા ઇજિનેરોની તારીફ કરતી વખતે નામદારે તેઓના સઘળા બાધકામોનું લાંબુ વર્ણન કરવાને બદલે એમ જણાવ્યુ કે "તમારા વગર અને તમારી વિદ્યા વગર આ જગતની સ્થિતિ હાલ છે તેવી હોત નહિ એમ મારૂ માનવુ છે" આ ટુકા વાકયને ઈગ્લાડના ઇજનેરો પોતાનું યથેચ્છ પ્રમાણપત્ર માનતા

ઈ સ ૧૮૮૭ની સાલ ઘણી જાણીતી છે યુવરાજશ્રીને તે વખત સુધી મળેલો સઘળો અનુભવ જગતને દર્શાવવાનો પ્રસગ આ સાલમા મળવાનો હતો નામદાર સદ્વર્તનશાળી મહારાણી વિકટોરીઆને બ્રિટિશ સામ્રાજયની ગાદીએ આવે આ વર્ષમા પચાસ વર્ષ પુરા થયા તેની જુબિલી ઘણીજ ધામધુમથી આખા રાજ્યમા ઉજવવામા આવી આ મહાન્ પ્રસગે સઘળી ગોઠવણની જોખમદારી નામદાર યુવરાજશ્રીને શીર હતી પરદેશથી આવતા સઘળા પરોણાઓની મેહેમાનગીરીથી માડી આ મહાન્ ખુશાલીના અવસરને લગતા મેળાવડાઓમા ટીકીટોની યોજના કરવા સુદ્ધાતનુ સઘળુ કાર્ય તેઓશ્રીની દેખરેખ નીચે થતુ પોતાની જોખમદારીનુ કામ તેઓએ ઘણી કુનેહથી બજાવ્યુ તેનો પુરાવો આ મહોત્સવ સપૂર્ણ રીતે ફતેહમદ થયો તેજ હતો મહારાણીશ્રીએ પણ પ્રિય પુત્રની કાર્યશક્તિને ધન્યવાદ આપી આશીર્વાદ આપ્યા યુવરાજશ્રીને હાથે ઈલ્કાબો વહેચવાના મેલાવડા, શહેરમા કરવાની રોશની, ગરીબોને આપવાની સખાવત, તથા પ્રતિષ્ટિત ગૃહસ્થોની યોગ્ય પરોણાગત, એ ખાસ કરીને યોજવામા આવ્યા હતા

નામદાર મહારાણીશ્રીને પણ પચાસ વર્ષના રાજ્ય ભોગવ્યાના મહોત્સવથી જેટલો આનદ થયો તેના કરતા પણ વધુ ઉલ્હાસ

એજ સાલમાં યુવરાજના લગ્નને પચીસ વર્ષ થયાં તેના મહોત્સવને ઉજવતી વખત થયો હતો. નિર્મળ દામ્પત્યથી ઉદ્ભવતા ઉત્તરોત્તર વૃદ્ધિ થતા પ્રેમને બાહ્યરૂપ આપનાર આ મહોત્સવમા એક અચાનક વિઘ્ન આવી પડયુ નામદાર મહારાણીશ્રીના વેવાઇ જર્મનીના શહેનશાહ પહેલા વિલીયમ અતિ વૃદ્ધ વયે ગુજરી ગયા આ બનાવથી કેટલોક સમય સમારભ બધ રાખવામા આવ્યો શોકની મુદતમાજ ખાનગી રીતે ઉત્સવ ઉજવવામા આવ્યો તેમા પ્રજાજનો વિગેરે તરફથી પુષ્કળ અભિનદન પત્રો મળ્યા, અને માર્લબરોના મહેલમા પુત્ર તથા પુત્રવધૂને આશીર્વાદ આપવા નામદાર મહારાણીશ્રી પણ પધાર્યા હતાં યુવરાજશ્રી ફ્રીમેશન મડળના મુખ્ય અધ્યાપક હતા આ મડળનો ઉદ્દેશ જનસમાજમા અન્યોન્ય પ્રત્યે ભ્રાતૃભાવ વધારવાનો છે પોતાના મુરબ્બીને આ ઉત્સવના પ્રસગે એક ઉત્તમ ભેટ આપવા ફ્રીમેશન મડળે ઠરાવ કર્યો અને તે મુજબ યુવરાજ્ઞીશ્રીને ૩૦૦૮૦ રૂપીઆની કીમતનુ ઉમદા હીરાનુ પતગીયુ ભેટ આપ્યું, આ વિચીત્ર ભેટ તે નામદાર ઘણીજ સભાળથી હજુ સુધી જાળવી રાખે છે

આ મહોત્સવ પછી થોડા વખત સુધી કાંઈ ખાસ જાણવા જોગ બનાવો બન્યા નહતા પોતાની પ્રિય પુત્રી શાહજાદી લુઇસિના લગ્ન ડયુક ઓફ ફાઇફ સાથે આ સાલમા કરવામા આવ્યા પોતાના ફરજદનુ આ પ્રથમ લગ્ન હોવાથી સ્વભાવિક રીતે નામદાર યુવરાજ્ઞીને ઘણોજ ઉલ્હાસ થયો

ઇ સ ૧૮૮૯ માં ફૅાર્થ નદી ઉપરનો પુલ ખુલ્લો મુકવાની ક્રિયા નામદારશ્રીને હસ્તે કરવામા આવી હતી આજ વર્ષમા હાલના શહેનશાહ નામદાર જયોર્જ જેઓ તે વખતે બાળવયના હતા તેમની સાથે જર્મનીની સહેલગાહે તેઓ પધાર્યા મુસાફરી દરમ્યાન બર્લિન શહેરમાં “ બ્લેક ઓરડર ઓફ ઇગલ ” નામનો જર્મન દેશનો

ઉચો ઈલ્કાબ જર્મન શહેનશાહ તરફથી નામદારશ્રીને બક્ષવામાં આવ્યો હતો.

ઇ. સ ૧૮૯૦ પછીનો ઘણો સમય યુવરાજશ્રીએ ગૃહકાર્યોમાં પસાર કીધો થોડાક વખતમાં પોતાની પુત્રી પ્રિન્સેસ લુઇસે એક પુત્રીનો જન્મ આપ્યો રાજદ્વારી નિયમો મુજબ, એમ સવાલ થયો કે બાળકને યુવરાજશ્રીની દૈહિત્રી તરીકે રાજ્યવંશી વર્ગની ગણવી કે ડયુક ઓફ ફાઇફની પુત્રી તરીકે ઉમરાવજાદી ગણવી યુવરાજશ્રી ઘણા સાદા અને બહોળા વિચારવાળા હોવાને લીધે, પોતાની પુત્રી, જમાતા, માતુશ્રી, પત્ની વિગેરેની સલાહ લઇ, બાલકને ઉમરાવજાદી તરીકે ગણાવવાનો ઠરાવ કર્યો

ઈ સ ૧૮૯૧ મા નામદાર એડવર્ડ રાજાને ૫૦મુ વર્ષ બેઠુ. આજ સાલમા રાજ્ય કુટુબ ઉપર વળી દુ ખનુ વાદળ ઘેરાઇ આવ્યુ. ડીસેમ્બર માસમા આપણા હાલના શહેનશાહ એટલે તે સમયના શાહજાદા જોર્જ સેન્ડ્રીંગહામના મહેલમા એકાએક માદા પડી ગયા. તેઓશ્રીને તાવની બીમારી લાગુ પડી હતી તાવ ઘણો હઠીલો અને ઝેરી હોવાથી રાજ્ય કુટુબ તથા પ્રજાજનોમા ભારે ફિકર ફેલાઈ રહી પરતુ પરમ કૃપાળુ ઇશ્વરે સઘળાની ખરા જીગરની પ્રાર્થના સાભળી ધીમે ધીમે તેમને આરામ આપવા માડયો આ ભાગે ચિન્તામાથી દુર થવાને થોડો વખત તો થયો નહિ એટલામા નામદાર શ્રીના જ્યેષ્ઠ પુત્ર પ્રિન્સ આલબર્ટ વિકટર જેઓ હિન્દની મુસાફરીએથી થોડાજ વખત ઉપર પાછા ફર્યા હતા તેઓને નાતાલના દિવસોમા એકાએક તાવ આવ્યો માતાપિતાએ યોગ્ય દાકતરોની સલાહ લીધી અને જ્યારે તેઓએ જાણ્યુ કે શાહજાદાને ટાઇફોઇડ નામનો દુષ્ટ જ્વર લાગુ પડયો છે ત્યારે તેમનો સમસ્ત રાજ્ય કુટુબનો અને અન્ય પ્રજાજનોની દિલગીરીનો પાર રહ્યો નહિ હોશિઆરમા હોશિઆર દાકતરોની સારવાર તળે નામદાર શાહજાદાને મૂકવામાં

આવ્યા અને તેમની જીદગી બચાવવા બનતા દરેક પ્રયત્નો કર્યા પરંતુ છેવટે માતાપિતા, ભાઈ ભાડુ, વૃદ્ધ પિતામહી, સગાસ્નેહી અને પ્રજાજનોને વિલાપ કરતા મુકી નામદાર શાહજાદાએ આ ફાની દુનીઆનો ત્યાગ કરી પોતાનો પ્રાણ જગનિયતાની સેવામા અર્પણ કર્યો સર્વ સ્થળે હાહાકાર થઈ રહયો નામદાર યુવરાજશ્રીને તથા તેમના પત્નીને ઘણોજ કારી ઘા લાગ્યો જે કાળ જતાં પણ રૂઝાયો નહિ થોડોક સમય તેમના મગજની સ્થિતિ પણ નબળી પડી ગઈ અને સસાર નીરસ લાગવા માડયો સુશીલ પુત્રના કફનની પાછળ છેવટની અજલિ આપવા શોકથી ચાલતા પિતાને જોઈ પ્રજાજનો ચોધાર આંશુ પાડતા અને તેમની રાજ્ય કુટુબ તરફની અવર્ણનિય લાગણી બતાવતા નામદાર એડવર્ડશ્રીને પુત્ર શોક કેટલો લાગ્યો હતો તે તેમના પરમ મિત્ર ધર્મગુરૂ ડા બેન્સન ઉપર લખેલા પત્રથી જણાઈ આવે છે નામદારશ્રી જણાવે છે કે શાહજાદાની ઉમ્મર અઠ્ઠાવીસ વર્ષની હતી અને થોડાજ વખત પછી એક ભલી બાઈ સાથે તેના લગ્ન થવાના હતા જેથી તેને પોતાની જીદગી સફળ અને સુખી કરવાનો પ્રસંગ મળવાનો હતો. કિરતારના કાર્ય આપણે જાણી શકતા નથી એટલે તે સબધમા કાંઈ પણ વૃથા શોક કરવો નહિ જોઇએ કારણ જે કાઈ તે કરે છે તે સારા સારૂજ કરે છે આ જગતમા સુખ, દુખ, મોહ, માયા, અને અનેક લાલચોના ચક્રાવામા જો તે પડયો હોત તો હાલ તે ઇશ્વરના ધામમાં સુખી છે તેટલો નહોત અમને અમારા મિત્રો તરફથીજ નહિ પરતુ સઘળા વર્ગ તરફથી જે દિલસોજી મળી છે તેથી મને અને મારી પત્નીને ઘણીજ આસાયશ મળી છે. ઇશ્વરેચ્છા બળવાન છે. શાહજાદાના મૃત્યુ પછી કેટલોક વખત રાજ્ય કુટુબે શોક પાળ્યો હતો

યુવરાજશ્રીને ઈ સ ૧૮૯૬ માં વેલ્સમાં આવેલી કારનારવનના

વિશ્વવિદ્યાલયમાં ચાન્સેલર તરીકે નીમાવાનુ માન મળ્યુ હતું ૧૮૯૭ ની સાલ યુવરાજશ્રીના જીવનમાં ઘણીજ પ્રવૃત્તિવાળી હતી ઇંગ્લાંડના રાજાઓની લાબી યાદીમા લાબામા લાબુ ૬૦ વર્ષનુ સામ્રાજ્ય ભોગવવા તે સાલમાં મહારાણીશ્રી ભાગ્યશાળી થયા હતા અને તે માંગલીક પ્રસગને ઉજવવા મહોત્સવ જુબિલી કરવાની તૈયારીઓ થઇ રહી હતી ૧૮૮૭ ની જુબિલીમા યુવરાજશ્રીએ ઘણીજ કુનેહથી કામ કર્યું હતુ તેથી આ સમયે પણ સઘળો કાર્યભાર યુવરાજશ્રીના ઉપરજ મુકવામાં આવ્યો માનનીય માતુશ્રીની સેવા ઉઠાવવારૂપી આ કાર્ય કરવામા યુવરાજશ્રીએ કાંઇ પણ બાકી રાખ્યુ નહિ ભાગ્યની પરિસીમાએ પહોચેલા મહારાણીશ્રીએ પણ પોતાના રાજ્યમા આ માગલીક પ્રસગને ઉજવવા યોગ્ય હુકમો કાઢ્યા સારી ચાલના કેદીઓને છુટાપણુ બક્ષ્યુ. મીઠાઇઓ વહેંચી. સખાવતો કરી, અને ઇલ્કાબો એનાયત કર્યા. આ સઘળા કાર્યો પણ યુવરાજશ્રીની સમતિથી ને દેખરેખ હેઠળજ કરવામા આવ્યા હતા યોગ્ય માન આપવુ એજ મહાન પુરૂષોનો સિદ્ધાત હોય છે મહારાણીશ્રીએ સૌથી મોટો ઓરડર ઓફ ધી બાથનો મુખ્યાધ્યક્ષનો ઇલ્કાબ અસાધારણ કાર્યવહી યુવરાજનેજ બક્ષ્યો.

યુવરાજશ્રીએ જુબિલીને લગતી જે જે યોજનાઓ કરી હતી તેમા તેમને પ્રિય એવી દવાશાળાઓ પણ ખોલાવી હાલ મહારાણી વિકટોરીઆની જુબિલી સ્મારક ઇસ્પિટાલોની સમૃદ્ધિ યુવરાજશ્રીના આ ઉત્સાહનેજ આભારી છે યુવરાજ્ઞીશ્રીએ પણ પ્રતાપી શ્વશ્રુના માનાર્થે ગરીબ લોકોને સસ્તો અને સારો ખોરાક કેવી રીતે મળે તેને લગતી એક સસ્થા સ્થાપવા નિશ્ચય કર્યો જાણીતા ચાહના વેપારી સર ટોમસ લિપટને યુવરાજ્ઞીશ્રીના વિચારને સ પૂર્ણતા આપવા માટે પોણા ચાર લાખ રૂપિઆની મોટી રકમની બક્ષિસ આપી આ સખાવતથી યુવરાજ્ઞીશ્રીને એ સસ્થા મોટા પાયા ઉપર ચલા-

વવાનુ ઠીક બની આવ્યુ અને પરિણામે અદ્યાપિ પર્યંત તે ઉત્તમ સ્થિતિમા હયાત છે થોડી રકમ લઈ ગરીબ લોકોને ત્યાં સ્વચ્છ ભોજન આપવામા આવે છે જેથી તેમની સુખાકારી બરોબર રહે છે પોતાના પ્રયાસથી જાહેરમા આવેલી આ સસ્થાને નામદાર યુવરાજશ્રીએ ઘણો ઉદાર આશ્રય આપ્યો છે નામદારશ્રી ઘણી વખત આ સસ્થાની મુલાકાત લે છે અને તેને લગતો એક રમુજી દાખલો નીચે આપવામા આવ્યો છે યુવરાજીશ્રી એક સમયે આ સસ્થામાં સાધારણ વેષે પધાર્યા અને ત્યા સાથે પોતાની એક પુત્રીને પણ લેતા ગયા તેમની સાથે મકાનમા દાખલ થઈ નોકરને અમુક કિમતનુ ખાણુ લાવવા જણાવ્યુ નોકરે આણેલુ સાદુ પણ સ્વચ્છ ખાણુ નામદારે ઘણાજ આનદથી આરોગ્યુ ત્યાર બાદ સઘળાની અજાયબી વચ્ચે પોતાની પિછાન આપી અને રખેને નોકર લોકો તેઓશ્રીને માન આપવાની ધામધુમ કરે તેટલા માટે એક સારી રકમ ધર્માદામા મુકી ચાલતાજ થયા.

પૂર્ણ દમામથી સપૂર્ણ થયેલા મહોત્સવને અત્યુત્તમ બનાવવા પાછળથી એક નૌકા સૈન્યની કવાયત પણ યુવરાજશ્રીની ફરમાસથી કરવામા આવી જ્યુબીલી સપૂર્ણ થયા પછીના સમય પછી યુવરાજશ્રી ઉપર ખાસ કામકાજ આવી પડયુ નહોતુ

ઈ સ ૧૮૯૮મા યુવરાજશ્રી પોતાના મિત્ર બેરન રોથ્સચાઈલ્ડ નામના ગૃહસ્થને મળવા ગયા તે સમયે તેમના દાદર ઉપરથી ઉતરતા પોતાશ્રીનો પગ ખસી ગયો અને અચાનક અકસ્માતના ભોગી થઈ પડયા રાજવશી પરોણાને આ તરેહનો અકસ્માત બન્યો તેથી બેરન ઘણા દિલગીર થયા અને યોગ્ય સારવાર માટે દોડાદોડી કરવા માડી બેરનની ઇતેજારી માટે નામદારે તેમનો ઘણોજ ઉપકાર માન્યો અને જણાવ્યુ કે આ બનાવથી તમારે કોઈ પણ રીતે દિલગીર થવું નહિ તુરતજ મહેલમાં જઈ હોંશિયાર દાકતરોની

સારવાર હેઠળ તેઓશ્રી રહ્યા પરંતુ ઘુંટણ ઉપર સખત ઇજા થઈ હતી તેથી તદન આરામ થતાં ઘણીજ વાર લાગી. વૈદક શાસ્ત્રના જાણીતા ઉત્તમમા ઉત્તમ સાધનો નામદારની સારવાર માટે આણવા પડયા તુરતજ તેથી ફાયદો શરૂ થવા માંડયો યુવરાજશ્રીની આવી કસોટીના સમયે પણ ધર્મ સબંધી સ્થિતિ કેવી હતી તેનુ એક દૃષ્ટાંત આપણે જાણીશુ એટલે તે ઉપરથી ઇશ્વરનો ભય નામદારને કેટલો બધો હતો તે માલૂમ પડશે સેન્ટ માઇકિલના દેવલમાંથી એક તાર રખાવી પોતાની ઓરડીમાં વિદ્યુત યંત્રદ્વારા દેવળમાં થતી પ્રાર્થનામાં દર રવિવારે પથારીમા સુતા સુતા નામદાર ભાગ લેતા અને ત્યારેજ તેઓશ્રીના મનને શાન્તિ થતી

ઇ સ ૧૮૯૯ની સાલથી દક્ષિણ આફ્રીકાના બોયર વિગ્રહની શરૂઆત થઇ યુવરાજશ્રી એ લઢાઈની સઘળી બાબતોમા યોગ્ય ધ્યાન આપતા કારણકે પોતે પણ ઉત્તમ યોદ્ધા હતા વિગ્રહની શરૂઆતમા અંગ્રેજ લશ્કરને વિના ફતેહ પાછુ હઠવુ પડયુ હતુ તેથી દેશમા તે સમયે અસાધારણ ઇંતેજારી પેદા થઈ પરંતુ ૧૯૦૦ની સાલમાં પ્રખ્યાત લોર્ડ રોબર્ટસ તથા આપણા દેશમાથી હમણાજ વાનપ્રસ્થ થયેલા બહાદુર લોર્ડ કિચનેરની સરદારી હેઠળ ફતેહનુ ચક્ર ઇંગ્રેજ પક્ષ તરફ ફરવા માંડયુ

૧૯૦૦ની સાલમા નામદાર મહારાણીશ્રી વિકટોરીઆએ આયર્લાંડની મુલાકાતે જવાનુ નક્કી કર્યું અતિ વૃદ્ધાવસ્થાએ પણ આ કામ નામદારશ્રીએ આદરેલું હોવાથી આયર્લાન્ડના લોકોએ પુષ્કળ માનથી મહારાણીશ્રીને વધાવી લીધા કિંગ્સટાઉન નગરમાં એટલો બધો અપૂર્વ આદર અગાઉ કોઈ વખત કોઇને મળ્યો નહતો અને દેશમાં તે વખત જેટલી પ્રવૃત્તિ, ઉલ્હાસ તથા વફાદારી પણ અગાઉ થઈ નહોતી કિંગ્સટાઉન નગરથી મહારાણીશ્રી ડબ્લિનમાં પધાર્યા. ત્યા નામદારને બેશુદ્ધ કરી નાખે એવી ગમગીન ખબર મળી.



નામદાર મર્હુમ મહારાણી વીક્ટોરીઆ.

બેલજીયમના બ્રસેલ્સ નગરમાં યુવરાજશ્રી મુસાફરી કરતા હતા તેમના ઉપર સિપિડો નામના સ્વચ્છંદી છોકરાએ બંદુક ફોડી નામદારનો પ્રાણ લેવા યત્ન કર્યો તેની ખબર મહારાણીશ્રીને આપવામાં આવી. વિગત એમ હતી કે નામદાર આગગાડીમાં બેસીને જતા હતા તે વખતે સ્ટેશનથી ગાડી ઉપડતાંજ તેમનુ ખુન કરવાની બેવકુફી ભરેલી કોશિસ સિપિડોએ કરી યુવરાજશ્રી તેથી કાંઈ દિલગીર થયા નહિ તથા પોતાના ઉપર જીવનમાં આવો હુમલો કેમ કરવામાં આવ્યો તે બાબતનો ક્ષણ માત્ર પણ વિચાર ન કરતાં વૃદ્ધ માતુશ્રીને તુરતજ ખબર આવી કે હુ ઇશ્વિરકૃપાથી બચ્યો છુ. માતુશ્રીને એક તારથી શાન્તિ ન થઈ તેથી તુરત ફરી તાર કરાવી પુછાવ્યુ તેનો જ્યારે સતોષકારક જવાબ મળ્યો ત્યારે નામદારનો જીવ હેઠે પડયો

મહારાણીશ્રી આયર્લાન્ડથી આવી પહોંચ્યા અને યુવરાજશ્રી પણ પ્રવાસેથી પાછા આવ્યા માતા પુત્રનો મેળાપ થયો તે વખતે દક્ષિણ આફ્રિકાની ખુનખાર લઢાઇ વિષે એક લાબો આલાપ થયો. પશ્ચાત્ યુવરાજશ્રી માતુશ્રીની રજા લઈ પોતાના મહેલમા ગયા. થોડાક માસ શાન્તિમાં પસાર થયા એટલે એકાએક મહારાણીશ્રીની તબિયત નરમ ચાલે છે એમ ખબર પડી અતિ વૃદ્ધાવસ્થાને લીધે માંદગીએ ધીમે ધીમે વધારો કરવા માડયો અને તેથી મહારાણીશ્રીએ યુવરાજશ્રી તથા બીજા સગા વાહલાઓને પોતાની પાસે બોલાવવા હુકમ કીધો. જીદગીમાં ઘણા પ્રકારના દુખો નામદારને પડયા હતા તેથી છેવટના વખતે સગાવહાલાઓને જોવાની નામદારને ઘણી ઇચ્છા થઈ. ઈ. સ ૧૮૮૪માં તેમના કનિષ્ટ પુત્ર શાહજાદા લીઓ-પોલ્ડ ગુજરી ગયા ત્યારથીજ મહારાણીશ્રી બીલકુલ પ્રવૃત્તિમાં પડતા નહિ. ત્યાર બાદ પણ ઉત્તરોત્તર દુખો આવી પડયાં હતા તે આ-પણે જોયું છે. વળી અંત માંદગીના થોડા વખત અગાઉજ તેમના દ્વિતીય પુત્ર ડયુક ઓફ એડીનબરો ગુજરી જવાથી મહારાણીશ્રીને

કારી ઘા લાગ્યો હતો આ મુજબની ઘણી ગમગીન જીંદગીના વરસોમા છેવટે પુત્ર પૌત્ર પરિવારને તેઓએ જોયો તેથી ઘણા રાજી થયા અને દુનિયા છોડી જવા ઇચ્છા કરતા હોય એમ લાગ્યુ. જર્મનીના હાલના શહેનશાહ બીજા વિલિયમ રાજા મહારાણીશ્રીના દૌહિત્ર થાય છે તેઓએ ખબર સાભળી કે તુરતજ દેવીરૂપ માતામહીની ખબર લેવા ઇગ્લાડ આવ્યા મહારાણીશ્રોને પણ વિલિયમ રાજા ઘણા પ્રિય હતા અને છેવટે બેભાન સ્થિતિમા તેઓએ નામદારને જોયા ત્યારે ભાન પણ આવ્યુ હોશીઆર ડાક્તરોની સારવાર હેઠળ નામદારને રાખવામા આવ્યા પરતુ આયુષ્યની દોરી આવી રહેલી હોવાને લીધે દવા દારૂનુ કાંઈ ચાલ્યુ નહિ ક્ષણે ક્ષણે જગતમા તબિયતની ખબર કરનારા તારો મોકલવામા આવતા હતા પ્રજા વર્ગ તરફથી મહારાણીશ્રીની માદગી દફે કરવા માટે હમેશ પ્રાર્થનાઓ કરવામા આવતી માદગી દરમ્યાન કાઇક ખોરાક લેવાનુ મન કવચિત થઇ આવતુ અથવા બોલવાની શુદ્ધિ આવતી તે વખતે સઘળા લોકોને એમ માલમ પડતુ કે નામદાર સુધારા ઉપર છે તુરતજ પાછુ મોજુ ફરી જતુ અને કેટલાક વખત સુધી મહારાણીશ્રીની તબિયતના તરગોએ દુનિઆને હલાવી મૂકી અતે તા ૩૧ મી જાનેવારી સને ૧૯૦૧ ને દિવસે સાજના ૭ કલાકને ત્રણ મીનીટે મહારાણીશ્રી વિકટોરીઆ ૮૪ વર્ષની વૃદ્ધ વયે ૬૩ વર્ષનુ પ્રતાપી સાર્વભૌમપણુ ભોગવી પચત્વને પામ્યા

આ ગમગીન સમાચાર સઘળે ઠેકાણે ઘણી ત્વરાથી મોકલવાવામાં આવ્યા એટલે રાજ્ય કારોબારીએ ઘણે વર્ષે ઇગ્લાડના લોકોને રાજ્યકર્ત્તાના મરણનો શોક પાળવાનો વખત આવ્યો છે એ ખબર બહાર પાડવા પ્રવૃત્તિમાં પડી ગયા

રાજ્ય કવિ આલફ્રેડ ઓસ્ટીને એ સમયને અનુસરતી અચ્છી વિકતા લખી મર્હુમ મહારાણીશ્રીને પ્રજાજન તરફથી શ્રાદ્ધાંજલિ

અર્પી. પ્રજાજનોએ પણ શોક કેવી રીતે પાળવો તેનો વિચાર કર્યો. મહેલમાતો એક માણસ પોતાના ફરી ગયેલા ઉચ્ચ હોદ્દાની દરકાર કર્યા વગર માતુશ્રીના પવિત્ર લેખાતા શબની પાશે બેસી રહેતા. બીજે દિવસે પછી પ્રધાન મંડળ સાથે શહેનશાહ એડવર્ડના નવા નામધારી, અત્યાર સુધી જાણીતા થયેલા યુવરાજશ્રીએ સભા મેળવી નીચે મુજબ ભાષણ કર્યું " મારે અત્રે જણાવવુ જોઇએ કે મારા માતુશ્રીને પગલેજ હુ ચાલીશ મારા ઉપર જવાબદારી આવી છે, તેને વહન કરવાને હુ ઇંગ્લાડના કાયદા કાનુનસર રાજ્ય ચલાવીશ વળી જ્યાં સુધી મારા શરીરમા પ્રાણ છે ત્યા સુધી હુ લોકોના ભલા માટે કાર્યો કરીશ મે એડવર્ડ નામ ધારણ કરવાનો નિશ્ચય કર્યો છે એ નામ મારી અગાઉ છ પૂર્વજોએ ધારણ કર્યું હતુ આ ઉપરથી મારી ઇચ્છા એમ નથી કે મારા ડાહ્યા પિતાના નામની અવગણના કરવી લોકો તરફથી હમેશને માટે ભલા આલબર્ટ તરીકે તેઓ જાણીતા થયેલા છે અને મારી ઇચ્છા એવી છે કે એ નામથીજ તેઓશ્રી એકલા ઓળખાય એજ સારૂ છે છેવટે મારા ઉપર જે બોજો આવી પડયો છે તે અદા કરવા મે નિશ્ચય કર્યો છે અને તેમા પાર્લામેન્ટ તથા લોકો મદદ કરશે એમ મારી પૂર્ણ ખાતરી છે "

શહેનશાહ એડવર્ડે ત્યાર બાદ તા૦ ૨જી ફેબ્રુઆરીનો દિવસ મહારાણીશ્રીની દફન ક્રિયા માટે નક્કી રાખ્યો તે દિવસે સઘળી પ્રજાએ શોક પાળ્યો હતો વેપારી, સરકારી નોકર કે ગમે તે કોઈ જને તે દિવસ ઘણી ચુપકીથી અને શાન્તિથી પસાર કર્યો. બોયર વિગ્રહ આ સમયે ચાલુ હતો તે વાંચનાર ભુલી ગયા નહી હોય. બોયર લોકો તરફથી એટલે દુશ્મન તરફથી પણ પ્રતાપી રાણીની દફન ક્રિયા વખતે તેઓશ્રીને છેલ્લું માન આપવા સત્તાવાળાઓએ તાર કર્યો હતો. દફન ક્રિયા વખતે સ્વારી

નીકળી હતી આઠ કાળા ઘોડાથી જોડાયલી ગાડીમા કફન મુકવામાં આવ્યુ હતું, અને પાછળથી શહેનશાહ એડવર્ડ તથા જર્મનીના શહેનશાહ વિલિયમ ચાલતા હતા, તેમની પાછળ રાજકુટુબના માણસોની તથા પરદેશખાતાના પ્રતિનિધિઓની પુષ્કળ ગાડીઓ હતી લડન શહેરમા વસતા હિન્દિવાનો તરફથી પણ મહારાણીશ્રીને છેલ્લુ માન આપવામાં આવ્યુ હતુ સ્વારીને દફન સ્થાન સુધી જતા ઘણો વખત લાગ્યો અને આખે રસ્તે હારબધ હથીઆર નમાવી ઉભા રહેલા યોદ્ધાઓની શાન્તિને લીધે દેખાવ ઘણો ગભીર લાગતો મહારાણીશ્રીની હયાતીમા તેમને માન આપવા તથા હુકમ માથે ચડાવવા ક્ષણે ક્ષણે ઉંચે શ્વાસે તત્પર થઇ રહેતા આ યોદ્ધાઓ તેમના મૃત્યુ પછી પણ તેટલુંજ માન આપવા ઉભા રહ્યા હતા, અને કફનમા સુઈ રહેલા પ્રાણ વિનાના શબનો હુકમ થાય તો તે પણ ઉઠાવી લેવા તૈયાર થઈ રહ્યા હોય એમ ભાસતું હતુ કફનને કબરમા મુકવામા આવતાં પહેલા કેન્ટરબરીના મહાધર્માધ્યક્ષે ઇશ્વરની સન્મુખ પ્રાર્થના કરી મર્હુમના પ્રાણને પોતાની પાસે લઈ લેવા વિનતિ કરી પોતાના પ્રિય પતિ પ્રિન્સ આલ્બર્ટ કોન્સર્ટની પાસે નામદારને દફનાવવામા આવ્યા અને તે સમયે કબર ઉપર અસખ્ય હારો આવી પડયા.

યુવરાજ એડવર્ડનુ અભિધાન હવે ફરી ગયુ છે ૨૫ વર્ષની ઘણી પ્રવૃત્તિમય કારકીર્દી ગુજારી ઇંગ્લાંન્ડની સાર્વભૌમતા સ્વીકારી નામદાર રાજ્યાસનારૂઢ થયા બહોળા અનુભવથી તેઓશ્રી ઘડાયલા હોવાથી સર્વ કોઇને એમજ આશા હતી કે નામદાર એક ઉત્તમ રાજ્યકર્તા નીવડશે પ્રજાજનોની ઇચ્છા પરિપૂર્ણજ થવાની હતી એ આપણે આગળ વાચીશુ હાલ તો યુવરાજશ્રી જવાબદારી ભરેલી ઉચ્ચ પદવી ઉપર બિરાજવા કેવી તરેહથી લાયક થયા હતા તે જોઇશુ હિન્દની મુસાફરી નામદારની બહોળી કેળવણીમાં એક

અગત્યનો ભાગ છે એમ તેઓશ્રી ગણતાં. ત્યાર બાદનો સમય નામદારને શહેનશાહ તરીકે તૈયાર કરવા માટેજ જતો હતો દુનિયાના જુદા જુદા ભાગોની અંગત માહિતી લીધા પછી તેને પોતાનાજ દેશમા કેવી રીતે ગોઠવવી તે ૨૫ વર્ષના દરમ્યાનમા નામદારશ્રીએ સપૂર્ણ રીતે કર્યું હતું, લગ્ન પછી તો તેમના જીવનના કુમળા ઝાડને ઉત્તમ ખાતર મળ્યુ અને પરિણામે ઈંગ્લાન્ડમા યુવરાજ તરીકેની પા સદી જેટલા સમયમા ઉત્તરોત્તર સ્વાત્મભોગ, ફરજ અદા કરવાની તત્પરતા, જન પ્રત્યે પ્રેમ, ગરીબોની દાઝ, અપગોને મદદ, ઈત્યાદિક ફળો જગતને ચખાડયા હતા એ ઝાડે આપેલા આ સઘળા ફળોથી યુવરાજ તરીકે નામદાર જાણીતા થયા હતા તે આપણે જોયુ છે અને રાજા થઈ સઘળા ફળો કરતાં પણ ઉત્તમ અલૌકિક, મનોચિત્ય, અલભ્ય સોનેરી ફળ દેશના લોકોને એકલાને નહિ પરતુ આખા જગતને ચખાડશે તે આપણે થોડાજ સમયમા જોઈશુ

પ્રકરણ ૭ મું.

સ્વર્ગસ્થ મહારાણી વિક્ટોરીઆ.

નામદાર શહેનશાહ એડવર્ડના ચાલુ વૃત્તાન્તમા સ્વર્ગસ્થ નામદાર મહારાણીશ્રી વિક્ટોરીઆનુ ટુક વર્ણન અત્રે આપવુ અનુચિત ન ગણાય, કારણ કે જે જે ક્ષણે આપણે બ્રિટિશ રાજ્યના પ્રભાવનો વિચાર કરીએ છીએ તે તે ક્ષણે ઉપરોક્ત મહારાણીશ્રીનુ નામ સ્મરણ થયા વગર રહેતુ નથી નામદાર શહેનશાહ પણ તેજ પ્રતાપીશ્રીના યુવરાજ હતા અને તેમના જેવા માતા પોતાને હોવાથી તેઓશ્રી ઘણા મગરૂર હતા વળી પોતે આગ્લભૂમિમા દીર્ઘકાળ પર્યંત રાજ્ય ભોગવનારાઓમા અગ્ર ભાગે ગણાનાર મહારાણીશ્રીના પુત્ર થઇને તેમની પાછળ તખ્તનશીન થયેલા હોવાથી પોતાને સંપુર્ણ ભાગ્યશાળી ગણતા હતા

ઇગ્લાડના ઇતિહાસમા જોતા આપણને માલમ પડે છે કે નામદાર વિક્ટોરીઆ જર્મન કુળમાથી આવેલા હતા યુરોપ ખડના હાલના ઘણા રાજ્યકર્તાઓ સાથે તેઓ સગા તથા કુટુબી જન તરીકેની સાકળમા જોડાયલા હતા દાખલા તરીકે નોર્વેના હાલના રાજા મર્હુમ નામદાર શહેનશાહ એડવર્ડના જમાઈ થાય છે જર્મનીના હાલના શહેનશાહ નામદાર મહારાણીશ્રીના દૌહિત્ર થાય છે, રૂશિયાના ઝાર જેમને તાબે અર્ધુ યુરોપ અને અર્ધુ એશિયા એટલે લગભગ પૃથ્વીનો છઠ્ઠો ભાગ છે તેઓ મર્હુમ મહારાણીશ્રીના માનીતા પવિત્ર શાહજાદી એલીસના જમાઈ તથા રાજમાતા શહેનશાહબાનુ અલેકઝાન્ડ્રાના બહેનના દીકરા એટલે ભાણેજ થાય છે. સ્પેનના હાલના રાજા તે મહારાણીશ્રીના સૌથી કનિષ્ઠ પુત્રી શાહજાદી બીયાટ્રીસના જમાઈ છે, વળી મહારાણીશ્રીના બીજા પુત્ર મર્હુમ ડ્યુક ઓફ એડીનબરોના દૌહિત્રી રોમાનીયાની યુવરાજ્ઞી છે.

આ ઉપરાંત મહારાણીશ્રીના સતાનોમાથી યુરોપના રાજાઓ સાથે સબધ ધરાવનાર લગભગ પોણોસો રાજ્યવશીઓ છે નામદારને ચાર પુત્રો અને પાંચ પુત્રીઓ હતી જેથી તેમનો પરિવાર આવડો મોટો હોય એમા કાંઈ નવાઈ નથી આ ઉપરથી સાધારણ રીતે એમ કહેવત થઇ પડી કે ઇગ્લાડ દેશને ગાદીવારસોની તો ખોટજ નથી આવી પ્રતાપી રાણીનો આવો પરિવાર કેટલીક વખત એકઠો થતો તેથી અન્યોન્યને સહાનુભૂતિથી રહેવાનો પ્રસગ ઘણો મળી આવતો આ મુજબ યુરોપના રાજ્યકર્તાઓમા નામદારની પદવી કેવી ઉચ્ચતમ હતી તે આપણે જોયુ

મહારાણીશ્રી વિકટોરીઆ શરીરે કાંઈ બળવાન નહોતા તેમ માદા પણ નહોતા સ્ત્રી જાતિની સ્વભાવિક મૃદુતા બચપણ અને યુવાવસ્થામાં તેમનામા હતી અને આધેડ વયે વૈધવ્ય પ્રાપ્ત થયાં પછી તેઓએ સાદા ખોરાકનુ અને સાદી રીતભાતોનુ.સેવન રાખ્યાથી જીદગીને તિતિક્ષામા ગાળી હતી ખાવા પીવાના તથા આરોગ્યતાના આવા નિયમોનુ બરાબર અનુસરણ કરવાથી તેઓશ્રીની તબીયત કવચિતજ બગડતી અને એ કારણથીજ આખી જીદગીમાં અતની માદગી આવી તે શિવાય ભયકર માંદગી કવચિતજ આવી હતી યુવાવસ્થામા પોતે શરીરની કાળજી ઘણી રાખી હતી તે વૃદ્ધાવસ્થામા અતિશય ઉપયોગી થઇ પડી સ્ત્રી જાતિના કરવા લાયક વ્યાયામ દાખલા તરીકે ઘોડે બેસવાનો, અને ખુલ્લી હવામાં ફરવાનો તેઓશ્રી નિયમસર કરતા તેમના મિતાહારપણા તથા નિયમિતપણાને લીધે જે બીજી પણ અન્ય સારી આદતો તેઓશ્રીએ મેળવી હતી તે પોતાના વશજોમા દાખલ કરવાની કોશેશ કરવામાં તેઓએ કાંઈ બાકી રાખ્યુ નહોતુ

બુદ્ધિબળ ઘણા ઉચા પ્રકારનુ હોવાથી તથા સાદાઈનો ગુણ અપૂર્વ રીતે મજબુત હોવાથી નામદારની ધાર્મિક વૃત્તિ ઘણી સારી

હતી. મોટા સાર્વભૌમ રાજ્યકર્તામાં પોતે લેખાતાં છતાં પોતાના શિર ઉપર સાર્વભૌમનો સાર્વભૌમ પ્રભુ છે એ વાત: તેઓશ્રી કદી વિસરતા નહિ ખ્રિસ્તી ધર્મ મુજબ કરવાની પ્રાર્થના પોતે વખતસર કરતા અને બીજાને કરવવાનુ કહેવા ચુકતા નહિ નાના રાજકુવરોને કેળવવાનુ કાર્ય પણ પોતાને શિર હતુ અને તેઓને કેળવવામા ધાર્મિક કેળવણી આપવાનુ તેઓ કદી ચુકતા નહિ વળી મોટપણે પણ બાળકો તે વિષય ભૂલી જઈ મોજ મજાહમા પડે તે જોવાને અને તેને અટકાવવાને સર્વદા પોતાની દૃષ્ટિ ચોતરફ રાખતા

વિદ્યાભ્યાસ તરફ પોતાને ઘણો પ્રેમ તથા શોખ હોવાથી આખી જીદગી કેળવણી લેવામાંજ ગાળી હતી એમ આપણે કહીશું તો તે અતિશયોક્તિ યુક્ત નથી. પોતાના કુટુબમાં પણ સઘળાને ઉત્તમ કેળવણી લેવા તેઓ ફરજ પાડતા હિદુસ્થાન તરફ તેમનો અથાગ પ્રેમ હોવાને લીધે તથા આપણો દેશ તેઓ નામદારશ્રીએ નજરે ન જોયલો હોવાને લીધે હિદુસ્તાની ભાષાનો ખાસ અભ્યાસ નામદારશ્રીએ કર્યો હતો ઘણી વખાણવાજોગ બાબત તો એ છે કે મોટી ઉમ્મરે ટુક સમયમા તેમણે એ ભાષા ઉપર ઘણો સારો કાબુ મેળવ્યો હતો તેથી સાધારણ રીતે હિન્દુસ્તાનીમાં વાતચિત કરવાને તેમને કાંઇ પણ અડચણ પડતી નહોતી પુસ્તકશાળામા તેઓ ઘણી તરેહના પુસ્તકો રાખતા ખાસ કરી મુસાફરી અને સૃષ્ટિ સૌદર્ય એ બે વિષય ઉપર નામદારને ઘણો પ્રેમ હોવાથી તેને લગતા વિવિધ પ્રકારના પુસ્તકો ઘણા વાચતા પોતે પણ સ્કોટલાન્ડમા કરેલી મુસાફરીને લગતા પુસ્તકો લખ્યા છે તે ઉપરાત પોતાની નોધપોથી પણ રાખી હતી, જેથી જગતને સાર્વભૌમરાણી પણ જીવન કેવી ઉદ્યોગી રીતે ગાળતા તે જાણવાની તક મળી શકે છે

સારાં પુસ્તકો વાંચવાથી તથા સારી વસ્તુઓનો અનુભવ લેવાથી તેઓશ્રીનું નીતિ વિષયક બળ અતિ ઉચ્ચા પ્રકારનુ હતું. કોઈ કાંઈ પણ અસત્ય વદે તે તેમને બિલકુલ પસદ પડતુ નહિ અને તે માટે યોગ્યતા મુજબ ગુન્હેગારને શિક્ષા કરવા પણ ચૂકતા નહિ. સરળ સ્વભાવને લીધે ખટપટ અને લબાડપણા તરફ નામદાર ઘણાજ તિરસ્કારથી જોતા સ્વભાવ સરળ હોવા ઉપરાત સાત્વિક હોવાથી દયાની લાગણી નાનપણથીજ કાયમ હતી આ જીવન ચરિત્ર મહારાણીશ્રીનુ નથી તેથી તેમને લગતી બાબતોનુ સવિસ્તર વર્ણન કરવુ પ્રામાદિક ગણાય, પરતુ પુષ્કળ પ્રભાવવાળા મહારાણીશ્રીનુ જીવન એટલુ બધુ અત્યુત્તમ છે કે સાધારણ નિયમોની બહાર જવા તેમના વખાણનારાઓને હમેશ જરૂર પડે છે એ મુજબ તેમની દયાની લાગણી દર્શાવનારો એક દાખલો અત્રે આપ્યો છે એક વખત યુવાવસ્થામા પોતે બહાર ફરવા નીકળ્યા હતા ને વેળા એક માણસે માન આપતા પ્રજાજનોની વચમા ફરતા મહારાણીશ્રીના પવિત્ર શરીર ઉપર ગોળી છોડી એક બાજુ ઉપર ઘણા પુણ્યને લીધે તે વખતે મૃત્યુના ભયમાથી બચ્યા તે માટે તેઓશ્રી ઈશ્વિરનો ઉપકાર માનવા લાગ્યા પરતુ બીજી બાજુ ઉપર પોતાને આપત્તિમા આણનાર માણસને પોલીસે કબજે કીધો. કાયદાની વાત તેથી નામદારે તે બાબત બિલકુલ હિલચાલ કીધી નહિ અને જ્યારે ન્યાયાધિશ તરફથી યોગ્ય શિક્ષા થયેલો અપરાધી મહારાણીશ્રી પાસે દયાની લાગણી માટે સરકારી રીતે આવ્યો ત્યારે ઘણુ મોટુ મન રાખી પોતે અપકરને બદલે ઉપકાર કરવાનો નિશ્ચય કીધે દયાની લાગણી માટે જે અરજી તોહોમતદારે કરી હતી તેનો ફડચો કહાડતી વખતે પોતાને હસ્તેજ તુરતજ "ક્ષમા કરવી" એવા શબ્દો લખી જગતને પોતાના નીતિબળની ઉચ્ચતા સિદ્ધ કરી આપી.

સ્વર્ગસ્થ મહારાણીશ્રીની ખાનગી જીદગી ઘણી સાદી અને

ઘડો લેવા લાયક હતી મહારાણીશ્રી ઘણા ઉચા રાજ્ય કુળમાં જન્મેલા છતા એક ગરીબને છાજે એવીજ સાદાઇથી તેઓ રહેતા હતા વળી જન વર્ગ સાથે પણ ઘણી છુટથી પરિચયમા આવી તેમના સુખ દુખોનુ જ્ઞાન મેળવી પોતાનો મળતવાડો સ્વભાવ પ્રદર્શિત કરી નિરાભિમાનીપણુ પ્રત્યક્ષ કરતા પુત્ર પૌત્રાદિકની કેળવણીમા તેઓએ પોતાના પતિ સાથે ઘણી મહેનત લીધી હતી. અને પરિણામે સુપુત્રતા દર્શાવનારા ફરજ દોએ પાછળની જીદગીમા નામદારને આશાએશ આપી, નામદાર શહેનશાહ, બીજા પુત્ર ડ્યુક ઓફ એડીનબરો, તથા હાલના ઈંગ્લાડના સેનાપતિ ડ્યુક ઓફ કોનોટ બચપણમાં નામદારના હાથ નીચેજ કેળવાયલા હતા. વળી નામદારની કેળવણીનો પ્રભાવ દર્શાવવા હાલના આપણા માર્કન્ડેયાયુષ્ક શહેનશાહ પાચમા જોર્જ તથા તેમના પુત્ર શાહજાદા એડવર્ડ પણ જગત્ સન્મુખ હયાત છે ચાર ઓલાદ સુધીનુ માતૃપણું ભોગવવા નામદાર મહારાણીશ્રી હયાત રહયા એજ તેમના અખડ ભાગ્યનુ લક્ષણ છે ધન્ય છે એવા સ્ત્રી રત્નને

રાજકીય બાબતોમા મહારાણીશ્રી કાઈપણ ભાગ લેતા નહોતા અને તટસ્થ રહી ઈંગ્લાડના બે મોટા પક્ષમા ઓછા વત્તા વજન આપનાર તરીકે તેઓ કહેવાતા એ ઉપરાત નામદારને ઘણા બાહોશ પ્રધાનો મળ્યા હતા તેથી કાઇ વિશેષ ખટપટમા પડવાની જરૂર પણ હતી નહિ

નામદારશ્રીનો જન્મ ઈ સ ૧૮૧૮ મા થયો ત્યારથી ઈ સ ૧૯૦૧ મા તેઓશ્રી સ્વર્ગસ્થ થયા તે દરમ્યાન ઇતિહાસ બલ્કે કહો કે જગત્નુ રૂપ પણ કેવુ ફેરવાઈ ગયુ છે તે આપણે જોઈશુ. ૮૨ વર્ષની આ સમયની દોરી કે જેના બન્ને અત નામદાર શ્રીએ જન્મ અને મરણ રૂપી પોતાના જીવનના બનાવોથી રોકી હતી તેટલા વખતમા દુનિયાની રગભૂમિ ઉપર વિવિધ પ્રકારના

નાટયો રચાયાં હતા. સૈકાની શરૂઆતમાં રાજ્ય કુશળ પુરૂષોને મહાન્ નેપોલીયનના ધડકારા સામુ કેવી રીતે ઉભા :રહેવું તેનો મોટો સવાલ થઈ પડયો. વળી જ્યારે યુરોપની ધરણીને ધ્રુજાવનાર આ વિચિત્ર પુરૂષને સેટ હેલીનામાં દેશપાર કરવામા આવ્યો તે વખતે દરેક દેશનો દરેક રાજ્યદ્વારી પુરૂષ પોતાની જન્મભૂમિ ઉપર વિચારવત મનથી જોતો આર્થિક તથા સામાજીક સ્થિતિ છિન્નભિન્ન થઈ ગયેલી જોઇને તેના હ્રદયમા જે ચિન્તાગ્નિ પેદા થતો તે વાટરલુ કે મેરેન્જોના રણક્ષેત્ર ઉપર ધણધણતી તોપો અને બદુકના છુટવાથી પેદા થતા અગ્નિ કરતા પણ વિશેષ પ્રજ્વલિત હતો તે ઉપરાંત વળી ભવિષ્ય ઉપર આ ખફ્ગીની શી અસર થશે તે બાબતનો પોતાના મગજમાથી વિચાર કાઢતો ત્યારે નિરાશાથી નિમગ્ન થઇ તે ઇશ્વિરને યાચના કરતો, પરતુ તેની નિરાશા પ્રતાપી રાણીના અમલે નિર્મળ થઈ ઉદ્યોગથી દિનદિન ચઢતી કળા યરોપ દેશની થઈ અને ભવિષ્ય માટે ચિન્તા કરવાની જરૂરીયાત રહી નહી.

ખરેખર જો કોઈ ચિતારાએ કાળનુ કલ્પિત ચિત્ર ચિતર્યું હોય તો મહારાણીશ્રીના જન્મ સમયે દુનિઆને ખરાબે લાધી ગયેલા એક વહાણ તરીકે ચિતરતે અને તેઓશ્રીના મૃત્યુ અતે તેને શાન્ત થયલા ઉદધિમા જલદીથી અને આનદથી પોતાની મજલ કાપતુ ચિતરતે ઇગ્લાન્ડના ઇતિહાસમાંતો પાર્લામેન્ટની સુધારણાથી માંડી ગરીબમા ગરીબ ગૃહસ્થની સ્થિતિમા સુધારો થયો હતો જ્ઞાન માર્ગમાં અપૂર્વ વધારો થઈ ગયો પ્રથમના વખતના કરતાં વાહન વિગેરેના સાધનો વધી ગયા અને પરિણામે જગતનો કાર્યભાર ઘણો ત્વરાથી ચાલ્યો ટુકાણમા દુનિઆના ઇતિહાસમાં મહારાણીશ્રીનો સમય જગતને તિમિરમાથી માર્ગ બતાવનાર કાળ તરીકે ચિરકાળ પર્યંત ઓળખાય છે

મહારાણીશ્રીના સમયમાં બેતાલીશ વિગ્રહો થયા હતા તેમાં

ઘણા ખરા હિન્દની સ્થિતિ ફેરવનારાજ હતા. ઇતિહાસમાં પ્રથમજ હિંદ મહારાણીશ્રીના અમલ હેઠળ એકત્ર થઇ શક્યુ હતુ. તાર, વરાળ યંત્ર, કેળવણી ઇત્યાદીકના સાધનોથી તે હવે દુનિયાના મોટા દેશોની પંક્તિમા આવવા પ્રયત્ન કરે છે વેપાર કળા તથા હુન્નરમાં પણ નામદારશ્રીના હાથ નીચે દેશને મોટો ફાયદો થયો છે આપણા દેશના જુના સુધારાને ઉત્તમ બનાવવા પાશ્ચાત્ય વિચારોનુ કેટલેક અંશે ગ્રહણ કરવુ જોઇએ એ સઘળુ પ્રથમ શીખવાનુ નામાદારશ્રા ના રાજ્યમાજ મળ્યુ છે વળી ઇગ્લાંડના લોકો પણ સ્વરાજ્ય અને અતિ સ્વતંત્રતાને વખાણનારા હોવાથી પોતાના વિચારો હિંદમા દાખલ કરાવવા પ્રયત્ન કરે છે, તેનો પણ શુભારંભ નામદારશ્રીથીજ થયો છે અને ઈ સ ૧૮૫૭ ના બલવા પછી હિન્દ દેશને બક્ષેલો અમૂલ્ય ઢંઢેરો નામદાર તરફથીજ મળ્યો હતો

પ્રકરણ ૮ મું.

રાજ્યારોહણ.

"મારી પ્રજા મને ક્ષમા કરશે કે"? –રાજ્યારોહણ સમયની માંદગી વખતે શાહેનશાહ એડવર્ડના ઉદ્‌ગાર

"મારી માતુશ્રીને પગલે ચાલી મારા લોકોના હિત જાળવવા હું ખરા જીગરથી પ્રયત્ન કરીશ." એડવર્ડ શહેનશાહનો "મારા લોક" તરફ પેગામ.–

"મારા સ્વસ્થાનિક રાજ્યના લોકો અને તેમના પ્રતિનિધિઓમા મને પૂર્ણ ભરોસો છે."–એડવર્ડ શહેનશાહનો "મારા ઉદધિપારના લોકો" તરફ પેગામ

"હવે હુ દેશી રાજ્યકર્ત્તાઓને તથા મારા હિંદના પ્રજાજનોને આશી વાદ મોકલું છું અને તેમને જણાવું છું કે તેમના તરફ મને ખરા જીગરનો પ્રેમ છે તથા તેમના ભલા માટે ઘણી ઈચ્છા રાખું છું":–એડવર્ડ શહેનશાહનો હિંદના રાજ્યકર્ત્તાઓ તથા પ્રજાજનો તરફ પેગામ.

શહેનશાહ એડવર્ડના રાજ્યારોહણ થવાની સઘળી તૈયારીઓ ચાલી રહિ, પરંતુ તેમા નામદારશ્રીનેજ કાઇક ખાંચકો લાગતો. દક્ષિણ આફ્રિકામા ચાલતી ખુનખાર લડાઇથી નામદારશ્રીનુ મન કોઇપણ પ્રકારના ઉત્સવ તરફ રહેવું નહિ ઈંગ્લાન્ડના લોકોને પણ માગલિક પ્રસગ ઉજવતી વખતે સઘળે પ્રકારે નિરાત જોઇએ એવી ઇચ્છા હતી નામદારે પ્રજાજનોની ઇચ્છાનુસાર પ્રધાન મડળને બોલાવી સવાલ કર્યો કે ગમે તે પ્રકારે લઢાઈ બધ થવી જોઇએ. પ્રધાન મડળમા પ્રથમતો બે ભાગ થઈ ગયા એક પક્ષ નામદાર તરફનો હતો તેણે લઢાઈ બધ કરવાનો મત આપ્યો પરતુ બીજા પક્ષ તરફથી નામદારના મતને અનુમતિ મળી નહિ શાન્તિદાતા એડવર્ડને બે પક્ષ પડે એ બિલકુલ પસદ પડયું નહિ તેથી પોતાના પ્રતિપક્ષીઓને વિગ્રહથી થતા ગેરફાયદાઓ કુનેહબાજ રાજનીતિજ્ઞ

તરીકે જ્યારે નામદારશ્રીએ સમજાવ્યા ત્યારે તેઓને ખચિતજ માલૂમ પડ્યુ કે પરીણામે લડાઇમા કાઇપિણ ફાયદો નથી અને સર્વાનુમતે સઘળા પ્રધાનો એવાજ મત ઉપર આવ્યા કે નામદારની ઇચ્છાનુસાર વિગ્રહ બંધ કરવો વિગ્રહના બન્ને પક્ષીઓએ કોલકરાર શરૂ કર્યા અને એમ નિર્ણય ઉપર આવ્યા કે ઇગ્લાન્ડ પોતાનુ ઉપરીપણુ ટ્રાન્સવાલ તથા ઓરેન્જ ફ્રી સ્ટેટ ઉપર રાખે અને બદલામા તેઓને સસ્થાનિક નિયમો ઉપર સ્વરાજ્ય આપે ટ્રાન્સવાલનુ નામ તો હતુ તેજ રહ્યુ અને ઓરેન્જ ફ્રી સ્ટેટનુ નામ ઓરેન્જ નદી ઉપરનુ સસ્થાન એવુ આપવામા આવ્યુ આ મુજબ નામદારશ્રીના ગાદીનશીન થવાને એક માસ અગાઉ વિગ્રહ બધ કરવામા આવ્યો નામદારશ્રીના ગાદીનશીન થવા વખતેજ આ બે મોટા રાજ્યોની પ્રપ્તિ થઈ એ નામદારશ્રીના અપૂર્વ ભાગ્ય તથા સાર્વભૌમતાનુ લક્ષણ છે વળી વિગ્રહ બધ થયાથી બન્ને દેશોને ઘણો ફાયદો થયો ઇગ્લાડની રાજ્યસીમા વધવા ઉપરાત વિગ્રહનો જે મોટો ખર્ચ થતો તે બધ પડ્યો અને ટ્રાન્સવાલવાસીઓને સુખથી સ્વરાજ્ય કરવાનુ મળ્યુ શહેનશાહની કુનેહ કેવી હતી તેનુ આ એક દૃષ્ટાંત છે કારણકે વિગ્રહ પુરો થયા પછી અગાઉના બહાદુર દુસ્મનોને નામદારશ્રીનુ રાજનીતિજ્ઞત્વ વિગ્રહ બધ પડાવતી વખતે સ્પષ્ટ રીતે માલૂમ પડ્યુ હતુ અલબત વિગ્રહ બધ પડાવતા સમય ઘણો થયો હતો તોપણ તે બધ પડ્યો એ નામદારશ્રીની કુનેહનુજ ફળ હતુ.

વિગ્રહ પુરો થયા અગાઉ નામદારશ્રીનુ ધ્યાન રાજ્યારોહણની ક્રિયા કયી વખતે કરવી એ બાબતે રોકાયુ. મહારાણીશ્રી વિકટોરીઆના મૃત્યુ પછી તેમની પ્રતાપી પદવીને છાજે એટલો સમય શોકમાં નિર્ગમન કરવાનું નક્કી કરવામા આવ્યું. ત્યાર બાદ નામદારશ્રીની ઇચ્છાથી સને ૧૯૦૨ના જુન માસની ૨૬ મી તારીખે

રાજ્યાભિષેકનો દિવસ મુકરર કરવામાં આવ્યો આ દિવસ તો ઇંગ્લાન્ડ દેશ માટે હતો પરંતુ હિંદ જેવા નામદારના મોટા રાજ્યને એક નિરાળો દિવસ જોઇએ એમ સઘળાની ઇચ્છા થઈ પૂર્વ દેશની રીતિ મુજબ નામદારશ્રી રાજ્યાભિષેકની ક્રિયા જાતે આવી હિંદમાં કરાવે એવી સર્વ કોઇની ઇચ્છા હતી તેમ બનવુ મુસ્કેલ હતુ તેથી એવો ઠરાવ થયો કે ૧ લી જાન્યુઆરી ૧૯૦૩ ને દિવસે નામદાર-શ્રીના પ્રતિનિધિ લોર્ડ કર્ઝનના પ્રમુખત્વ હેઠળ દિલ્હીમાં દરબાર ભરવો અને પોતાના તરફથી નામદારશ્રીએ મુંબાઇમા સેનાધિપતિ તરીકે પ્રિય થઈ ગયેલા પોતાના ભાઈ ડયુક ઓફ કોનોટ તથા તેમના પત્નીને હિંદમા તે માગલિક પ્રસંગે મોકલવા

રાજ્યારોહણ થયા પહેલા નામદારશ્રીએ ત્રણ મોટા પેગામો મોકલ્યા હતા એકતો “ મારા લોકો ” તરફનો બીજો “ ઉદધિ-પારના મારા લોકો ” તરફનો અને ત્રીજો હિન્દના રાજ્યકર્તાઓ તથા પ્રજાજનો ” તરફનો હતો, ભવિષ્યના શાન્તિદાતા રાજાને શાન્તિ આપવાની ઇચ્છા કેવી હતી તે આ પેગામોથી માલૂમ પડે છે તેથી ત્રણેનો તરજુમો નીચે આપવામા આવ્યો

મારા લોકો તરફ.

હવે મારા વહાલા માતુશ્રીના ઉમદા અને પ્રતાપી જીવનનો છેલ્લો પડદો પડી ચુકયો છે તેથી નામદારશ્રીના સ્મરણને ખરા જીગરની તથા પ્રેમની અંજલિઓ મારા આખા સામ્રાજ્યવાસીઓ તરફથી આપવામાં આવી છે તેટલા માટે હું આ પેગામથી તેમનો સંપૂર્ણ આભાર માનુ છુ મારા ઉપર તથા આખા રાજ્ય કુટુંબ ઉપર ગુજારેલા કેર વખતે જે વફાદારીની લાગણી દર્શાવવામાં આવી છે તેની પણ હું નોધ આથી લઉ છું આવા પ્રકારના ઉદ્દગાર મારા મોટા સામ્રાજ્યના દરેક ભાગમાંથી મને મળ્યા છે કોટયાવધિ મારા

પ્રજાજનોમાં આ મુજબની મારા તરફ માન તથા વફાદારીની તથા આપણને સઘળાને સામાન્ય દિલગીરી છે એવી લાગણી જોઇને મને ચિન્તાજનક ગત દિવસોમા ઘણી કીમતી આશા આવી છે. માજી રાજ્યકર્ત્તાને લોકો અતિ પ્રેમથી ચહાતા તેથી તેઓશ્રીનામાં પ્રજાજનો પર પ્રેમ અને ભરોસો હતો આથી ઉત્તેજન લઇને હુ મારી માતુશ્રીને પગલે ચાલી મારા લોકોના હિત જાળવવા ખરા જીગરથી પ્રયત્ન કરીશ તે ઉપરાત ઇશ્વરેચ્છાથી મારા ઉપર આવી પડેલી ભારી જવાબદારી સપૂર્ણ રીતે બજાવવા પણ હુ પ્રયત્ન કરીશ

ઉદધિપારના મારા લોકો તરફ.

મારા ઉદધિપારના રાજ્યોના દરેક ભાગમાં અસખ્ય અને વફાદાર સદેશાઓ મળ્યા છે તેથી હુ જાણી શકુ છુ કે જે મારા વહાલા માતુશ્રીના મૃત્યુથી મારૂ રાજ્ય કેવી દિલગીરીમા છે સ-સ્થાનિક લોકોના અભ્યુદયમા મહારાણીશ્રી ખરો આનદ સમજતા તેઓશ્રીના અમલમાં સ્વરાજ્યની બાબત સસ્થાનોએ જે વધારો કર્યો તેથી તેઓ ઘણા ઉલ્લાસી રહેતા તે લોકો તરફથી બતાવવામા આવતી અચળ વફાદારીને તેઓશ્રી ઘણુ પસદ કરતા અને દક્ષિણ આફ્રિકાના વિગ્રહમા સામ્રાજ્યની કુમકે આવી જે મદદ સસ્થાઓએ આપી હતી તે માટે નામદારશ્રી ઘણા મગરૂર હતા મેં અનેક વખત જણાવ્યુ છે કે મને વારસામા મળેલા તેઓશ્રીના દષ્ટાત રૂએજ હુ આચરણ કરીશ તે આચરણોમા મારા સ્થાનિક રાજ્યના લોકો તથા તેમના પ્રતિનિધિઓ તરફ મને પૂર્ણ ભરોસો છે. તેમના તરફથી વફાદારીનો ટેકો મળેથી હુ આશા રાખુ છુ કે સામ્રાજ્ય ઉપર રાજ્ય કરવાનુ મને ઇશ્વરે ફરમાવ્યુ છે તે માટે તેમના આ-શીર્વાદથી પ્રજાજનોના લાભ તથા શાન્તિ માટે હું પ્રયત્ન કરી શકીશ.



શહેનશાહ સાતમા એડવર્ડ

હિંદના રાજ્યકર્તાઓ તથા પ્રજાજનો તરફ.

મારા માતુશ્રીના ખેદજનક મૃત્યુ પછી લાંબા અને જુના કાળથી ચાલી આવેલી વંશપરંપરાની ગાદી ઉપર હું બેઠો છું. હવે હું હિંદના રાજ્યકર્તાઓ તથા મારા પ્રજાજનોને આશીર્વાદ મોકલું છું અને તેમને જણાવું છું કે તેમના તરફ મને ખરા જીગરનો પ્રેમ છે તથા તેમના ભલા માટે ઘણી ઇચ્છા રાખું છું મારા નામદાર પૂર્વજે હિન્દનો કાર્યભાર લેવાનું કામ પ્રથમથીજ આરંભ્યું હતું અને એ મહાન્ દેશના રાજ્યો સાથે તેઓશ્રીનો સંબંધ બંધાવવાથી કૈશરે હિન્દનું પદ તેમણે ધારણ કર્યું હતું હિંદને લગતા દરેક કાર્યોમાં નામદારશ્રી ઘણો ભાગ લેતા હું તેઓશ્રીની ગાદી તથા અંગ તરફ અપૂર્વ વફાદારી અને પ્રેમ જે કોટી હિન્દવાસીઓ તરફથી બતાવવામાં આવતો હતો તે પણ હું જાણું છું દક્ષિણ આફ્રિકાના વિગ્રહમાં દેશી રાજ્યકર્તાઓ તથા સમાજ તરફથી જે મદદ મળી હતી તે ઉપરથી તે લાગણી ખાસ રીતે જણાઈ આવતી હતી નામદાર મહારાણીશ્રીની ઇચ્છાથીજ મે હિન્દની મુલાકાત લીધી હતી તથા ત્યાંના રાજ્યકર્તાઓ, લોકો તથા શહેરોથી વાકેફગાર થયો હતો તે વખતે હિન્દ સંબંધી મળેલા અનુભવો હું કદી ભૂલી જઇશ નહિ, અને પ્રથમ કૈસરે હિન્દે મને આપેલા દૃષ્ટાંતની રૂએ દરેક સ્થિતિમાં મારી હિન્દી પ્રજાના લાભ માટે પ્રયત્ન કરવા ચુકીશ નહિ વળી તે ઉપરાત તેઓશ્રી જેમ જન સમાજની વફાદારી તથા પ્રેમની કિંમત કરતા તેમ પણ કરવા હું ચુકીશ નહિ

રાજ્યાભિષેક થયા અગાઉ કેટલીક જાણવા જોગ બીનાઓ બની હતી તેમાં પ્રથમ તો શહેનશાહ અને શહેનશાહબાનુએ પોતાની પહેલી પાર્લામેન્ટ પૂર્ણ ભપકાથી ખોલી ૪૦ વર્ષ થયા આ બનાવ કોઈ વખત બન્યો નહોતો તેથી તે નિહાળવા ઘણી ઉત્સુકતા

દેખાતી હતી નવા રાજા જાહેરમા કેવી રીતે કામ કરે છે, કેવા શોભે છે, કેવી રીતે બોલે છે, ઈત્યાદીકની જીજ્ઞાશાથી સરઘસ જોવા પુષ્કળ લોકો ઉતરી પડયા હતા શોકના શાન્ત સમયમા એક અપવાદરૂપ આ દિવસજ હતો ભપકાદાર સરકારી ગાડીમા બેઠેલા શહેનશાહ હસ્તે વદને પ્રજા જનોને સલામ કરતા જોઈ લોકોને ૬૪ વર્ષે રાજા તથા રાજ્ઞીના આશીર્વાદ મેળવવાનો સસ્કાર થયો

પાર્લામેન્ટ ખુલ્લી કર્યા પછી નામદારશ્રી ઘણા વ્યવસાયમા પડયા ગૃહકાર્યનુ સઘળુ કામ શહેનશાહ બાનુ સાથે તેઓશ્રી કરવામા રોકાયા થોડાક સમય પછી આસ્ટ્રેલીઆના જુદા જુદા સસ્થાનોએ એકત્ર થઈ એક પાર્લામેન્ટ કરવાનો ઠરાવ કર્યો હતો. ને તે પ્રથમ ખુલ્લી મુકવાની ક્રિયા સાર્વભૌમ તરફથી થવી જોઇએ એવી ત્યાના પ્રજા જનોની ઈચ્છા હતી અને તે મુજબ તેઓએ માગણી કીધી નામદારશ્રી તો જાતે પધારી શકે એ અશકયજ હતુ તેથી પોતાના યુવરાજને એ કાર્ય કરવા મોકલ્યા શહેનશાહ પાચમા જોર્જ પણ યુવરાજ તરીકે જાહેર કાર્ય કરવા પ્રથમજ જતા હતા

૧૯૦૧ ના આગસ્ટની પાચમી તારીખે ઘણોજ ગમગીન બનાવ બન્યો માતુશ્રીના મરણને છ માસ તો થયા ન હોતા એટલામા નામદારના જ્યેષ્ઠ ભગિની એટલે જર્મનીના રાજમાતા લાબી અને દુખદાયક બિમારી ભોગવી ગુજરી ગયા નાનપણથીજ ભાઇ બ્હેનની વચમા ઘણો સારો ઉલ્લાસ રહેતો હતો અને તેનો ૬૦ વર્ષે થયેલા ભગથી નામદારશ્રીને ઘણુ લાગી આવ્યુ ભગિનીને છેલ્લુ આદર આપવા દફન ક્રિયામા નામદાર હાજર થયા હતા જર્મની અને ઇગ્લાડ વચ્ચે તે સમયમા કેટલીક ગેરસમજુતી ચાલતી હતી અને નામદારશ્રી તેનો ફડચો કરવા કુનેહથી પ્રયત્ન કરતા હતા જર્મન રાજમાતાના મરણ સમયે શહેનશાહ એડવર્ડની લાગણી જોઈ જર્મન લોકોને તેઓશ્રી તરફ ઘણુ માન પેદા થયું અને તેથી

પણ કેટલીક ગેરસમજુતી દૂર થઇ તે ઉપરાત જર્મનીના યુવરાજને એક ઉચો ઇલ્કાબ આપવાની મર્હુમ મહારાણીશ્રીની ઇચ્છા હતી પરતુ તેઓશ્રી પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરી શકયા નહોતા પરતુ નામદારશ્રીએ જર્મન યુવરાજને એક મોટો ઇલ્કાબ આપી બન્ને દે-શોની મિત્રાચારી અચળ છે એમ સૂચવન કર્યું નામદાર મહારા-ણીશ્રીના મરણ સમયે જર્મન શહેનશાહે જે લાગણી દર્શાવી હતી તેથી ઇગ્લાડના લોકોને પણ તેઓશ્રી તરફ આદર થયો હતો આ-વા આવા સજોગોના પ્રસગમા શહેનશાહ એડવર્ડ શાન્તિ જાળવવા પ્રયત્ન કરતા એ નામદારની સપૂર્ણ કેળવણી તથા બહોળા અનુભ-વનુજ ફળ હતુ

તા ૨૬ મી જુનનો રાજ્યારોહણના દિવસ નક્કી કરવામા આવ્યો હતો રાજ્યારોહણ થયા અગાઉ રાજ્ય તરફથી તથા પ્રજાજનો તરફથી સઘળી તૈયારીઓ થઈ રહી દેશપરદેશના રાજાઓ અથવા તેમના એલચીઓ આ માંગલિક પ્રસગનો લાભ લેવા આવ્યા અન્ય પ્રેક્ષકોનોતો પારજ નહોતો લડન શહેરની વસ્તી પુષ્કળ વધી ગઈ હોય એમ સઘળાને ભાસતુ. ૯ મી જુનને દિવસે તો બધુ બરાબર તૈયાર થાય છે કે નહિ તે નામદારે જાતેજ જોયુ સ-મય પાસે આવતો ગયો તેમ તેમ લોકોમા ઉલ્લાસ વધતો ગયો, પરતુ માણુસ ધારે છે કાઈ અને ઈશ્વર કરે છે કાઈ ૨૪ મી જુ-નને દિવસે એકદમ સવારના ખબર પડી કે રાજ્યાભિષેક મુલતવી રહ્યો છે કારણકે શહેનશાહ આજારી છે આ ખબર સાભળતાજ ખળભળાટનો પાર રહ્યો નહિ આનદમા વિઘ્ન આવે એ કોઇને સાધારણ રીતે ગમેજ નહિ અને વળી તે આવા મોટા સમારભમાં આવે તેથી તે આખા જગતને દુ:ખ દાયક થઈ પડે છે. પરંતુ મનુષ્ય સ્વભાવ આશાજનક છે તેથી સર્વ કોઇએ કેટલોક સમય રાજ્યાભિષેક મુલતવી રહેવાનો છે એની ખબર કાઢી. જ્યારે એમ

ખબર પડી કે રાજ્યાભિષેક ક્યારે થશે તે કહી શકાયજ નહિ ત્યારે તો દિલગીરીનો પારજ રહ્યો નહિ નામદારને દર્દ થયુ હતુ અને તેથી તેના ઉપર શસ્ત્રક્રિયા કરવાની જરૂર હતી તેઓએ પ્રખ્યાત ડાકટર સર ફ્રેડરીક ટ્રીવ્સને એ કામ કરવા વિનતિ કરી સર ફ્રેડરીક ટ્રીવ્સે પ્રખ્યાત ડાકટર લોર્ડ લીસ્ટર તથા સર ટોમસ લેકીગ સાથે રહી ઘણી હોશિઆરીથી શસ્ત્રક્રિયા કરી જન વર્ગ નામદારને શસ્ત્રક્રિયાથી શુ ફાયદો થાય છે તે જોવા તત્પર થઈ રહ્યો હતો સઘળાની નજરના વિષયભૂત શહેનશાહ વારવાર બોલતા કે રાજ્યાભિષેક બધ રહ્યો તેથી “મારા લોક મને ક્ષમા કરશે કે?” હિમતથી ઉચરાતા આ શબ્દોને લીધે લોકોની નામદાર તરફ અપૂર્વ લાગણી થઈ ઇશ્વર કૃપાથી શસ્ત્રક્રિયા ફતેહમદ રીતે સપૂર્ણ થઈ ગઈ અને નામદારશ્રી થોડા સમયમા સારા થયા પરિણામે તા ૯ મી આગસ્ટનો દિવસ રાજ્યાભિષેક માટે નક્કી કરવામાં આવ્યો તે માગલિક દિવસ પણ ધીમેધીમે નજદીક આવતો ગયો દોઢ માસ અગાઉના દિવસાનો સમય ભૂલી જઈ લોકો પ્રવૃત્તિમા પડયા રાજ્યાભિષેક સમયનુ સઘળુ બ્યાન કરવાની આપણે કાઈ જરૂર નથી તેથી ટુકાણમા તે દર્શાવી નામદારનુ ચરિત્રજ વાચીશુ ઘણા દિવસ અગાઉથી દુનિઆના મોટા લન્ડન શહેરમા આબાલવૃધ્ધો ભાગ લેવા તૈયાર થયા હતા તે આપણે પાછળ વાચ્યુ રાજ્યાભિષેક મુલતવી રહેવાથી કેટલાક લોકો પાછા ગયા પરતુ તેથી કાંઈ તેના જાજ્વલ્યમાનપણામા તથા ખુબીમા વાધો આવ્યો નહોતો દેશપરદેશના રગબેરગી પોશાકોવાળા મનુષ્યોથી લન્ડન શહેર ભરાઈ ગયુ આખા શહેરમાં રાજ્યાભિષેક શિવાય બીજી વાતજ નહોતી. ઉત્સવને દિવસે તો સર્વ કોઈ પ્રવૃત્તિમાંજ હતા પોતાના હમેશના વ્યવસાયોમાથી દૂર થઈ સઘળા આ કાર્યમાંજ પડેલા જોવામા આવતા હતા. ૬૪ વર્ષે આ માગલિક પ્રસંગ બનતો હોવાથી જન-

સમાજને તેનો પૂર્ણ લાભ આપવા સૂર્ય નારાયણે પૂર્ણ ભપકાથી પોતાના અંકુરો નાખ્યા આખે રસ્તે લશ્કરની હાર ગોઠવાઈ ગઈ હતી શહેનશાહ તથા શહેનશાહબાનુ રાજ્યાભિષેક કરાવવા સરઘસ સાથે નીકળ્યા દેશપરદેશની પ્રજાનુ માન લેતી વખતે તેમને કોઈ પ્રકારે પણ અભિમાન આવતુ નહતુ તે મુખછાયા ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવતુ વળી તે ઉપરાત એમ પણ જણાતુ કે નામદારશ્રી પોતાની જવાબદારીનોજ ક્ષણે ક્ષણે વિચાર કરતા હતા સરઘસ અંતે વેસ્ટમીનીસ્ટરના દેવળ આગળ આવ્યુ પોતાની આગળ થઈ ગયેલા લગભગ ૪૦ રાજાઓનો જ્યા રાજ્યાભિષેક થયો હતો ત્યાજ નામદારને શુભ ક્રિયા કેન્ટરબરીના આર્ચબીશપ કરવાના હતા સભા-સ્થાનમા ઉમરાવો, ઉમરાવજાદીઓ, રાજાઓ, રાજ્ય પ્રતિનિધિઓ, તથા સભ્ય ગૃહસ્થો બિરાજી રહ્યા હતા શહેનશાહ આવતાજ તેમને રાજ્યાસન ઉપર લઈ જવામા આવ્યા સોગદ લીધા બાદ મહાત્મા ક્રાઇસ્ટના ધર્મના પ્રોટેસ્ટંટ મત પ્રમાણે ચાલવાની પ્રતિજ્ઞા નામદારે કરી તૈલ મર્દનની ક્રિયા દરેક દેશોમા દરેક માગલિક પ્રસગે થાય છે તે મુજબ તે ઇગ્લાડમા પણ થઈ પછી તાળીના ગડગડાટ, તોપોના ભડાકા અને સઘળાના જયઘોષ વચ્ચે કેન્ટરબરીના મુખ્ય ધર્માધ્યક્ષે શાન્તિદાતા રાજાના મસ્તક ઉપર પૂર્ણ શાન્તિથી તાજ મૂકયુ તાજ બરોબર બપોરના ૧૨ ને ૪૦ મીનીટે મુકવામા આવ્યુ તે પછી શહેનશાહબાનુને પણ તાજ પહેરાવવામા આવ્યુ પોતાની બદલાયલી સ્થિતિમા તાજ અને રાજદડ લઈ જેવા ક્રમથી સઘ્ર-સમા આવ્યા હતા તેવાજ ક્રમથી તેઓશ્રી પાછા ગયા

ઇગ્લાડમા રાજ્યાભિષેક થયા બાદ હિન્દમા દરબારની સઘળી તૈયારી ચાલી રહી ઈ સ ૧૮૭૭મા મહારાણીશ્રી વિકટોરીઆએ પોતાના પ્રભાવને શોભાવે એવો કૈશરે હિન્દનો ઇલ્કાબ ધારણ કર્યો હતો વિકટોરીઆ મહારાણીના સુપુત્રને શહેનશાહ તરીકે હિન્દમાં જાહેર

કરવા તેમના પ્રતિનીધી લોર્ડ કર્ઝને દિલ્હીને ઉથલ પાથલ કરી નાખ્યુ દરબાર વખતે નામદાર ડયુક અને ડચેસ ઓફ કોનોટ ઉપરાત દેશના સઘળા રાજા રજવાડા, સભાવિત ગૃહસ્થો તથા વર્તમાનપત્રોના અધિપતિઓને નોતરવામા આવ્યા તેઓ સઘળાની ગોઠવણ ઘણા મોટા પાયા ઉપર કરવામા આવી હતી અને તેમા ખાસ કરીને નામદાર વાઇસિરોયની છાવણીનો ભપકો અસાધારણ હતો આ સમયે દિલ્હી નગરની રચના ઓરજ થઈ ગઇ લગભગ ૩૦ લાખ માણસ તેની આજુબાજુ આવી પડયુ હતુ રાજા રજવાડા અને એશિઆખડના રાજાના પ્રતિનિધિઓના સોનેરી તબુની ઝળકથી દિલ્હી નગર દૈવી નગરજ બની ગયુ વિસ્તાર ઘણો વધી ગયો તેથી સઘળી યોજના કરવા કુશળ ઇજિનેરો રોકવામા આવ્યા અને તેમની સલાહથી એક હલકી રેલ્વે પણ શહેરની આજુબાજુ બાધવામા આવી લગભગ આખા દરબારનો ખર્ચ છ કરોડ રૂપિઆ જેટલો ધારવામા આવે છે દરબારની સાથે પ્રદર્શન પણ ભરવામા આવ્યુ અને તેથી દેશના હુન્નર ઉદ્યોગને જગત્ સનમુખ બતાવવાનો એક અપૂર્વ પ્રસગ આપણા લોકોને મળ્યો પ્રદર્શન ઘણા દિવસ સુધી રહ્યુ તેથી તેની ખાતર પણ ઘણી સારી થઈ અને અન્ય કામો કરતા એ ઘણુ સારૂ નીવડી શકયુ તા ૨૯મી ડીસેમ્બરે નામદાર વાઇસરોય લોર્ડ કર્ઝન દિલ્હીમા પધાર્યા ત્યારથી સઘળી ક્રિયાઓનો આરભ થવા માંડયો ઘણા ભપકાથી લોર્ડ કર્ઝન સ્ટેશન ઉપરથી પોતાના નિવાસસ્થાનપર જવા હાથી ઉપર હોદ્દામા બેસી નીકળ્યા હતા તે જોવા દિલ્હી નગરને ઘણીજ રમુજ પડી તા ૩૦મીએ નામદાર વાઇસિરોયે પ્રદર્શન ખુલ્લુ મુકયુ અને તે દરમ્યાન એક છટાદાર ભાષણ કરી દેશના હુન્નર ઉદ્યોગની સ્થિતિનુ અવલોકન કરાવ્યુ તા ૧લીને દિવસે દરબાર ભરાયો અને તેમા નામદાર એડવર્ડ તરફનો પેગામ વાચી તેમને હિન્દના શહેનશાહ તરીકે જાહેર કરવામાં આવ્યા. પેગામ નીચે મુજબ છે.

" મારા રાજ્યારોહણનો ઉત્સવ કરવાને મારી હિંદની પ્રજા એકઠી થઈ છે તે શુભ પ્રસંગે આ પેગામ મોકલતાં મને ઘણો આનંદ થાય છે "

મારા રાજ્યારોહણની ક્રિયા લંડનમાં કરવામા આવી તે પ્રસંગે ફક્ત થોડા રાજાઓ અને પ્રતિનિધીઓ આવી શકયા હતા તેથી આ શુભ અવસરના, સંભારણાના ઉત્સવમા ભાગ લેવાની હિંદના સઘળા રાજાઓ, સરદારો અને લોકોને તક આપવાને દિલ્હીમા મોટો દરબાર ભરવાની મે માગ વાઇસરૉય અને ગવરનર જનરલને સૂચના આપી છે "

" મે ઈ સ ૧૮૭૫ મા હિંદની મુલાકાત લીધી ત્યારથી હિંદ અને ત્યાના લોક પ્રત્યે હુ અતિ પ્રેમની લાગણી ધરાવુ છું અને મારા વંશ તથા ગાદી પ્રત્યે તેઓ ખરા દિલથી વફાદાર છે તે હુ જાણુ છુ પાછલા થોડા વરસમા તેમની રાજ્યભક્તિના કેટલાક દાખલા મને મળ્યા છે અને મારા હિંદી લશ્કરે મારા શહેનશાહતની ચઢાઇઓ તથા ફતેહમા ઘણી સારી સેવા બજાવી છે "

" મારા પ્રિય પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સ અને તેમના બાનુ હિંદનો મુલક જુવે એવી મારી સતત્ ધારણા છે તેઓ પણ હિંદની મુલાકાત લેવાને તેટલાજ આતુર છે અને મને સંપૂર્ણ આશા છે કે થોડા વખતમા તેઓ જાતે હિંદથી વાકેફ થવાને શક્તિમાન થશે "

" આ અગત્યના પ્રસંગે બની શકતુ હોત તો મારી આવવાની ઘણી ખુશી હતી તો પણ મે મારા વહાલા ભાઈ ડ્યુક ઓફ કૅનોટ જે હિંદમા ઘણા પ્રસિદ્ધ છે તેમને મારા રાજ્યારોહણના ઉત્સવને પ્રસંગે મારા કુટુંબના પ્રતિનિધિ તરીકે મોકલ્યા છે "

" મારા પૂજ્ય માતુશ્રી હિંદના શહેનશાહબાનુ મર્હુમ મહારાણીશ્રી વિકટોરિયાની ગાદી મને મળી ત્યારથી, જે દયાળુ અને ન્યાયી રાજનીતિથી તેમણે પોતાની હિંદી પ્રજાની

આટલી બધી આશ્ચર્યજનક ભક્તિ અને પ્રીતિ મેળવી હતી, એવીજ રાજનીતિ હમેશ ચાલુ રાખવાની મારી ધારણા છે. હિદના મારા સઘળા રક્ષિત રાજાઓને તથા સઘળી પ્રજાને હું એકવાર ફરીથી ખાત્રી આપુ છુ કે હુ તેમની સ્વતત્રતા જાળવીશ, તેમના હકો અને દરજ્જાને માન આપીશ, તેમની જે પ્રકારે ચઢતી થાય તે બાબતોમા હુ ઉલટથી લક્ષ આપીશ અને તેમના ભલાને માટે કાળજી રાખીશ આ સઘળી લાગણીઓમા માગ અમલની ઉમેદો સમાયલી છે, અને તે સર્વ શક્તિમાન પરમેશ્વરની કૃપાથી અમલમા મૂકયાથી મારી હિદી શહેનશાહતની આબાદી વધતી જશે, અને હિદી પ્રજાના સુખમા વધારો થશે”

તોપોના ગડગડાટ વચ્ચે એડવર્ડ રાજાનો ઇગ્લાડ અને હિન્દમા રાજ્યાભિષેક થયો પરતુ તોપોના અવાજ કરતા પણ હાલ નામદારશ્રીને તેમની પ્રજા તરફથી મળતા ધન્યવાદના અવાજો વધારે તીવ્ર થયા છે.

પ્રકરણ ૯ મું.

સાતમા એડવર્ડ રાજા તથા શહેનશાહ.

"સામાજીક કેળવણીમાજ ભવિષ્યની આશા છે. કારણ કે કેળવાયલી બુદ્ધિથી શાન્તિ અચળ રહે છે તથા લોક વર્ગને સ્વત્માવલબનની આદત પડે છે"—૧૯૦૪મા શહેનશાહ એડવર્ડના વિચારો.

"મારી ખાત્રી છે કે સુધારા તથા સુધારા માટે આપણે હમેશ માટે જોડાઇશુ અને તેથી ઉદ્દ્મવતા સર્વ પ્રજાના અભ્યુદયને જોઈ શકીશુ"—૧૯૦૩મા ઇટલીના નરેશ પ્રત્યે એડવર્ડ શહેનશાહના ઉદ્દગારો

"આપણા દેશો તથા સસ્થાનોમા વેપાર ઉદ્યોગ માટે હળીમળી આપણે કામ કરીએ એજ મારી લાબા વખતની ઈચ્છા છે"—૧૯૦૩મા પોર્ટુગાલના ભુપતિને એડવર્ડ શહેનશાહની વિનતિ

"આપણા બન્નેના દેશો વચ્ચે પ્રેમ વત્ર એજ મારી ઇચ્છિ વસ્તુ છે,":— ૧૯૦૩મા ફ્રેચ લોકોને એડવર્ડ રાજાએ દર્શાવેલો વિચાર.

ઉપરના ઉદ્દગારો કાઢનાર મનુષ્ય ૬૦ વર્ષની અનુપમ કેળવણી લઈ જગતને તેનુ ફળ આપવા તૈયાર થયેલા આપણા ગત શહેનશાહ એડવર્ડ છે ૧૯૦૩થી ૧૯૧૦ સુધીના ટુક સમયમા આખા જીવનનો અનુભવ તે નામદારશ્રીએ યુરોપ અને કહો કે આખી જગતને દર્શાવી આપ્યો છે તે સઘળુ કેવી ખુબીથી તથા કેવા સજોગો વચ્ચે કર્યુ છે તે જાણવાનુ આપણને આ પ્રકરણમા મળશે, અને તેથી નામદારશ્રીના જીવનનુ મહત્વ કેટલુ છે તે જાણી શકીશુ મુસાફરીથીજ નામદારની કેળવણી શરૂ થઈ હતી મુસાફરીથીજ નામદારને સઘળો અનુભવ મળ્યો હતો અને રાજા તરીકેની કારકીર્દી દરમ્યાન મુસાફરીથીજ નામદારશ્રીએ સઘળા અનુભવનુ ફળ જગતને આપ્યુ છે આ છ વર્ષના ટુગામમા શહેનશાહશ્રીએ જેટલુ કાર્ય કર્યુ છે એટલુ આખા જીવનમા ઘણા ઓછા નરેશો તથા મુત્સદીઓ કરી શકે છે

પ્રથમતો ૧૯૦૨ના નવેમ્બર માસની આઠમી તારીએ નામદારશ્રી જર્મનીના શહેનશાહની મુલાકાતે પધાર્યા મહારાણીશ્રી વિકટોરીઆના મરણ પ્રસગે જર્મન શહેનશાહે જે સહાનુભૂતિ દર્શાવી હતી તેથી તથા જર્મન રાજમાતાના મૃત્યુ વખતે શહેનશાહશ્રી એડવર્ડની લાગણીથી ઈંગ્લાન્ડ તથા જર્મનીની પ્રજાને કેવી અસર થઇ હતી તે આપણે વાચી ગયા છીએ, ત્યાર બાદ પણ કાઇંક પ્રકારની રાજ્યનીતિજ્ઞોને ગેરસમજુત હશે તેપણ રાજ્યાભિષેક પછી થોડે સમયે એડવર્ડ શહેનશાહે કરેલા પ્રયાસથી દુર થઈ ગઈ જર્મની સાથે પાછળથી કેવો ઉત્તમ સબધ બધાયો તે આ પ્રકરણમાજ આપણને જોવાનુ મળશે એટલે હાલમા તેનુ વિવેચન કરવાનુ મોકુફ રાખીએ છીએ

જેમ પોર્ટુગાલ દેશના આફ્રીકામાં સસ્થાનો છે તેમ ઈગ્લાડ દેશના પણ છે બન્નેની વચમા સલાહ સપ જળવાવો જોઇએ એ ઇચ્છાનુસાર નામદારશ્રીએ ૧૯૦૨ની સાલમા બે વખત પોર્ટુગાલની મુસાફરીએ જઈ આવ્યા બીજી વખતે લિસ્બોન શહેરમા નામદારશ્રી પધાર્યા તે વખતે જનવર્ગનો તેમના ઉપર પ્રેમ એટલો બધો વધી ગયો કે આબાલવૃધ્ધો, નર કે નારી, પગ કે અપગ, સર્વ કોઇ શહેરના મકાનોના છાપરા, ઝાડો ઇત્યાદીક સ્થાનો ઉપર કે જ્યાથી નામદારના મુખારવિદના દર્શન થઈ શકે ત્યા સુદ્ધાત બેસી ગયા પોર્ટુગાલના ભોળા અને આનદી લોકોએ નામદારશ્રીના હસ્તા વદનને માન આપ્યુ તેવુજ માન રાજ્ય અમલદારો તરફથી પણ આપવામા આવ્યુ પોતાનો પ્રવાસ જે કાર્ય માટે હતો તે પોતાને મળેલા આદર ઉપરથી સ્પષ્ટ રીતે ફતેહમદ ઉતર્યો હોય એમ ભાસતુ હતુ તેથી સતુષ્ટ થયેલા ભૂપતિએ એક ખાણા વખતે પોર્ટુગાલના નરેશને જણાવ્યુ કે “આપણા બન્ને દેશો અભ્યુદય તથા સુધારાની સરણિમાં સાથે સાથે ચાલે, તથા વિચારોમાં એકત્રતા જાળવી આપણે આપણા દેશો તથા સસ્થાનોમાં વેપાર માટે હળીમળી કામ

કરીએ એજ લાબા વખતથી મારી ઇચ્છા છે " અને તે એજ છે કે આપણા વાવટાનો વિજય ચાલુ રાખવો તથા આપણે અકેકને અડચણ કર્યા વગર આપણા સસ્થાનો યથેચ્છ સભાળવા "

પોર્ટુગાલમા સલાહ સપનો ઉપદેશ કરી નામદાર જીબ્રાલ્ટરનો કિલ્લો જોવા પધાર્યા ૧૯૦૩ની સાલ નામદારના જીવનમા ઘણીજ યાદગાર છે કારણ કે ઇગ્લાન્ડના નૌકાબળની અભિવૃદ્ધી કરનાર જી-બ્રાલ્ટરને ઇગ્લાડના રાજા તરીકે મુલાકાત આપનાર નામદારશ્રી પ્રથમજ હતા જીબ્રાલ્ટરથી નીકળી ઇટલી દેશમા નામદાર પધાર્યા. આનદી, લ્હેરી તથા વિનોદી ઇટાલિયન લોકોએ આ રાજવશી અભ્યાગતને આદર આપવા જેટલુ બને એટલુ કર્યુ માલ્ટાનુ લશ્કરી થાણુ જોયા પછી નામદાર સીસીલીમા પધાર્યા જવાળામુખી પર્વત એટનાનુ બારીક અવલોકન કરી નેપલ્સ નગરમા રહી તેઓશ્રી રોમમા પધાર્યા યૂરોપના સુધારાનુ મુખ્ય સ્થાન પ્રાચીન રોમ તે વખત કાઈ જુદીજ તરેહ અલબેલી નગરી બની ગયુ ઉજ્વળ કીર્તિવાન એડવર્ડ ભૂપતિને માન આપવા જનવર્ગે જે ઉલ્લાસ બ-તાવ્યો હતો તે રોમ શહેરના ઇતિહાસમા અનુપમ હતો નામદારશ્રી તો શાન્ત લોકોને શાન્તિનો ઉપદેશ કરવાજ ગયા આવ્યા હતા તે-થી ઇટાલીના રાજાની પરોણાગતનો ઉપકાર માનતી વખતે જણાવ્યુ કે —"આપણે બન્ને છુટ તથા સ્વત્ર ત સસ્થાઓને ચાહીએ છીએ આપણી સન્મુખ આ વિચારો રાખી આપણે સુધારા તથા અભ્યુદયના મા-ર્ગમાં આવીએ છીએ તેની સાથે સાથે આપણે જગતની સલાહ સપને પણ જાળવી શકયા છીએ રણક્ષેત્રમા એકપક્ષી થઈ આપણે થોડાજ વખત ઉપર દુશ્મનો સાથે લઢયા હતા હુ આશા રાખુ છુ કે ઇશ્વર એવી પ્રકારની સહાયતા કરાવવાનો સમય આ-પણને આપે નહિ પરતુ મારી ખાત્રી છે કે છુટ તથા સુધારા માટે આપણે હમેશ માટે જોડાઇશુ અને તેથી ઉદ્ભવતા

સર્વ પ્રજાના અભ્યુદયને જોઈ શકીશુ ” રોમના રહેઠાણ દરમ્યાન નામદારશ્રીએ મહાત્મા પોપને પણ મુલાકાત આપી તેઓના તરફથી આશીર્વાદ લીધા પછી પોતાનુ કાર્ય સિદ્ધ થયેલુ જાણી સ્વદેશ સિધાવવા નીકળ્યા એક પ્રસગે અનેક કાર્યો કરવાના જુના સિદ્ધાંત મુજબ નામદારશ્રીએ રસ્તામા ફ્રાન્સ દેશની પણ મુલાકાત લીધી ફ્રાન્સ અને ઈગ્લાન્ડ બન્ને પાડોશી છે છતા લાબા વખતથી તકરારી પ્રજા તરીકે ઇતિહાસમા જાણીતા થયા છે બન્ને દેશો વચ્ચે કેટલી બધી તકરાર હતી તે જાણીતુ જ છે છઠ્ઠા હેન્રી રાજા પછી ઈગ્લાડનો કોઇપણ ભૂપતિ ફ્રાન્સની મુલાકાતે ગયો નહોતો ફક્ત તે રાજા પછી નામદાર મહારાણીશ્રી વિકટોરીઆજ ગયા હતા ત્યાર બાદ શહેનશાહ એડવર્ડ તો આખા ઇગ્લાન્ડના સઘળા રાજાઓએ મુલાકાતો આપી હશે તેથી પણ વધુ મુલાકાતો આપી તેમના પ્રમાણમા ઘણા થોડા સમયમાં સુલેહ શાન્તિનો બોધ કરી ફ્રેન્ચ લોક સાથે મિત્રાચારી નિભાવી શક્યા ફ્રાન્સના પ્રવાસમા આ વખતે તેઓશ્રી પાટનગર પારિસમા ગયા યુવરાજ તરીકે પારીસ નગરને નામદાર લાબા વખતથી જાણીતા થયા હતા તેથી રાજા થયા બાદ તેઓશ્રીને જોવા ફ્રેન્ચ લોકો ઉથલ પાથલ થઈ ગયા એડવર્ડ રાજાએ લોકોના આદરનો જુવાબ આપ્યો તે ઐતિહાસિક ગણાય છે “મને પૂર્ણ ભરોસો છે કે બન્ને દેશો વચ્ચેની ખટપટોના દિવસો ભરાઈ રહ્યા છે હવે તો આ સદીના ઇતિહાસકારને બન્ને દેશોના હુન્નર ઉદ્યોગ તથા વેપારના વધારા વિષેજ લખવાનુ થશે ભવિષ્યમા ઈગ્લાન્ડ તથા ફ્રાન્સ શાન્તિ યુક્ત સુધારા તથા અભ્યુદયના સ્થભ ગણાશે તથા સાહિત્ય, કળા તથા વિદ્યામા ઉત્તમમા ઉત્તમ ભવિષ્યના નિવાસસ્થાનરૂપી ઓળખાશે જગનિયતાની ઇચ્છા એવી છે કે ફ્રાન્સ હમારૂં પાડોશી થવુ જોઇએ અને વધારામા મારી એટલી અપેક્ષા છે કે હમેશને માટે તમારો દેશ હમારો મિત્ર થાય દુનિયામા આપણા

દેશોની સમાન બીજા અન્ય દેશોનો પરસ્પર સબધ નથી ભૂતકાળમાં આપણા બન્નેની વચ્ચે ગેરસમજુત થઇ હશે તથા તેને લીધે કલહો પણ થયા હશે હુ માનુ છુ કે હવે તો સઘળા તફાવતો દુર થઇ ગયા છે અને મારો પૂર્ણ ભરોસો છે કે વર્તમાનકાળમા ફ્રેન્ચ પ્રજા તરફની હમારી મિત્રચારી તથા માનને લીધે અને ભૂતકાળમાં તમારા પરાક્રમોને લીધે, ભવિષ્યમા આપણા બન્ને દેશોની વચ્ચે પ્રેમ વધે એજ મારી ઇચ્છિત વસ્તુ છે" આ ઉત્તમ વિચારદર્શક શબ્દોથી તથા શહેનશાહ એડવર્ડના આનદી સ્વભાવથી ફ્રેન્ચ લોકોનુ મન એક-દમ દોરાવાઇ ગયુ ભવિષ્યમા ફ્રાન્સ સાથે બધાયલા સબધોનુ મૂળ નામદારનુ આ ભાષણજ હતુ

ફ્રાન્સનો ફતેહમદ પ્રવાસ પૂરો થયા પછી નામદાર સ્કોટલાંડ દેશમા પધાર્યા ત્યાથી તુરત પાછા આવી ઈગ્લાન્ડમાજ કાલ નિર્ગમન કરવા લાગ્યા મહારાજાશ્રીને મિસર દેશ ઘણો પ્રિય હતો તેથી જીદગીમા એ વખત નામદારે તે દેશને મુલાકાત આપી હતી. પોતાને પ્રિય એવા મિસરના ખેદિવ સાહેબ જુન માસમા ઈગ્લાડ પધાર્યા તેમની પરોણાગત કરવા નામદારશ્રીને ઘણોજ ઉલ્લાસ થયો. મિસરદેશ સબધી ખટપટો ચાલતી હતી તે બાબત ખેદિવ સાહેબને પણ કાંઇ ગેરસમજુત હશે તે પણ નામદારશ્રીને મળ્યાથી દૂર થઇ ગઇ જુન માસમા ઉત્તર આફ્રિકાના ભૂપતિની મુલાકાત પુરી થયે ઈગ્લાન્ડમા એક બીજા રાજકીય પુરૂષનુ આવાગમન થયુ. ફ્રાન્સના નામદારશ્રીના પ્રવાસથી રાજ્યદ્વારી તેમ લૌકીક મડળોમાં તેઓશ્રી માટે અત્યાદર ઉદ્દભવ્યો હતો. તે પુન દર્શાવવા માટેજ ત્યાંના પ્રમુખ પ્રે લુબે સાહેબ લડનમા આવી નામદારની પરોણાગતનો લાભ લીધો ફ્રાન્સમાથી પાછા ફર્યે થોડા સમયમાંજ પ્રમુખ સાહેબ લડનમા આવી નામદારશ્રીને મળ્યા તેથી તેમને ઘણોજ આનદ થયો અને પોતાનુ કામ પરિપૂર્ણ થયલુ માનવા લાગ્યા.

એમ કહેવાય છે કે પ્રેસિડન્ટ સાહેબને લંડનમાં જેટલું માન લોકોએ તે સમયે આપ્યુ તેટલુ કોઇ પણ રાજ્યકર્ત્તાને અગાઉ આપવામા આવ્યુ નહોતુ એડવર્ડ રાજાના પ્રયાસે પોતાના તથા પ્રજાના મન ઉપરથી લાબા સમયથી ચાલતા આવેલા કલહને દુર કરવા કેવો સારો પ્રયત્ન કર્યો છે તેનો પ્રેસિડન્ટ સાહેબે ખરા જીગરથી એકરાર કર્યો નામદારશ્રીનો વારવાર ઉપકાર માન્યા પછી માનવતા પ્રે લુબે સાહેબ સ્વદેશ પધારી ગયા પશ્ચાત્ નામદારશ્રી આયર્લાન્ડ જઈ આવ્યા અને ત્યા પણ પોતાને પ્રિય એવી શાન્તિ જોઇ સુખી જીગરથી પાછા આવ્યા

હવે ૧૯૦૪ ની સાલ આવી નામદારને રાજ્ય કરતા ત્રણ વર્ષ થયા ફક્ત ત્રણ વર્ષ થયા તો પણ ત્રણ સૈકામા જેટલુ કાર્ય ન થયેલુ તેટલુ નામદારશ્રીના પ્રયાસથી આ ત્રણ વર્ષમા થયુ હતુ પહેલા ત્રણેક માસ તો નામદારશ્રીએ લંડનમાંજ ગાળ્યા પ્રજા જનોની વચમા પ્રિય નરેશને હરતા ફરતા જોવાની ખુબી ઓરજ હોય છે જ્યા જ્યા નામદાર જતા ત્યા ત્યા તેઓને યોગ્ય માન મળતુ જોઈ પોતે પણ પોતાની ફરજ બજાવવા કેવી રીતે ફતેહમંદ થયા હતા તે વિચારી શકતા આ આનન્દના સમયમા નામદાર છુપે વેષે બહાર ફરવા પણ જતા અને તે વખતે તેઓશ્રીને કેવા કેવા અનુભવો મળ્યા હતા તેની કેટલીક વાતો આપણને જાણવાથી ઘણી રમુજ પડશે રાજા સાહેબ મોટર ગાડીમા બેમી હમેશ બહાર ફરવા નીકળતાં તેઓની ગાડી ઉપર સાધારણ કાયદા મુજબ નબર પાડવામા આવતો નહોતો પરંતુ તાજનો નાનો સરખો આકાર રહેતો લંડનમા ફરતી વખતે તો સઘળા પોલીસના અમલદારો ગાડીને ઝટ ઓળખી જતા પરંતુ જ્યારે નામદાર બહાર નીકળી પડતા ત્યારે તાજનો નાનો આકાર ત્યાંના પોલીસના માણસો મહાવરા વગર જોઈ શકતા નહિ

એક વખત નામદાર ગાડીમાં બેસી ખૂબ દૂર નીકળી ગયા. રસ્તામાં એક પોલીસ અમલદારે નામદારશ્રીની ગાડીને અટકાવી અને વગર નબરની ગાડી હાકવા માટે તેમનુ નામ માગ્યુ પોતાના જેવોજ ફરજ અદા કરવામા દૃઢ માણસને જોઇ તેના કાર્યને પુષ્ટિ આપવા નામદારે કહ્યુ કે મારૂ નામ આલબર્ટ એડવર્ડ છે રેહેઠાણ તરીકે પોતાના મહેલની જગ્યાનુ નામ પણ નામદારશ્રીએ લખાવ્યુ એ-વામા તુરત થાણાનો મુખ્ય અમલદાર આવ્યો તેણે નામદારને એકલા ગાડીમા જોઈ અચબો પામી નમન કર્યુ નામદારે તુરતજ તેના નમનના જવાબમાં કહ્યુ કે 'તમારા પોલીસના માણસથી હુ ઘણો ખુશ થયો છુ" નામદારશ્રીના આવા શબ્દો સાભળી પોલીસના માણસને સઘળી બીના ટુકાણમા જણાવવા અમલદારે કહ્યુ સિ-પાઇને તો હજુ પણ ખબર નહોતી કે નામદારજ ગાડીમા બિરાજતા હતા તેથી ઘણી ભોળાઇથી તેણે નામદારને આરોપી તરીકે જણાવી અમલદારને સઘળુ નિવેદન કર્યુ સિપાઇના અપમાન યુક્ત વચનો હોવાથી અમલદાર તેને ઠપકો આપવા જતો હતો તેવામાં તુરતજ તેને અટકાવી નામદારે કહ્યુ કે "તમે નકામા એને હેરાન કરશો નહિ પોતાના રાજાને ગેરકાયદેસર કાર્ય કરનાર જાણી તેને પણ કાયદાની અંદર આણવાની આ માણસે હિમત કરી છે માટે લો એને ઇનામ આપો

એક બીજી વખત પણ નામદાર મોટાર ગાડીમા બેસીને જતા હતા તેવામા એક ગામડા નજદીક ગાડીનુ સાચાકામ બગડી જવાથી પોતાને થોભી જવુ પડયુ ગાડી જ્યા અટકી ગઈ ત્યા એક ઝુપડુ હતુ આ ઝુપડામા એક વૃદ્ધ ડોશી પોતાની દીકરી સાથે ચાહ કરતી હતી તેણે નામદારને કોઈ ગૃહસ્થ જાણી ચાહ પીવા બોલાવ્યા વૃદ્ધ ડોશીના નિમત્રણને માન આપી નામદારે ઘણાજ ઉલ્લાસથી ચાહ પીધી અને તેના તરફની પોતાની ચાહના તુરત ન બતાવી પરંતુ

ઘેર જઈ એક ભેટ મોકલાવી તેઓશ્રીએ બદલો વાળ્યો ભેટ ઉપર ફક્ત નીચેનાજ શબ્દો હતા "એક ચાહના આનંદકારદાયક પ્યાલા માટે", જ્યારે નામદારના અમલદારે વૃદ્ધ ડોશી આગળ ભેટ મુકી ત્યારે તેને ખબર પડી કે ઝુપડીમા ચાહ પી જનાર માણસ કોઈ નહિ પરંતુ તેના રાજાજીજ હતા

આવા આવા આનંદોમા નામદારશ્રીએ પોતાની પ્રજા સાથે ત્રણ માસ નિર્ગમન કીધા પછીથી એક ઘણોજ ખેદકારક બનાવ બન્યો પોતાના વૃદ્ધ મામા ડયુક ઓફ કેમ્બ્રિજ જે ઇંગ્લાન્ડના ઉત્તમ યોદ્ધાઓમા ગણાતા હતા તે ગુજરી ગયા મે માસની અંદર એક મોટુ રાજ્યદ્વારી કાર્ય થયુ ઈગ્લાન્ડ તરફથી લોર્ડ લેન્સડાઉને તથા ફ્રાન્સ તરફથી મોસ્યુ કેમ્બો નામના પ્રધાને લન્ડનમા બન્ને દેશ વચ્ચેના કોલકરારો ઉપર સહી કરી કોલકરારમા નામદાર એડવર્ડ તથા પ્રેસિડન્ટ લુબેના વચનોને કાગળ ઉપર મુકી રાજ્યદ્વારી રૂપ આપવામા આવ્યુ આ મુજબ કેટલા સૈકાઓની ફ્રાન્સ અને ઈગ્લાન્ડની તકરારનુ છેવટ આવી ગયુ ૮ મી એપ્રેલને દિવસે આ કાર્ય કરવામા આવ્યુ હતુ તે વખતે નામદારશ્રી ડેન્માર્કમા પોતાને સાસરે હતા, પરન્તુ ૧૯ મા તારીખે પાછા પધાર્યા તે વખતે ઈગ્લાડના લોકોએ નામદારને આ રાજ્યદ્વારી મહાન્ કાર્ય કરવા માટે ઘણો આદર આપ્યો ત્રણ વર્ષના ટુકા રાજ્ય કાર્યભાર દરમ્યાન આવુ ફળ આવેલુ જોઇ નામદારશ્રીને સિંહ માફક કાર્યવહન કરવાનો ઉત્સાહ થયો અપ્રેલ માસમા નામદારશ્રી ફરીથી આયર્લાંડની મુસાફરીએ જઈ આવ્યા અને ત્યા ચાલતી કેટલીક અશાન્તિને પણ દુર કરતા આવ્યા

આ સમયે વળી પાછી કાઈ જર્મની તથા ઈગ્લાંડ વચ્ચે ધમાધસી થવા લાગી. તુરતજ તેને નિર્મૂળ કરવા નામદારશ્રીએ જર્મનીના પ્રવાસે જવાનુ નક્કી કર્યું. કીલ બંદરપર પોતાના ભાણેજ

જર્મન શહેનશાહને એક મનવાર ઉપર મળ્યા અને તે સમયે જર્મન શહેનશાહ જેઓ કે એક અચ્છા કુનેહબાજ રાજનીતિજ્ઞ છે તેમણે નીચે મુજબ ઉચ્ચારણ કર્યુ—જર્મન મનવાર ઉપર આપ નામદારને હુ પહેલી વખતજ આવકાર આપુ છુ આજે જેમ આપણો સબધ ઉત્તમ પ્રકારનો છે તેમ ભવિષ્યમા લાબા વખત સુધી રહે એમ મારી ઇચ્છા છે તેથી આપણા દેશની તથા પ્રજા વર્ગની સુલેહ અને અભ્યુદય ઉત્તમ રીતે જળવાઈ રહેશે નામદારશ્રીને તેજ જોઈતુ હતુ અને દાનાવ જર્મન શહેનશાહના મુખમાથી આ વચન નીકળ્યા તેથી તેઓ ઘણા રાજી થયા જર્મનીના અન્ય શહેરોમાં પણ નામદારશ્રીને પુષ્કળ માન મળ્યુ કીલ શહેરમાંથી નીકળી નામદારશ્રી જર્મન શહેનશાહ સહિત હેમબર્ગ પધાર્યા ત્યા પ્રિન્સ હેત્રી ઓફ પ્રુશિયા સાથે નામદારે ખાણુ લીધુ અને તે વખતે પણ જર્મન શહેનશાહે ઉત્તમ મિત્રાચારીભર્યા શબ્દોમા નામદારશ્રીના વખાણ કર્યા જર્મનીની મુલાકાતનુ કેવુ ઉત્તમ પરિણામ આવ્યુ તે નામદારે તુરતજ જોયુ કારણકે તેઓ નામદાર ઈગ્લાંડમાં આવ્યા કે તુરતજ જર્મનીનો એક કાફલો ઇગ્લાડની મુલાકાતે આવ્યો અને બન્ને દેશોના નૌકા સૈન્ય વચ્ચે ઘણી હેતભરી સલામતીઓ થઈ. ૮મી તારીખે નૈકાસૈન્યો વચ્ચે પરસ્પર સબધ દર્શાવનારી ઐતિહાસિક સલામતીઓ અપાઈ અને તુરતજ ચાર દિવસ પછી તા. ૧૨મીએ ઈગ્લાન્ડ અને જર્મની વચ્ચે કોલકરારો થયા નામદારશ્રીની જર્મનીની શહેલગાહ પછી આટલી બધી ત્વરાથી આ કાર્ય કેમ થયુ હશે એ બાબત કાંઇ શકા કરવાની જરૂર નથી. નામદારે પ્રથમથીજ આસ્તે આસ્તે પગથીયાં બાંધી દાદર તૈયાર કરી રાખ્યો હતો. અને પછી તો માત્ર તેને ગોઠવી ઉપર ચઢી જવાનું કાર્ય બાકી રાખ્યું હતું. પ્રસંગ આવે તુરતજ નામદારશ્રીએ ઉપર જવાનું કાર્ય કર્યું. તે થયે ફળ પ્રાપ્તિ તુરતજ થાય એ નૈસર્ગિક છે.

આજ સાલમાં તિબેટ સાથે પણ એક નાનો વિગ્રહ થયા પછી કોલકરાર થયા અને હિંદના વ્યાપારનો એક વધુ માર્ગ ખુલ્લો થયો તિબેટની સાથેનો સગ્રામ તો નાનો સરખો હતો પરતુ આખા યુરોપમા ખળભલાટ કરાવે એવો જાપાન અને રૂશિયા વચ્ચે વિગ્રહ જોશથી શરૂ થયો જ્યા સુધી સ્વદેશને અગત વલગણ હોય નહી ત્યા સુધી નકામુ વચમા ન પડવુ એવો નામદારશ્રીનો લાબા સમયથી સિદ્ધાત હોવાથી રૂશો—જાપાન વિગ્રહમા કાઇ ખાસ ભાગ લીધો નહોતો પરતુ જ્યારે જ્યારે કોઈ પ્રસગ આવતો ત્યારે વિગ્રહ તરફ કટાળો દર્શાવવા તેઓશ્રી ચુકતા નહિ દરેક સમયે નામદારશ્રીના પાર્લામેન્ટના ભાષણોમા વિગ્રહોના પરિણામ નિષ્ફળતામાં આવે છે એ બાબતનો ઇસારો જોવામાજ આવતો દરેક સમયે નામદારશ્રી વિગ્રહને અટકાવવા પોતાનુ બનતુ કરતા અને જ્યારે અમેરિકાના પ્રેસીડન્ટ રૂઝવેલ્ટની કોશેશથી આ ખુનખાર વિગ્રહ બધ પડયો ત્યારે જેટલો પોતાશ્રીનો શ્વાસ હેઠે પડયો એટલો ઘણા ઓછા અન્ય જનોનો પડયો હશે

યુરોપના બે દેશો સાથે સુલેહ શાન્તિ જાળવવાના કોલકરાર થયા બાદ હવે ત્રીજાનો પણ વારો હતો નામદારશ્રી પોર્ટુગાલની મુસાફરીએ જઇ આવ્યા તે સમયે ત્યાના રાજાને લડનમા પધારવાની વિનતિ કરી આવ્યા હતા મહાન્ ભૂપતિની ઇચ્છાને માન આપી પોર્ટુગાલના રાજા નવેમ્બર માસમા ઇંગ્લાડ પધાર્યા અને તેને પ્રજાજનો તથા અમલદાર તરફથી મળેલા માનથી જે સતોષ થયો તેના કરતા પણ વધુ સતોષ બીજે દિવસે જ્યારે તેમણે જાણ્યુ કે ઇગ્લાંડ તથા પોર્ટુગાલ વચ્ચે કોલકરારો થયા છે ત્યારે થયો. સમયને અનુસરી વર્તવાનુ શહેનશાહ કેટલુ સારી રીતે સમજતા હતા તે આ ઉપરથી માલૂમ પડે છે કોઇપણ રાજાના વખતમાં સમયાનુસાર અમુક કામ થતુ હોય તો તે એડવર્ડશ્રીના રાજ્યમાંજ હતું.

યુરોપનાત્રણ સત્તાવાળાઓને પોતાના મિત્ર બનાવ્યા પછી નામદાર-શ્રીનુ ધ્યાન આટ્લાન્ટીક ઉદધિને પેલે પાર રોકાયુ અમેરિકાના લોક સાથે નામદારશ્રીનો સબધ ઘણા સમયથી ઉત્તમ હતો અને તેની પૂર્ણાહુતિ અમેરિકાએ જયારે ડિસેમ્બર માસમા ઇગ્લાન્ડ સાથે કોલકરાર કરવા ઝીપલાવ્યુ ત્યારે થઈ આ સમયની કારકીર્દી એડવર્ડ રાજાના ભાષણોથી ભરપુર છે અને તેઓશ્રીના કાર્યનુ દર્પણરૂપી તેમના ઉદ્ગારોજ આપણી પાસે છે જોઇએ તે કરતા કદાચ વધારે આપણે નામદારશ્રીના ઉદ્ગારો ઉલ્લેખ્યા હશે પરતુ તેટલાથીજ તેમની ઉત્તમતા પ્રારભત કરી શકીએ એમ નથી અમેરિકા સબધી નામદારે એક સમયે જણાવ્યુ કે –" મારી આશા છે કે ઇગ્લાન્ડ તથા અમેરિકાએ સુલેહ શાન્તિ જાળવવા તથા સ્વાત્માભ્યુદય કરવા ભાઇચારાની રીતે આચરણ કરવુ જોઈએ ઘણા સમયનો ઇચ્છિત આ ન્યાય ઈ સ ૧૯૦૪ના ડિસેમ્બરમા ઇગ્લાડ અને અમેરિકા વચ્ચે સુલેહ શાન્તિ જાળવવા કોલકરાર થયા તે વખતે અમલમા આવ્યો આ પ્રમાણે જગત્ની સુલેહ જાળવનાર તરીકે એડવર્ડ રાજાને ભવિષ્યની પ્રજા સન્મુખ ઓળખાવનાર ઐતિહાસીક ઈ સ ૧૯૦૪નુ વર્ષ સમાપ્ત થયુ

૧૯૦૫ની સાલમા નામદારશ્રીએ થોડોક સમય આરામ માટે રાખ્યો રાજ્ય કારોબાર કેટલો ચિન્તાવાહક છે એ એડવર્ડ શહેનશાહના જીવન ઉપરથી આપણને માલૂમ પડે છે ફ્રાન્સ અને ઇગ્લાન્ડ વચ્ચે સારો સબધ નામદારશ્રીએ ગોઠવ્યો હતો પરન્તુ તે અચળ રાખવા માટે બન્ને દેશો વચ્ચે પ્રયત્ન થવો જોઇએ તેથી નામદારશ્રી એપ્રીલ માસમાં ફ્રાન્સની મુલાકાતે પધાર્યા નામદારના અથાગ પ્રયાસથી પોર્ટુગાલ, ફ્રાન્સ, ઇટલી, જર્મની અને અમેરિકા સાથે સારો વહેવાર થયો હતો તે હવે કાંઈ યુરોપમાં અજાણ્યું નહોતું. ત્યાર બાદ તો નામદારશ્રીના પ્રયાસ વગર ઇંગ્લાંડમાં કેટલાક પરરાજાઓ મુલા-

કાતે આવવા લાગ્યા. પ્રથમ તો જુન માસમાં સ્પેનના રાજા ઇંગ્લાન્ડ આવ્યા અને દસ દિવસ રહી ચાલ્યા ગયા ત્યાર પછી જાપાનના રાજકુવર તથા તેમના પત્ની તેજ માસમા નામદારની મુલાકાતે આવી ગયા નામદારશ્રીની દક્ષતાથી અમેરિકા અને યુરોપના રાજ્યોમાં સહાનુભૂતિના સાધનો સપૂર્ણ રીતે પાર પડયા અને હવે એશિયા ખડનો વારો આવ્યો હોય એમ લાગ્યુ, જાપાન સાથે વધતા જતા વેપારથી નામદારશ્રી તથા તેમના પ્રધાનોના પ્રયાસથી આગષ્ટ માસમા જાપાન સાથે પણ તહાનામુ થયુ તેજ માસમાં નામદારની ફ્રાન્સની મુલાકાતનો તેઓશ્રીના સ્વદેશમાજ ઉપકાર માનવા પોર્ટસ્મથ બદરે ફ્રેન્ચ લોકોનો એક કાફલો આવ્યો તેની અસાધારણ પરોણાગત કરી ઇંગ્લાડના લોકોએ પોતાના રાજાએ આપેલા બન્ને દેશો વચ્ચે મિત્રાચારી જાળવવાના વચનોને પ્રત્યક્ષ રીતે પુરવાર કરી આપ્યા

ત્યાર પછી યુવરાજશ્રી એટલે હાલના શહેનશાહ આપણા દેશની મુલાકાતે પધાર્યા યુવરાજશ્રી જ્યારે આસ્ટ્રેલીઆના પ્રવાસે ગયા હતા તે સમય તેઓને અત્રે પધારવા નિમત્રણ કરવામા આવ્યુ હતુ પરન્તુ સ્વદેશ પિતાશ્રીના પટ્ટાભિષેકમા ભાગ લેવાનો હોવાથી તેઓ નામદાર અત્રે આવી શકયા નહિ અને જ્યારે પિતાશ્રીને પગલે ચાલનાર યુવરાજશ્રીએ અત્રે આવવા ઠરાવ કર્યો ત્યારે સર્વ ઠેકાણે આનદ વર્તાઈ રહ્યો. આ સ્થળે યુવરાજના પ્રવાસનું વર્ણન અયોગ્ય તો નહિ પણ અસ્થાનિક કહેવાય તેથી આપ્યુ નથી. પરતુ એટલુ તો કહેવુજ જોઇએ કે પિતાશ્રી સમાન ઉચ્ચ કાર્યબળના હોવાથી નામદારને હિદના પ્રવાસથી ઘણો લાભ થયો તે થોડા સમય ઉપર આપણને મોકલેલા પેગામ ઉપરથી પુરવાર થાય છે હિદમા આવતી વખતે આપણા દેશની માહિતી મેળવવા પૂર્ણ હૃદયે યુવરાજશ્રીએ કાર્ય આદર્યું હતુ અને પાછા ગયા ત્યારે સપૂર્ણ સતોષથી નામદાર જઇ શકયા હતા.

નવેમ્બર માસમાં આપણા દેશમાં યુવરાજશ્રી ફરતા હતા તે સમયે ઇગ્લાંડમાં ગ્રીસ દેશના જોર્જ રાજા આવ્યા. સઘળા રાજ્યકર્ત્તાઓએ નામદારશ્રીની પરોણાગત તથા મુલાકાતનો લાભ લીધો હતો તેથી આ નરેશે પણ એ તક ચૂકવાનુ ઉચિત ધાર્યું નહિ દેશ પરદેશના રાજાઓ ઉત્તરોત્તર પોતાના દેશમા આવતા જોઈ ઈગ્લાંન્ડ વાસીઓને સ્વાભિમાનની લાગણી થઈ આવી અને તે માટે તેઓ પોતાના પૂજ્ય રાજાજી શિવાય બીજા કોઈના ઉપકારી નહોતા એમજ માનતા

૧૯૦૬ ની સાલના જાન્યુઆરીમા નામદારશ્રીના શ્વસુર ડેન્માર્કના વૃદ્ધ રાજાનુ મૃત્યુ થયુ પ્રતાપી રાણી વિકટોરીયા માફક તેઓ નામદાર પણ અતિ વૃદ્ધ વયે ગુજરી ગયા અને તેમની માફક તેઓ પણ આખા યુરોપના રાજ્યો સાથે સગપણ ધરાવતા હતા નામદાર શહેનશાહ ડેનમાર્કમા આ શોકજનક પ્રસગે ગયા હતા. ત્યાથી કેટલાક રાજ્યદ્વારી કારણસર જર્મનીમા આવેલા ક્રોનબર્ગ શહેરની મુલાકાતે પણ જતા આવ્યા નામદાર જર્મન શહેનશાહને આ સમયે નામદાર ફરી મળ્યા અને બન્ને દેશો વચ્ચે મિત્રાચારી જાળવવા તેમની સહાયતાની માગણી કરી અગાઉ નામદાર જર્મનીની મુલાકાતે પધાર્યા હતા તે સમયે એકાદ બે વખત તે દેશના કેટલાક વર્તમાનપત્રવાળાઓએ તેઓશ્રીના પ્રવાસને નકામો ગણ્યો હતો હવે તો જેમ નામદારશ્રીના વિચારો જગતને જણાવવા લાગ્યા તેમ તેમ સઘળાઓ અને ખાસ કરીને જર્મન છાપાવાળાઓને સમજ પડવા માડી કે નામદારશ્રીની હાજરી તેમના દેશમા અતિ અગત્યની અને સુખકર છે તે મુજબ ક્રોનબર્ગની મુલાકાતને જર્મન છાપાવાળાઓએ મોટી રાજ્યદ્વારી અગત્યતાવાળી ગણી અને નામદારશ્રીને ઘણા સન્મત સૂચક શબ્દોથી આવકાર દીધો

જર્મનીથી ફરી પાછા નામદાર ફ્રાન્સની મુલાકાતે પધાર્યા ફ્રાન્સમા તે સમયમા જનપ્રિય પ્રેસિડન્ટ લુબે નહોતા પરંતુ તેમના જેવાજ બીજા લોકપ્રિય નર નામે પ્રેસિડન્ટ ફેલીઅર્સ હકુમત ચલાવતા હતા નવા હાકેમને પણ પોતાના યોગ્ય વિચારો દર્શાવવા નામદારશ્રીએ કાંઈ બાકી રાખ્યુ નહિ પ્રેસિડન્ટ ફેલીઅર્સે, તેમના અમલદારોએ તથા ફ્રાન્સની પ્રજાએ આ સમયે નામદારને માનથી એટલા બધા નવાજેશ કર્યા કે ગ્રીસની મુલાકાતેથી પાછા ફરતા પણ ફરી પારીસમા આવી ગયા ગ્રીસના રાજા ૧૯૦૫ના નવેમ્બર માસમા ઇંગ્લાન્ડના પ્રવાસે આવ્યા હતા તેમને પાછી મુલાકાત આપવાજ નામદાર ત્યા પધાર્યા હતા

મે માસમા આપણા એડવર્ડ રાજાની કુનેહબાજીની ફતેહ દર્શાવનારો એક બનાવ બન્યો જર્મનીની મ્યુનીસિપાલીટિઓ તરફથી નામદાર સમક્ષ કેટલાક પ્રતિનિધિઓ આવ્યા હતા અને તેમનો યોગ્ય સત્કાર કરવામા આવ્યો પ્રતિનિધિઓને આવી સારી નામદારશ્રી તરફથી પરોણાગત થયેલી જોઈ જર્મન છાપાવાળાઓએ તેઓશ્રીના શુદ્ધ ગુણો તથા ઉજ્જવળ કીર્તિ ગાવામા કાંઈ બાકી રાખ્યુ નહિ.

ઉપરની બિનાઓ ઉપરથી આપણને હવે માલૂમ પડશે કે કાંઈ પણ ખટપટ કર્યા વગર સરળ રીતે નામદાર યુરોપના રાજ્યો સાથે સબધો બાધતા અને સુલેહ શાન્તિ જાળવવા નિરતર કોશેશ કરતા તેમની સરળતા તથા પ્રમાણિકતા અતે કેટલુ ફળ આપતી તેનો દાખલો તે સમયના સ્વીડન તથા નોરવેની સ્થિતિ ઉપરથી માલૂમ પડે છે કેટલાક સમયથી આ યુગ્મ દેશોને તકરાર ચાલતી હતી. નામદારશ્રીએ એકજ ઉપદેશ બન્ને દેશોને આપ્યો. તે બીજો કાંઈ નહોતો પણ એમનો જુનો તથા પ્રિય સિદ્ધાત "ગમે તેમ કરી શાન્તિ જાળવો" તે હતો. પોતાનો ઉપદેશ પાર પાડવા

અતિ પ્રમાણિકતાથી તેઓએ બન્ને પક્ષને મદદ કરી અને અતે પરિણામ ધારેલુજ આવ્યુ બન્ને દેશોએ તકરારી બાબતનુ છેવટ આણી દરેકે પોતાનું જુદુ રાજ્ય સ્થાપન કર્યું નામદારશ્રીના પૂત્રી તથા જમાઈ નોરવેના રાણી તથા રાજા થયાં નોરવેના રાજા નવેમ્બર માસમાં ઈંગ્લાંડમા પ્રવાસે આવ્યા અને તેથી પણ બન્ને દેશોનો સબધ ઘણો ગાડો થયો પોતાની પુત્રીના પુત્ર કે જે નોરવેના યુવરાજ છે અને જેને ત્યાના લોકો લાડમા ઓલફ એવું નામ આપે છે તેમને જોઈ નામદારશ્રી તથા શહેનશાહબાનુ ઘણાજ આનદિત થયાં હતાં શાહજાદા નાના તથા રમતીઆળ અને ચચળ સ્વભાવના હોવાથી રાજ્ય કુટુબના માણસોને હાલ પણ ઘણા પ્રિય છે.

૧૯૦૭ની સાલ તો નામદારશ્રીને દેશાટણમા તથા સભાવિત ગૃહસ્થોને મુલાકાતો આપવા તથા તેમની પરોણાગત કરવામા ગાળવાની હતી પ્રથમ તો પારીસની મુલાકાત લીધા બાદ પાર્લામેન્ટ ખુલ્લી મુકવા નામદાર પાછા સ્વદેશ પધાર્યા પાર્લામેન્ટમા આ સમયે કરેલુ ભાષણ ઐતિહાસીક ગણાય છે કારણકે તે ઉપરથી નામદારશ્રીની સુલેહ શાન્તિ જાળવવાના વિચારો ઘણી સ્પષ્ટ રીતે યુરોપની પ્રજાને જણાઇ આવ્યા આ સાલમા નામદાર પાલેર્મો નગરમાં ઇટલીના રાજાને પણ ફરી મળ્યા ત્યાથી માલ્ટા જે ભૂમધ્ય સમુદ્રમા ઇગ્રેજી રાજ્યનુ એક ખાસ સ્થળ છે ત્યાં નામદારશ્રી પધાર્યા અને નૌકા સૈન્ય તથા લશ્કર તપાસી મે માસમા પાછા ફ્રાન્સ ગયા પારીસ શહેરમા તેઓ પ્રેસિડન્ટ ફેલીઅર્સને ફરી ઘણા હેતથી મળ્યા અને લાબો વખત સુધી તેમની સાથે બેસી વાતચિત કરી. તે વાતચિતના પરિણામે યતિકચિત પણ બન્ને દેશો વચ્ચે ગેરસમજુત હતી તે દુર થઈ ગઈ પ્રેસિડન્ટ સાહેબની મુલાકાતેથી આવ્યા બાદ તેમના સસ્થાનિક પ્રધાન નામદારશ્રીને મળવા આવ્યા તેમનો યોગ્ય સત્કાર કરી પોતાના સિદ્ધાન્તો સ્પષ્ટ રીતે સમજાવ્યા અને

બધુમાં તે ઉપરથી ધડો લેવા તેમને ખાસ સૂચવ્યું. તે ઉપરાંત તેઓશ્રીએ જણાવ્યું કે સસ્થાનો તથા માતૃભૂમિનો નિકટ સબંધ જાળવવામાજ બન્નેને લાભ છે અને તેથી આપણા બન્નેની વચ્ચે જેમ વેપાર ઉદ્યોગ વધે તે પ્રયત્ન થવો જોઇએ આ નામાકિત ગૃહસ્થોની પરોણાગતો પુરી થઈ નહિ એટલામા ડેનમાર્કના રાજા તથા રાણી પધાર્યા તેઓ ગયા પછી શીયામના રાજાનુ આવાગમન થયુ.

અત્યાર સુધી નામદારશ્રી પોતાના દેશમા રાજાઓ અથવા તેમના પ્રતિનિધિઓને મળતા હતા પરતુ હવે તો તેઓશ્રીને બહાર જવાનુ થયુ ઇગ્લાડના કોઈ પણ રાજા કરતા નામદારશ્રી જર્મની તથા ફ્રાન્સની મુલાકાતે ઘણી વખત જઇ આવ્યા હતા આ વખતે પણ શિયામના રાજા સ્વદેશ સિધાવ્યા ત્યાર બાદ નામદારશ્રી જર્મની પધાર્યા આ પ્રસગે કાઈ ખાસ રાજ્યદ્વારી પ્રયોજન નહોતુ પરતુ જાણી જોઈ ખાસ નિમિ-તે અતિ પ્રયાસથી કાર્ય કરવામા આવે તે કરતા પણ વિશેષ કાર્ય આ સમયે થયુ જર્મનીમા નામદારશ્રી આ વખતે પધાર્યા ત્યારે બર્લિન શહેરના નાગરીકોની ઇચ્છા એમ થઈ કે નામદારશ્રી તેમના શહેરમા પધારી તેમના ખરા જીગરના આવકારના ઉપભોક્તા થાય પોતાની ઇચ્છા બર લાવવા તેમણે નામદારશ્રીને તથા જર્મનીના શહેનશાહને યોગ્ય પ્રાર્થના કરી પરતુ નામદારશ્રીથી બર્લિન જઇ શકાયુ નહિ નામદારશ્રીએ જયારે એમ સાભળ્યુ કે તેઓશ્રી બર્લિન જઈ શકયા નહિ તેથી ત્યાના વતનીઓને ઘણીજ દિલગીરી થઈ હતી ત્યારે તેઓએ પોતાની આ જર્મનીની ઐતિહાસિક મુલાકાત ફતેહમદ થઈ એમ ગણ્યુ નામદારશ્રી સ્વદેશ આવ્યા પછી તુરતજ જર્મનીના શહેનશાહ લડનમાં પધાર્યા જર્મન શહેનશાહની ઈગ્લાડની આ મુલાકાત તાજીજ છે અને તે સમયે તે નામદારને કેટલો બધો સ્વાગત થયો હતો તેનુ ઘણાક વાચનારને સ્મરણ હશે જર્મન શહેનશાહના મનમાં પણ ઈગ્લાંડના

લોક વિષે જે કંઈ ખોટા વિચારો હશે તે આ મુલાકાતથી તદ્દન નષ્ટ થઈ ગયા.

૧૯૦૮ની સાલથી નામદારે પોતાની કારકીર્દીનું આઠમું વર્ષ શરૂ કર્યું પ્રથમ તો એકવાર ફ્રાન્સમાં જઈ આવ્યા પછી પાર્લામેન્ટને લગતી ખટપટોને લીધે ઈગ્લાન્ડ આવવુ પડયુ સર હેન્રી કેમ્પબેલ બેનરમેન જે અત્યાર સુધી તેમના મુખ્ય પ્રધાન હતા તેમણે રાજીનામુ આપ્યુ અને તેમની જગ્યાએ હાલના મુખ્ય પ્રધાન મી૦ એસક્વિથને નીમ્યા ત્યારે નામદાર ઈગ્લાન્ડમાં નહોતા પરતુ બહારજ ફરતા હતા સ્વદેશમા પણ કાંઇક ખટપટો ચાલતી હતી તે સઘળી પણ મી૦ એસક્વિથના પ્રધાનપદપર આવ્યા પછી બધ પડી ગઈ તેમા નામદારશ્રીએ ઘણી મદદ કરી હતી અને તે તેમની દક્ષતા દર્શાવનાર તાજુ દૃષ્ટાત છે

ફ્રાન્સની સાથે નામદારશ્રીએ જે સહાનુભૂતિ દર્શાવી તેના ઉપરથી બન્ને દેશો વચ્ચે સુલેહ શાન્તિના કરાર થઇ રાજ્યદ્વારી અડચણોનો નિવેડો આવી ગયો હતો પરતુ વેપાર ઉદ્યોગમા પણ બન્ને દેશ ભાઇચારો રાખે તે વિષે તેઓશ્રીએ પોતાના ભાષણોમા અનેક વખત જણાવ્યુ હતુ પોતાના વિચારોનો તુરતજ અમલ થયેલો નામદારશ્રીએ આ સાલમા ફ્રાન્સ અને ઈંગ્લાન્ડ એ બે દેશના હુન્નર ઉદ્યોગોનુ પ્રદર્શન ફ્રાન્સમા ભરવામાં આવ્યું તેમા જોયો નામદારશ્રી તથા પ્રેસિડન્ટ ફેલીઅર્સ પૂર્ણ ભપકાથી પ્રદર્શનની મુલાકાતે ગયા હતા ઈગ્લાન્ડના નરેશ તથા ફ્રાન્સના પ્રેસિડન્ટ એ બન્નેને એકત્ર જોવાના પ્રસગો કવચિતજ આવે છે આ સમયે લાબા વખતથી ઇચ્છિત બનાવ બનેલો જોઈ સર્વ યુરોપની આખ નામદારની દક્ષતા તરફ ફરી ફ્રાન્સમાથી છુટા થઈ તુરતજ દાનાવ શહેનશાહે જર્મની તરફ ધ્યાન દોડાવવાનુ હતુ કારણ કે જર્મનીના મુખ્ય શહેરના કેટલાક આગેવાન ગૃહસ્થો નામદારશ્રીને

નમન કરવા આવ્યા હતા જર્મન નાગરીકોનો યોગ્ય સત્કાર કરી નામદારશ્રીએ જણાવ્યુ તમે અત્રે હાજરી આપી છે તેથી મારો ઉદ્દેશ પાર પડેલો હુ માનુ છુ વિશેષમાં સહાનુભૂતિ રાખવા ભવિષ્યમાં શુ શુ ઉપાયો યોજવા તે બાબે પણ નામદારશ્રીએ કેટલીક સૂચનાઓ કરી તેમને સ્વદેશ પાછા જવાની રજા આપી

હવે આપણે પાછલી હકિકત યાદ લાવીશુ તો માલૂમ પડશે કે યુરોપમા ઓસ્ટ્રીઆ, રૂશિઆ તથા સ્વિટ્ઝરલાન્ડ અને તુર્કસ્થાન શિવાય સઘળા દેશોને કાતો નામદારશ્રીએ પોતાની હાજરીથી મિત્ર બનાવ્યા હતા અથવા તો તે દેશોના રાજાઓ નામદારશ્રીના ઉદ્દેશથી આકર્ષાઈ ઈગ્લાન્ડમા હાજરી આપી મિત્રાચારી બાધી ગયા હતા. ઉપર દર્શાવેલા ચાર દેશોને પણ પોતાના જીવનને અપૂર્વ કહેવડાવવા નામદારે મિત્રાચારોમાથી જવા દીધા નહી તુર્કસ્થાન તો નામદાર યુવરાજ હતા ત્યારથીજ મિત્રાચારી દર્શાવતુ તેથી તેની સહાનુભૂતિની તો સપૂર્ણ આશા હતી આ કારણથી નામદારશ્રીને રાજ્યારોહણ પછી તુર્કસ્થાનની મુલાકાતે જવાની કઈ જરૂરીઆત જણાઈ નહિ. સ્વિટ્ઝર્લાન્ડ દેશ તો સુલેહ શાન્તિનુ રૂપ અસલથીજ હતો તેથી નામદારશ્રીના ઉદ્દેશના ભોગી થવાની તેને જરૂરીયાત હતી નહિ. છેવટે રૂશિયાની તથા ઓસ્ટ્રીઆની મુલાકાતે નામદારશ્રી આ સાલમા જઈ આવ્યા રૂશિયાની મુલાકાત દરમ્યાન નામદારશ્રીના કેટલાક વિચારો કેટલાક વર્તમાનપત્રકારોને નકામા લાગ્યા અને તેથી તેમના ઉપર કેટલીક ટીકાઓ કરી પરતુ જ્યારે તે સઘળાના જાણવામા આવ્યુ કે મુલાકાતથી એ મહાન્ રાજ્યનો સબધ વધારે નિકટ થયો છે ત્યારે તેમને માલૂમ પડયુ કે ઉતાવળે કરેલી તેમની ટીકાઓ અતિ પ્રામાદિક હતી

અત્યાર સુધી તો આપણે યુરોપ તથા અમેરીકાની બાબતમાં નામદારશ્રીની કારકીર્દી વાંચી ગયા પરતુ તેમના પ્રિય હિન્દને તેમ-

ના સમયમાં શુ લાભો થયા તે તો જોયુ જ નહિ. કમનશીબે નામદારશ્રીના રાજ્ય દરમ્યાન હિન્દની રાજ્યદ્વારી સ્થિતિ અશાન્તિ ભરી હતી અને તે હજી પણ ચાલુ છે અદ્યાપિ પર્યંત નિર્મૂળ થઈ નથી એ ઘણીજ શોકજનક બીના છે નામદારશ્રી બહોળા વિચારના તથા સુધારાના અગ્રણી હોવાથી હિન્દીવાનો માટે અપૂર્વ લાગણી ધરાવતા અને તેમની યોગ્ય ઇચ્છા સપાદન કરવા પ્રયત્ન કરતા. ઇ સ ૧૮૫૮ના મહારાણીશ્રીના ઢંઢેરાને ઈ સ ૧૯૦૮મા ૫૦ વર્ષ થા તે સમયે તેનો મહોત્સવ ઉજવવામા આવ્યો હતો આ માગલિક પ્રસગે નામદારશ્રીએ હિન્દમા એક પેગામ મોકલ્યો હતો આપણે તેની અગત્યતા કેટલી બધી છે તે સર્વ કોઇ જાણે તેટલા માટે તેનો તરજુમો નીચે આપ્યે છે—

૧ અમારા વહાલાં માતુશ્રી તથા આ રાજ્યના સિહાસન ઉપર અમારી અગાઉ બિરાજમાન થઇ ગયેલા પરમ પૂજ્ય વિકટોરીઆ મહારાણીશ્રીએ, ઇસ્ટ ઇડીઆ કપની જે મુલક ઉપર રાજ્ય કારભાર ચલાવતી હતી તે મુલક અનેક વજનદાર સબબોને લીધે, પાર્લામેન્ટની સલાહ તથા સમતિથી, પોતાના હાથમા લીધો તેને હાલ ૫૦ વર્ષ થયાં છે તે વખતે ખરી નિષ્ઠાથી માથે લેવામા આવેલા મહાન્ કાર્યના સ્મરણાર્થે હિદુસ્તાનના રાજા રજવાડા તથા લોકોને અભિનદન આપવા માટે આ પાટોત્સવ અમે યોગ્ય લેખીયે છીએ તમારી લાબી તવારીખમા અરધી સદીની મુદત ઘણીજ ટુકી ગણાય, તે છતા આજે પુરી થતી અરધી સદી તમારા ઐતિહાસિક જમાનામાં એક અતિશય ઝળકાટ ભરેલી યાદગીરી તરીકે રહેશે હિદુસ્તાનદેશ તાજના પ્રત્યક્ષ રાજ્યકારભાર તળે લેવા સબધના ઢંઢેરાથી હિદિ રાજકારોબાર એકત્ર થયો અને તવારીખના એક નવા જમાનાની શરૂઆત થઇ આ રાજ્યકારભાર ચલાવવાનું કામ ઘણુ વિકટ હતુ, અને તેની ગતિ કોઈ

વખત ધીમી માલુમ પડી હશે, પણ એક બીજાથી ઉલટા વિચારો ધરાવનારી ઘણી કોમોને તેમજ આસરે ત્રીસ કરોડ માણસોને બ્રિટિશ દેખરેખ અને અંકુશ હેઠળ એકત્ર કરવાનુ કામ મક્કમપણે તથા જરા પણ અટકયા સિવાય આગળ વધ્યુ છે ગઈ અરધી સદીની હમારી મહેનત તરફ અમે સ્પષ્ટ દૃષ્ટિએ તથા શુદ્ધ અંત કરણથી જોઈ શકીએ છીએ.

૨ માનવી રાજ્યકારભારમા દરેક જમાનામા અને દરેક ઠેકાણે જે મુશ્કેલીઓ નડે છે તે મુશ્કેલીઓ હિંદુસ્તાનમા પણ દિવસે દિવસે ઉભી થતી ગઈ છે તે મુશ્કેલીઓ સામે બ્રિટિશ રાજ્યના નોકરોએ મહેનતથી, હિંમતથી તથા ધીરજથી તથા ઉડા વિચારથી અને કદી પણ શિથિલ પડયો ન હોય અથવા ડગમગ્યો ન હોય એવા નિશ્ચયથી બાથ ભીડી છે ભુલો થઈ હોય તો, અમારા પ્રતિનિધિઓએ તે સુધારવા માટે મહેનત લેવામા અથવા આત્મભોગ આપવામાં કાંઈ કચાસ રાખી નથી અધિકારનો દુરૂપયોગ થવાનુ પુરવાર કરવામા આવ્યુ હોય તો તે વખતે યોગ્ય ઉપાય કરવાને મજબુત હાથે પ્રયત્ન કરવામા આવ્યો છે

૩ દુકાળ અને મરકીની આફત દુર કરવાની ગુપ્ત કુનેહ કોઈ પણ સામ્રાજ્યના હાથમા નથી પણ આ કુદરતી ભયંકર આફતોનુ સંકટ ઓછુ કરવા માટે અનુભવી અધિકારીઓએ પોતાની કુશળતા તથા એકનિષ્ટાથી બની શકે તેટલુ કર્યુ છે. તમારા દેશમા આગળ કદી પણ નહિ જણાયલી તેવી લાબી મુદત સુધી તમે તમારી સહરદની લડાઈઓની ભયંકર આફતોમાથી બચી જવા પામ્યા છો તમારા દેશમા શાન્તિ અખંડ જળવાઈ રહી છે.

૪ સન ૧૮૫૮ના મહાન્ ઢંઢેરામાં મહારાણી વિકટોરિયાના હિંદુસ્તાનના સુલેહ ભરેલા ઉદ્યોગને ઉત્તેજન આપવાની, સાર્વજનિક ઉપયોગ તથા સુધારણાના કામો ખીલવવાની, અને તે દેશના સર્વ-

ળા લોકોના હિત સારૂ રાજ્ય કારભાર ચલાવવાની પોતાની ઉત્કર્ઠા સબધી ઉદાર અભય વચન આપ્યુ છે, તમારી ઐાહિક સુખશાન્તિ તથા વૃદ્ધિ કરવા માટે જે યોજનાઓ ખતથી તૈયાર કરીને અમલમાં મુકવામા આવી છે અને જે યોજનાઓ મહત્વતા અને સાહસના સબધમા અપૂર્વ છે તે યોજનાઓ આ અભયવચન કેટલા ઉત્સાહથી પાળવામા આવ્યુ છે તેનો પ્રત્યક્ષ પુરાવો પુરો પાડે છે

પ ખડિયા રાજા તથા બીજા રાજકર્ત્તાઓના હક તથા માનમરતબાનુ આદરપૂર્વક રક્ષણ કરવામાં આવ્યુ છે તથા તે જાળવી રાખવામા આવ્યા છે, અને તેમની રાજનિષ્ઠા તથા વફાદારી જેવી ને તેવી અચળ રહી છે ધાર્મિક મત અથવા ઉપાસનાને સબબે અમારી રૈયતમાના કોઈ પણ શખસ ઉપર મેહેરબાની બતાવવામા આવી નથી, તેમજ તેને દુખી કે હેરાન થવાનુ કાઇ પણ કારણ આપવામા આવ્યુ નથી અમારી તમામ રૈયત કાયદાનુ રક્ષણ ભોગવતી રહી છે ખુદ કાયદો પણ ન્યાતજાતને અથવા તો તમારા સમાજમાં સ્થાપિત થયેલા રીવાજો તથા વિચારોને અપમાન કર્યા વગર અમલમાં મુકવામા આવ્યો છે, તેજ પ્રમાણે તેનુ સ્વરૂપ સરળ બનાવવામા આવ્યુ છે, અને તે અમલમા મુકવાનુ તત્ર નવી દુનિયામા ધીમે ધીમે દાખલ થતી પ્રાચીન કોમોની જરૂરીયાતોને બધ બેસતુ થઈ પડે એવી રીતે ગોઠવવામાં આવ્યુ છે

૬. અમારી સરકારને જે કામ સોંપવામા આવ્યું છે તેને હાલના તેમજ હવે પછીના ઘણા જમાનાના અસખ્ય લોકોના નસીબ સાથે નિસબત છે, તેટલા માટે ગુન્હા ભરેલાં કાવતરાઓ કાંઇ પણ સબબ વગર ઉભાં થયાં છે તથા જે કાંઈ પણ ગભીર નેમ ધરાવતાં નથી તે મજબત હાથે દાબી દેવાની અમારી પહેલી ફરજ છે. અમે જાણીએ છીએ કે અમારી હિંદી પ્રજાનો જે મોટો ભાગ વફાદાર તથા નિમકહલાલ છે તે એવાં કાવતરાંઓ તરફ ધિક્કા-

રની નજરથી જુએ છે, અને આ કાવતરાંઓને સરક્ષણુ અને વ્ય-
વસ્થાની યોજનાના કામમા આડે આવવા દઈશું નહી.

૭ આ ઐતિહાસિક વર્ષોત્સવ બાદશાહી રેહમીયત અને મેહેરબા-
નીની કાંઈ પણ જાણવા જોગ એધાણી વગર પસાર થવા ન દેવો એવી
અમારી ઇચ્છા હોવાથી અમારા તરફથી એવી આજ્ઞા કરવામા આવે
છે કે ૧૯૦૩ની સાલમાં રાજ્યાભિષેકના સબધમા ભરવામાં આવેલા
દરબારના સ્મરણીય પ્રસગને અનુસરીને, કાયદા વિરૂદ્ધ કરેલા અપ-
રાધો માટે જે જે આસામીઓને અમારી કોર્ટોએ સજા કીધી છે
તેમની સજા માફ કરવી અથવા તેમા ઓછો વ-તો ઘટાડો કરવો,
વળી વિશેષ ઇચ્છા એ છે કે એવા ગુન્હેગારોએ આ દયાના કૃત્યનુ
સ્મરણ રાખવુ અને હવે પછી ગુન્હો ન થાય એવી રીતે તેમણે વર્તવુ.

૮ સરકારી અધિકારની તથા સત્તાની જગાઓ પુરવા સબધી
યોગ્યતા નક્કી કરતી વખત ન્યાતજાતના તફાવતને કોરાણે મુકવા
નિરતર તજવીજ કરવામા આવે છે જેમ જેમ કેળવણી ફેલાતી
જાય, અનુભવ પાકો થતો જાય, અને હિદુસ્તાનના તીવ્ર બુદ્ધિવાળા
તથા યોગ્ય લાયકાતવાળા લોકો જોખમદારીની કીમત અચ્છી રીતે
સમજતા જાય તેમ તેમ સદરહુ બાબતમા હિદુસ્તાનની ચઢતી
મક્કમ રીતે અને ખાત્રીપૂર્વક થશે એવો અમને સપૂર્ણ ભરોસો
છે અને તેજ હેતુ છે

૯ પ્રથમથીજ પ્રજાકીય બધારણનુ ધોરણ ધીમે ધીમે દાખલ
કરવામાં આવ્યુ છે, અને હવે એવો વખત આવ્યો છે કે જ્યારે
અમારા વાઇસરોય તથા ગવર્નર જનરલ અને બીજા સલાહકારોના
મત પ્રમાણે એ ધોરણમાં વધારો કરવો એ ડહાપણ ભરેલુ થઈ
પડશે તમારામાનાં મોભાવાળા વર્ગના લોકો બ્રિટીશ અમલને લીધે
ઉત્પન્ન થયેલા અને ઉ-તેજન પામેલા વિચારો ધરાવે છે તેથી તેઓ
શેહેરીઓ તરીકે સરખા હકોની તથા કાયદા બાંધવામાં તથા રાજ્ય-

કારભાર ચલાવવામાં વધારે હિસ્સો મેળવવાની માંગણી કરે છે. એવી માંગણી યોગ્ય તજવીજ કરીને કબુલ રાખવામાં આવે તો તેથી હાલની સરકારના અધિકાર તથા અમલને નુકસાન થવાને બદલે સામી મજબુતી મળશે રાજ્યકારભાર ચલાવનાર અમલદારોને જે લોકો ઉપર તેઓ રાજ્યકારભાર ચલાવતા હોય તેમની સાથે અને જે લોકો તે રાજ્યકારભાર વિષે પ્રજામતને ચોક્કસ વલણ આપે છે અને તે પ્રસિદ્ધ કરે છે તેમની સાથે જો નિયમિત પરિચયમાં આવવાની વધારે તક મળે તો તેથી દેશનો રાજ્યકારભાર ઉલટો વધારે સારી રીતે ચાલશે આ હેતુ પાર પાડવા માટે જે યોજના હાલ સભાળપૂર્વક તૈયાર કરવામા આવે છે તે વિષે હાલ તુરત અમે કાંઈ પણ બોલવા માગતા નથી તે તમને થોડાજ વખતમા જણાવવામા આવશે અમને પુરતી ખાત્રી છે કે તે તમારા દેશના રાજ્યકારભારની હિતકારક વૃદ્ધિમા નોધી લેવા જોગ નિવડશે.

૧૦. અમે અમારા હિદી લશ્કરની બહાદુરી તથા વફાદારીની કદર પિછાનીએ છીએ, અને અમે હુકમ કર્યો છે કે તેની લડાયક વૃત્તિ તથા વખાણવા લાયક કવાયત તથા નિમકહલાલીથી સેવા બજાવવાની તેઓની આતુરતા માટે અમારા તરફથી કરવામા આવતી ભારે પિછાન કાઇક સગીનરૂપમા આવતે નવે વર્ષે બતાવવી

૧૧ મર્હુમ મહારાણી વિકટોરીઆના દિલમાં વહાલામા વહાલી નેમ હિદનુ કલ્યાણ કરવાની હતી સન ૧૮૭૫માં અમે હિદુસ્તાનની મુલાકાત લીધી ત્યારથીજ અમે એ દેશના રાજાઓના તથા લોકોના લાભ એવી તો પ્રેમપર્વક કાળજીથી તપાસતા આવ્યા છીએ કે તેમાં કાળે કરીને કાંઈ પણ ઘટાડો થયો નથી અમારા વહાલા શાહજાદા પ્રિન્સ ઓફ વેલ્સ અને તેમનાં પત્ની પ્રિન્સેસ ઓફ વેલ્સ તમારા મુલકમાં મુસાફરી કરીને પાછાં ફર્યાં ત્યારથી તમારી ભૂમિ તરફ તેમને પ્રેમની લાગણી પેદા થયલી છે. અને ત્યાંના

લોકોના કલ્યાણ તથા સતોષ માટે તેઓ ખરેખરી અને અતકરણ પૂર્વકની કાળજી ધરાવે છે અમારા બાદશાહી કુટુબ તથા વશ તરફથી હિંદુસ્તાન માટે એ રીતે ખત ભરેલી દિલસોજીની જે સાચી લાગણીઓ દેખાડવામાં આવે છે તેજ અહીના રાજ્યના લોકોની ઉડી તથા એકત્ર થયેલી ઇચ્છા તથા નેમ નકકીપણે અને વાસ્તવિક રીતે દર્શાવે છે

૧૨ જગતના લેખીત ઇતિહાસમાં કોઈપણ રાજ્ય અથવા શહેનશાહતના રાજ્યકર્તા તેમજ પ્રજાને આજ સુધી કદી પણ નહી સોપવામાં આવ્યુ હોય એવુ મહાભારત અને કીર્તિવાળુ કામ પાર પાડવા માટે જે ડહાપણ તથા પરસ્પરની ભલી લાગણીની જરૂર છે તે ડહાપણ અને ભલી લાગણી પ્રભુની કૃપા તથા મદદથી મજબુત થાય એવી અમારી પ્રાર્થના છે

નામદારશ્રીના વચનોનુ ફળ કેવુ સારૂ આવ્યુ છે મહાન્ વાઇસિરોય લોર્ડ રીપને સ્થાનિક સ્વરાજ્યના મીઠાં ફળ હિન્દને પ્રથમ ચખાડયા હતા આપણે જેમ વધારે લાયક તેમ સ્વદેશના રાજ્યકારોબારમા ભાગ લેવાનુ શુભ પગલુ નામદારશ્રીના રાજ્યમાજ આપણને આવી મળ્યુ તેમના અમલ દરમ્યાન આપણી ધારાસભાઓ વધારે મોટી કરવામા આવી છે. સભાસદોને સરકારના કાર્યો ઉપર તકરાર કરવાની વધારે છુટ આપવામાં આવી છે પરીણામે આ સુધારાનુ ફળ કેવુ આવશે તે બાબત હાલમા તો બે મત છે એટલે આપણે એ બાબત અભિપ્રાય દર્શાવવો જોઇએ નહિ. પરતુ જો સઘળા એમ માનશે કે હાલના સુધારા ઉન્નતિકારક છે તો તેની સાથે તેમને એમ પણ માનવુ પડશે કે તે એડવર્ડ રાજાના ઉદ્દેશને અનુસરીનેજ જન્મ પામ્યા છે. આ ઉપરાંત સ્થાનિક તથા પ્રાંતિક કારોબારી મંડળીઓમાં પણ દેશી સભાસદ નીમાયાના પ્રથમ દ્દષ્ટાંત નામદારશ્રીના રાજ્યમાંજ બન્યા છે.

હવે આપણે પાછા યુરોપ તરફ આવીશુ ઈ સ ૧૯૦૯ ની સાલમાં નામદારશ્રીએ જર્મનીના પ્રવાસે ફરી જવાનો વિચાર કીધો. હવે નામદારશ્રીના જર્મનીના પ્રવાસો એટલા બધા તો વધી ગયા કે દરેક કયે કયે વખતે થયા તે યાદ રાખવુ અતિ મુસ્કેલ કામ છે પરતુ આ સમયનો પ્રવાસ તો ઘણો ઐતિહાસીક હોવાથી યાદ રાખતા અડચણ પડશે નહિ જર્મનીના શહેનશાહે એક મોટુ ખાણુ નામદારશ્રીને આપ્યુ હતુ ને તે સમયે પોતાના દેશના મોટા મોટા રાજ્યદ્વારી તથા અન્ય ગૃહસ્થોને નોતર્યા હતા ખાણા દરમ્યાન પોતાની તદુરસ્તીની સલામતીના જવાબમા નામદારશ્રીએ નીચેના સાદા તથા ગભીર વાકયમા પોતાના વિચારો દર્શાવ્યા "મારી મુલાકાતોનો ઉદ્દેશ આપણા વચ્ચે ભાઇચારો વધારવા અને તેના પરીણામે સુલેહશાન્તિ જાળવવા તરફ છે" તે ઉપરાત બર્લિન શહેરમા રહેતા ઇગ્લાડવાસીઓને નામદારશ્રીએ જણાવ્યુ કે તમે આ ઉત્તમ સુદર જર્મન પાટનગરમા રહો છો તેથી જર્મન લોકોને આપણી તેમના તરફ મિત્રાચારી કેટલી બધી છે તે ઉત્તમ રીતે ત્યાના લોકોને જણાવી શકશો હુ પૂર્ણ ભરોસો રાખુ છુ કે એ કાર્યમા તમે તમારૂ બનતુ ખચિતજ કરશો

ત્યાર પછી નામદારશ્રી પાછા લડન આવ્યા અને ત્યા આફ્રિકાના બાસુતા રાજા નામે માનીઓલાને મળ્યા હવે તો નામદારશ્રી પોતાના મિત્રોમા ચારે ખડોના મોટા મોટા ભૂપતિઓ ગણાવતા હતા મિત્રાચારી ઉપરાત તેઓની સાથે નામદારશ્રીએ લાબો વખત સુલેહ જાળવી રાખવાની સપૂર્ણ યોજનાઓ કરી હતી અને પરીણામે યુરોપ તેમજ અમેરિકાના વર્તમાન પત્રકારો તો હવે તેમને શાન્તિદાતા સાતમા એડવર્ડ એ અભિધાનથીજ પિછાનતા.

પછી માર્ચ માસમા પાછા પારીસ જઈ આવ્યા અને શહેનશાહબાનુ સાથે નામદારે ભૂમધ્ય સમુદ્રની સહેલગાહ પણ લીધી.

જુલાઈ માસમા રૂશિયાના ઝાર નામદારને મુલાકાત આપવા આવ્યા. રૂશિઆ તથા ઈંગ્લાંડને મિત્રાચારીનો સબધ બધાયો હતો તેની ખરી ખાત્રી નામદાર ઝારની મુલાકાતથી જગતને બરાબર જાણ થઈ.

મરીયનબાદ નગરની ખુલ્લી હવા લેવા નામદારશ્રી વાર વાર જતા અને આ માસમાં પણ તેઓશ્રી પધાર્યા તે સમય તેમની તબીયત ઘણી સારી ચાલતી હતી તેથી મૃગયા કરવા વાર વાર બહાર નીકળી પડતા થોડોક સમય મરીયનબાદમા રહી નામદાર પાછા સ્વદેશ પધાર્યા અને ત્યા ઘણુ ખરૂ શિકારની સહેલગાહમાજ સમય નિર્ગમન કરતા ઈગ્લાડમા નામદાર હતા તે દરમ્યાન ચીચેસ્ટર નગરથી એક વિદ્યુત્નુ બટન દબાવી આટ્લાન્ટીક ઉદધિને પેલે પાર મોન્ટ્રેલ નગરમા ક્ષય રોગીઓ માટે બાધવામા આવેલી સસ્થાઓ ખુલ્લી મુકવાની ક્રિયા કરી હતી આ પ્રમાણે એડવર્ડ શહેનશાહને રાજ્ય કરતા નવ વર્ષ પૂર્ણ થયા

નામદારે ચાલુ સાલના જાન્યુઆરી માસમા પોતાની પાર્લામેન્ટ ઉઘાડી આ છેલ્લા વર્ષમા જાણવા લાયક આ છેલ્લો બનાવ બન્યો અતિ કાર્યભારથી કટાળી ગયેલા હોવાથી નામદારશ્રી બિયારિટઝ નગરની હવા ખાવા ગયા એપ્રિલ માસની આખરે નામદારશ્રી ત્યાથી તદુરસ્ત આવ્યા અને ફરી કાર્યભારમા મન રોકવા માડયુ પરતુ તે સમયથીજ કાઈ સરદી અને પરીણામે ખાસી તેને લાગવા માડી બાધો કદાવર હોવાથી નામદારે કાઈ એવા આજારની દરકાર ન કીધી પરતુ તા ૫ મીને દિવસે સાયકાળે પ્રજાજનોના અચબા વચ્ચે બકીગહામ મહેલ ઉપર એક નીચે મુજબનુ લખાણ જોવામાં આવ્યુ "નામદારશ્રી જુની ખાંસીના દર્દથી પીડાય છે અને એ દિવસથી પોતાના ઓરડામાંજ છે" જેમ જેમ શહેરમાં વાત થતી ગઈ તેમ તેમ લોકો મરજીમાં આવે તેમ બોલવા લાગ્યા કોઈ કહે એ વાત નજરે જોયા વગર મનાયજ નહિ, કોઇ કહે કોઇએ

થડા પહોરનું ગપ્પુ માર્યું હશે, વળી કોઇએ તો એમ પણ કહ્યું કે મોટા લોકોની માંદગી એટલે તેની ખબર બહાર નીકળે તેમાં શું નવાઈ વર્તમાનપત્રોવાળાએ પણ પ્રથમ તો તેની કાંઈ દરકાર કીધી નહિ પરંતુ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ સઘળાના મુખમાંથી એ વાતજ થતી ગઈ શુક્રવારે સવારના નીચે મુજબ ખબર મુકવામા આવી "નામદારશ્રીએ રાત તો ઠીક પસાર કીધી છે પરંતુ દુશ્ચિન્હોમા કાંઈ સુધારો થયો નથી નામદારની તબીયેત પુષ્કળ ઇતેજારી રખાવે છે" મોટા મોટા દાકટરોની આ ખબરપત્ર નીચે સહી હતી અને જ્યારે લોકોએ છેલ્લુ વાકય વાચ્યુ ત્યારે તેમને ખાત્રી થઇ કે નામદારશ્રી સખત માંદગીથી પટકાઇ પડયા છે પ્રાર્થના ઇત્યાદીક વફાદાર પ્રજાજનોએ કરવાનુ બાકી રાખ્યુ નહિ નામદારશ્રીના સગા વહાલાઓને પણ બોલાવવામા આવ્યા આટલાન્ટિક મહાસાગરની બન્ને બાજુએ ક્ષણવારમા ખબર થઈ કે નામદારશ્રી ભયંકર માંદગી ભોગવે છે સઘળે ઠેકાણે ઇશ્વર રાજાજીને ઘણુ આયુષ્ય આપે એવા વચનો નીકળતા હતા લન્ડનના લોકો તો ચોવીસે કલાક બકીગહામ મહેલની આજુ બાજુ વીંટલાઈ રહી ખબર જાણવા ટાપી રહેતા ઇતેજાર નાગરીકોએ સાંજના ૭ વાગે નીચે મુજબ ખબર વાંચી "દિવસ દરમ્યાન નામદારશ્રીના દુશ્ચિન્હો વધારે સબળ થયા છે અને નામદારની સ્થિતિ હવે અંતનીજ છે" પ્રજાજનોએ અત્યંત ખેદની સાથે આ શબ્દો વાચ્યા વર્તમાનપત્રોએ મહાન ભૂપતિને આવો ટુંકો અમલ આપવા ઈશ્વર કેમ ઇચ્છતા હશે એવા એવા વિમર્શોવાળી ખબરો છાપી વખત વધતો ગયો; અને કાળચક્ર પણ વિશેષ જોરથી ભમતુ ગયુ. ઓક્ષીજન વાયુ (પ્રાણવાયુ) આણી દાકટરોએ નામદારશ્રીનુ આયુષ્ય વધારવા ઉપાય કર્યો પરંતુ સઘળુ નિષ્ફળ મધ્ય રાત્રીને પા કલાકનીજ વાર હતી, સર્વ જગત્ શાન્તતા અને ચુપકીમાં નિમગ્ન થઇ રહ્યું હતું, સગા-

વહાલાઓ આજુ બાજુ આવી રહ્યા હતા એટલે ૬૯ વર્ષનો આ જગતનો અનુભવ લઈ શાન્તતા રૂપી સોનેરી ફળનો સ્વાદ જગતને ચખાડી એડવર્ડ નરેશ શાન્તિને પામી ગયા દિલગીરીની ખબરો સઘળે મોકલવામાં આવી રાજ્ય કુટુંબમા કોલાહલ થઇ રહ્યો મહેલમા ગમગીન પ્રવૃત્તિ ચાલી રહી એ સઘળુ શાને માટે ? એડવર્ડ રાજાનુ રાજ્ય પુરૂ થયુ અને નામદારશ્રી પાંચમા જોર્જ રાજા ગાદીનશીન થયા તેટલા માટેજ

પ્રકરણ ૧૦ મું.

દફન ક્રિયા.

"એડવર્ડ રાજાએ જેટલી લોકપ્રિયતા મેળવી છે એટલી અગાઉ કોઇ પણ રાજાએ મેળવી હોય એમ હુ ધારતો નથી—લોર્ડ રોઝબરી

તા૦ ૧૪ મી મે સુધી બકીંગહામ મહેલમાંજ તેમની સાદી પથારી ઉપર ચુપકી રાખી રહેલા પહેરેગીરોના પહેરા હેઠળ એડવર્ડ રાજાના શબને રાખી મુકવામા આવ્યુ હતુ તા૦ ૧૪ મી મે થી તા ૨૦ મી મે સુધી પ્રજાજનોને દર્શન કરાવવા માટે મહેલમાથી વેસ્ટમીનીસ્ટર હોલ સુધી પહેરેગીરોના પહેરા હેઠળ મૃત રાજાને લઈ જવામા આવ્યા અને વિન્ડરસરમા દફનાવતા સુધી ત્યાંજ પ્રજા સમક્ષ રાખવામા આવ્યા વેસ્ટમીનીસ્ટરના હોલના બારણા તા ૧૪મી મે ની સાજના ૪ વાગે ખુલ્લા કર્યા અને લોકોને તેમના પ્રિય રાજાના છેલ્લા દર્શનની તક મળી ૭ કલાક સુધી જો કે એ ગમ ગીન જગ્યા ખુલ્લી રાખવામા આવી તોપણ લોકોની અતિશય ગીરદી હોવાથી ઘણાક પ્રજાજનોને નિરાશ થઈ પાછા જવુ પડ્યુ ત્યાર બાદ તા ૧૫ મી થી તા ૧૯ મી સુધી દરરોજ સવારથી સાજ સુધી નામદારને છેલ્લી સલામ કરવાની લોકોને છુટ આપવામા આવી તા. ૧૯ મી મેને દિવસે જર્મન શહેનશાહ પોતાના મામાને છેલ્લી સલામ આપવા બકીંગહામના મહેલમાંથી નીકળી વેસ્ટમીની-સ્ટર હોલમા ગયા તે વખતે અસીમ શોક દર્શાવનારો પોશાક નામદારે પહેર્યો હતો અને હાથમા મોટો હાર રાખ્યો હતો જર્મની અને ઈગ્લાન્ડ વચ્ચે અપૂર્વ મિત્રાચારી કરાવનાર નરેશને જર્મન શહેનશાહે મોટો હાર ચઢાવ્યો અને પછી પોતે તથા જોર્જ રાજા કફન આગળ ઘુટણીએ પડયા થોડો સમય થયા બાદ જોર્જ રાજાએ જર્મન શહેનશાહને ઉભા થવા જણાવ્યુ નામદારશ્રી જ્યારે ઉઠયા

ત્યારે તેમની આખમાથી ચોધાર અશ્રુપાત થતો સ્પષ્ટ રીતે માલૂમ પડયો અને તે અસરકારક બનાવથી પ્રજાજનોને ઘણી લાગણી થઈ આવી

બીજે દિવસે સવારના દફન ક્રિયા શરૂ થવાની હતી તેથી મધ્ય રાત્રીથીજ લોકોનો સમૂહ મળવા માડયો દૈવયોગે મધ્ય રાત્રીએ ગાજવીજ સહિત પુષ્કળ વરસાદ પડયો પરતુ લોકોએ તેની બિલકુલ દરકાર કરી નહિ સવારના ચાર વાગે વરસાદ બિલકુલ રહિ ગયો અને ત્યારથી મુખ્ય માર્ગો ઉપર લોકોની ગીરદી થવા માડી ૯ વર્ષ ઉપર શહેનશાહશ્રીના રાજ્યાભિષેક સમયે લોકોનો આનદ કેવો અને આ વખતે તેઓશ્રીને છેલ્લુ માન આપવા ગમગીની પણ કેવી એ પણ એક વિચાર કરવા યોગ્યજ વાત છે સવારથી લસ્કર અને પોલીસના માણસોએ હારબધ ગોઠવાવા માડયુ તથા પ્રેક્ષકોને પણ યોગ્ય સ્થાન લેવા સારૂ સૂચના કરવા માડી મોટેમોટે ઠેકાણે માચડાઓ ઉભા કરવામા આવ્યા અને તે રોકવાને માટે મહારાણીશ્રી વિકટોરીઆની દફન ક્રિયાના વખત કરતા પણ વધુ ભાડા આપવાની માગણી થઈ હતી દફન ક્રિયાની સ્વારી માર્લબરોના મહેલમાથી કાઢવામા આવી ઈગ્લાન્ડની દરેક મોટી ક્રિયા વખતે નોરફોકનો ડયુક દરેક કાર્યમા હોય છેજ તે ઈગ્લાન્ડનો અર્લ માર્શલ કહેવાય છે પ્રથમ તો સરઘસમા આવનાર રાજાઓને અર્લ માર્શલે યોગ્ય સ્થાન આપ્યુ ત્યાર બાદ શબ ઉપાડતી વખતે એક ટુકી પ્રાર્થના કરવામા આવી પછી અર્લ માર્શલે સરઘસને આગળ ચલાવવા હુકમ કર્યો પ્રથમ તો નૌકા સૈન્ય અને તેના અમલદારો હતા ત્યાર બાદ ઘોડેસ્વારોનુ લસ્કર આવ્યું અને તેમા કીચનર, લોર્ડ રોબર્ટસ અને સરદાર સર એવલીન વુડ એ ત્રણ જણા અતિ શોકયુકત ચહેરાથી ચાલતા માલૂમ પડતા હતા. આ સરઘસનો પ્રથમ ભાગ હતો. પહેલા અને બીજા ભાગની વચમાં અર્લમાર્શલ એકલો

ચાલતો હતો ત્યાર પછી કફનની ગાડી આવી તે જે જે ઠેકાણેથી ગાડી પસાર થતી ત્યા ત્યા ઘણીજ ચુપકી થઈ જતી અને શોકવાળા પોશાક સજેલા સઘળા પ્રેક્ષકો માન આપવા તત્પર થઈ જતા કફન ઉપર તાજ મુકવામા આવ્યુ હતુ અને સૂર્યના તેજમાં તેની ઝબક પુષ્કળ વધતી જોઇ તેના ઉપર એડવર્ડ રાજાની મહત્વતા વિષે વિશેષ છાપ પડતી કફનની ગાડી પછાડી ત્રણ ઘોડેસ્વારો હતા વચમાં રાજા જોર્જ, તેમની જમણી બાજુએ જર્મન શહેનશાહ અને ડાબી બાજુએ ડયુક ઓફ કોનેટ ત્રણે મહાન્ પુરૂષો અતિ શોકમાં નિમગ્ન થયેલા હતા તે તેમના મુખ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવતુ તેમની પછી પરદેશના બીજા રાજાઓ ઘોડે સ્વાર થઇ ચાલતા હતા પછી ગાડી-ની હાર આવી તેમા મેરી રાણી તથા હાલના યુવરાજ હતા ત્યાર પછીની ગાડી ઉપર સઘળાની આખ ફરી કાળા વસ્ત્ર પહેરેલાં રાજમાતા અલેકઝાન્ડ્રા આવતા હતા આખે રસ્તે તે સમયે અસા-ધારણ ચુપકી થઇ ગઇ લડનનો ખળભલાટ કોણ જાણે કયાં ચાલ્યો ગયો તે કોઇને માલુમ પડયુ નહિ અશ્રુપાત કરતા પ્રજાજનોને જોઇ રાજમાતા પોતાના તરફ તેમની કેટલી બધી લાગણી છે તે સ્પષ્ટ રીતે જોઇ શકતા અને વારવાર ગાડીમાથી ડોકીયુ કાઢી પ્રજાજનોની સહાનુભૂતિ માટે ઉપકાર માનતા ત્યાર બાદ રાજ્ય કુટુંબીઓની કેટલીક ગાડીઓ આવી અને સરઘસનો અત આવ્યો એડવર્ડ રાજાને સેન્ટ જોર્જના દેવલમા દફનાવવાના હતા આજ દેવલમાં તેમની બાપ્ટિઝમની ક્રિયા થઇ હતી, આજ દેવલમાં તેમની લગ્ન ક્રિયા થઇ હતી અને ત્યાંજ તેઓને દફનાવવામા પણ આવ્યા સર-ઘસના સઘળા માણસો વિડસર જવાને તૈયાર થઇ રહેલી આગગાડીમાં બેસી ત્યાં આવી પહોંચ્યા. વિડસરમાં સરઘસ લન્ડન માફક શરૂ થયું પરતુ કફન પછાડી સઘળા પગે ચાલતા હતા. દેવલને બારણે કેન્ટરબરી તથા યોર્કના ધર્માધ્યક્ષ સામા મળ્યા અને તેઓની સાથે

સઘળા દેવળમાં દાખલ થયા. પ્રાર્થનાઓ થવા માંડી અને તેઆખો વખત શહેનશાહના શબ આગળ રાજમાતા અલેકઝાન્ડ્રા ધુટણીએ પડી રહ્યાં હતાં કફનને દફનાવવાની ક્રિયા શરૂ થઇ. ઉપરનુ તાજ તથા રાજદંડ એક અમલદારે લઇ લીધા અને અંતે શબને નીમેલી જગ્યાએ દફનાવ્યુ એક અમલદારે કબર ઉપર માટી પાથરી અને તુરતજ કેનટરબરીના ધર્માધ્યક્ષે અસરકારક પ્રાર્થના વાંચી અંતે અશ્રુપાત કરતા ધુટણીએ પડેલા રાજમાતાને ઉઠાડી દફન ક્રિયા ખલાસ થયેલી જાહેર કરવામા આવી

આ મુજબ એડવર્ડ શહેનશાહના જીવનનો છેવટનો પડદો પડી રહ્યો આગલા પ્રકરણમા તેઓશ્રીએ પોતાના પાછલા જીવનથી પરિપક્વ થયેલા શાન્તિના સોનેરી ફળનો સ્વાદ જગતને કેવી રીતે ચખાડયો તે આપણે વાચ્યુ છે એડવર્ડ રાજા કાંઈ ઇગ્લાન્ડના ઇતિહાસમા સાધારણ રાજા તરીકે લેખાશે નહિ કારણ કે જોકે તેમણે પોતાની સત્તા બતાવવા કાઇ વિશેષ કર્યું નથી તોપણ પાર્લામેન્ટની સહાનુભૂતિથી પણ રાજાઓ કેટલુ બધુ કરી શકે છે તેનો દાખલો તેઓએ આપ્યો છે નામદાર ફ્રાન્સ કે જર્મની વારવાર જતા તે વખતે ઘણા લોકોને તેમને માટે કાઇક વહેમ આવતો. કેટલાક ટુકી બુદ્ધિના માણસો એમ પણ ધારતા કે એડવર્ડ રાજાના આ પ્રયાસો લોકમા મોટા કહેવડાવવાની ખાતર છે અને તેમનાથી કાંઇ પણ કામ બની શકે એમ નથી આ ધારવુ કેટલુ બધુ ખોટુ છે તે તેમના મૃત્યુ અગાઉ થોડો વખત ઉપર સઘળાને માલૂમ પડયુ હતુ નામદાર વિરૂદ્ધ કવચિત્ ધારણા કરવાનુ લોકોને એકજ કારણ હતુ અને તે એ કે નામદાર કોઈ વખતે પણ પોતાના કાર્યોની મહત્તા દર્શાવવા આડંબર કરતા નહિ યુરોપ અને અમેરીકાને એટલે આખી જગતને શાન્તિના ફળ ચખાડવા તેઓએ કોઈ વખત જાહેરમા એકરાર કરી મોટાઈ દર્શાવી નહોતી. રાજા થયા

પછીજ પોતાનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે બહાર પાડયો અલબત તે સમય અગાઉ નામદાર આખી જીંદગી આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવાની કેળવણી માટેજ ગાળતા હતા તો પણ તેને ખાલી મોટું રૂપ ન આપવું એમાંજ ફતેહ ગણતા. ધીહાગ નગરમાં સુલેહ જાળવવા મોટી સભાઓ રૂશીઆના ઝાર તરફથી મેળવવામા આવતી એવી કોઈ પણ સસ્થા સાથે દિલસોજી બતાવતા પણ જ્યાં સુધી નામદારને ખાતરી ન થાય કે પરીણામે કાંઇ સ્પષ્ટ ફળ પ્રાપ્તિ થશે ત્યાં સુધી તેના નેતાપણુ કબુલ કરતા નહિ આમાજ તેમની ખુબી રહેલી છે.

कालोवा कारणं राज्ञः राजावा कालकारणं ।

इति ते सशयो माऽभूत् राजा कालस्य कारणं ॥

આ સૂત્ર ઘણા જૂના સમયથી આપણા દેશમા ચાલતુ આવે છે હાલના સુધારાએ આ વાકયને અપ્રાસગિક જણાવી તેની અસત્યતા દર્શાવી છે. ખરે, હાલના સમયમા રાજાની સ્વતત્રેચ્છિાની પરિબળતા ઘણે અશે કમી હોય છે રાજાનો અર્થ આપણે સર્વોપરી, બુદ્ધિશ્રેષ્ઠ મનુષ્ય એમ કરીએ તો પછી વિના વાદે રાજા કાલનો કારણ કહી શકાય. એડવર્ડ નરેશે તો ખરા રાજા હોઇને ઉપરોક્ત સૂત્રની સત્યતા દર્શાવી છે ઈગ્લાડમા આમની સભા તથા ઉમરાવની સભાની જે મોટી તકરાર લાબા વખતથી ચાલે છે તેની પ્રકૃતિનુ બરાબર લક્ષણ સમજી તેની સમાધાની માટે જે નામદારશ્રીએ કુનેહ વાપરી હતી તેથી નામદારશ્રી કાલના કારણ હતા એમ કહી શકાય વળી આખી જગતને શાન્તિફળ ચખાડવા ભાગ્યવાન થયેલા ભૂપતિને કાલના કારક કોણ ન કહેશે? અર્વાચીન સુધારામાં અંતિમ સ્થિતિએ પહોચેલા દેશોને પણ પોતાની કુનેહબાજીથી અચબો પમાડનાર એડવર્ડ બાદશાહ જગતના હિતકર્તા તરીકે મનાશે એ વાત નિર્વિવાદજ છે.

હિંદના ઇતિહાસમા તો એડવર્ડ ભૂપતિનુ નામ હમેશ માટે સોનેરી અક્ષરથી કોતરાઈ રહેશે એક છત્ર નીચે લાવી નામદાર મહારાણીશ્રી વિકટોરીઆએ શહેનશાહ એડવર્ડને હિંદ સામ્રાજ્યનો જે અનુપમ વારસો આપ્યો હતો તેનુ ફલીભૂતપણુ તેમણે અત્યુત્તમ રીતે કર્યુ છે પ્રાંતિક તથા સ્થાનિક સરકારની કારોબારી મડલીમા હિંદિ સભાસદની નીમણુક, હિંદી પ્રધાનની સભામા હિંદવાનની ચુટણી, ધારાસભાના સભાસદોમા વધારો વિગેરે વિગેરે ઘણા લાભો નામદારશ્રીની હકુમત હેઠળ આપણને મળ્યા છે મહારાણીના તથા નામદારના અમલમા હિંદની આબાદીમા દુષ્કાળ તથા મરકીથી કાઈક અડચણો નડી હતી ચક્રનેમિક્રમ ન્યાયે વારાફરતી ઉલટા-સુલટી દશા તો હમેશ આવે છેજ પરતુ નામદારશ્રીના રાજ્યના પીછલા ભાગમા આ દુ ખદાયક વસ્તુઓ ઓછી થવા માડી એ પણ સાર્વભૌમ રાજાધિરાજના પ્રતાપના પુણ્યનુજ ફળ સમજવુ. બકીગહામ મહેલમા મોજમજાથી આન્દોલન કરતા શહેનશાહને જેટલુ માન મળતુ તે કરતા પણ અધિક આદર વિન્ડસરના દેવળની મટ્ટીમા સુતેલા તેમના મૃત શરીરને મળે છે એ તેમની કૃતિની ઉચ્ચતમતા તથા પ્રતાપનુ અવિસ્મરણીય લક્ષણ સમજવુ

પ્રકરણ ૧૧ મુ.

ખાનગી રહેણીકરણી તથા ગુણાવલોકન.

એડવર્ડ રાજાનો શરીરનો બાધો કદાવર હતો તેઓ નામદારે જે લશ્કરી કેળવણી લીધી હતી તેના પરિણામે તિતિક્ષા કરવાનુ પણ શીખ્યા હતા તેથીજ ઉત્તમ પ્રકારની તદુરસ્તીના ભોગી નામદાર હતા આખી જીદગીમા ફક્ત બે ત્રણ વારજ તેઓશ્રીને સખત માદગી આવી હતી સૌથી ચિન્તાજનક ઇ સ ૧૮૭૧મા હતી તે સમય તબીયત પાછી ઘણી જલદીથી સુધરી ગઈ છેવટના સમયે પણ તેમના દાકટરોનુ ધારવુ એમજ હતુ કે જો નામદાર સારા થશે તો પછી જાહેરમા આવવા વાર લાગશે નહિ તેમનો અવાજ સ્પષ્ટ હતો ભાષણની છટા તથા શૈલી ઘણીજ ઉત્તમ હોવાથી તેઓ વક્તા તરીકે પણ અગ્રેજ લોકોને જાણીતા છે વૃદ્ધાવસ્થામા અવાજ લગાર ખોખરો થવા આવ્યો હતો તોપણ ચચળ ચક્ષુથી નામદાર ભાષણ કરતા તે વખતે એ ખોડ માલૂમ પડતી નહિ સ્વભાવ ઘણો શાન્ત તથા આનન્દી હતો અને તેના પરિણામેજ નામદારશ્રી અતિ જનપ્રિય થઈ પડયા હતા કાર્યશક્તિ અતિ ચચળતાવાળી હતી અને તેથી તેઓશ્રી ટપાલ ઇત્યાદિકનો ફડચો ઘણી જલદીથી કરી શકતા.

નામદાર પુષ્કળ પુસ્તકો વાચતા નહિ પરતુ જેટલુ વાચતા તે બરાબર યાદ રાખી શકતા તેમની સ્મરણ શક્તિ ઘણીજ અસાધારણ હતી તેનો એકજ દાખલો બસ છે. પોતે પાર્લામેન્ટમા પ્રથમ વાચ્યું તે લન્ડનના વર્તમાનપત્રીઓથી બરાબર ઉતારી લેવાયુ નહિ. તેથી મહેલમાં તેઓશ્રી પધાર્યા કે તાબડતોબ તેઓએ નામદારને વિનતિ કરી કે આપના ભાષણ વગર હમારૂ સઘળુ વર્ણન નકામું જશે તે હમોને આપો નામદારશ્રીએ ભાષણ લખેલો કાગળ પોતાના સેક્રેટરીને આપી દીધો હતો અને કાઇંક કામસર તેઓ મહેલની બહાર ગયા હતા તેથી પોતેજ સ્મરણ શક્તિ

ઉપરથી ભાષણ વર્તમાનપત્રના ખબરપત્રીઓને લખાવ્યું. અજાયબીની વાત એ હતી કે ઉતરાવેલુ ભાષણ અસલની બરાબરજ હતું. જો કે પુસ્તકો નામદાર ઘણા થોડા વાચતા તો પણ જે વાચવા લાયક હતા તેજ વાચતા દાખલા તરીકે હિન્દની મુસાફરી દરમ્યાન ફકત બળવાને લગતા તથા લોકોની રીતભાતને લગતાજ પુસ્તકો વધારે ધ્યાનથી વાચ્યા હતા સેન્ડ્રીગહામનુ પુસ્તકાલય ઘણુ ભવ્ય છે અને તેમા ઘણા પ્રકારના પુસ્તકોનો સગ્રહ રાખવામાં આવ્યો છે નામદાર સઘળા પુસ્તકો વાચતા તો નહિ પરતુ બીજા કોઇને પણ ખપ લાગશે એમ વિચારી સગ્રહ કરવાની કોઈ પણ તક ગુમાવતા નહિ થોડાક પણ બરાબર પુસ્તકો નામદારે વાચ્યા હતા એનો વિશેષ પુરાવો તેમની વાત કરવાની રીત ઉપરથી માલૂમ પડતો પોતે વાત કરતી વખતે ઘણા પુસ્તકોનુ દોહન કરી શકતા અને વાતચીત કરવા આવનારની ઉપર દક્ષતાની છાપ ઘણી ખુબીથી પાડી શકતા વાત કરતી વખતે તેઓશ્રી ભાષા ઘણીજ સાદી અને મધુર વાપરતા તેથી તેમની સાથે વિનોદ કરવાનુ તેમના મિત્રોને ઘણુ ગમતુ સ્મરણ શક્તિ જેમ તીવ્ર હતી તેમ અવલોકન શક્તિ પણ ઘણી સારી હતી ચિત્ર કળામા નામદારની હોશિઆરી કેવી હતી તે આપણે પહેલાજ પ્રકરણમા જોયુ છે તે ઉપરાંત દેશાટણમાં જ્યા જ્યાં ઐતિહાસીક સ્થાનો જોવા જતા તેને ઘણીજ બારીકાઇથી તપાસી તેનુ વર્ણન પોતાની નોધ પોથીમા રાખી મુકતા ઉત્તમ અવલોકન શક્તિને પરિણામેજ નામદાર હોશિઆર કે ટુકી બુદ્ધિના માણસની ઝટ પરિક્ષા કરી શકતા

પુષ્કળ અનુભવ અને કેળવણીના પરિણામે નામદાર ધાર્મિક ખ્રિસ્તી તરીકે અનુપમ હતા. પોતે અમેરિકામાં હોય કે આફ્રિકામાં હોય શિકારની શહેલગાહમાં હોય કે મહેલમા હોય તો પણ પ્રાર્થના કરવાનું કદી ચુકતા નહિ. કેન્ટરબરીના ધર્માધ્યક્ષ ડા. બેનસન તેમ

મના ખાસ મિત્ર હતા. અને તેમની સાથેના ઘાડા પત્રવ્યવહારથી આપણને નામદારના ધર્મ વિષેના વિચારો સબંધી ઘણુ જાણવાનું મળે છે નામદાર જો કે ખ્રિસ્તી ધર્મના પ્રોટેસ્ટટ મતના હતા તો પણ બીજા મતો અને ધર્મ ઉપર કોઈ દિવસ તિરસ્કાર કરતા નહિ બદલામા બીજા મોટા પથના ધર્મ ગુરૂઓ જેવા કે પોપ તથા મોસ્કોના ધર્માધ્યક્ષ પણ નામદારને તેમની મુલાકાત દરમ્યાન ખરા અતઃકરણથી આશીર્વાદ આપતા બચપણથીજ ધર્મ તરફ નામદારના સસ્કારો થયા હતા લગભગ દશ વર્ષની ઉમ્મરે યુવરાજ પોતાને હાથે સવાર સાજની પ્રાર્થના નીચે મુજબ લખતા

"સવારની પ્રાર્થના"

"હે દયાળુ કીરતાર, મને ગઈ રાત્રે સુખથી નિદ્રા આપી તે માટે તારો ઉપકાર માનુ છુ, વળી સવારના મને જાગૃત કર્યો તે માટે પણ તારો હુ આભારી છુ હે દીન દયાળુ, મને હમેશા સારા દિવસો આપ અને મારા વડીલોની આજ્ઞામા હુ રહુ એવી મતિની મને બક્ષિસ કર માતાજી તથા પિતાજીને તુ અમર કર અને તેઓ મને સુપુત્ર થયેલો જુએ એમ કર મારા ભાઈ તથા બ્હેનોને પણ તુ આશીર્વાદ આપ અને આપણા મહાત્મા ઈસુ ખ્રિસ્તના શિક્ષણથી તને ઓળખે એમ તુ કર"

"રાતની પ્રાર્થના."

"હે સર્વ શક્તિમાન ઈશ્વર આજે દિવસના તે મારા ઉપર દયા બતાવી માટે હુ તારો ઉપકાર માનુ છુ આજે રાતના તું મને તારી છાયા હેઠળ લે અને સવારમાં મને તદુરસ્ત અને સહીસલામત જાગૃત કર કારણકે તુ એકલોજ મને પાલન કરનાર છે. વાહલા માતાજી, પિતાજી, ભાઈ અને બ્હેનોને તુ સુખી કર અને મહાત્મા ઈસુ ખ્રિસ્તના શિક્ષણથી તું મને સારો છોકરો બનાવ."

બચપણની ચેષ્ટાના આ વાકયો મોટપણુમાં કેવા ઉધર્યા હતા તેના દાખલા તરીકે નામદારશ્રીના કેટલાક વચનો નીચે આપ્યા છે—"આપણા જીવનમાં જે કાંઈ સુખદાતા છે તે આપણો ધર્મજ છે. તેનાથી આપણને મળતી નીતિથી આપણા સઘળા વર્ગોને નવુ જીવન આવે છે અને તેના શિક્ષણથી જીવનનુ બધારણ કેમ કરવુ તે આપણા જુવાનીઆને સમજણ પડે છે" આ શબ્દો આપણાદેશના યુવાનોને કેટલા બોધ લેવા લાયક છે તેનો વાચનારે પોતેજ વિચાર કરી લેવો

નામદારશ્રીના આનદી સ્વભાવથી નોકર ચાકરો પણ તેમનાથી ઘણા રાજી રહેતા આ ઉપરથી એમ નથી સમજવાનુ કે નોકરોની કાઇ કસુર પડતી તો તે માટે તેમને માફી આપી મોઢે ચઢાવવામા આવતા તેથી તો તદ્દન ઉલટુ જ હતુ પરતુ નોકરો તરફ જેટલુ માયાળુપણુ રાખવુ જોઈએ તેટલુ રાખવા નામદાર કદી ચુકતા નહિ. સેન્ડ્રીગહામમા નામદાર લાબો વખત યુવરાજ તરીકે રહ્યા ત્યારે તેઓશ્રીના મિલનસાર સ્વભાવથી નોકર ચાકરો તથા આજુ બાજુના ગ્રામ્યવાસીઓ ઘણા રાજી થઈ ગયા હતા ગ્રામ્યવાસીઓને તો નામદાર અનુપમ મિત્રાચારીથી પોતાની પાસે બોલાવતા તેમની ખેતીમા નામદાર ઘણો સારો ભાગ લેતા અને તેને લીધે કેટલાક લોકોની સ્થિતિ ઘણી સુધરી ગઈ ખેતીવાડીના પ્રદર્શનો ભરાતા કે તેને લગતા મેળવડાઓ થતા તેમા નામદાર ઘણો હોશ ભર્યોભાગ લેતા જેથી સઘળા લોકો તેમના પ્રમાતામહ ત્રીજા જોર્જ રાજાની માફક તેમને ખેડુત રાજા એમ કહેતા સેન્ડ્રીગહામ નામદારને માટે પ્રિન્સ કોનસર્ટ મી કાઉપર નામના ગૃહસ્થ પાસેથી વેચાતુ લીધુ હતુ અને તેમના રહેઠાણ પછી ઘણુ સુધારી દીધુ હતુ આ સ્થિતિમા અદ્યાપિ પર્યંત તે જગ્યા સલામત છે

નામદારના આનદી સ્વભાવનુ એક પરિણામજ જણાવવું હવે બાકી રહી ગયુ છે તે એકે પોતે રમત ગમતના ઘણાજ અચ્છા


શોખીન હતા ઇંગ્લાંડ દેશમાં રમાતી એક પણ રમત એવી નહોતી કે જે નામદારશ્રીને અજાણી હોય. ખાસ કરીને ઘોડે બેસવાની તથા શિકાર કરવાની રમતોનો નામદારને ઘણોજ શોખ હતો, શિકારી તરીકે તો તેઓશ્રી પોતાને એકકાજ ગણાવતા હિન્દના પ્રવાસપર પોતાશ્રી પોતાને એકકાજ ગણાવતા હિન્દના પ્રવાસપર પોતાશ્રીને ઘણોજ ચાહ હતો તેનુ કારણ આપણા દેશમા શિકારની સહેલગાહ નામદારને પુષ્કળ મળી હતી તેજ હતુ ઘોડાની સરતો દોડાવવામાં નામદાર કેટલો ઉલટ ભર્યો ભાગ લેતા તે કોઇને અજાણ્યુ નથી

જેમ નોકર ચાકરો ઉપર નામદારશ્રીને મમતા અને દયા હતી તેમ તેમના પ્રાણીઓ ઉપર પણ ખાસ મહેરબાની હતી નામદાર-શ્રીને ત્યા હયશાળામા ઉત્તમમા ઉત્તમ ઘોડાઓ રહેતા હય શાસ્ત્રનુ પોતે પણ સારૂ જ્ઞાન ધરાવતા તેથી ઘોડાઓને કાંઇક રોગ થતો ત્યારે નામદાર જાતે પણ સારવાર કરવા શરમાતા નહિ કુત-રાઓનો શોખ પણ નામદારને ઘણોજ હતો શિકારી કુતરાઓ પોતે મૃગયા કરવા જતા ત્યારે ઘણા કામ લાગતા તેથી તેમને માટે ખાસ જુદી યોજના રાખવામા આવી હતી નામદારના ઘોડા તથા કુતરાઓને રહેવાના સ્થાન આરોગ્ય વિદ્યાના નિયમો મુજબ બના-વવામા આવ્યા હતા અને તેને અદ્યાપિ પર્યંત નમુના તરીકે લેખવામા આવે છે નામદાર રાજમાતાને બિલાડા પાળવાનો ઘણો શોખ છે સેન્ડ્રીગહામના તબેલાઓમા બિલાડાઓને ખાસ રીતે રાખવામા આવતા અને જ્યારે રાણી થયા બાદ નામદારે લન્ડનમા રહેવા માડયુ ત્યારે પણ પોતાના ખાસ નક્કી કરેલા જાનવરોને લેતા આવ્યાં એ ઉપરાત બીજા ઘણા પ્રાણીઓ નામદારે પાળ્યા હતા

નામદારશ્રી જનવર્ગમા કેટલા બધા પ્રિય છે તે આપણે સારી રીતે જોયુ છે તે ઉપરાંત તેમના જીવનમાં કેટલાંક નાના નાના બનાવો બનતા તે ઉપરથી પણ નામદારશ્રી ઉપરની મમતા

લોકમાં જણાઈ આવતી. યુરોપમાં રાજ્યોને નિર્મૂળ કરવા એનારકીઝમ નામનો ખુનરેજીઓનો મત છે. ૧૮૭૧ માં નામદાર ગંભીર માંદગીમાં પડ્યા ત્યારે તે મંડળ તરફથી એક માણસને ઈંગ્લાંડના લોકોની યુવરાજ તરફ કેવી લાગણી છે તેની તપાસ કરવા મોકલવામાં આવ્યો હતો. તેણે પોતાના મંડળ ઉપર લખી જણાવ્યું કે યુવરાજ એટલા બધા લોકપ્રિય છે કે ૫૦ વર્ષ સુધી આપણાથી ઈંગ્લાંડમાં બંડ ઉઠાવશે નહિ વળી એક સમયે એક માણસ મેદાનમાં સરકાર વિરૂદ્ધ ભાષણ કરતો હતો અને પોતાની વકતૃત્વ શક્તિથી હજારો શ્રોતાજનોને આકર્ષતો હતો તેવામાં ગાડીમા બેસી યુવરાજ તથા યુવરાજ્ઞી મેદાનની પાસેથી પસાર થતા હતા યુવરાજની ગાડીને તથા ભાષણકર્તાને ઘણુ જ છેટું હતુ કારણ કે વચમાં શ્રોતાજનોની ગીરદી હતી સન્જોગ એવો બન્યો કે જે વખતે ગાડી જતી હતી ત્યારે તે યુવરાજ વિરૂદ્ધજ ભાષણ કરતો હતો. યુવરાજને જતા જોઇ શ્રોતાજનો વકતાને સાભળવાનુ મુકી દઈ નામદારશ્રીને સન્માન આપવા દોડી ગયા તુરતજ ભાષણકર્તાએ એક મિત્રને પુછ્યુ કે લોકો કેમ દોડા દોડી કરી રહ્યા છે? મિત્રે ઠંડે પેટે જવાબ આપ્યો કે જેની તમે નાલેશી કરતા હતા તે યુવરાજનેજ માન આપવા લોકોના ટોળા તેમની તરફ દોડી જાય છે આ સાંભળી ભાષણકર્તાના અચબાનો તો પારજ રહ્યો નહિ

પોતાના પુત્રપૌત્રાદિક તરફ તેઓ ઘણુ જ વહાલ રાખતા. આપણા હાલના યુવરાજ તેઓશ્રીના તથા નામદાર મહારાણીના વહાલામાં વહાલા હતા અને તેથીજ તેઓશ્રીએ તેમની કેળવણી તરફ ખૂબ ધ્યાન આપ્યું હતું. નામદારશ્રીના દૌહિત્ર નોરવેના યુવરાજ "ઓલફ" તેમને અતિ પ્રિય હતા અને ઈંગ્લાન્ડની મુલાકાતે જ્યારે તેઓ આવ્યા ત્યારે આખો દિવસ તેમને રમાડવામાંથી પરવારતાજ નહિ. પોતાના પિતાશ્રીએ જેવી કેળવણીની બાબતમાં



સદાની શાન્તિામાં સૂતેલા શહેનશાહ સાતમા એડવર્ડ.

ભાન આપ્યું હતું તેવું તેઓશ્રીએ પણ પોતાના પુત્રપૌત્રાદિક તરફ આપ્યું હતું જેથી હાલમાં રાજકુંવરો ઘણા કેળવાયલા છે. ભોજન સમયે પોતાને એકલા બેસવું ગમતું નહિ તેથી ઘણુ ખરૂં એકાદ રાજબાળકને નામદાર કદી સાથે રાખવા ચૂકતા નહિ. તે વખતે જો પરોણાઓ આવ્યા હોય તો તેની સાથે કેવી રીતે વર્તવુ તેની પણ તાલીમ સાથે સાથે આપી દેતા. ભોજન સમયે પરોણાઓને નામદાર ઘણુંજ માન આપતા અને તેથીજ ધર્માધ્યક્ષ બેન્સન સાહેબ એમ કહેતા કે નામદાર સાથે જમવા બેસવાની ઘણી ગમત પડે છે. પોતે પણ જ્યાં જમવા જતા ત્યાં ઘણી સલુકાઇથી વર્તતા અને જેને ત્યાં ઉતર્યા હોય તેને સતોષ આપતા.

નામદારશ્રી ઘણા બહોળા વિચારના હતા. તેથી પુત્રપૌત્રાદિકના લગ્ન વિચારોમાં કદી આડા આવતા નહિ. જ્યારે શાહજાદી લુઇસે ડયુક ઑફ ફાઇફ નામના ઉમરાવ સાથે લગ્ન કરવાનો વિચાર કર્યો ત્યારે ઈંગ્લન્ડનાં પ્રજા જનોને એમ લાગ્યું કે નામદારશ્રી વચમા પડી લગ્ન બંધ રખાવશે. પરતુ તેમ તેઓ કદિ કરે એમ હતુંજ નહિ. કારણ કે તેમનો એવો સિદ્ધાંત હતો કે લગ્ન પરસ્પર સંમતિ અને પસંદગીના હોય તેજ છેવટે સુખદાયક નીવડે છે. નામદારના મિત્રોમાં કેટલાક યાહુદી મતના પણ ગૃહસ્થો હતા. કેટલાક ચુસ્ત ખ્રિસ્તીઓને આ બીલકુલ પસદ પડતું નહિ પરંતુ નામદારશ્રી ઘણાજ બહોળા વિચારના હોવાથી આવા સાંકડા મનના માણુસોને બિલકુલ લેખવતા નહિ. નામદારશ્રી લોકાપવાદની દરકાર કર્યા વગર પોતાના એક યાહુદી મિત્રના લગ્ન સમયે તે લોકોના પવિત્ર દેવળમાં પણ હાજરી આપી આવ્યા હતા.

નામદારે મનુષ્ય સ્વભાવનો બહુ અચ્છો અભ્યાસ કર્યો હતો. તેથી દરેક લોકોની આદતો તેઓશ્રી ઘણી ઝડપથી ઓળખી શકતા. યાહુદી લોકોના ખંત માટે નામદારશ્રીને ઘણો ઉંચો અભિપ્રાય હતો અને તેથીજ તેમની સાથે તેઓ મિત્રાચારી રાખતા. અમેરિકન

ફ્રેન્ચ તથા જર્મન એ દરેક પ્રજાની ખાશીયતો પોતે ઘણી સારી રીતે સમજતા અને તેને પોતાની કેળવણીમા જ્યા જરૂર પડે ત્યાં કેવી રીતે ઉપયોગમાં લેવી તે ઘણી ચાલાકીથી કરી શકતા.

શહેનશાહશ્રી ઘણાજ ઉદાર દીલના મનુષ્ય હતા તેમની કેટલીક છુપી સખાવતો સબધી તો જગતને કાંઈ પણ જાણ નથી એમ કેટલાકનુ માનવુ છે વળી પ્રસગ વર્તી કાર્ય કરવાની તેમને ટેવ હોવાથી જેટલી ઉદારતા જાહેરમા નામદારે કરી છે તે સઘળી ઉત્તમ રીતે ફળીભૂત થયેલી માલૂમ પડે છે સૌથી છેલ્લો પણ ઉત્તમ નામદારશ્રીનો ગુણ તેમની સાદાઈ હતો પણ સફાઇદાર પોશાક સજી છુપે વેષે ફરી તેઓ કેટલુ બધુ જાણી લેતા તે આપણે અગાઉ જોયુ છે.

એક વખત નામદારશ્રી બહાર ફરવા ગયા હતા ત્યાં એક વૃદ્ધ અને આંધળી ડોશી રસ્તામાં જોઈ તેને તેઓશ્રી તેના ઘર સુધી પહોંચાડી આવ્યા ડોશીને ખબર નહોતી કે આ સખી નર કોણ હતુ કોઈ ગૃહસ્થે નામદારનો દયાળુ અને સારો સ્વભાવ જોયો હશે તેમણે બીજે દિવસે એક રૂપાનો નકસીકામ કરાવેલો ખડીઓ નામદારશ્રીને ભેટ મોકલ્યો મોકલનાર કોણ હશે તે તે જાતેજ જાણે છે કારણકે પોતાનુ નામ તેણે લખ્યુ નહોતુ ફકત ખડીઆ ઉપર નીચેના શબ્દો કોર્યા હતા –‘ વૃદ્ધ આંધળી ભિખારણને માર્ગ દર્શાવનાર યુવરાજશ્રીને તેના ભલા અને ખરા ખ્રિસ્તી કાર્ય માટે ”

એક સમયે નામદાર નાની ગાડીમા બેસી બહાર નીકળી પડ્યા હતા. અસુરૂ થવાનો વખત થયો હતો અને વચમાં એક વૃદ્ધ ડોશી તેમને મળી. ડોશી અતિ વૃદ્ધ હોવાથી તેને ગાડીમાં બેસી જવા નામદારે જણાવ્યુ. ઘણા ઉપકાર સાથે નામદારની માગણી તેણે સ્વીકારી અને કહ્યું કે “મારા માથા ઉપર ભાર છે તે હવે ઉંચકવો પડશે નહીં તેથી હું તમારી આભારી છુ ” જવાબમાં નામદારે માથા ઉપર ટોપલીમાં શાક હતુ તે ખરીદી લેવા જણાવ્યું.

ડોશીએ પૂછયું, તમે એની શુ કિમત આપશો.?

નામદારે જણાવ્યુ કે–"મારા માતાજીની છબી"

ડોશીએ જાણ્યું કે આ ગૃહસ્થ કાંઈ ઠટ્ટા કરે છે તેથી તેનો જુવાબ આવ્યો કે હુ તમારા માતાજીની છબીને શું કરૂં નામદાર કાંઇ બોલ્યા નહિ પરતુ શહેર આવ્યુ અને ડોશીએ જવાનો વિ-ચાર કર્યો ત્યારે એક પૌડ તેને આપી કહ્યુ "લાવો, માજી શાક મને આપો અને તેની કિમતના બદલામા આ મારી માતાની છબી લ્યો"

પૌંડ ઉપર મહારાણીશ્રી વિક્ટોરિઆની છાપ જોઈ ડોશીએ ધાર્યું કે ખચિત આ યુવરાજજ હોવા જોઇએ

પ્રકરણ ૧૨ મું.

ઉપસંહાર.

“ મને લોકો આઠ કેવી રીતે કહે છે તે હુ સમજતો નથી કારણકે જ્યારે હું આલસ હોઉં છુ ત્યારેજ મને સુખ હોય છે”—રાજકુંવર આલબર્ટ એડવર્ડને લખતા આવડયુ તે સમયે બાળચેષ્ટામાં લખેલા શબ્દો.

“નહિ, હુ ધૃતિ છોડીશ નહિ, હું આગળ ચાલીશ; હુ મારૂ કર્તવ્ય છેવટ સુધી કરીશ”:—પૃથ્વીની વસ્તીના મોટામા મોટા ભાગને એક છત્ર નીચે રાખનાર શહેનશાહ એડવર્ડના છેવટના ઉદ્ગારો.

શહેનશાહ એડવર્ડનુ જીવન સમાપ્ત થયુ છે કુતુહલથી કોઈ મનુષ્ય પ્રશ્ન કરશે કે તેમણે શુ કર્યું છે ? તેમનુ જીવન જાણવાથી શુ ફાયદો છે? શુ તેમણે સામ્રાજ્યની સીમમા વધારો કે ઘટાડો કર્યો છે? શુ તેમણે મોટા વિગ્રહોમા જય મેળવી વિજય ડકો વગાડયો છે કે શુ તેમણે હાર ખાઈ જગતને તેમના પ્રમાદ ઉપરથી ધડો લેવા સૂચવ્યુ છે? શુ તેમણે તત્ત્વજ્ઞાનના વાદવિવાદો ચલાવી નવા મતવ્યોનુ પ્રવર્તન કર્યુ છે કે શુ તેમણે તે સબધી આડાકાન કર્યા છે? શુ તેમણે કાઈ ધાર્મિક પથ ચલાવ્યો છે કે અતિ નાસ્તિકતા દર્શાવી જગત્ સમક્ષ ટક્કર ઝીલવાનુ મનોબળ દાખવ્યુ છે? શુ તેમણે કાંઇ મોટી સામાજીક સુધારણા કરી જગતને ઉપકારના બોજામાં મુકયુ છે કે સમાજને નિરજીવ ગણી તે તરફ ધિક્કાર દર્શાવ્યો છે ? એકજ મતે આ સઘળા પરિસીમાદર્શક પ્રશ્નનો જવાબ નકારમાંજ મળશે ત્યારે તો તેમણે બીજુ કાઈ કર્યુજ નથી માત્ર પ્રતાપી માતુશ્રીએ આપેલા રાજ્યને જેમ હતુ તેમ મુકી ચાલ્યા ગયા છે અથવા તો પૃથ્વીમાં ઉદ્ભવતા અનેક જતુઓ માફક જન્મ મરણની ચોકીઓ તપાસ્યા વગર તેઓએ ઇશ્વર સાંનિધ્ય લીધું છે અથવા તો તેમણે તેમના સામ્રાજ્યની ગરીબમાં ગરીબ માણુસ ટળવળી મરે તેની દરકાર કર્યા વગર બકિગહામ મહેલમાં બેસી પાર્લામેન્ટ તરફથી મળતા સાલીઆણાનો ઉપભોગ કર્યો હશે પ્રશ્નકારને આનો જવાબ પણ નકારમાંજ મળશે.

જીવન સાફલ્ય એ મનુષ્યનું એક આવશ્યક પ્રયોજન છે એ નિર્વિવાદ મત સઘળાઓનો છે. એડવર્ડ રાજાએ જો જીવન સાફલ્ય કર્યું હોય અથવા કરવા તરફ પ્રયત્ન કર્યો હોય તો તેમની શ્રેષ્ટતા વિના વાદે સિદ્ધ થઈ છે. આ ઉપરથી આપણે એમ ધારવું નહિ કે એડવર્ડ રાજાનુ જીવન દોષ રહિત છે. દોષત્વ તથા મનુષ્યત્વ પરસ્પર ઉપર આધાર રાખનાર ન હોય તો આપણને દૃષ્ટિ ગોચર થતી ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ મળી શકેજ નહિ પરતું દોષત્વને નિર્દોષત્વ કરી પૂર્ણતાએ પમાડવું એ મનુષ્યની કસોટી છે અને તેને માટે સારો માર્ગ એ છે કે શ્રેષ્ઠ પુરૂષોના જીવનનું અનુસરણ કરવું. એડવર્ડ ભૂપતિના લક્ષાવધિ દોષો હશે પરતુ તેની દરકાર કર્યા વગર તેના ગુણોનુ અનુસધાન જો કોઈ તેના ગરીબમાં ગરીબ માણસ અતકરણમા કરશે તો તેણે પોતાના જીવન સાફલ્યનો પ્રયત્ન કર્યો ગણાશે આજ ઉત્તર એડવર્ડ નરેશના જીવનની ઉપયોગિતા દર્શાવશે અને કુતુહલભૂત ઉપરોક્ત ઉભય પ્રશ્નકારોને સમાધાની આપશે.

મનુષ્ય તથા પ્રાણી સસ્કારાદિ જન્ય છે જ્ઞાન તથા અનુભવ તેને દુનિયાનો રસ્તો ϵદતર રીતે દર્શાવે છે પોપટને શીખવ્યાથી તે બોલે છે, ઘોડાને પલોટયાથી તે ગાડીએ જોડી શકાય છે, મનુષ્યને કેળવ્યાથી પોતાનુ કાર્ય તે ઉચ્ચતર રીતિએ કરી શકે છે. પ્રત્યેક દેશોમા પ્રત્યેક સમયે અધોગતિના કારણ પ્રજાજનોના અશ્રેયકર સસ્કાર તથા તેના જોડીઆ બીન અનુભવ તથા અજ્ઞાનતાજ છે ખરેખર સસ્કાર વિના અનુભવ તથા જ્ઞાન રથ વિનાના એ ઘોડા સમાન એટલે અપ્રાસાંગિકજ છે, એડવર્ડ નરેશે તો ઉત્તમ રથમા બેસી અતિ વેગવાળા પણ સાવધ ઘોડાઓને હાંકી સૃષ્ટિની પોતાની મુસાફરી પુરી કરી છે. નામદારને જન્મથીજ ઉત્તમ સસ્કારોની પ્રાપ્તિ થઈ હતી અને પાછળથી માતા, પિતા, ગુરૂ તથા જાત કેળવણીથી એટલે દેશાટણાદિકથી નામદારશ્રીને ઉત્તમ જ્ઞાન તથા અનુભવ મળ્યો હતો.

પ્રકરણને મથાળે જણાવેલા નામદારના વચનો તેમના જીવનના એ આદિ અંતના છેડા દર્શાવનારા દર્પણ રૂપ છે, બચપણમાથી સંસ્કારની પ્રાપ્તિ થઈ અને પરિણામે તે કેવી રીતે ફળિભૂત થઈ તે આ બે વાકયો જુદે જુદે સમયે જુદી જુદી સ્થિતિમા ઉચ્ચારેલા છે તે દર્શાવે છે

ગર્ભ શ્રીમંત હોઇને પણ છેવટ સમજવા નામદારને પ્રયત્ન કરવાનુ મન થતુ એજ તેમનો સંસ્કાર છે સંસ્કાર આચારને જન્મ આપે છે, આચારથી એટલે સદ્વિચારો તરફના લક્ષથી ફરજ અદા કરવાનો, તીતીક્ષા કરવાનો ઇત્યાદીક ગુણ મનુષ્યમા આવે છે. ઉત્તમ વિચારો થવાથી અંતકરણનુ અવલંબન સદ્‌વસ્તુઓ તરફ થાય છે તે સમયે જ્ઞાનથી દ્રઢીભૂત થયેલા મનને સ્વાત્મભોગ આપતા લેશ માત્ર પણ ભીતિ થતી નથી સ્વાત્મભોગ અંતકરણે નક્કી કર્યું એટલે અગતતિક સ્થિતિને સગતિક બનાવી એમજ સમજવુ, તુરતજ અંતકરણ અનુભવ સિદ્ધ ઉત્તમ ટેવોનુ ગ્રહણ કરે છે અને પરિણામે સ્થિરતાની પ્રાપ્તિ થાય છે શિખર ઉપરથી ઉંચે જોતા આ ગુણ તેની સાથે દયા ઇત્યાદીક નમ્ર ગુણોને પણ લઈ શકે છે અને પરિણામે શ્રદ્ધાને જન્મ આપે છે શ્રદ્ધાથી સકલ વસ્તુઓની સંસિદ્ધિ થાય છે ઇશ્વરનો ભય રાખવાથી નિર્ભય થવાય છે, એવી પ્રાપ્તિ જ્યાં થઇ એટલે સત્ અસત્‌ના તફાવતની વિચાર શ્રેણીપર જવાનો માર્ગ સરળ થતો જાય છે છેવટેજ વિવેક બુદ્ધિની પ્રાપ્તિ થઈ મનુષ્યત્વ સાફલ્ય કરવાનુ પ્રથમ પગલું હાથ લાગે છે. એડવર્ડ ભૂપતિના જીવનમાં પણ સંસ્કારમાથી આચાર, આચારમાથી સદ્‌ચારોનું સ્ફુરણ, તેમાંથી સદ્‌વર્તનમાંથી દ્રઢીભૂતપણુ દ્રઢીભૂતપણામાથી સ્થિરતા, સ્થિરતામાંથી શ્રદ્ધા તથા શ્રદ્ધામાથી વિવેક બુદ્ધિની પ્રાપ્તિ થઈ છે એટલે કે સૃષ્ટિથી અપવાદરૂપ એડવર્ડ નરેશ નથી પરંતુ નામદાર નિયમમાજ છે.

વિવેક બુદ્ધિશ્રી તેમનો ઉદ્દેશ–શાન્તિ–પ્રદીત્પ થયો અને જગત્‌ને તેનુ અવલબન કરવા નામદારે સૂચવ્યુ મનુષ્યના વિચારણાની પ્રફુલ્લતાની પરમાવધિ તેજ શાન્તિ છે શાન્તિના પણ ઘણા પ્રકારો હોય છે કયા પ્રકારની શાન્તિને નામદાર પામ્યા હતા તે જાણવાની આપણે કાંઈ જરૂર નથી પરતુ બાહ્ય જગત્‌ને આત્મમય ગણી વિના ભયે કર્તવ્ય પરાયણ રહિ તેનું ભલું કરવુ એ પણ શાન્તિ દર્શાવનાર એક લક્ષણ છે અને તેના નામદાર ઉપભોકતા હતા

કદાચ કોઇજિન આપણને એમ જણાવશે કે નામદારે યુરોપ તથા અમેરીકામા શાન્તિ પ્રસારવા જે શુભ પ્રયાન કર્યો છે તે માત્ર ટુક સમયજ પ્રચલિત રહેવાનો છે ચિરકાળ પર્યંત પ્રત્યેક રાજ્યોમાં સમભાવના જાળવી શકાય એવું કઠીન પરતુ સ્તુત્ય કાર્ય નામદારશ્રીએ કાંઈ કર્યું નથી પરતુ એમાં નામદારશ્રીનો કાંઈ અપરાધ હોય એમ ભાસતુજ નથી હાલનો સમયજ એવો છે કે એક વ્યકિત તો માત્ર સ્વોચ્ચતાની રૂયે જગત્‌ને પોતાનુ મતવ્ય દર્શાવી શકે અને પરીણામે તેના ઉપર અસર પણ કરે પરતુ એકી વખતે તેની સ્થિતિ સ્થાપકતાને અન્યરૂપ આપી શકેજ નહિ હજી જગત્ વિશેષ કેળવાશે ત્યારેજ નામદારના સિદ્ધાંતોનુ અનુચરણ કરશે અને ત્યારે તે ચિરકાળ પર્યંતના ગણાશે

હાલમા તો તેમના સમાન અન્ય પ્રાણી માફક એડવર્ડ ભૂપતિ હમેશ માટે બેહસ્તમાં બીરાજે છે અને પોતાના હિસાબના બન્ને પાસા જગનિયતાને બતાવે છે પરિણામે હિસાબમાથી ઉધાર કરતા જમે પાસુ વિશેષ છે અને કિરતારની ફરમાસથી શાન્ત રીતે જીવન ગુજારનાર આ શાન્ત નરેશ શાન્તિમાં શાન્ત થયા પછી પણ પોતાના શાન્ત ઓળા મારફતે જગત્‌ને શાન્તિ રાખવાની શાન્ત રીતે આજીજી કરે છે. પ્રભુ શાન્તિદાતાના શાન્ત આત્માને શાન્તિ આપો. આમીન ! આમીન ! શાન્તિ ! શાન્તિ !

પરિશિષ્ઠ

શહેનશાહ એડવર્ડના જીવનચરિત્રમાનાં બનાવોની સાલવાર ટુંક નોંધ.

ઇસ્વીસન

૧૮૪૧ બકિંગહામ મહેલમાં જન્મ તા૦ ૯મી નવેમ્બર પ્રિન્સ ઑફ વેલ્સ તરીકેનો ઇલ્કાબ એનાયત થયો તા૦ ૪થી ડીસેમ્બર.

૧૮૪૨ વિન્ડસરના સેન્ટ જોર્જ દેવળમા બાપ્ટિઝમની ક્રિયા.

૧૮૪૭ લેડી લીટ્લનના હાથ નીચે શિક્ષણ લેવાનું શરૂ થવું.

૧૮૪૯ આયર્લાંડનો પ્રવાસ.

૧૮૫૦ મી બર્ચના હાથ નીચે શિક્ષણ લેવાનુ શરૂ થવું.

૧૮૫૧ હાઇડ પાર્કના જગપ્રસિદ્ધ પ્રદર્શનમા ભાગ લીધો. મી. બર્ચનુ રાજીનામુ. મી. ગીબ્સની શિક્ષક તરીકે નીમણુંક.

૧૮૫૫ પારીસની મુલાકાત

૧૮૫૮ ૧૮ વર્ષ પુરા થયાની ખુશાલી રીચમંડ શહેરના વાઇટ લોજમાં રહેઠાણ

૧૮૫૯ યુરોપની લાબી મુસાફરી, રોમ જીબ્રાલ્ટર તથા લિસ્બોનની મુલાકાત, એડિનબરોમા કેળવણી લેવાનુ શરૂ થવુ. ઓક્ષફર્ડમાં કેળવણી લેવાનુ શરૂ થવું.

૧૮૬૦ કેનેડાની મુસાફરી ઑટાવામા પાર્લામેન્ટના મકાનો ખુલ્લાં મુકવાની કરેલી ક્રિયા. યુનાઇટેડ સ્ટેટ્સમાં મુસાફરી પ્રેસિડન્ટ બુકેનન સાથે પિછાન, ન્યુયોર્કમા અસાધારણ માન, સ્વદેશ પાછુ આવવું તા૦ ૨૦મી અકટોબર.

૧૮૬૧ કેમ્બ્રિજમાં કેળવણી લેવાનું શરૂ થવુ, કયુરાગમાં લશ્કરી કેળવણી, શાહજાદી અલેકઝાંડ્રા સાથે વર્મ્સના દેવળમાં પ્રથમ મુલાકાત પ્રિન્સ કૉન્સર્ટ આલ્બર્ટ સાહેબનું ખેદજનક મૃત્યું.

૧૮૬૨ ડૉ. સ્ટૅનલી સાથે ધર્મક્ષેત્રની મુલાકાત. શાહજાદી અલેક્ઝાંડ્રા સાથે ફરી મુલાકાત.

૧૮૬૩ ઉમરાવ તરીકે પાર્લામેન્ટમાં બિરાજવું. વિંડસરના સેંટ જૉર્જના દેવળમા લગ્ન.

૧૮૬૪ પ્રિન્સ આલ્બર્ટ વિકટરનો જન્મ તા૦ ૮મી જાન્યુઆરી.

૧૮૬૫ શહેનશાહ પાચમા જોર્જનો જન્મ તા૦ ૩જી જુન. માર્લબરોના મહેલમાં મોટી આગ બુઝાવતા યુવરાજનુ બચી જવું.

૧૮૬૬ રૂશિઆમા મુસાફરી મોસ્કોને મુલાકાત. મોસ્કોના મુખ્ય ધર્માધ્યક્ષ સાથે થયેલો પ્રસિદ્ધ સવાદ.

૧૮૬૮ આયર્લાંડની મુસાફરી યુરોપનો બીજો પ્રવાસ, કોપનહેગન, બર્લિન, વિએના, ટ્રિએસ્ટ, કાયરો, ઈસ્તંબુલ, ક્રિમીઆ, એથેન્સ વિગેરે શહેરોની મુલાકાત

૧૮૭૦ આયર્લાંડમાં ફરી પ્રવાસે જવુ.

૧૮૭૧ ટાઇફોઈડ તાવની ભયકર માદગી.

૧૮૭૨ ભયકર માંદગીમાથી સારા થવુ અને તન્નિમિત્ત સેંટ પૉલના દેવળમા પ્રાર્થના તા૦ ૨૭મી ફેબ્રુઆરી.

૧૮૭૫ હિંદની યાદગાર મુસાફરી. પાર્લામેન્ટ તરફથી તે કાર્ય માટે ૧૫ લાખ રૂપિઆની મજુરીઆત, ડોવર છોડ્યું તા૦ ૧૧મી અકટોબર મુબાઈ, ગોવા, સિહલદ્વિપ, મદ્રાસ, કલકત્તા, લખનૌ, આગ્રા, દીલ્લી, જયપુર, જબુલપુર વિગેરે સ્થળોમાં મુસાફરી વડોદરા, જયપુર તથા તિરાઈના જગલમાં મોટી શિકારની સહેલગાહ

૧૮૭૬ હિંદની યાદગાર મુસાફરી બાદ સ્વદેશ સિધાવવુ. સ્વદેશમાં જઇ ૫૦૦ પ્રાણીઓ પ્રદર્શીત કર્યા બદલ પ્રજાજન તરફથી મળેલું અપૂર્વ માન.

૧૮૮૧ બર્લિન તથા વિએનાને મુલાકાત ડૉ. સ્ટેનલીનું મૃત્યુ.

૧૮૮૩ જર્મનીમાં પ્રવાસ.

૧૮૮૪ ગરીબોને નિવાસસ્થાનની યોજના માટે નીમેલા મંડળના પ્રમુખ તરીકે નીમણુંક.

૧૮૮૫ યુવરાજ્ઞી સહિત આયર્લાંડની મુસાફરી.

૧૮૮૬ હિંદી અને સંસ્થાનિક પ્રદર્શન ખુલ્લુ મુકવાની કરેલી ક્રિયા.

૧૮૮૭ નામદાર મહારાણીશ્રી વિકટોરીઆની ૫૦ વર્ષના રાજ્ય થયા નિમી-તે ઉજવાયલી જુબિલી

૧૮૮૯ પારિસની મુલાકાત

૧૮૯૦ ફોર્થ નદીનો પુલ ખુલ્લો મુકવાની ક્રિયા

૧૮૯૨ શાહજાદા આલ્બર્ટ વિકટરનુ મૃત્યુ

૧૮૯૩ નામદાર શહેનશાહ પાચમા જોર્જનુ લગ્ન

૧૮૯૪ હાલના આપણ યુવરાજ એડવર્ડનો જન્મ,

૧૮૯૬ કારનારવનની વિશ્વવિદ્યાલયના ચાન્સેલર તરીકે નીમણુક

૧૮૯૭ નામદાર મહારાણીશ્રી વિકટોરીઆની રાજ્ય કરતા ૬૦ વર્ષ થયા તે નિમિ-તે ઉજવાયલી અપૂર્વ જુબિલી નામદાર યુવરાજે નક્કી કરેલી દવાશાળાની યોજનાઓ યુવરાજ્ઞીશ્રીએ ગરીબને સ્વચ્છ અને સાદુ ભોજન આપવાની કરેલી યો-જના સર ટોમસ લિપટને યુવરાજ્ઞીશ્રીની સખાવતને ઉ--તેજન આપવા બાદશાહી રકમની બક્ષિશ કરી

૧૮૯૮ નામદારને બર્ન રોથ્સચાઈલ્ડના દાદર ઉપરથી પડી જવાનો થયેલો ગંભીર અકસ્માત

૧૮૯૯ બોઅર વિગ્રહનુ શરૂ થવુ

૧૯૦૦ સિપિડો નામના એક સ્વચ્છંદી બેલજીયમવાસીએ કરેલી નામદારના ખુનની ફોકટ કોશિસ, નામદાર મહારાણી વિકટોરીઆની આયર્લાંડમા મુસાફરી

૧૯૦૧ નામદાર મહારાણી વિકટોરીઆનુ ખેદજનક મૃત્યુ નામદા-રશ્રી એડવર્ડનુ રાજ્યાસનારૂઢ થવું, મહારાણી વિકટોરીઆની દફન ક્રિયા. યુવરાજ જોર્જની આસ્ટ્રેલિયાની મુસાફરી. જર્મનીના રાજમાતાનુ મૃત્યુ.

૧૯૦૨ બોઅર વિગ્રહનુ બધ થવું. રાજ્યાભિષેકનું માંદગીને લીધે મુલતવી રહેવુ. તા૦ ૯મી આગસ્ટને દિને પૂર્ણ ભપકાથી રાજ્યાભિષેક જર્મની તથા પોર્ટુગાલની મુલાકાતે જવુ.

૧૯૦૩ ઈટલી, ફ્રાન્સ, પોર્ટુગાલ, પોપ તથા મિસર દેશના ખેદિવને મુલાકાત પ્રે લુબેની લડનમાં મુલાકાત

૧૯૦૪ ઈટલી સાથે કોલકરાર. ડયુક ઓફ કેમ્બ્રિજનુ મૃત્યુ. ફ્રાન્સ સાથે કોલકરાર જર્મની સાથે કોલકરાર તિબેટ સાથે તથા ચીન સાથે કોલકરાર પોર્ટુગાલ સાથે કોલકરાર. અમેરીકા સાથે કોલકરાર

૧૯૦૫ ફ્રાન્સની મુલાકાત સ્પેનના રાજાની ઈગ્લાડમા મુલાકાત. જાપાનની સાથે કોલકરાર જાપાનના યુવરાજ તથા યુવરાજ્ઞીની લડનમા પધરામણી ગ્રીસના રાજાની લડનમાં પધરામણી. યુવરાજ જોર્જનો હિદમાં પ્રવાસ.

૧૯૦૬ ડેન્માર્કના રાજાનું મૃત્યુ. ફ્રાન્સની મુલાકાત. જર્મની તથા આસ્ટ્રીઆનો પ્રવાસ. નોરવેના રાજા તથા રાણીની ઈગ્લાંડમાં પધરામણી

૧૯૦૭ ફ્રાન્સ, જર્મની, ઈટલી તથા સ્પેનમાં ફરી મુસાફરી જર્મન શહેનશાહની લડનમા પધરામણી

૧૯૦૮ રૂશિઆના ઝારને મળવુ સ્વીડનના રાજાની સાથે મુલાકાત. ફ્રાન્સમાં પ્રદર્શન ખુલ્લુ મુકવુ ૧૮૫૮ના ઢઢેરાની ૫૦ વર્ષ ઉજવનારી જુબિલીનો મહોત્સવ અને તે સમયે મળેલા હકો.

૧૯૦૯ ઝારને ફરી મુલાકાત, જર્મનીમાં પાછો પ્રવાસ. મી. એસ્કિવથની મુખ્ય પ્રધાન તરીકે નીમણુક. ઈગ્લાંડમાં રહી મોન્ટ્રીલમાં ક્ષયરોગથી પીડાતા દરદીઓ માટે બાંધેલી દવાશાળાનુ વિદ્યુતયંત્રદ્વારા ખોલવું. મેનીઆલ રાજાની મુલાકાત.

૧૫૬

૧૯૧૦ પાર્લામેન્ટ ખુલ્લી મુકવાની ક્રિયા. બિયારીટઝમાં સહેલગાહ. બિયારીટઝથી પાછું ફરવું. અચાનક માંદગી અને મૃત્યુ તા૦ ૭ મી મે. પ્રજાજન સમક્ષ મૃત શરીરને દર્શન માટે ખુલ્લું રાખ્યું તા. ૧૭ મી મેથી તા. ૧૯મી મે સુધી. વિંડસરના સેંટ જોર્જના દેવળમાં દફન ક્રિયા તા. ૨૦ મી મે.

ઇશ્વર

નામદાર શહેનશાહ પાંચમા જોર્જને

સલામત રાખો.

લખનાર

ભોળાદત્ત ગણપતરામ ગૌરીશંકર શાસ્ત્રી

બી એ સગરામપુરા-**સુરત.**

રતિલાલ જીવણલાલ લાખીઆ

બી એ પાચકુવા અમદાવાદ

છપાવી પ્રસિદ્ધ કરનાર

મટુભાઈ ભાઈદાસ કોટવાલીશેરી- સુરત

સોલ એજન્ટ **કરસનદાસ નારણદાસ બુકસેલર**

નાણાવટ—**સુરત.**

પ્રસિદ્ધકરવાનુ ઠેકાણુ કોટવાલીશેરી—સુરત.